RNI No. GUJGUJ/2014/55998 | Retail Selling Price : ₹ 20/- | Published Date 1st of Every January/April/July/October

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ–રાજકોટ દ્વારા પ્રકાશિત



# ચારણ સંસ્કૃતિ

સં. ૨૦૭૯
વૈશાખ–ભાદરવો

www.sonalmaatrust.org

વર્ષ : ૧૦ (સળંગ-૧૩(૯૮)) અંક : ૫૦/૫૧ એપ્રિલ – સપ્ટેમ્બર ૨૦૨૩

## ખળખળ વહેતી અંકોની અવિરત સરવાણી

## વિશેષાંક




ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને જાળવી રાખવા પ્રયત્ન કરતું મેગેઝિન

# આશીર્વાદ પત્ર





**આઈ શ્રી સોનલ મા**

પોતાવટ પાળવા વાળી

સ્વસ્તિશ્રી, ભાવનગર શુભસ્થાને ભાઈ પિંગલની જગદંબા
ચડતી કળા રાખે, મઢડાથી લિ. આઈ સોનબાઈના આશિર્વાદ વાંચશો.
તમારો કાગળ મળ્યો, વાંચી રાજી થઈ છું. તમે જે છાપુ
'ચારણ' શરૂ કરવાના છો તે માટે આશીર્વાદની માંગણી કરી છે
તે મારા આશીર્વાદ તો છે જ.
મારે મન તો ચારણમાં અને 'ચારણ' છાપાંમાં કંઈપણ
ભેદ નથી. બહારથી એ જુદા છે પણ સુક્ષ્મદ્રષ્ટિએ, સંસ્કાર
અને પરંપરાએ બેય એક છે.
એ એકતા તમારૂ છાપું કાયમ જાળવે અને યાદ રાખે કે,
(૧) 'ચારણ' સરસ્વતીનું બાળક છે. જગદંબાની એ
સેવા કરે, સાચા હ્રદયથી એની ઉપાસના કરે.
(૨) 'ચારણ' શક્તિપુત્ર ગણાય, દેવીનું બાળક મનાય.
એણે દેવપણું જાળવવું, પુરૂષાર્થ, પરોપકારી થાવું.
(૩) 'ચારણ'ની પરંપરા પહાડી છે. એ પહાડ જેવો અડગ
અને ઉન્નત થાય, સાદો અને સંયમી બને. પોતાના
હૈયાની ગુફામાંથી કાવ્યના અમૃતનાં ઝરણાં વહેતા રાખે.
(૪) ગુંજ  બહેરા દ્રવ્ય આંધળા, ઝુંઝણ વેળ અનંદ ।
કાછ દ્રઢા કર બરસણા, સો લક્ષણ કવિચંદ ॥
ચારણના જીવનના ધ્રુવ તારા સમાન આ દોહાને
'ચારણ' પોતાના જીવનમાં વણે.
(૫) 'ચારણ'ના ઘરે જગદંબાઓ અવતરે, એ જગદંબાઓનાં
બહેનું, દીકરીઓ અને માઓના અને ઘરની લખમીઓનાં
એ સન્માન કરે, એમના આશીર્વાદ મેળવે.
તમારૂં છાપું 'ચારણ' આવું આવું શીખે, કરે અને
દીર્ઘાયુ બને. એમ મારા અંતઃકરણ પૂર્વક
આશીર્વાદ છે, જગદંબા સાદય સૌની ચડતી કરે.

હું ખુશીમાં છું, સૌ ભાઈઓને આશિષ...

આઈ સોનબાઈના
આશિષ
સં. ૨૦૧૧ના પોષ સુદ-૨ને સોમવાર

# આશીર્વાદ પત્ર

॥ [illegible] ॥

પૂજ્ય સ્નેહી ચારણ
ભાઈઓ
બહેનો!
જય માતાજી!

"ચારણ સંસ્કૃતિ" ત્રિમાસિક
ગૌરવ ૫૦ નો અંક
[illegible] તરીકે
પ્રકટ થવા જઈ રહ્યો છે
ખૂબ ખૂબ પ્રસન્નતા! અને
માતાજીના પ્રતિ હૃદયથી વંદન છું.

ચારણ આઈ ચારણી
"ચંડિકા" છે. એમની ભક્તિ
આશા વ્યક્ત કરું છું
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ચારણ [illegible]
"ચારણ સંસ્કૃતિ" ત્રિમાસિક
નિરંતર પ્રકાશિત રહે એવી મા
ત્રિભુવનના ચરણોમાં પ્રાર્થના!
અભિનંદન. શુભકામના!

રામ સ્મરણ સાથે
૨૫-૨-૨૦૨૩
[illegible]



**વંદનીય મોરારિ બાપુ**
સંત પરમ હિતકારી

॥ श्रीहरिः ॥

# આશીર્વાદ પત્ર



**Rameshbhai Oza (Bhaishri)**
Spiritual Leader • Founder - Sandipani Vidyaniketan

30.3.2023

॥ ૐ ॥

ચારણ-ગઢવીઓમાં એક વિશેષ દિવ્યતા રહેલી છે. માઁ સરસ્વતી સદા જીહ્વા ઉપર બિરાજે છે. સોનલ માઁ જેવી દિવ્ય શક્તિઓ અને કાગબાપુ જેવા અનેક કવિઓ આપ્યા છે.

આઈશ્રી સોનલમાનું આ શતાબ્દી વર્ષ છે અને એ સમયે 'ચારણ સંસ્કૃતિ'નો ૫૦ મો અંક વિશેષાંક સ્વરૂપે પ્રગટ થઈ રહ્યો છે. અહીં સુધીની યાત્રા ધ્યાનાકર્ષક રહી છે અને આ સામયિક દ્વારા ચારણી સાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને પોષણ અપાઈ રહ્યું છે, તે આનંદપ્રદ છે.

ઉત્તરોત્તર વિકાસ, પ્રકાશ અને સાતત્ય માટે હાર્દિક શુભકામના.

ભાઈ

+91 99251 96344 | bhaishri@sandipani.org | www.sandipani.org
Sandipani Vidyaniketan, Maharshi Sandipani Marg, Opp. Airport, Porbandar 360578, Gujarat, India

# આશીર્વાદ પત્ર



ભાઈશ્રી રામભાઈની માતાજી ચડતી કળા રાખે એવી અભિલાષા સહ ભાણસોલ (ગઢવાળા)થી આઈશ્રી કંકુકેશરમાના જય માતાજી વાંચશો આઈશ્રી સોનલમાના દિવ્ય આશિષથી ભાવથી ચાલુ કરેલ ચારણ અંકના પચાસમી આવૃત્તિ ની ભાઈએ જાણ કરી બહુ આનંદ થયો આઈમાંની કૃપા વિના શક્ય નથી કોઈ કાર્ય ચાલુ કરવું સહેલું છે પણ કૃપા વિના અવિરત ચાલુ રાખવુ થોડું વધુ અઘરું છે એ આઈમાં ની કૃપા જ કે આ સતત ચાલુ રહેશે.. આ અંકથી ચારણોના ઈતિહાસનું, ચારણી સાહિત્યનું, ચારણ જાતિના મહાન વિભૂતિઓના જીવન ચરિત્રનું પ્રકાશન કરી એની પ્રસિદ્ધિ થાય અને આઈશ્રી સોનલમા અને અનેક આઈમાંના વિચારો થકી સંસ્કાર અને શિક્ષણનો ફેલાવો થાય એવું ભગીરથ કાર્ય ચારણ અંક થકી થાય છે એ ખૂબ આનંદ ની વાત છે... મને વાંચતા લખતા ઓછું આવડે પણ જયારે સમય મળે ત્યારે ચારણ અંક વાંચું ત્યારે આપણી સંસ્કૃતિ અને આપણા વારસાને વાંચી બહુ ગૌરવ થાય... આઈશ્રી સોનલમાના ચરણોમાં પ્રાર્થના કરું કે આપના આ કાર્યને બહુ જશ મળે અને આ પ્રકાશન ખૂબ પ્રગતિ કરે એવી પ્રાર્થના...

મા સોનલ સ્મરણ સાથે આઈશ્રી કંકુકેશરમાના જય માતાજી વાંચશો ચૈત્ર સુદ-૧૦ ભાણસોલ રાજસ્થાન

आईश्री सोनल माँ
शुभआशीष
कंकुकेसर माँ

**આઈ શ્રી કંકુકેસર મા**
પોતાવટ પાળવા વાળી


"શ્રી જગદંબા જ્વેલર્સ"
આઈ શ્રી સોનલ મા
JJ
33 વર્ષથી
આપ સૌ ગ્રાહકોના તથા સમગ્ર ચારણ સમાજના સ્નેહ તથા
અપાર પ્રેમના કારણે અમારા આ સોપાન શ્રી જગદંબા જ્વેલર્સ 33માં
વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. સમગ્ર ચારણ સમાજ જેનું ગૌરવ લઈ શકે
એવા એક માત્ર સોના-ચાંદીના અમારા શો-રૂમ દ્વારા
આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત
ચારણ સંસ્કૃતિ મેગેઝિના ૫૦મા વિશેષાંકને અમારી હાર્દિક શુભેચ્છા
શ્રી જગદંબા જ્વેલર્સ
નોંધ : અમારે ત્યાંથી પૂ. સોનલમાના ચાંદીના સીક્કા મળશે
Advt.
પ્રો. દેવકરણભાઈ નાગલાણી – મો ૯૮૨૭૪ ૮૮૮૮૯
સંચાલન : આરતીબેન જામંગ તથા જયેશભાઈ જામંગ
મો. ૯૧૦૬૨ ૧૬૬૧૩
સરનામુ : વાણીયાવાડી, જલારામ ચોક, રાજકોટ.
(અણંદુભાઈ પાલીયા દ્વારા)




૫૦મા વિશેષાંકને અમારી હાર્દિક શુભેચ્છા

વિજયભાઈ લાંબા–લંડન(જાંબુડા)
દાદાબાપુ

લક્ષ્મણભાઈ જામંગ–લંડન(રાજકોટ)
નાનાબાપુ

Advt.

## ચારણ અંકને શુભેચ્છા સહ...

આઇશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના ચારણ સંસ્કૃતિ ત્રિમાસિક મેગેઝિનના ૫૦મા અંકના પ્રકાશનની પૂર્વ સંધ્યાએ આ મુખપત્રના પત્રકારિત્વ સહિતનાં બધાંજ પાસાઓના ખૂબજ કુશળતાથી કરેલ વિશિષ્ટ સંચાલન માટે આપને 'જશભાગી જામંગ' કહેતાં ખૂબ આનંદ અનુભવું છું અને સાથે જ વિવિધ સાહિત્ય અને પ્રત્રકારિત્વના અભ્યાસુ ભાઈશ્રી રાજુલભાઈ દવેને પણ વિશિષ્ટ સંપાદન સહયોગ માટે અભિનંદન પાઠવું છું.

*स्वागत चारण पत्र तुम्हारा*
*विविध विषयकी बात सुनाना*
*ज्ञान सुधाके प्याले पाना*

**ચારણ 'સંસ્કૃતિ' અંક અને સંપાદકોને ખૂબ ખૂબ શુભેચ્છા..**

**પી.પી. ગઢવી(બોક્ષા) – સુરેન્દ્રનગર**



**ડૉ. સંજયભાઈ પી. ગઢવી**
બાળકોના નિષ્ણાંત-સુરેન્દ્રનગર

ત્રૈમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક(૫૦/૫૧) –– વર્ષ : ૧૦(સળંગ–૧૩(૯૮))
એપ્રિલ–સપ્ટેમ્બર, ૨૦૨૩ : વિ.સં.૨૦૭૯ (વૈશાખ–ભાદરવો)

**: ટ્રસ્ટી મંડળ :**

બાબભાઈ પાલીયા - પ્રમુખ
૯૭૨૩૪ ૫૪૦૮૨
રામભાઈ જામંગ - મેનેજીંગ ટ્રસ્ટી
૯૮૨૪૨ ૮૮૮૫૨
રમેશભાઈ જાળગ(પૂર્વ પ્રમુખ)
૯૭૨૩૪ ૪૮૨૦૫
ડૉ. અંબાદાન રોહડિયા - ટ્રસ્ટી
૯૪૨૬૫ ૩૦૦૦૫
નરેન્દ્રભાઈ(નીતુભાઈ)ઝીબા - ટ્રસ્ટી
૯૪૨૬૯ ૬૦૩૯૯
હરેશભાઈ આલગા - ટ્રસ્ટી
૯૯૨૫૦ ૩૪૯૩૪

**: ટ્રસ્ટની બેંક :**

AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT
( Bank of India,University Road Branch, Rajkot )
A/c No.312710210000008
IFSC CODE : BKID0003127

**: ટ્રસ્ટની વેબસાઈટ :**

www.sonalmaatrust.org

**: તંત્રી–સંપાદક :**

રામભાઈ જામંગ-૯૮૨૪૨ ૮૮૮૫૨

**: સહ સંપાદક :**

રાજુલ દવે-૯૪૨૬૨ ૨૯૫૧૭

**: ફોટોગ્રાફર :**

મુળુભાઈ ઘાંઘણિયા-૯૮૭૯૪ ૨૨૭૨૦

***: ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર :***

*ઈ-૧૨૮૫ તા.૧૯/૯/૧૯૮૩*

***: સોનલ વાડી માટે પૂછપરછ :***

*દિપકભાઈ મહેતા-૯૪૨૮૨ ૯૬૩૦૦*
*જયુભાઈ પાલીયા-૯૮૯૮૫ ૦૧૨૩૬*

## –– અનુક્રમણિકા ––


| | | |
|---|---|---|
| ૦૧ તંત્રી સ્થાનેથી *(કૃતજ્ઞતા કર્મની)* | રામભાઈ જામંગ | ૧૧ |
| ૦૨ સંપાદકીય *(પરિવારના સ્નેહનું પ્રતિબિંબ)* | રાજુલ દવે | ૧૩ |
| **લેખ વિભાગ** | | |
| ૦૩ વનપ્રવેશ મહોત્સવ | - | ૧૮ |
| ૦૪ પ્રથમ અંક પ્રસ્તાવના *(મે-૨૦૧૦)* | ટ્રસ્ટી સ્થાનેથી | ૨૬ |
| ૦૫ સ્વામિનારાયણ સંપ્રદાયમાં... | વી.એસ. ગઢવી | ૨૯ |
| ૦૬ મા સોનલની સામાજિક... | ઈસુભાઈ ગઢવી | ૩૬ |
| ૦૭ યુગયુગોનો ઋણભાર સૌરાષ્ટ્ર.. | જયમલ્લ પરમાર | ૩૯ |
| ૦૮ છત્રાવા-ચારણ સાંસ્કૃતિક સંમેલન | જયમલ્લ પરમાર | ૪૩ |
| ૦૯ આઈમાએ પ્રાર્થના સાંભળી | મૂળુભાઈ પાલિયા | ૪૫ |
| ૧૦ મા સોનલ કૃપા - બેંકમાં.. | શંકરદાન સિંહઢાયચ | ૪૭ |
| ૧૧ ભૂજની વ્રજભાષા પાઠશાળાની... | જયમલ્લ પરમાર | ૫૧ |
| ૧૨ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા... | પુષ્પદાન ગઢવી | ૫૩ |
| ૧૩ કાગ એવોર્ડ | ડૉ.બળવંત જાની | ૫૭ |
| ૧૪ ધર્મ,જ્ઞાન,સંસ્કારનો સુમેળ... | અચળદાન બોક્ષા | ૫૮ |
| ૧૫ મહેસાણા જિલ્લાના ચારણો... | પ્રિ.ઘનશ્યામ ગઢવી | ૬૦ |
| ૧૬ માણ્યું તેનું સ્મરણ કરવું.... | ચંડીદાન ગઢવી | ૬૩ |
| ૧૭ ગુજરાતનાં પદ્મશ્રી ચારણ... | નરેન્દ્ર ઝીબા | ૬૫ |
| ૧૮ राजस्थान केसरी–क्रांतिवीर... | डॉ.अंबादान रोहड़िया | ૭૩ |
| ૧૯ ૫૦મા અંકને શુભેચ્છાઓ | - | ૯૭ |
| ૨૦ માતૃદર્શનનો પ્રાગટ્ય દિવસ... | વી.એસ. ગઢવી | ૧૧૩ |
| ૨૧ મૂળીના સ્વામિનારાયણ મંદિરની... | ભૂપેન્દ્ર દવે | ૧૧૫ |
| ૨૨ માનસિક રીતે મજબૂત માણસો... | સતીષ ચારણ | ૧૧૮ |
| ૨૩ છોડો તો છૂટે | મહેરબાનભાઈ ગઢવી | ૧૨૦ |
| ૨૪ બાલકસાહેબની વાણી | ડો.નિરંજન રાજ્યગુરુ | ૧૨૨ |
| ૨૫ જન્મદાત્રી 'મા' | પ્રભુદાનજી સુરૂ | ૧૨૫ |
| ૨૬ દિવ્ય ચેતના | નરસંગભાઈ ઠાકરિયા | ૧૨૮ |
| ૨૭ સ્વ.જિતુદાન ગઢવીની પ્રથમ... | પ્રિ.ઘનશ્યામ ગઢવી | ૧૩૦ |
| ૨૮ માડી તારી છબિયું ઘરમાં ચોડી... | હિતેષ ગઢવી | ૧૩૨ |
| ૨૯ મન બાબતે મનકી બાત | વિનોદ મકવાણા | ૧૩૫ |
| ૩૦ બ્રહ્માનંદ સ્વામી | અર્ચનાબેન ગઢવી | ૧૩૭ |
| ૩૧ સ્વાસ્થ્ય અને ફિટનેસ માટે આહાર.. | ડો.હરીશ બી. રાબા | ૧૩૯ |
| ૩૨ ગૌરવવંતુ ગામડું | નરેન્દ્ર ગઢવી | ૧૪૨ |
| ૩૩ ટેકીલો ચારણ | પ્રવીણભાઈ સોયા | ૧૪૪ |
| ૩૪ અમીરસ ઈતિહાસનો(૩૩) | રામભાઈ જામંગ | ૧૪૬ |

| : ચારણ અંક પ્રાપ્તિ સ્થાન : સોનલ સ્ટોર્સ, રાજકોટ ગઢવી કનુભાઈ કેશરિયા (મો.નં.૯૭૨૩૨ ૭૦૬૯૭) | |
|---|---|

**ચારણ સંસ્કૃતિ અંકને લગતા લેખ/ કવિતા વગેરે મોકલવાનું સરનામું**
**શ્રી રાજુલ દવે – સંપાદકશ્રી**
૧૧/બી, વરદભૂમિ, કૈલાસનગર,બેંક ઓફ બરોડાવાળી શેરી, કોટેચા ચોક કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭ (મો.નં.૯૪૨૬૨ ૨૯૫૧૭)

**કવિતા**


| | | |
|---|---|---|
| ૩૫ વાદો વિવાદો | ઈસુભાઈ ગઢવી | ૧૪૭ |
| ૩૬ પાંચાળના દુહા | અણદુભા જાળફવા | ૧૪૭ |
| ૩૭ વિશ્વરૂપા જગદંબા સ્તુતિ | ભૂપતદાન રોહડિયા | ૧૪૭ |


**મળવા જેવા માનવી**


| | | |
|---|---|---|
| ૩૮ ડાયાદાન મોરારદાન હોદા(ટોકરા) | ડી.કે. ચારણ | ૧૪૯ |


**અન્ય**


| | | |
|---|---|---|
| ૩૯ સમાચાર વિભાગ | - | ૧૫૦ |
| ૪૦ મળેલ દાન/રકમની યાદી | - | ૧૬૩ |
| ૪૧ લગ્ન વિષયક | મનુદાન ગઢવી | ૧૬૪ |


**–– અંકમાં પ્રસિદ્ધ થતા દરેક લખાણો સાથે ટ્રસ્ટીમંડળ સહમત છે તેમ માની લેવું નહીં ––**

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનની જાહેરાત અંદરના આખા પેઈજના રૂા.૧૦૦૦/– બ્લેક એન્ડ વ્હાઈટ, ટાઈટલ તથા ફોર કલરના ભાવ ટ્રસ્ટી મંડળ અને જાહેરાત આપનારની અનુકુળતા મુજબ રહેશે.**

૧. લેખકશ્રીઓ, આપના લેખો કાગળની એક બાજુએ ટાઈપ કરેલ અથવા તો સ્પષ્ટ અક્ષરોમાં દોઢથી બે પાનામાં સમાવિષ્ટ થઈ જાય તેવા અંક પ્રકાશિત થયેથી ૩૦ દિવસ સુધીમાં (અન્ય કોઈ સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલાવેલ ન હોય કે પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા જ) મોકલી આપશો અન્યથા ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. આ 'ચારણ સંસ્કૃતિ' મુખપત્રનો હેતુ અને ભાવના એવી છે કે વધારેમાં વધારે પરિવારોનાં ઘરે પહોંચે અને વંચાતું થાય તેથી આપ અન્ય પરિવારોને પણ ગ્રાહક બનાવો. લવાજમ ભરવાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેની વિગતે સંપર્ક કરી શકો છો. લવાજમ ૫ વર્ષનું રૂા.૫૦૦/-, વિદેશમાં રૂા.૫૦૦૦/- છે.

૩. ડાયરેકટ બેંકમાં લવાજમ ભરવા માંગતા હોય તો બેંક ઓફ ઈન્ડિયા,યુનિવર્સિટી રોડ બ્રાંચ,રાજકોટના A/c No.312710210000008, IFSC CODE : BKID0003127 (AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT) (મનીઓર્ડર/ ચેક / કુરિયરથી પણ લવાજમ ભરી શકો છો)જમા કરાવી મેસેજ હિસાબનીશ યોગેશભાઈ (99784 42765),દિનેશભાઈ નરેલા (98243 35398) ને આપના ગ્રાહક નંબર સાથે જણાવી શકો છો.જયાં જયાં કુરિયરની સર્વિસ ઉપલબ્ધ છે ત્યાં અમે મેગેઝિન કુરિયરથી તેમજ અન્ય જગ્યાએ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. મેગેઝિન બહાર પડયા બાદ પંદર દિવસે પણ અંક મળેલ ન હોય તો કુરિયર શ્રી દિપક ઘાંઘણિયા (97270 93150) રાજકોટનો સીધો જ સંપર્ક કરવો. છતાં નિરાકરણ ન આવે **તો** જ ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા નમ્ર અનુરોધ છે.


મુદ્રક : ગિરીશ ઓફસેટ,જયંત કે.જી.મેઈન રોડ,રાજકોટ – મો : ૯૮૨૫૫ ૯૭૭૯૪
ટાઈટલ : લેટેસ્ટ ગ્રાફિક, રાજકોટ – મો : ૯૮૨૫૦ ૮૧૪૦૦
e-mail : latestconcept@gmail.com -OR- vhjbraval@gmail.com
પ્રૂફ રીડર : હરેશ પરમાર – મો : ૯૪૨૭૪ ૯૭૫૫૧
સદ્‌ભાવના મૂલ્ય : રૂા. ૨૦–૦૦ ((પાના–૧૭૬ (૩૨–કલર))
સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ : www.sonalmaatrust.org

## તંત્રી સ્થાનેથી *(કૃતજ્ઞતા કર્મની)*

• રામભાઈ જામંગ

**મોટા કરીને મા, ખોળેથી ખસતા કર્યા;**
**હવે ખોળે ખેલવવા, કર્ય ને બાળક કાગડા.**

મા ની મમતાને મમળાવવાનું વરસ એટલે સોનલ શતાબ્દી વર્ષ. ૨૦૨૪ના જાન્યુઆરી તા.૧૦,૧૧,૧૨ સોનલબીજ માટે બધાની મઢડે મીટુ મંડાણી છે. મનડું તનડાની પહેલા મઢડે પુગી જવા હરખાઈ રહ્યું છે. 'મા'ની મમતા જ મહામુલી છે, અરે અમૂલ્ય છે. પછી તે જન્મદાત્રી મા હોય, ધરતીમા હોય કે ભારત માતા હોય, જેને કાયમ આપવાના જ હેવા છે, એ પણ અનેક ગણું આપે છે અને તેનો દરેકના જીવનમાં આનંદ સાથેના અનુભવ હશે જ – હોય જ પણ તેને ભાગ્યશાળી જ માણી શકે છે.

કાગબાપુએ તો માની મમતાને તેના સાહિત્યમાં સર્વોચ્ચ સ્થાને મુકી છે. મેઘાણીભાઈએ મા ને બાળકનાં પ્રસંગોને પરમ ઊંચાઈએ અંબાવ્યા છે. અત્યારના આપણાં સામયિકના લેખકનો આ અંકમાં અંદરના ભાગે મા વિષેનો દિલને વલોવીને પાછો ટાઢક આપતો લેખ લેખકનો પણ અંદરના પાને છે. એ માના શતાબ્દી વર્ષની મધ્યમાં ચારણ સંસ્કૃતિ મેગેઝિનનો ૫૦મો વિશેષાંક અને તે પણ આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરાતા. જે વિવિધ પ્રસંગોના ઉજળા અજવાળા પાથરતા લેખોથી મઢેલી વાતુ સંપાદક રાજુલભાઈની ચૂંટેલી ખંખોળીને ગોતેલી અમૂલ્ય ખજાના સમી વાતો આપ વાચકો સમક્ષ મુકતા અતિ આનંદ અનુભવાય છે.

૧૩ વરસ પૂરા કરીને ૫૦મો અંક પ્રકાશિત થવા જઈ રહ્યો છે ત્યારે તંત્રી સ્થાનેથી ઘણું લખી શકાય, થોડું અગાઉ લખ્યું છે પરંતુ આ વખતે વધારે કાંઈ લખવાને બદલે અહીં સુધી નિયમિત પ્રકાશન સાથે રસ જળવાઈ રહે તેવું કાર્ય ચાલુ રાખવામાં આઈશ્રી સોનલમા ટ્રસ્ટ રાજકોટને તન,મન,ધનથી, કરથી કે કર્મથી, વૈચારિક કે વ્યવહારથી, ક્ષણિક કે લાંબા સમય સુધી કયારેક કે કાયમી એક યા બીજી રીતે સહયોગી બનનાર સર્વની કૃતજ્ઞતા વ્યકત કરવાનો ઉત્તમ અવસર આવ્યો છે. એટલે આપ સહુ સન્માનનિય, વંદનીય, આદરણીય, કર્મઠ કાર્યકતાઓ, સેવકો, યુવાનો, દાતાઓ, લેખકો, સંતો–મહંતો, માતાજીઓ અને શુભચિંતકો, કર્મચારીઓની ટીમ, પ્રેસ મિડીયા, અખબારોનો સહયોગ રહેલ છે તેઓનો તેમજ સતત સારુ કરવાના પ્રયત્નો છતાં જાણતા – અજાણતા માનવ સહજ ભૂલો કે ક્ષતિને પણ મોટું મન રાખીને ચલાવી લેનાર અને કયારેક અમોને ટોકનાર–રોકનાર આત્મીય સૌનો સહૃદય આભાર સાથે કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ અને સહુ સ્નેહીજનોને અમોએ સારામાં સહભાગી બનાવવા બદલ અને તેઓશ્રીના નાણાં (ફાળો–દાન) ને સારા કાર્યમાં વપરાવવા માટેનો અમો આનંદ અનુભવીએ છીએ.

મહાત્મા ઈસરદાસજીએ હરિરસમાં લખ્યું છે–

**ભાગ્ય બડો તો રામ ભજ, વખત બડો કછુ દેહ;**
**અકલ બડી ઉપકાર કર, દેહ ધર્યો ફળ એહ.**

આપ સહુ સહયોગીઓ એક યા બીજી રીતે ઓછા–વત્તા અંશે આ દુહાને અનુસર્યા છો.

આપ સહુએ અમારી ઉપર મુકેલ વિશ્વાસને અમારી મૂડી સમજીને જાળવીશું,

જાળવવા માટે નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરીશું તેની ખાત્રી આપીએ છીએ. કારણકે, આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓની પ્રગતિમાં આપ સહુનું અણમોલ અનુદાન આવનારી પેઢીનું ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ બની રહેશે.

આઈમા અને તેમની ચેતના આપણને સહુને જેમાં આપણો કોઈ સ્વાર્થ ન હોય તેવું સમાજ, સમાજના જનજન માટે રાષ્ટ્રના ઉત્થાન માટેના કાર્યમાં સહભાગી બનવાનું સામર્થ્ય પ્રાપ્ત થાઓ તેવી પ્રાર્થના કરીએ.

ફરી ઓકટોબરમાં માતૃવંદનાના નવલા નોરતામાં અનોખી ઉર્જા સાથે મળીશું અને આઈમાની શતાબ્દી વર્ષની ઉજવણી અને કેશરીસિંહજી બારહટ્ટ(રાજસ્થાન)ની દોઢસોમી જન્મજયંતીને જાજરમાન રીતે જાગૃતતા સાથે જાણીશું-માનીશું.....

આ સઘળા કાર્યોમાં અમે તો નિમિત્ત માત્ર છીએ. 'યશ'ના સાચા ભાગીદાર આપ સહુ છો. સહુને ધન્યવાદ, અભિનંદન.

સહયોગી આપ સહુમાં દયા, કરુણા, પ્રેમ અને અન્ય માટે કંઈક કરવાની અને બીજા માટે થોડું જીવવાની જીજ્ઞાસા છે માટે આવા પુણ્યના કર્મના સંગાથી બની શકયા છે. આ મા ના સંસ્કાર અને ગુણો છે. મા બાળકની છેલ્લા શ્વાસ સુધી ચિંતા કરતી હોય છે, તેનો કોઈ સ્વાર્થ નથી.

ફકત મમતા છે, એટલે તો કાગબાપુએ પોતાનાં દુહામાં મા ને જમના તેડા આવે છે ત્યારે પણ પોતાની પરવા નથી કરતી પણ બાળક માટે ચિંતા સેવે છે.

**મોતે નાળ્યું માંડિયું, જમ જડાકા ખાય;**
**તોય છોરૂની ચિંતા થાય, તને કેમ વિસરીએ કાગડા.**

હાલ આપણે સહુ ૫૦મો વિશેષાંક વાંચીએ, માની મમતાને માણીએ અને કંઈક વિશેષ જાણીએ.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

## 'ચારણ સંસ્કૃતિ' વિશેષ અંકને શુભેચ્છા સહ આર્થિક સહયોગ

| | |
|---|---|
| પ્રગતિ કો.ઓપરેટીવ | રૂદ્રાક્ષ પેટ્રોલિયમ |
| રાધીકા જ્વેલર્સ | જય સોમનાથ મંડપ સર્વિસએન્ડ લાઈટ ડેકોરેશન |
| હેમુભાઈ બાવડા | પાર્થ મંડપ સર્વિસ |
| ધર્મેશભાઈ માલા | જે. પટેલ એન્ડ એશોસીએશન |
| મેહુલભાઈ જામંગ | ખોડિયાર આર્કીટેક |
| રમેશભાઈ જાળગ | ક્રિષ્ના શીપીંગ એન્ડ એલાઈડ સર્વિસીસ |
| લક્ષ્મણભાઈ જામંગ | વિનાયક ડિઝાઈન એન્ડ કન્સલટન્ટ |
| જગદંબા ઝવેલર્સ | શિવ શકિત ટ્રેડર્સ |
| ડો.સંજય પી.ગઢવી | ચાવલા કાફે |
| નેહલ જગદીપ ગઢવી | આઈલગા પરિવાર |
| વૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ | લેટેસ્ટ / કન્સેપ્ટ ડિઝાઈન, રાજકોટ |

**ઉજળી પરંપરા આપણી એમાં કયાંય નહિ કલંક,**
**આઈ પ્રતાપે અવિરત વહે સ્નેહનો ચારણ અંક.**

# પરિવારના સ્નેહનું પ્રતિબિંબ

• રાજુલ દવે (સંપાદકીય)

જેમ સમુદ્રના મોજાં હંમેશને માટે લહેરાતા હોય છે, એમાંથી અનેક તરંગો અને રંગો નજરે પડતાં હોય છે, જેની નોખી–અનોખી ભાત્ય માનવચિત્ત ઉપર છપાતી જાય છે. એ ભાત્યની કોઈને કલ્પના પણ ન આવે. કવિ કહે છે કેઃ

**સમંદર હીલોળા, પનંગ થર, થર વેળુ સર વાળ;**
**સજજન અમને સાંભરે, દનમાં એટલી વાર.**

દિલની એવી જ લ્હેરું ઉપડતી હોય છે, અનુભવોની. અનુભવીઓની એ લહેરો લખાણો દ્વારા વ્યકત થાય છે.

'ચારણ સંસ્કૃતિ'(ત્રિમાસિક) તેર વર્ષ પૂરા કરવા જઈ રહ્યું છે અને તેનો આ પચાસમો અંક વાંચકોના હાથમાં આવે છે. જીવન એક દાવ છે. દાવ પૂરો લેવા દેવો કે અધૂરો રહેવા દેવો એ હરિને હાથ છે. સામયિકોની સૃષ્ટિમાં સરાસરી આયુષ્ય દસ–બાર વર્ષથી વધારે નથી, ત્યારે એક સામયિક તેર વર્ષ પૂરા કરે તે નોંધનીય બાબત ગણાય. છે જ્ઞાતિગત, પણ તેનું સાહિત્યિક સ્વરૂપ વ્યાપક છે.

'ચારણ સંસ્કૃતિ' નો પાછલા તેર વર્ષોમાં સ્વજનોનો પરિવાર બંધાયો છે. સ્નેહના સૂત્રાધારે એ મણકા પરોવાયેલા છે. એ પરિવારની સહિયારી સંસ્કાર સરિતારૂપે 'ચારણ સંસ્કૃતિ' આગળ વધી રહ્યું છે. એ પરિવાર છે મુરબ્બીઓ, મિત્રો, લેખકો, શુભેચ્છકો, ગ્રાહકો, ચાહકો, વાચકો, ટ્રસ્ટીઓ અને વિજ્ઞાપકોનો.

'ચારણ સંસ્કૃતિ'નો વિકાસ એ પરિવારના સ્નેહનું પ્રતિબિંબ છે. અમે તો નિમિત્ત છીએ. એ દ્વારા સમાજના ચારિત્ર્ય નિર્માણમાં યત્કિંચિત્‌પણે, નિર્ભેળ કર્તવ્યરૂપે હિસ્સો નોંધાવવાની અમારી નેમ છે. ધરા શેષ આધાર, શેષ કૂરમ આધારે, તેમ આ બધું શુભેચ્છકોને આભારી છે. પચાસમા અંકમાં સૌને એટલી જ વિનંતી કે 'ચારણ સંસ્કૃતિ' આજે જે કાંઈ છે તે આપને કારણે છે. એને લેખો, ગ્રાહકો, વિજ્ઞાપનો થકી વધારે દીપાવવાનું પણ આપને જ રહે છે.

'ચારણ સંસ્કૃતિ'ના પચાસમા અંક માટે કયો વિષય પસંદ કરવો તે બારામાં મિત્રો સાથે ચર્ચા–વિચારણા થતી હતી. મર્મી એવા વી.એસ. ગઢવીએ સૂચન કર્યું કે ચારણ સમાજમાં છેલ્લા ૫૦–૫૫ વર્ષમાં મહત્ત્વના બનાવો બન્યા હોય તે બારામાં લખાવવું અને ભૂતકાળમાં જે લખાણો પ્રસિદ્ધ થયા હોય તે પુનઃ મુદ્રિત કરવા. તેમનું સૂચન યોગ્ય હતું. લેખક મિત્રોને વિનંતી કરવામાં આવી અને સૌએ પોત–પોતાની રીતે લેખો મોકલી આપ્યા. ખાસ વિષય ઉપરાંત ચાલુ અંકમાં જે મેટર આવે છે તે લેવું એમ પણ વિચારાયું, આથી આ અંકના બે ભાગ પાડવામાં આવ્યા છે. ચાલુ અંક કરતાં તેનું કદ પણ વધારે છે.

પૂ.આઈમાના ૧૯૭૪માં જૂનાગઢ ખાતે ઉજવાયેલા વનપ્રવેશ મહોત્સવથી પહેલો ભાગ આરંભાય છે. મુદ્રિત લખાણો કયા સ્રોતમાંથી લેવામાં આવ્યા છે તેની માહિતી જે તે લેખ નીચે આપી હોવાથી અત્રે તેની પુનરુકિત નિવારી છે. સ્વામિનારાયણ સંપ્રદાય અને ચારણી સાહિત્યના સંબંધનું વી.એસ.ગઢવીએ સુરેખ નિરૂપણ કર્યું છે. હરિરસ સ્વાધ્યાય સભા એક નોંધપાત્ર સાત્વિક સાંસ્કૃતિક ઘટના છે. તેના સંચાલક, ૮૦ વર્ષની જૈફ વયના અચળદાનજી બોક્ષાએ આ પ્રવૃત્તિનો પરિચય કરાવ્યો છે. ગત માર્ચ માસની

આખરે રાજકોટમાં યોજાયેલી હરિરસ સ્વાધ્યાય સભામાં શ્રોતા તરીકે હાજર રહેવાનો લાભ આ લખનારને મળ્યો હતો. કેટલી વ્યકિતઓ આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલી છે ! પિંગળશીભાઈ પાયક લિખિત 'માતૃદર્શન' ગ્રંથની બીજી આવૃત્તિ થોડા સમય પૂર્વે પ્રકાશિત થઈ છે. ઘણાં વર્ષોથી અપ્રાપ્ય આ ગ્રંથ હવે વાચકોને સુલભ બન્યો છે. ઈસુભાઈ ગઢવીએ ઉપરોકત ગ્રંથની અગત્ય તેમજ તેના દસ્તાવેજી મૂલ્ય બારામાં માહિતી આપી છે.

'ફૂલછાબ' દૈનિકના મેનેજર અને આઈ સોનલમા ટ્રસ્ટના એક ટ્રસ્ટી નરેન્દ્રભાઈ ઝીબાએ ચારણ સમાજમાં જે ચાર મહાનુભાવોને કેન્દ્ર સરકાર કારા 'પદ્મશ્રી'થી નવાજવામાં આવ્યા તેમનો વિશદ્ પરિચય કરાવ્યો છે. રાજસ્થાનના ક્રાંતિકારી કેસરીસિંહ બારહઠ્ઠની સાર્ધ શતાબ્દી મનાવાય છે. તેમના વિશે ટ્રસ્ટના એક અન્ય ટ્રસ્ટી અને ચારણી સાહિત્યના વિદ્વાન ડૉ.અંબાદાન રોહડિયાએ પોતાના લેખમાં સારી માહિતી આપી છે. ભૂજના શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર વિશે ભૂતપૂર્વ સાંસદ અને આ કેન્દ્રની સ્થાપનામાં ચાવીરૂપ ભૂમિકા નિભાવનાર પુષ્પદાનભાઈ પાસેથી અમે લેખ મેળવી શકયા તેનો આનંદ છે.

ઉત્તર ગુજરાતના ચારણ સમાજમાં પાછલા પાંચ દાયકામાં જે નોંધપાત્ર ગતિવિધિઓ જોવા મળી તે ઘનશ્યામભાઈ ગઢવી અને ચંડીદાનજી ગઢવીના લેખોમાં વાંચવા મળશે. પૂ.આઈમાનું આ શતાબ્દી વર્ષ છે. શંકરદાનજી સિંહઢાયચે પોતાનો સ્વાનુભવ આ સંદર્ભમાં મોકલી આપ્યો તેને પણ અત્રે સમાવવામાં આવ્યો છે. લેખો અંગે જે મિત્રોને વિનંતી કરવામાં આવી હતી, તે પૈકી કેટલાકના લખાણ એક યા બીજા કારણોસર મળી શકયા નથી. આગામી સમયમાં આ લખાણો પ્રાપ્ત થયેથી તેને 'ચારણ સંસ્કૃતિ'માં સમાવવાનું આયોજન છે.

'ચારણ સંસ્કૃતિ' અંકનો બીજો ભાગ વસંતભાઈ ગઢવીના 'માતૃદર્શન' પુસ્તકના વિમોચનના કાર્યક્રમથી આરંભાય છે. મૂળીના સ્વામિનારાયણ મંદિર વિશે ભૂપેન્દ્રભાઈ દવેએ માહિતીપ્રદ લેખ લખેલ છે. તાજેતરમાં આ મંદિરને બસો વર્ષ પૂરા થયા. બાલકસાહેબની વાણી અંગે ડૉ. નિરંજન રાજયગુરૂએ પરિચય કરાવ્યો છે. મહેરબાનભાઈ ગઢવીનો લેખ 'છોડો તો છૂટે' અને નરસંગભાઈ ઠાકરિયાનો લેખ ' દિવ્ય ચેતના' વાંચકોને ગમશે. સતીષભાઈ, પ્રભુદાનજી સુરૂ, હિતેષ ગઢવી, વિનોદ મકવાણાના લેખો અંકમાં સમાવ્યા છે. જાણીતા કલાકાર સ્વ.જીતુદાન ગઢવીની પ્રથમ પુણ્યતિથિએ યોજાયેલા કાર્યક્રમનો અહેવાલ તેમજ સદ્ગતની કામગીરી અંગે ઘનશ્યામભાઈ ગઢવીએ લખેલો લેખ યોગ્ય માહિતી પૂરી પાડે છે. શારીરિક ફિટનેસ બારામાં ડૉ. હરીશ રાબાનો લેખ વાચકોને ઉપયોગી બનશે. હાલના સમયમાં શારીરિક સ્વસ્થતા જાળવવી મહેસુસ થાય છે.

મળવા જેવા માનવી, કાવ્યો અને સમાચારો, લગ્ન વિષયક, દાતાઓની યાદી, ઈત્યાદિ 'ચારણ સંસ્કૃતિ' અંકના સ્થાયી વિભાગો છે.શુભેચ્છક દાતાઓના પણ અમે આભારી છીએ.

કલ્યાણનાં અવિનાશી તત્ત્વોની આપણી શ્રદ્ધા બળવત્તર બની રહે. સહુના વિકાસમાં 'ચારણ સંસ્કૃતિ'નો વિકાસ સધાય તેમજ પચીસમા વર્ષ અને એકસોમા અંક તરફની તેની યાત્રા નિરાપદ તથા સુફલા બનો એ જ અમારી અભ્યર્થના છે.

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

•••

## સારું છતાં સંક્ષિપ્તમાં (૫)

○ ડો.બળવંત ખડીયા-ગાંધીધામ IMA National President Association એવોર્ડ પ્રાપ્ત થયો.

○ સ્વ.નાગદાન લાખાભાઈ ખડેલ-મગરવાળા, હરેશદાન સુરૂ, ઈસુભાઈ ગઢવી, નિલેશદાન પંડયા, ગજાનંદ ચારણને કાગ પુણ્યતિથિએ કાગ એવોર્ડ-૨૦૨૩થી સન્માનિત કરાયા.

○ શ્રી હેમંત ચૌહાણ ભજન સમ્રાટને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા.

○ શ્રી લાખણશીભાઈ ગઢવીને હેમુ ગઢવી એવોર્ડથી સન્માનિત કરાયા.

○ આયુષ કોટેચા-રાજકોટ અગાઉ અનેક એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યકિતનું ૨૬, જાન્યુઆરી ૨૦૨૩ના રોજ વિધાનસભાના સ્પીકરના હસ્તે સન્માન કરાયું.

○ ડો.રાજેશ નરહરદાન ગઢવી-ગાંધીનગરને વિશ્વ આરોગ્ય સંસ્થા પોટ ગોજ હેલી, પાયુ..યુ..ન્યું ગુનીયા...સ્પેસીફીક રીજીયોનમાં કન્સલટન્ટ તરીકે વરાયા.

○ શ્રી મનોજ બી. અવસુરા PIનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગૃહમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું.

○ શ્રી જયવીર ગઢવી જે આપણું ગૌરવ છે તેઓ IPS કેડર ગુજરાતમાં નિયુત થયા.

○ આરતી અભયદાન તે દશરથભાઈ રામભાઈ બારહટ્ટના દીકરીએ પુરાણ સાહિત્યમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી.

○ શ્રી મનોજ જોષી જાણીતા લેખક, ઉદ્‌ઘોષક, વિવેચક, પ્રોફેસરને સારસ્વત એવોર્ડથી સન્માનિત કરાયા.

○ લોકગાયક મેઘાણી કથાના વકતા, બુઝર્ગ શ્રી શાંતિલાલ રાણીંગાનું સાહિત્ય સેતુ દ્વારા અનુપમભાઈ દોશી, રાજુલ દવે, ધીરૂભાઈ સરવૈયા, વિનોદ મકવાણા વિગેરે અનેક સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિમાં સન્માન કરાયું.

○ સોમ્યા ગઢવી, ડો.નિલેશ ગઢવીની સુપુત્રી અને સ્વ.મેરૂભા ગઢવીની પ્રપૌત્રી જે લોકગીત ભજન વિભાગમાં ગુજરાતમાં પ્રથમ આવ્યા.

○ શ્રી દિનેશ માવલ સંપાદક-ચરજને પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવ, અમદાવાદ ખાતે સન્માનિત કરાયા.

○ નેહલ જયદીપ ગઢવી-ગાંધીનગર(આપણા લેખિકા) તા.૧૯/૩/૨૦૨૩ના રોજ નમોસ્તુતે હોસ્પિટલ, ગાંધીનગર જેમાં તમામ પ્રકારની બીમારીઓની સારવાર મળી શકે તેવી અત્યાધુનિક સવલતો સાથે શુભારંભ કરેલ છે. આ સુંદર સ્વાસ્થ્ય સંકુલના તેણી ડીરેકટર છે.

○ શ્રી હરિદાન દિનેશભાઈ ગઢવી(નરેલા)એ છેલ્લા દસ વર્ષથી જામનગર જિલ્લાના વિવિધ વહીવટી ક્ષેત્રમાં ઉદ્‌ઘોષક તરીકે કામગીરી કરેલ જે અન્વયે ગુજરાત સરકારના કેબિનેટ, શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરાના હસ્તે જાહેર કાર્યક્રમમાં સન્માનિત થયા.

○ ભવાનીસિંહ કવિયાને મેવાડ ચારણ મહાસભા દ્વારા ચારણરત્ન પુરસ્કારથી સન્માનિત કરાયા.

○ હિતેશ નરેલા ચોટીલા ખાતે યોજાયેલ વહીવટ તંત્રના કાર્યક્રમમાં રાજયના મિનિસ્ટર, કલેકટર, પોલીસ કમિશ્નરશ્રીની ઉપસ્થિતિમાં રસપ્રદ રીતે એન્કરીંગ કર્યું તેમજ શ્રી હિતેશ નરેલાએ તાલુકા કક્ષાની BRC કો-ઓર્ડીનેટર પરીક્ષામાં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થયા.

○ આપણા સમાજના શ્રી જબ્બરદાન નારાણજી રત્નુ-કચ્છ તેમની ૭૫મી વર્ષગાંઠે તેમના સામાજિક વિકાસના અદ્‌ભુત કાર્યો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા-ભુજ(કચ્છ)ના યુવા કાર્યકરો દ્વારા તા.૧૫/૪/૨૦૨૩ના રોજ ભૂજ ખાતે યોજાઈ રહ્યું છે.

તેઓશ્રી આ ટ્રસ્ટના શરૂઆતથીજ તનમન ધનથી સહયોગી રહ્યા છે તેમાંય આ મેગેઝિનના સહયોગ માટે શરૂઆતના અંકથી આર્થિક અનુકુળતા માટે ૧૦૦ અંકો મંગાવી સહયોગી બનેલ. આ ટ્રસ્ટ પણ તેમના આ કાર્યક્રમમાં અંતરથી સુર પાઠવે છે.

○ ભૂજમાં ગઢવી સમાજના લગ્નોત્સવમાં ૧૦ દીકરીઓએ પ્રભુતામાં પગલા માંડયા. ૧૨૫ પ્રતિભાવંત વિદ્યાર્થીઓને નવાજયા (સ્વ.અમિત જે. ગઢવી મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રૂા.૩.૨૫ લાખ આપ્યા)તેમજ આ પ્રસંગે રૂા.૧ કરોડનું દાન અપાયું.

○ પોપટપુરા, ગુજરાતમાં ૧૬મો સમૂહલગ્ન ધામધૂમથી ઉજવાયો. જેમાં ૩૨ દીકરીઓએ પ્રભુતામાં પગલા પાડયા. આ દિવસે જ પાંગરતી પ્રતિભાઓ, અભ્યાસમાં ધો.૧૦, ૧૨, ગ્રેજયુએશન, હાયર એજયુકેશન અને ડોકટરેટની પદવી પ્રાપ્ત કરનારને મોમેન્ટોથી સન્માનિત કરાયા.

○ સમૂહલગ્ન સમિતિ, રાજકોટ દ્વારા ૨૯ દીકરીઓના ઘરેઘરે જ લગ્નો યોજાયા.

○ ભરવાડ સમાજ દ્વારા થરાદ ખાતે એકસાથે ૩૦૦૧(૩૦૦૫) દીકરીઓએ પ્રભુતામાં પગલા પાડયા. આવડા મોટા લગ્નોત્સવના એક જ દાતા ભરવાડ કુલભૂષણ શ્રી બેચરભાઈ તેજાભાઈ ગમારા વિનમ્રતા સાથેના સંપૂર્ણ સહયોગથી ઐતિહાસિક જાજરમાન લગ્નોત્સવ સંપન્ન થયો.

○ આઈશ્રી રૂપલધામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રામપરા ગીર દ્વારા સમૂહલગ્ન માર્ચ-૨૦૨૩માં યોજાયા. રાજભા(ગીર) સેવા ફાઉન્ડેશન દ્વારા ગીરના નેહડાઓમાં પ્રથમવાર સમૂહ લગ્ન યોજયા જેમાં ૧૪ નવદંપતીએ પ્રભુતામાં પગલા પાડયા. ગાંધીધામ ખાતે ૩૪મા સમૂહલગ્નમાં ૨૦ દીકરીઓએ પ્રભુતામાં પગલા પાડયા.

○ આઈશ્રી જાલુમા પરિવાર ગઢવાળા પ્રેરિત આઈશ્રી ઝાલુમાની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ નવચંડી યજ્ઞ ફેબ્રુઆરી-૨૩માં નાગલાણી પરિવાર દ્વારા સંતો, મહંતો, આઈમાની પાવન ઉપસ્થિતિમાં દ્વિદિવસીય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. દેવકરણભાઈ નાગલાણીના ભાવભર્યા આમંત્રણથી સમાજે મન ભરી પ્રસંગ માણ્યો.

○ સોનલમાના શતાબ્દી વર્ષના અનુસંધાનમાં ખોડિયાર યુવક મંડળ, રાજકોટ દ્વારા સમગ્ર વર્ષમાં સુદ-બીજની તિથિએ વિવિધાસભર કાર્યક્રમમાં ગોઠવણી ઉજવણી કરી રહ્યા છે.

○ રાજકોટ, સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, ભારત અને વિદેશમાં ૨૫ ડિસેમ્બર સોનલબીજ શતાબ્દીના સ્વાગત સાથે સહુએ ઉમંગથી સોનલબીજની ઉજવણી કરી, જેમાં રાજકોટમાં ખોડિયાર યુવક મંડળ, રેલનગર, બજરંગવાડી, સામાંકાઠો અને મઢડામાં મહામેરામણે માણી. સોનલ બીજ કણેરી, જૂનાગઢ, મોણીયા, પોરબંદર, બોટાદ, ગાંધીનગર, અમરેલી, અમદાવાદ, ગાંધીધામ, અંજાર,

જામનગર, જામખંભાળીયા, જાંબુડા, જશોદાનગર, સુરત, માંડવી(કચ્છ), વલસાડ, ઢોકળવા, સુરેન્દ્રનગર તેમજ સોનારણી ગામે જાડેજા પરિવાર દ્વારા જન્મદિન ઉજવાયા.

○ દર વર્ષની જેમ આ વર્ષે પણ સિંહમોયમા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી બીજની ધામધૂમથી સિંહમોઈ મંદિર સરધાર મુકામે કરવામાં આવી.

○ શ્રી વાલાભા પાલીયા-ગોધરા(પંચમહાલ) વિશિષ્ટ યાત્રા જેમાં પાછા પગે દ્વારકા જઈ રહ્યા છે. ગામો ગામથી સ્વાગત કરીને ભાવિકો ધન્યતા અનુભવી રહ્યા છે.

○ પૂ.વિસામણ બાપુ, પાળિયાદની સ્મૃતિમાં ભારત સરકાર દ્વારા ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી.

○ પૂજય આઈમાના ધામ મઢડામાં શતાબ્દી વર્ષ નિમિત્તે પૂજય આઈશ્રી બનુમાની મૂર્તિ-પ્રતિષ્ઠા અનાવરણ. તેઓની વાર્ષિક પુણ્યતિથિએ કરવામાં આવ્યું.

○ સોનલધામ મઢડામાં શતાબદી નિમિત્તે બાવન ગજની ધજાનું ધ્વજારોહણ કરાયું.

○ દર વર્ષની જેમ આ વર્ષે પણ રામનવમીના ઈસરધામ(બાલાચડી જાંબુડા) સચાણા ખાતે ચારણ ભકત કવિ ઈશરદાસજી મહારાજની પુણ્યતિથિએ હરીરસના પાઠ, ભજન, ભોજન, સંતવાણી, રથયાત્રા સહિતના કાર્યક્રમો સાથે ઉજવાયા.

○ સેણલા રાય સંસ્થાન દ્વારા ચૈત્રી સાતમ-આઠમનો સેણલી માતાજીની જયંતીના ભવ્ય આયોજન, રાજસ્થાન, ગુજરાતના વિશાળ સમુદાયની હાજરીમાં શોભાયાત્રા, ચરજ ગાન, ભજનો તથા સન્માન સમારંભ સહિતના કાર્યક્રમો રાજસ્થાનમાં યોજાઈ ગયા. આઉવામાં સં.૧૬૪૩માં શહીદી વહોરનાર શહીદોની યાદમાં અખિલ ભારતીય ચારણ (ગઢવી) મહાસભા દ્વારા શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ, ઉધાન, આઉવા(રાજસ્થાન)માં એપ્રિલ, ૨૦૨૩માં ઉજવાઈ ગયો.

○ રંગીલો રાજસ્થાની, રાજસ્થાન ફોક ફેસ્ટિવલનો બે દિવસીય જાજરમાન કાર્યક્રમ પૂ.આઈશ્રી દેવળમાની પાવન ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર ક્રાંતિ દૈનિક દ્વારા ઉજવાયો.

○ 'પશ્ચિમ બંગાળ મારી નજરે' સ્વામી સચ્ચિદાનંદની કલમે ૯૧ વર્ષની જૈફ ઉંમરે લખાયું અને સ્નેહીશ્રી શામજીભાઈ ખૂંટ દ્વારા અમોને પ્રાપ્ત થયું.

○ 'રસભરી લોકવાર્તાઓ' - કાનજીભાઈ ભુરાભાઈ બારોટ દ્વારા લખાયેલ અને રાજુલ દવે દ્વારા સંપાદિત પ્રવીણ પ્રકાશન દ્વારા પ્રકાશિતનું વિમોચન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા, હેમુ ગઢવી એવોર્ડ મેઘાણી ફંકશન એવોર્ડ સમયે થયું જે પુસ્તક શ્રી મનુભાઈ બારોટ દ્વારા મળેલ છે.

○ 'શકિતનું સ્વરૂપ' અમારા કુળદેવી ચારણ આઈ બુટભવાની માતાજીનું શ્રી પ્રવીણદાન અને ડો. અંબાદાન રોહડીયા દ્વારા રાજકોટમાં લોકાર્પણ થયું.

○ ડો.અંબાદાન રોહડીયા ચારણી સાહિત્યના વિવિધ સંદર્ભે પુસ્તકનું વિમોચન કાગધામે પૂજય બાપુના વરદ હસ્તે થયું. આ પુસ્તક સાહિત્ય એકેડેમી તરફથી પુરસ્કૃત થયું.

○ શ્રી શંકરદાર સિંહઢાયચ-રાધનપુર દ્વારા 'મારા સંસ્મરણો અને અન્ય લેખો' દળદાર પુસ્તક પ્રકાશિત કર્યું.

**–તંત્રી – રામભાઈ જામંગ** (૯૮૨૪૨ ૮૮૮૫૨)

## વનપ્રવેશ મહોત્સવ

• ...

**(પૂ.આઈમા સોનલમા વનપ્રવેશ મહોત્સવ અને અખિલ ભારત ચારણ સંમેલન જૂનાગઢ ખાતે તા.૨૯/૫/૧૯૭૪ થી તા.૩૧/૫/૧૯૭૪ના ત્રણ દિવસો દરમ્યાન યોજાયું હતું. પિંગળશીભાઈ પાયકના તંત્રીપદે પ્રસિદ્ધ થતા 'ચારણ' અંકના ૧૯૭૩ અને ૧૯૭૪ના વર્ષના અંકોમાં ઉપરોકત સંમેલનની પૂર્વ તૈયારીઓ બારામાં સવિસ્તર અહેવાલ પ્રસિદ્ધ થયા હતા. જૂન–૧૯૭૪થી નવેમ્બર–૧૯૭૪(અંક નં.૩ થી ૮) સંયુકત રૂપે જૂનાગઢ ચારણ સંમેલન વિશેષાંક રૂપે પ્રસિદ્ધ થયો હતો. તે બાદ ડિસેમ્બર– ૧૯૭૪થી માર્ચ–૧૯૭૫નો અંક આઈમા સ્મૃતિ અંક તરીકે પ્રકાશિત થયો હતો.'ચારણ' સામયિકના વનપ્રવેશ મહોત્સવ અંકમાંથી નીચેના વકતવ્યો ઉદ્દ્ઘૃત કર્યા છે. વાચકોને પાંચ દાયકા પૂર્વેની સફર કરાવશે અને ચારણોના જાજરમાન જીવનનો પરિચય આપશે. જયમલ્લભાઈ પરમારે લખ્યું છે તેમ, ચારણોના બિરદની યાદ દેવરાવવા માટે એ છેલ્લો પ્રસંગ યોજાયો હતો. – સં.)**

૦૦૦

### દુલાભાઈ કાગનું વકતવ્ય

મને ભાળીને, મારું અગાઉનું ઓઢણું છે તે જાણીને સૌને એમ લાગશે કે હમણા ગાવા મંડશે પણ **'ઘર મોટો ને ત્રોટો ઘણો, મોટો પિયુરો નામ; તે કારણ હું દૂબળી, મારું કેડા કાંઠે ગામ'** સાત સાત વર્ષની બીમારી પછી માની કૃપાથી સાજો થયો પણ ગળામાં, ફેફસામાં બળ નથી એટલે રાગડો કાઢીને ગાઈ શકું તેમ નથી પણ માથે આવ્યું તે ઉકેલવું જોઈએ પણ ધોળી દાઢીને કાળી નહિ કરી શકું. ગાઈ નહિ શકું પણ થોડુંક બોલીશ. તમોએ આપેલ માનપત્રનો શું જવાબ આપવો? તેની મૂંઝવણ થાય છે. તમારી શુભ દૃષ્ટિ અને શુભ ભાવના માટે આભાર માનું છું.

સાહિત્ય એ જીવનનું બીજું પાસું છે. તેમાં શિષ્ટ સાહિત્ય, લોક સાહિત્ય, ચારણી સાહિત્ય એ બધાં તેનાં ખાનાં છે. જમાના પ્રમાણે, સમાજ પ્રમાણે સાહિત્યના વાઘા જુદા જુદા બને.

अकाले मेघोऽपि न प्रवर्तते। હળ હાંકતાં હાંકતાં કાવ્ય લખવાની શું જરૂરત ઊભી થઈ? આદિ જુગમાં માણસ જંગલમાં રહેતો. બોલતાં ન આવડતું. માણસ આમ સામા આવતા ત્યારે ભટકાતા. ઈશારેથી સમજાવતા. છેવટે વાણી પ્રગટી અને મનના ભાવોને, વિચારોને પ્રગટાવવા માટે કાવ્યનું વાહન શોધાયું અને તેને ચારણે જીવનમાં વણી લીધું. પોતાના જીવનને કાવ્યમય બનાવ્યું.

બાપા એટલે બાનો ચોથો ભાગ– ચતુર્થાંશ. બાળક ઘોડિયામાં હોય ત્યારે મા તેને બાપની ઓળખાણ કરાવે. **'મા ઈ મા અને બીજા વગડાના વા'**. માથી સંસારમાં કોઈ વિશેષ નથી. શંકરાચાર્યની સ્તુતિઓમાં પણ માનો ભાવ સર્વોપરિ છે. ડાહ્યો માણસ, ચતુર માણસ પોતાના બળ અને નિર્બળતાનો એકરાર કરે છે. ઓગણચાલીશની લડતમાં હું એકત્રીશ દિવસ રાજકોટ હતો. ગાંધીજીને જયારે લાગ્યું કે પોતાની લડતમાં કંઈક ખોટું છે ત્યારે ચબરખી લખી કે **'મારી લડતમાં ખામી છે. મોરીસ ગ્વાયરનો ફેંસલો મારે ન જોઈએ.'** એમની જેમ જ યુધિષ્ઠિરે પણ પોતાના કુળવાનપણાની પોલ પોતાના મોઢે

જાહેર કરેલી કે **'દાદો કાનીન પિતા ક્ષેત્રજ'** વગેરે. દિલ્હીવાળાઓએ, ગાંધીજીએ સૌએ મારી કવિતા સાંભળી છે અને પચાસ વર્ષ થયાં કવિતા લખું છું પણ જ્ઞાતિ આજે જ શું કામ માનપત્ર આપે છે? કારણ કે આજે માએ મને ખોળામાં બેસાડવાનું, શ્રદ્ધા અને વિશ્વાસનું ધાવણ પાવાનું યોગ્ય માન્યું છે એટલે.

ચારણો હિમાલયમાં વનમાં રહેતા, ગાયો ભેંસો રાખતા. સાદાઈથી જીવતા. જગદંબાનાં આરાધન કરતા દેખાય છે અને પાછળથી રજવાડામાં, શહેરમાં રહેતા. રાજા પ્રજા વચ્ચે રહીને એમને એમનો ધર્મ સમજાવતા દેખાય છે. ચારણ ગમે ત્યાં રહેતો પણ એમાં એક કુદરતી શકિત હતી. એક જૂની વાત છે. રાજા માંડલિક જંગલમાં શિકારે ગયેલ. ૩૪ વર્ષની જુવાન વય. ઓચિંતાનાં વાદળાં ઘેરાયાં. મોરલા બોલવા લાગ્યા. વરસાદ તૂટી પડયો. સાથીઓથી વિખૂટો પડી ગયો. જુવે છે તો પચીસેક ભેંસોનું ખાડુ ચરે છે અને વરસતા વરસાદમાં ચારણનો વીસેક વર્ષનો એક છોકરો સાગના ઝાડ નીચે ઊભો છે. રાજાએ છોકરાને કહ્યું કે **'ભાઈ ! હું જૂનાગઢનો રાજા માંડલિક છું. વરસાદમાં દુઃખી થઈ ગયો છું. કેડો ભૂલી ગયો છું. જૂનાગઢનો મારગ બતાવીશ?'**

રાજાનું શિકાર-કાર્ય ચારણ જુવાનને ન ગમ્યું એણે ગળથૂથિમાં જ કવિતા પીધેલી. બોલ્યો કે 'રાજા જૂનાગઢના કેડાની તો મને ખબર નથી. મેં તો બે જ મારગ ભાળ્યા છે કે - **'પુણ્ય કરતાં જાઉં સરગ, પાપ કરંતાં નૃગ્ગ; મેં દીઠી દો વટ્ટડી, (રાજા!) ચાહે જિન્ન મગ લગ્ગ.'** દુહો રાજાના દિલ સોંસરવો ઊતરી ગયો. ત્યાર પછી ૩૮ વર્ષ સુધી, ૭૨ની વય સુધી રાજા જીવ્યો પણ એ પ્રસંગ પછી તેણે શિકાર માટે કયારેય તીર કામઠું ન ઉપડયાં. ચારણ જીવનમાં આવી તાકાત હતી.

એ શકિતનો પ્રવાહ ચારણ કુળમાં થએલાં આઈઓના-માતાજીઓના જીવનમાંથી પ્રગટતો, આઈ આવડ, આઈ કરણી, આઈ ખોડિયાર વગેરે અનેક આઈઓ આજે પણ રાજપૂતોમા છત્રીસ કુળનાં અને બીજા અઢારે વર્ણના કુળ દેવીઓ તરીકે પૂજાય છે. તેનું કારણ કે એમનાં જીવન કેવળ ચારણ હિતકારી નહિ પણ સર્વ હિતકારી હતાં. તપ, ત્યાગ, વ્રત, શીલ, ભકિત, ક્ષમા એમના જીવનમાં વણાયેલાં હતાં. એમના જીવનનાં અંગ બની ગયેલાં અને એ શકિતનો બીજો પ્રવાહ શારદાના ઉપાસક ચારણોમાં વહેતો હતો, જે યથાર્થ કહેતા અને સમાજની, રાજકર્તાઓની નીતિમત્તાના રક્ષક તરીકે કામ કરતા.વખત આવ્યે કડવું સત્ય સંભળાવતા અને ગુણવત્તાને બિરદાવતા પણ **'બિના ગુન કરે ગાન, 'કાગ' તાકો કહ્યો પાપ.'** એવા પાપથી ચારણ અલગ રહેતા. નરહરદાસ, ઈસરદાસ વગેરે ચારણ કવિઓએ પ્રભુ ગુણગાનને પોતાનો જીવન ધર્મ માન્યો.

એમની વાણીમાં સંજીવની તત્ત્વ હતું, સનાતનતા હતી. એ જેને સ્પર્શ કરતા તેને અમરત્વ આપતા. એમની વાણી કાયમને માટે લોક હ્રદયમાં સંઘરાઈ જતી. ઈસરદાસની વાણી, નરહરદાસની વાણી, સ્વરૂપદાસની વાણી, નરસિંહ મહેતાની વાણીનો ઓડકાર નથી આવતો. જાણે સાંભળ્યા જ કરીએ. એવા કવિઓ માટે જ રાજસિંહ મહારાણાએ લખ્યું છે કે -

**'કહાં રામ કહાં લખણ? નામ રહિયા રામાયણ,**
**કહાં કૃષ્ણ બલદેવ? પ્રગટ ભાગોત પુરાયણ;**
**વાલ્મીકિ વિદવ્યાસ કથા કવિતા ન કરંતા,**
**તો કવણ નામ લેવતા, ધ્યાન મન કવણ ધરંતા?**
**જગ અમર નામ ચાહો જિકે, સુણો સજીવન અખ્ખરાં,**
**રાજશી કહે જગ રાણરો, પૂજો પાવ કવેસરાં.'**

આપણાં પૂર્વજ આઈઓને કારણે, આજે આ જગદંબા આઈમાના કારણે, આપણા તરફ સૌ સદ્દ્ભાવ રાખે છે અને બીજી તરફ નરહરદાસ, ઈસરદાસ જેવા કવિઓની કવિતાઓ વાંચીને સૌ આપણને આદર-માન આપે છે. આ બે માન આપણી જ્ઞાતિને મળતા રહે છે. **મેઘાણીએ** લખ્યું છે કે **'ચારણ પડયો છે પણ તેણે સંસ્કૃતિની મશાલ ઊંચી ને ઊંચી રાખી છે.'**

તમે માના ખોળામાં બેસાડીને માનપત્ર આપ્યું છે પણ મોટામાં મોટું માનપત્ર તો એમની કૃપા છે. એ મેળવવાની આપણે વૃત્તિ રાખીએ કારણ કે ચારણનો ધર્મ સમાજને જાગૃત રાખવાનો છે. માનપત્રની ઈચ્છા એણે ન રાખવી. પોતાનો ધર્મ બજાવતાં, ફરજ બજાવતાં કયારેક માનપત્રને બદલે ધિક્કાર પણ મળે. રામાવતાર સમયે રાવણની અનીતિનું સામ્રાજય જામેલું. એમાં ખરેખર જો કોઈ પણ જાગૃત હોય તો તે મહારાણી કૈકેયી અને મુનિ વિશ્વામિત્ર. એમણે જોયું, પારખ્યું કે રાવણનું સામ્રાજય રામ જ તોડી શકશે એટલે એ માટે કૈકેયીએ કુળકુટુંબનો, પ્રજાનો ધિક્કાર વહોર્યો અને રામને વનમાં મોકલ્યા અને પરિણામે રાવણનું સામ્રાજય તૂટયું. ધિક્કાર મેળવ્યો પણ રામ વનમાંથી અયોધ્યા પધાર્યા, ત્યારે સૌથી પહેલાં એમને પગે લાગેલા અને એમનો આભાર માનેલો. તમે મને માન આપ્યું એ માનું જ આપેલું માન છે. દીકરાની ઉદ્ધારક મા જ હોય. મા તો પતિતપાવની છે. બાપ પુત્ર તરફ લાલ આંખ કરશે પણ મા તેના અવગુણ નહિ માને. બધા ગુનાઓ ભૂલી જાય છે એવી માનો આભાર શું માનવો? આપણે એટલું જોવું કે **'મા કહે તેમ કરવું'** એવું ન કરીએ કે -

**'માડી ! તારી છબિઉં ઘરમાં ચોડે...**
**કીધેલું તારૂં નવ કરે રે.જી...'**

સંસારમાં એવું છે કે સાવ નજીક હોય તેને પારખી શકાતું નથી. બહુ નજીકથી અક્ષર નથી વંચાતા. દીકરો બાપને પૂરેપૂરી રીતે જાણી શકતો નથી, માને પણ પૂરી ઓળખી શકતો નથી. આપણે પણ આઈમાને પૂરાં ઓળખી નથી શકતા. પણ એટલું તો સમજીએ છીએ કે એ મા છે અને આપણે એમનું કહેવું કરવું જોઈએ. મા કહે છે **'કે ફકત વિચાર સારા કરો એટલેથી જ કામ નથી થતું. આચારો સારા પાળજો. અહિં આવ્યા છો તો કંઈક લઈને જાજો.'** આપણે આચાર પાળતા નથી એનું માને બહુ દુઃખ છે. દારૂ કાઢયો ત્યાં અફીણ ફરીને પેઠું છે. વ્યસનોમાં ઘેરાઈ ગયા છીએ.માતાજી કહે છે કે **'વ્યસનો છોડજો. સાદાઈથી -સચ્ચાઈથી જીવજો. વ્યસનો છોડવાનાં નીમ લઈને અહિંથી જાજો અને તેને સાચા દિલથી પાળજો.'**

હું માને કહું છું કે આપે અમારા માટે એટલું કર્યું છે કે જે કોઈ ન કરી શકે. અમારા ગુના માફ કરજો. પુત્ર કપુત્ર થાય, મા તો મા જ રહે છે. અમારા પર દયાદષ્ટિ રાખજો. હવે થાકી ગયો છું એટલે બંધ કરૂં છું, જય માતાજી!

OOO

## પૂ.આઈ શ્રી સોનલમાનું પ્રવચન

***'શાંતિ કરણ, જગ ભરણ તું, ઘડણ ઘણા ભવઘાટ;***
***નમું આદિ નારાયણી ! વિશ્વરૂપ વૈરાટ.'***
***'ચિંતા બિઘન બિનાશિની ! કમલાસની-સકત!***
***વીશહથી-હંસવાહિની ! માતા ! દેહુ સુમત્ત.'***

અહીં હજારોની સંખ્યામાં તમે ભેળા થયા છો. બહેનો પણ મોટી સંખ્યામાં આવી છે. તમને સૌને મળીને મને ખૂબ આનંદ થયો. પિંગળશીભાઈ ને મુળુભાઈ આ ઉત્સવ કરવાની વાત લઈને મારી પાસે આવ્યા ત્યારે મેં તો એમને ના પાડેલી કે, **'મારે તમારું માન કે તુલા જોઈતાં**

**નથી. મેં જે કર્યું અને કરું છું તે માન કે તુલા માટે નથી કર્યું કે નથી કરતી.'** પણ એમણે આપણી સંસ્કૃતિની સાચવણીની વાત કરી એટલે એ માટે મેં સંમતિ આપી. તમે સૌ ચારણો સંગઠિત થયા, એક કડીએ બંધાણા, ઉત્સવ-સમ્મેલન કરી જાણ્યા, ખૂબ શાંતિ જાળવી, ખૂબ ભાવના બતાવી, એમાં જગતે **'ચારણ કેવો સંસ્કારી છે, કેવો ચતુર છે, કેવો સમજણો છે, કેવો ભાવનાવાળો અને સંપીલો છે'** તે જોયું. તમારા એ ગુણોને જાળવજો- વધારજો.

ચારણો આદિથી સરસ્વતીના ઉપાસક હતા. ચારણો દેવ કહેવાતા. દેવ એટલે જેનામાં દૈવી સંપત્તિના ગુણ હોય તે દેવ. માંસાહાર કરે તે દેવ નહિ. દારૂ તો દૈત્ય પીએ, ચારણો નહિ. ચારણો દૈવી સંપત્તિના ગુણ ગ્રહણ કરે. દૈવી સંપત્તિના ગુણવાળો ચારણ કદાપિ દારૂ નહિ પીએ વળી ચારણ ઈર્ષાળુ નહિ, ઝેરીલો, ડંખીલો નહિ પણ ક્ષમાશીલ હતો. હું નાની હતી, ત્યારે કયારેક કોઈનો વાંક જોઈને લાકડી મારે તો આપણે લાકડી મારતાં ન શીખાય પણ કોઈ ગામ જમાડે તો એવું સારું કામ આપણે કરવાની ઈચ્છા રાખવી.

ચારણ કેવો હતો ! ચારણ સતવાદી હતો. અંતઃકરણને શુદ્ધ રાખતો. એ સતવાદી ન હોત, એનું અંતઃકરણ શુદ્ધ ન હોત, તો એને ઘરે જગદંબાઓ જન્મ ન લેત. સત્યનો ઉપાસક હોય તે જ ખરો ચારણ છે. એ જ દેવ છે. સરસ્વતીનો ઉપાસક ચારણ બીજાની નિંદા ન કરે. ખોટું ન કરે. બીજાની નિંદા કરે તે દેવ નહિં પણ દૈત્ય છે. સાચા ચારણ બનવું હોય તો નિંદા છોડી દેજો. માતાજીની ઉપાસના છોડતા નહિ. ઉપાસના કરવાનાં નીમ લેજો અને તે પાળજો. ભગવતીની ઉપાસનાથી માણસને વિજય મળે છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે **'હે અર્જુન ! જો તારે વિજય મેળવવો હોય તો ચારણો જેની ઉપાસના કરે છે એ ભગવતી દુર્ગાની ઉપાસના કર.'** એ બતાવે છે કે જૂના જમાનાથી ચારણોનાં ઈષ્ટદેવ ભગવતી જગદંબા છે, તમે એને ભુલતા નહિ.

ચારણોની દીકરીઉં છાણ વાસીંદા ઊસરડતી હોય, પણ એનાં દિલ ઊજળાં હોય. આ બાઈઉં બેનોને કહેવાનું કે તમે મા વરવડી જેવીઉં બનો, અન્નપૂર્ણાઉં બનો, તો તમારે ત્યાં આઈ કરણી જેવીઉં અવતાર લેશે. આઈ કરણીજી ઝૂંપડામાં રહેતાં પણ એટલાં બધાં શકિતશાળી હતાં કે પૃથ્વીના પાટ ફેરવી નાખ્યા. રાજસ્થાનમાં એમણે રાજપૂતોની શકિતનો પાયો દૃઢ બનાવ્યો. જીવનમાં સચ્ચાઈ આવશે તો શકિત આપમેળે આવશે. જો માના ધાવણમાંથી સચ્ચાઈના સંસ્કાર મળશે, તો ચારણો જરૂર દેવ-ચારણો બનશે અને એમને ઘરે માતાજી અવતાર લેશે. સિનેમાનાં ગાણાં ગાવાનું શીખ્યા તેથી આપણું અધઃપતન થયું છે. એ ગાણાંઓથી આપણો ઉદ્ધાર નથી થવાનો. કવિતા એ કોઈને રીઝવવા માટે નથી. સરસ્વતી મા છે, તેને નાચનારી ન બનાવાય. કવિતા નિજાનંદને ખાતર બોલવા-ગાવા-બીજાઓને આનંદ આપવા માટે હોય, પણ કોઈને રીઝવવા માટે નહિ. કોઈને રીઝવવામાં એ વપરાય તે મહાપાપ છે.

ચારણ પોતાના ઈષ્ટદેવને રીઝવવા માટે કવિતા કરે. એક ગઢવી હતા. રાફડા ઊપર બેઠા બેઠા નિજાનંદ ખાતર છંદ બોલતા. નિરક્ષર હતા, પણ કંઠ, કહેણી, હલક એવાં હતાં કે જાણે જંગમ પણ સ્થિર થઈ જાય અને સ્થાવર જાણે ચેતન બનતાં હોય, એવું સૌને લાગતું. મોટા રાજા-મહારાજાઓ બોલાવે પણ કયાંય જાય નહિ. નવાબ રસૂલખાનજી એમને મળ્યા અને કવિતા

સંભળાવવા કહ્યું, ઈનામની લાલચ આપી. પણ બોલે ઈ બીજો. ઉત્તર દીધો કે '**હું તો મારા નિજાનંદને ખાતર બોલું છું, બાકી તને નવાબને રાજી કરવા હું ન બોલું.**'

હું અમદાવાદમાં રવિશંકર દાદાના ખબર પૂછવા ગયેલ ત્યાં કન્યા કેળવણીની વાત નીકળતાં મેં કહ્યું કે, '**ચારણો પણ કન્યા છાત્રાલયનો વિચાર કરી રહ્યા છે.**' ત્યારે રવિશંકર દાદાએ કહ્યું કે, '**આઈમા! સૌથી પહેલાં એ કન્યાઓને સાચવી શકે, એનામાં સારા, સંસ્કાર રેડી શકે, એવી મા ગોતજો. બહુ ભણેલી નહિ હોય તો ચાલશે પણ ચારિત્ર્યશીલ અને શુદ્ધ આચાર–વિચારવાળી હોય, એવી મા પહેલાં લાવજો. તે પછી જ કન્યાઓને બોલાવજો.**' રવિશંકર દાદાની એ વાત સાચી છે. કન્યાઓનું ચારિત્ર્ય ઘડી શકનાર પહેલાં જોઈએ પછી પૈસા, મકાન, બધું થઈ રહે. આપણી સંસ્કૃતિ ફરીને જાગે, એવું ભણતર કન્યાઓને આપવું જોઈએ. આજના જમાનાનું કારકુન બનાવવાનું ભણતર શું કામનું? કન્યાઓ ઘરકામ શીખે, ભરત સીવણ ગૂંથણ શીખે, આચાર પાળે, સહનશીલ થાય, આપણા ચારણી સંસ્કાર જાળવી રાખે, એવું ભણતર જોઈએ.

આપણી જ્ઞાતિમાંથી હજુ અંધારાં ગયાં નથી. હજી દારૂ, માંસ, જુગાર, કેટલેય ઠેકાણે ચાલુ છે. હજુ આપણે ઈર્ષા અને તેજોદ્વેષથી પીડાઈએ છીએ. મહેનત પુરુષાર્થ બરોબર નથી કરતા. ચારણો! જો તમારે સુખી થવું હોય તો એ બધાં પાપને કાઢો.

તમે મારી તુલા કરી, પૂજા કરી, તમારા એ પૂજ્ય ભાવને હું સમજું છું પણ ખરેખર તો જીવતાં પૂજાવું એ પાપ છે. પૂજનારાઓને ખોટું ન લાગે માટે હું ના પાડતી નથી, પરંતુ પિંગળશી બાપુએ કહ્યું છે તેમ '**હાડકો પિંડ મઢયો માંસ ચામસે, માંહિ ભર્યો મલમૂત્ર વિકારા.**' આ સ્થૂળ શરીર પૂજાવા લાયક નથી પણ પૂજા તો સત્યની હોય, આદર્શની હોય, નીતિની, દયાની હોય આપણાં પૂર્વજ આઈઓ મહાન હતાં. ચારણોએ ભેળા મળીને એમના તરફ કૃતજ્ઞભાવ ન બતાવેલો. તમે આજે એમના તરફ અને મારા તરફ ભાવ બતાવવા ભેળા મળ્યા એ તમારી ઉન્નતિની નિશાની છે.

પણ ચારણો ! યાદ રાખો કે, આ તુલાથી આ પૂજાથી બધું નહિ થઈ જાય. આપણે આજે કયાં છીએ ! તેનો વિચાર કરો, ચારણો! આપણું એ સત ધરમવાળું જીવન કયાં? આપણી એ સંસ્કૃતિ કયાં? એનો વિચાર કરો. આપણે હજુ અધઃપતનના માર્ગેથી પાછા વળ્યા નથી. ચારણની પુત્રીઓ જગદંબાઓ હતી. એના પર કોઈ હીણી નજર કરી શકતું નહિ. ચારણો! જૂના ઈતિહાસો સંભારો. ભીડ આવ્યે ચારણ્યું પોતાના બલિદાન આપી દેતી. અરે બીજા પર આપત્તિ આવતી, ત્યારે પણ પોતાનાં બલિદાન આપી દેતી. એમના આત્માના પડકાર આગળ પશુતાનાં બળ ઢીલાં પડતાં અને ચારણ એવા હતા કે જેમના જીવનનો હેતુ બીજાને સુખ આપવાનો હતો. તો બાઈઉં બેનું! સૌ પોતાનાં નેક ટેક માટે, ધર્મ ને શીલનું રક્ષણ કરવા માટે, અન્યાય અનીતિનો સામનો કરવા માટે, શરીરની પણ આહુતિ આપી દે એવી ચારણ્યું થાય અને ચારણો એવા પવિત્ર બને કે જગદંબાઉં એમને ઘરે જન્મ લ્યે. ચારણો ! તમે જગદંબાના સાચા ઉપાસક બનજો, મા શારદાની પૂજા કરજો. આ મારી પૂજા નથી પણ મા શારદાની પૂજા છે. બીજાનાં દુઃખમાં ભાગ લેનારા મહાન ચારણ બનો. તેજસ્વી જીવન જીવો. કંગાલ બનતા નહિ. બીજાના ભલા માટે જીવો. કંગાલ બનવું,

રાંક થાવું એના કરતાં મરી જાવું સારું.

ભગતજી મારા તો ભાઈ છે. એમણે ચારણ જાતિની ઉન્નતિનાં બીજ રોપ્યાં છે. માતાજી એમને લાંબું આયુષ્ય આપે. તમે જે ફંડ મને અર્પણ કર્યું છે તે સાહિત્ય માટે વાપરવામાં આવશે. હું એ સાહિત્ય ફંડને **'કાગ દુલા સાહિત્ય ફંડ'** એવું નામ આપું છું. એના વ્યાજમાંથી પવિત્ર ચારણોના તથા આઈઓના ઈતિહાસ, એમના જીવનચરિત્ર છપાશે. આપણું સારું સારું સાહિત્ય છપાશે. આ વખતનો તમારો ઉત્સાહ, તમારો સંપ, સહનશીલતા, વ્યવસ્થા જોઈને હું ખુશ થઈ છું. માતાજી તમારો ઉત્સાહ ટકાવી રાખે. તમને સારી પ્રેરણા આપે અને તમે પોતાની ઉન્નતિ સાધો, એટલું જ નહિ પણ બીજાઓના ભલામાં ભાગ લઈ ચારણ-જીવનને વધારે ઊજળું બનાવો, એમ મારા આશિષ છે. જય માતાજી.

OOO

## સ્વાગત પ્રમુખ–શકિતદાનજી શામળનું સ્વાગત પ્રવચન

પૂજય આઈમાના વન પ્રવેશ મહોત્સવ પ્રસંગે આપ સૌ આપનો કિંમતી સમય આપી દૂર દૂરથી પધાર્યાં છો તે માટે સૌપ્રથમ વન પ્રવેશ મહોત્સવ સમિતિ તરફથી આપનું હાર્દિક સ્વાગત કરું છું.

ચારણ જાતિના સપૂતોનું સ્વાગત કરતાં હું ખૂબ જ આનંદ અનુભવું છું. ચારણ જાતિના ઈતિહાસમાં આપણું આ સમ્મેલન અજોડ છે. આપણે આજે આપણા પૂજનીયોનું સન્માન કરવા મળી રહ્યા છીએ, જે આપણા માટે અણમોલ અવસર છે. આ આપણી સદનસીબી છે. આજે આપણાં અહોભાગ્યનો સૂરજ ઊગતો જણાય છે. આજે આપણા સમાજનું સુવર્ણ યુગનું પ્રથમ પગથિયું મંડાય છે. ચારણ સમાજે સમૂહમાં મળીને પોતાનાં પૂજનીયોનું સન્માન કર્યું હોય, તેવો આ પ્રથમ દાખલો છે. આ મહોત્સવમાં ભોગ આપનારાં, ભાગ લેનારાં તથા આ સંમેલનમાં પધારનારાં સૌ ભાગ્યશાળી છે. એમના હાથે ઈતિહાસના આંકડા પાડવાનું કામ શરૂ થાય છે. આ કાર્ય આપણે સૌએ આપણાં તન,મન, ધનના ભોગે ચાલુ રાખવાનું છે. આપણા આખા સમાજને આજે એક મંચ ઉપર ભેગા થવાનો અવસર સાંપડયો છે. તે માટે આપણે સૌ પૂજય આઈમાના ઋણી છીએ અને સાથે આપ સૌનો આમાં તન, મન, ધનથી જે સહકાર સાંપડયો છે તે પણ ભૂલી શકાશે નહિ. આપણા સમાજ સિવાય પણ મુંબઈ, અમદાવાદ તથા અન્ય દૂર દૂરનાં સ્થળેથી બીજાં જે સજજનો અને સન્નારીઓએ અત્રે પધારીને સંમેલનની શોભામાં અભિવૃદ્ધિ કરેલ છે અને હાલમાં ટ્રેઈન વહેવાર તથા અન્ય મુસાફરીની હાડમારીઓ હોવા છતાં તે સહન કરી અત્રે પધાર્યાં છે, તેમનું પણ હું હાર્દિક સ્વાગત કરુ છું.

આ સંમેલનમાં આપે મને સ્વાગત પ્રમુખ તરીકેની ફરજ સોંપી છે તેને હું મારું અહોભાગ્ય સમજુ છું અને પૂજય આઈમાના મારા માટે આશીર્વાદ માનું છું. જય માતાજી.

OOO

## ભાવનગર મહારાજા શ્રી વીરભદ્રસિંહજીનું ભાષણ

જૂનાગઢ જેવા ઐતિહાસિક સ્થળે, પૂજય આઈમાના વન પ્રવેશના પ્રસંગે, આજના આ સમારંભમાં મને નિમંત્રણ આપવા બદલ, સમારંભના યોજકોનો આભારી છું. મારા સ્વર્ગસ્થ પિતાશ્રીથી માંડીને મારા કુટુંબની દરેકે દરેક વ્યકિત પર પૂ.આઈમાએ હર હંમેશ અમીદષ્ટિ દાખવેલી છે એટલે આ સમારંભમાં ભાગ લેવાનો મને જે અવસર પ્રાપ્ત થયો છે તેને હું ખરેખર મારું

સદભાગ્ય માનું છું.

બહેનો અને ભાઈઓ! આવા સમારંભ માટે કે તેમાં થઈ રહેલા પોતાના બહુમાન માટે પૂજ્ય આઈમા જેવા વિરાગી આત્માને આકાંક્ષા ન હોય તે સ્વાભાવિક છે. તેમ છતાં આ પ્રસંગનું ખાસ મહત્ત્વ તો એ છે કે, આ સંમેલન યોજીને ચારણ જ્ઞાતિએ સિદ્ધ કરી આપ્યું છે કે, આજના બદલાયેલા જમાનામાં પણ, ચારણ જ્ઞાતિ હતી તેવી ને તેવી ગુણગ્રાહક અને ગુણગ્રાહ રહી છે અને તે ખાતર હું તેને અભિનંદન આપું છું.

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો! દુનિયાભરના વિચારકોએ પુરુષ શકિત કરતાં સ્ત્રી શકિતને વધુ મહત્ત્વની માની છે. ખાસ કરીને દેવી ભાગવતના રચનાર, વેદ વ્યાસથી માંડીને અરવિંદ ઘોષ જેવા આર્ષ દર્શકોએ તો જગતનું નિયંત્રણ કરનાર શકિતનું સ્ત્રી સ્વરૂપ કલ્પીને તેનું જગદંબા તરીકે કીર્તન કરેલું છે. તે કારણે જ પૂજય આઈમા જેવી કોઈ વિરલ વ્યકિતમાં જયારે આપણે દિવ્યતાનાં દર્શન કરીએ છીએ ત્યારે, આપોઆપ આપણાં મસ્તક તેમના ચરણોમાં નમી રહે છે, તેમને દેવી સ્વરૂપ માની તેમને સન્માનીએ છીએ-પૂજીએ છીએ.

આવા ચારણ સંમેલનમાં તેમના વિષે આથી વિશેષ કહેવાની ધૃષ્ટતા નહિ કરું, કેમકે, મારા કરતાં આપ સર્વ તેઓશ્રીના વધુ નિકટના પરિચયમાં આવેલા છો.

માટે મારું કહેવાનું પૂરું કરતાં પહેલાં માત્ર હું એટલું જ કહીશ કે પરમ કૃપાળુ પરમાત્મા પૂજય આઈશ્રી સોનબાઈમાને લાંબું અને નિરોગી આયુષ્ય બક્ષે, દીર્ઘકાળ સુધી તેમનું અમૂલ્ય માર્ગદર્શન ચારણ, ક્ષત્રિય તથા અન્ય જ્ઞાતિઓને મળતું રહે અને કવિશ્રી દુલા ભગતે તેમની કવિતામાં કહ્યું છે તે મુજબ કોરા કોડીયામાં પૂજય આઈમાના હાથે દીવેલ સીંચાઈને સૌરાષ્ટ્રભરમાં અનેક જીવન દીવડા નિરંતર પ્રકટતા રહે તેવી મારી પ્રાર્થના છે. જય માતાજી!

ooo

## શું જોયું, જાણ્યું, અનુભવ્યું?
## કાન્તિભાઈ કારિયા – રાજકોટ

**જાણ્યું** - આપે યોજેલ પૂ.આઈશ્રી સોનલમાના વન પ્રવેશ મહોત્સવમાં ભાગ લેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તે પ્રસંગે જે જોયું, જાણ્યું અને અનુભવ્યું તે અહિંયા રજૂ કરું છું. સમાજનું સ્તર ઊંચું લાવવા માટે લાખો રૂપિયા ખર્ચ કરી વર્ષોની જહેમત પછી જે ન થઈ શકે એવી લોકકેળવણી આવા લોકસંમેલનમાં થાય છે. લોકોમાં નૈતિકતા, ધાર્મિકતા અને સંસ્કારનું સિંચન થાય છે અને લાંબો વખત સુધી આની અસર રહે છે. લોકકેળવણી માટે આવાં સંમેલનો અનિવાર્ય છે. આમ પૂ.આઈમાના વન પ્રવેશ મહોત્સવ રૂપે ઉજવવાનું આયોજન થયું તેમાં તે વિચારથી માંડી તેને સર્વાંગ રીતે પાર પાડનારાં નાનાં મોટાં સૌને ધન્યવાદ.

**બહુ ગમ્યું** - આટલા મોટા સમુદાયમાં આમંત્રિતોએ હાજર રહીને આઈમા તરફ જે ભકિતભાવ અને આદર બતાવ્યો, તે પ્રસંગમાં શિસ્ત અને શાંતિ જાળવી. જે કાંઈ સાધન સામગ્રી હતી, તેમાં સંતોષ માની આનંદ માણ્યો, તેમાં મહોત્સવનું ગૌરવ હતું. એમાંય ભોજન વખતની શાંતિ-શિસ્ત બેનમૂન હતી. અનેક માણસો જમતાં હતાં પણ કયાંય ઘોંઘાટ કે અસંતોષ દેખાયાં નહિ, બલ્કે અમીના ઓડકાર ખાતાં હતાં. કોઈ સાથે વાતો કરતાં, કોઈ ફરિયાદ નહિ, કચવાટ નહિ. ઉલ્ટાનું સાંભળવા મળ્યું કે આઈમાની પ્રસાદીમાં અમીના ઓડકાર જ હોય ને? આટલી શિસ્ત અને શાંતિ બહુ ગમ્યાં.

**આનંદ હેલી** – માનાં આશીર્વચનમાં, માની વાણીમાં આનંદની હેલી ઉભરાતી હતી. ભાષાનો કયાંય આડંબર નહિ. વાણી શાંત, ગૌરવશાળી, અર્થગંભીર, ચીમકી પણ પ્રેમથી સભર હતી. કયાંય અતિશયોકિત નહિ. જાણે ખળખળ વહી જતી નિર્મળ પવિત્ર નદીમાં આબાલ વૃદ્ધ નાહીને પવિત્ર થયાનો આનંદ માણતાં હતાં. સૌએ ધન્યતા અનુભવી.

**વિરલ ઝાંખી** –કહે છે કે સૃષ્ટિમાં મનુષ્ય, પશુ, પંખી તથા વૃક્ષ અસંખ્ય જીવોને તથા જીવ તત્ત્વોને પરમાત્મા જન્મ આપે છે. તેમાં જે ચેતન છે, શોભા છે, તે તેનાં બાહ્ય રૂપમાં નથી પણ જગતનિયંતાએ જે કાંઈ ઉત્પન્ન કર્યું તે બધાંને પોતાની સાથે જોડેલાં છે અને સૌને પોતપોતાનાં મૂળીયાં વાટે પોષણ આપી ચેતનવંતા રાખે છે પણ આ મૂળીયાનાં દર્શન વિરલ હોય છે તેની ઝાંખી અમે આ ઉત્સવમાં કરી.

**નમ્ર સૂચન** – આમંત્રણને માન આપી અનેક ચારણો આ વન પ્રવેશ મહોત્સવમાં ભાગ લેવા ભારતભરમાંથી મોટા સમુદાયમાં ઉમટીને હરખભેર હાજર થયાં હતાં, તે સૌની ખાસ અભિલાષા એક જ હોય કે રૌપ્ય તુલા વિધિ નિરાંતે નિહાળી શકે અને પૂજામાં ભાગ લઈ શકે. જયારે આ તુલા વિધિ અને પૂજા એક ઘરેલુ પ્રસંગ હોય એમ થોડા લોકોએ જ નિહાળ્યો. સૌ નિરખી શકે, એમ લોકોની વચ્ચે જાહેરમાં ઉજવાયો હોત, તો સૌને અનેરો આનંદ થાત. હવે તો (ભવિષ્યમાં બીજા) મહોત્સવ પ્રસંગે આયોજકો ખ્યાલ રાખે એવી વિનંતી.

**અબળખા** – દેવીપુત્રોમાં સરસ્વતીના પ્રવાહની ધારાઓ દિવસો દિવસ મંદ પડતી જાય છે. આજે ચારણો પ્રત્યેનો લોકોનો આદર અને સન્માન છે, તે તેની પાસે ભેંસોનું ખાડું છે કે મોટી ઈન્ડસ્ટ્રી છે, તેને કારણે નથી. (આ ભલે વિકસે, આ એમનો જન્મસિદ્ધ હક્ક છે) પણ એમની પાછળ ભકિતભાવથી મેળવેલ સરસ્વતીની દેણનો ભાવ વારસો છે તેને કારણે છે. આમાં કોઈ ઊગતા સરસ્વતીના ઉપાસકનું દર્શન થયું નહિ. સરસ્વતીની રસલહાણ માણવાની અબળખા રહી ગઈ.•

*• (શ્રી કાન્તિભાઈની વાત સાચી છે. સરસ્વતીની આરાધનાને જેણે પોતાનું જીવનવ્રત બનાવ્યું હોય એવા ચારણોની આજે માગ છે. શારદાને ચરણે જીવન અર્પણ કરનારા યુવાનો આગળ આવે એ જ પ્રાર્થના. તુલાવિધિનાં દર્શન તો સૌએ કરેલા, પરંતુ પૂજામાં પૂજા કરનારા આડા ઊભા હોવાથી પૂ.આઈ ન દેખાય એ સ્વાભાવિક છે. 'ચારણ')*

૦૦૦



# ટ્રસ્ટી સ્થાનેથી – પ્રસ્તાવના *(મે-૨૦૧૦)*

• રામભાઈ જામંગ

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટના ટ્રસ્ટીઓ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે જેમાં રચનાત્મક અને પરિણામલક્ષી પ્રવૃત્તિઓને પ્રથમ અગ્રતા આપવામાં આવે છે. તેમાંય શૈક્ષણિક, લાઈબ્રેરી, મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, ચારણ જ્ઞાતિની વાડીનું સંચાલન, જ્ઞાતિનું સ્નેહમિલન, જ્ઞાતિના સંકલન માટે ડિરેકટરીનું પ્રકાશન, જરૂરિયાતમંદ પરિવારોને સહયોગ અને યુવાનોનું સંગઠન વગેરે વગેરે.

અત્યાર સુધીના અનુભવના આધારે જ્ઞાતિજનો, દાતાઓ, કાર્યકર્તાઓ, યુવકો અને શુભેચ્છકોના ઉત્સાહપૂર્વકના સહયોગના કારણે કાંઈક થોડુંક વધારે રચનાત્મક કાર્ય સમાજને આપવાના હેતુસર એક વધારે પ્રકાશનની પ્રવૃત્તિ શરૂ કરી રહ્યા છીએ.

હકારાત્મક અને સકારાત્મક અભિગમ સાથે ચારણ અંક(મેગેઝિન)નું આગળ પ્રયાણ આરંભી રહ્યા છીએ અને તેના માધ્યમ દ્વારા સંસ્કૃતિની રખેવાળી, સામાજિક, શૈક્ષણિક માહિતીનું આદાન-પ્રદાન કરી એકબીજાના સંપર્કનો સેતુ બની ઘેર ઘેર સંસ્કાર સભર અને સંસ્કૃતિવાળી માહિતી પહોંચતી કરીને સર્વેને એકબીજાની વધુ નજીક લાવી અને તેના દ્વારા સમાજ, રાજય અને રાષ્ટ્રના ઉત્થાનમાં ભાગીદાર બનાવવાનો તેમજ શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિચારોને લેખન દ્વારા સમાજ પાસે મૂકવાનો શુભ હેતુ સાથેનો આ પ્રયત્ન છે.

આપણા સમાજના સામાજિક ઉત્થાનમાં જેમણે ભગીરથ પ્રયત્ન કરેલ છે તેવા આઈશ્રી સોનલમાના સાંનિધ્યમાં આદરણીય શ્રી પિંગળશીબાપુ પાયક દ્વારા ભાવનગરથી આપણી બોર્ડિંગથી ૧૯૫૫ના ફેબ્રુઆરીથી આ સામયિક ચલાવવામાં આવતું હતું. આદરણીય પદ્મશ્રી કાગબાપુ સહિતના મહાન વિદ્વાનો અને પૂજનીય વ્યકિતઓએ આ મેગેઝિન ઘણાં લાંબા સમય સુધી ચલાવ્યું અને તેનો સમાજને લાભ મળ્યો છે, જેની મૂલવણી થઈ શકે તેમ નથી. ત્યારના સંજોગો, ટાંચા સાધનો છતાં સમાજને આ અંક થકી ઘણું બધું અમૂલ્ય મળેલ છે.

સંજોગોવશાત્ આ અંક પાંચ વખત તબક્કાવાર શરૂ થઈ બંધ થઈ ગયો, જેમાં ચાર વખત રાજસ્થાનમાંથી અને પાંચમી વખત ભાવનગરથી શરૂ થયો હતો. 'ચારણ અંક'નો આ છઠ્ઠો પ્રયત્ન છે. સૌથી પ્રથમ શ્રી ઉમેદ ચારણ છાત્રાલયની માસિક હિંદી મુખપત્રિકા રૂપે સંવત ૧૯૮૧-૮૨(અત્યારે વિ.સં.૨૦૬૬ ચાલે છે એટલે કે આશરે (૮૪) ચોર્યાસી વર્ષ પહેલા આ અંક શરૂ થયો હતો)માં એ થોડોક સમય ચાલીને બંધ થયું. એના સંપાદકશ્રી આશકર્ણજી આઢા હતા. બીજી વખત સંવત ૧૯૮૫માં શ્રી અખિલ ભારતીય ચારણ સંમેલનના માસિક હિંદી મુખપત્ર સ્વરૂપે પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કિશોરસિંહજી સોદાનાં તંત્રીપણા નીચે ચારણ ફરીને ચાલુ થયું અને તેના ૧૧ અંકો નીકળ્યા પછી બંધ થઈ ગયો. દશ વર્ષ પછી સંવત ૧૯૯૫ના વર્ષે ફરીને એ જ સંસ્થાના મુખપત્ર તરીકે ત્રૈમાસિક સ્વરૂપે એનું પ્રકાશન શરૂ થયું. એ વખતે એમાં હિંદી અને ગુજરાતી એમ બે વિભાગ રાખવામાં આવ્યા. હિંદીનું સંપાદન કાર્ય શ્રી ઈશ્વરદાનજી આશિયા-

મેંગટિયાવાળા હસ્તક હતું, જયારે ગુજરાતી વિભાગનું તંત્રીપદ શ્રી ખેતસિંહજી મીસણ – મોઢેરાવાળાને આપવામાં આવેલું. એ સવા બે વર્ષ ચાલ્યું, જેમાં પ્રથમ વર્ષમાં લીંબડી કવિરાજ શ્રી શંકરદાનજીએ એના પ્રકાશન વ્યવસ્થાનો સર્વ ભાર શ્રી નારણભાઈ રોહડીયા–સીંધાવદરવાળા (જેઓ તે સમયે કલોલ હાઈસ્કૂલમાં શિક્ષક હતા) ઉઠાવતા. ત્રીજા વર્ષનો એક અંક એકલા હિંદીમાં જ જોધપુરથી બદ્રીદાનજી કવિયાના તંત્રીપણા નીચે પ્રસિદ્ધ થયો અને તે સાથે એ અંક બંધ થઈ ગયો.

એને ચોથીવાર પુનઃ જીવિત કરવાનો પ્રયાસ શ્રી અખિલ ભારતીય ચારણ સંમેલનના ઉદયપુર મુકામે ભરાયેલ અધિવેશન પછી કરવામાં આવ્યો. દેવીસિંહજી રત્નુના સંપાદકપણા નીચે એનો પહેલો અંક પ્રસિદ્ધ થયો પણ ખરો. એ પહેલો અંક જ છેલ્લો અંક નીવડયો. ત્યાર બાદ સને ૧૯૫૫ના ફેબ્રુઆરીમાં ભાવનગર બોર્ડિંગથી આદરણીય શ્રી પિંગળશીભાઈ પાયકે વિક્રમ સંવત ૧૯૯૫થી બંધ પડેલ અંક ફરીથી પ્રકાશિત થયો જે ઘણો સમય ખૂબ સારી રીતે ચાલ્યો અને સામાન્ય જન સુધી પહોંચ્યો અને પ્રસર્યો. છેલ્લા ઘણાં સમયથી એ પણ બંધ છે.

ત્યાર બાદ વ્યકિતગત તેમજ સંસ્થાકીય ધોરણે ઘણા બધાએ પ્રયત્ન કરી અંકો પ્રકાશિત કરેલ. તે પણ લાંબો સમય ચાલુ રહી શકયા નહીં. હાલમાં 'કાગવાણી સંદેશ' જામનગરથી શરૂ થયેલ છે જે આવકારદાયક છે. આ નિયમિત પ્રકાશનનું કામ અઘરું છે. એકલદોકલ કે કાર્યકર્તાઓની મોટી ટીમ વગર યોગ્ય રીતે ચલાવી શકાય નહીં. લાંબા સમય સુધી આ સામયિક ચાલુ રાખી શકાય તે ધ્યાને લઈને ધીમે ધીમે મક્કમતાથી આગળ વધવા માગીએ છીએ. તેથી હાલ અનિયતકાલીન વર્ષમાં એકાદવાર, ત્યાર બાદ ભવિષ્યમાં વર્ષમાં બે વાર, ચાર વાર (અર્ધવાર્ષિક, ત્રિમાસિક) પ્રકાશિત કરવા નિર્ધારેલ છે.

આ પ્રથમ અંકમાં જે માહિતી અને લેખો છે તે રાજકોટ પૂરતાં લીધા છે. આવતા અંકથી સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છ, ગુજરાતની માહિતી, વિદ્વાનોના લેખો વગેરે લઈશું. ત્યાર બાદ શકય તેટલો વધારે વિસ્તાર કરીશું. હવે પછીના અંકમાં લેખો, માહિતી મોકલવા માટે આપને આ અંક દ્વારા આમંત્રણ પાઠવીએ છીએ. તેમાં યુવાનો, મહિલાઓ અને ભાઈઓ માટેની તેમજ સમાચારની માહિતી અલગ અલગ રીતે પ્રકાશિત કરવા વિચારી રહ્યાં છીએ. ભવિષ્યમાં ડિંગળ પિંગળ, હિન્દી, અંગ્રેજીના લેખો બાબતે વિચારવામાં આવશે.

લવાજમ તેમજ અંકની કિંમત બાબતે હાલ પૂરતા વર્ષમાં એકાદ કે બે અંક પ્રકાશિત કરવાનું ટ્રસ્ટે વિચારેલ છે. આ અંક દ્વારા હાલ આર્થિક ઉપાર્જનનો કોઈ હેતુ નથી તેથી અંકની જે પડતર કિંમત થશે તે કિંમતે અંક વેચાણ કરવામાં આવશે. ઉપરાંત જાહેરાતો દ્વારા થોડી આવક ખર્ચ પૂરતી ઊભી કરવાનો પ્રયાસ કરીશું. હાલ પૂરતા ગ્રાહકો બનાવી લવાજમ ઉઘરાવવાની કોઈ ગણતરી નથી. નિયમિત પ્રકાશન અને વિશ્વસનીયતા મેળવ્યા બાદ ટ્રસ્ટી મંડળ આ બાબતે જરૂરી નિર્ણય કરશે. તેમ છતાં કોઈ વ્યકિતગત ધોરણે કે સંસ્થાકીય રીતે કે સમગ્ર ગામની દષ્ટિએ આ પ્રવૃત્તિમાં આર્થિક રીતે ઉપયોગી થવા માગતા હોય તેઓ જાહેરાત આપીને તેમજ એક સાથે ૨૫,૫૦ કે ૧૦૦ અંકનું બુકિંગ કરાવીને ઉપયોગી થઈ શકશે.

આ અંક દ્વારા માહિતી વિભાગમાં સૌરાષ્ટ્ર, કચ્છ, સમગ્ર ગુજરાતની સંસ્થાઓનો

પરિચય આપવામાં આવશે એટલે સંસ્થાઓ પોતાનો પરિચય, પ્રવૃત્તિનો અહેવાલ મોકલી શકે છે. જેમાં સંસ્થાનું નામ, બંધારણ, ટ્રસ્ટી મંડળના સભ્યોની વિગત, બોર્ડિંગ, જ્ઞાતિની વાડી, તેનું પૂરું સરનામું, સંસ્થા કેટલા સમયથી ચાલે છે, સંસ્થાની આર્થિક પરિસ્થિતિ વગેરે વગેરે તેમજ મંડળ, ટ્રસ્ટ, સંસ્થા ફકત સરનામાં પણ મોકલી શકે છે.

આ અંક બહાર પાડવાનો નિર્ણય ટ્રસ્ટી મંડળની મિટિંગમાં લેવાયા બાદ સાહિત્યના આગેવાનો જેઓને મીટીંગમાં આવવા આમંત્રણ આપી બોલાવેલ અને હાજર રહી શકયા હતા તેઓશ્રી નકુભા ફુનડા, ગોવિંદભાઈ ઘાંઘણીયા, ગોવિંદભા પાલિયા, પ્રવીણ મધુડા તથા વહીવટમાં શ્રી રાણાભાઈ લાંબા, અનિલભાઈ મુલરવ, મુકેશભાઈ નૈયા ઉપરાંત ટ્રસ્ટના જે ટ્રસ્ટીઓ સમયની અનુકૂળતા રહેલી તેઓ હાજર હતા. આવી પાંચેક મિટિંગ છેલ્લા એકાદ વર્ષમાં ભરીને પુખ્ત વિચારણા બાદ આ અંક આપના હાથમાં મૂકતા આનંદ અનુભવી રહ્યા છીએ.

આ સાહિત્યિક પ્રવંત્તિ શરૂ થાય તેના માટે ઘણાં બધાએ સહયોગ આપેલ છે. તેથી તો આ કાર્ય આરંભીને આપના સુધી પહોંચાડી શકયા છીએ. આ અંકમાં જાહેરાત આપીને વરમોરા વિટ્રીફાઈડના મોરબીવાળા શ્રી પરસોતમભાઈ, વલ્લભભાઈ તથા રમણભાઈ, સુરેન્દ્રનગરથી ડો.સંજય પી.ગઢવી તથા કચ્છ માંડવીથી શ્રી વિરેન્દ્રભા લાખુભા ગઢવી(મધુડા) તેમજ અંકનું સુંદર પ્રિન્ટિંગ કરી આપવામાં શ્રી ગિરિશ ઓફસેટવાળા શ્રી ગિરિશભાઈ પટેલ તથા કોમ્પ્યુટર ટાઈપ માટે શ્રી રાજેશભાઈ કારિયા તથા શ્રી હરીશભાઈ પટેલ અને પ્રૂફ રીડિંગમાં સતત રસ લઈને ગમે ત્યારે ગમે તે કામ અંક માટેનું કરવા તત્પર રહેલ યુવાન કાર્યકરને કવિશ્રી પ્રવીણ મધુડા, આ ઉપરાંત લેખ તથા શુભેચ્છા સંદેશાઓ આપીને અંકને જીવંત બનાવનાર સૌ સ્નેહીજનો તેમજ ટ્રસ્ટના બધા ટ્રસ્ટીઓ તો ખરા જ.

ખરેખર આ યુગ, અત્યારનો સમય અને જગત જાણવા માણવા જેવું છે. તો જાણીએ અને માણીએ. ઈશ્વરે માનવદેહ આપ્યો છે, તો આપણે હવે જાગીએ, સમગ્ર સમાજ અને રાષ્ટ્ર આપણાં જાગવાની રાહ જોઈને બેઠો છે. રાષ્ટ્રના વિકાસમાં, માનવીય કાર્યમાં આપણું શકય હોય તેટલું યોગદાન આપીએ. અત્યારે ગુજરાત પોતાના ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે તો આપણે પણ કંઈક તે વર્ષ નિમિત્તે આપવું જોઈએ, તો સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી આ અંક દ્વારા કરીએ.

જેઓને જણાવ્યા છતાં શુભેચ્છા સંદેશ કે લેખો કે માહિતી સંજોગોવશાત પહોંચાડી શકયા નથી તે હવે પછીના અંક માટે મોકલી આપે તેવો અનુરોધ છે.

પ્રથમ અંક છે. સમતોલપણું, સમભાવ અને તટસ્થતા જાળવવા પ્રયત્ન કરેલ છે, છતાં પણ જાણે અજાણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો અમારું ધ્યાન દોરશો અને દરગુજર કરશો. પુનઃ ક્ષતિ નહીં રહે તેની વિશેષ કાળજી લઈશું.

***(મે–૨૦૧૦માં પ્રસિદ્ધ થયેલ 'ચારણ સંસ્કૃતિ' સામયિકના પ્રથમ અંકનું નિવેદન) – સં.***

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

**માને ઓળખનારા જ મહાત્માને ઓળખી શકે. માને ઓળખનારા જ પરમાત્માને ઓળખી શકે. અરે મહાત્મા, પરમાત્મા પણ એ જ બની શકે જે ખરા અર્થમાં માને ઓળખી શકે.**

# સ્વામિનારાયણ સંપ્રદાયમાં ચારણી સાહિત્યનું ભાતીગળ યોગદાન

• વી.એસ. ગઢવી

ચારણી સાહિત્ય તથા તેના સર્જકોથી ગુજરાત અને રાજસ્થાન અજાણ્યા નથી. આ સાહિત્યનો પ્રભાવ તથા દબદબો છેક કચ્છના રા'લાખા ફુલાણીના કવિ માવલ વરસડાથી શરૂ થયો હોવાનો સંશોધકોનો મત છે. (વિ.સં.૯૧૧ થી ૧૦૩૫) માવલ વરસડાના દુહાઓ પણ મળે છે. ચારણી સાહિત્યના ખેડાણ તથા ઝીણવટભર્યા સંશોધનનું કાર્ય રતુદાન રોહડિયાએ કરેલું છે. કે.કા. શાસ્ત્રી જેવા વિદ્વાનોનું પણ તેમાં મહત્ત્વનું યોગદાન છે. રતુભાઈએ ચારણી સાહિત્ય વિશેની શોધયાત્રા સળંગ લેખોના સ્વરુપે 'ઊર્મિનવરચના' માસિકમાં પ્રસિદ્ધ થઈ હતી. ચારણી સાહિત્યમાં સમાવેશ થાય તેવી શૈલીમાં ચારણો ઉપરાંત અન્ય સમાજના કવિઓનું પણ યોગદાન છે. સમગ્ર સંશોધનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડોલરરાય માંકડનું મહત્ત્વનું યોગદાન છે. જયમલ્લભાઈ પરમાર તથા 'ઊર્મિનવરચના' એ આ વિષયના સંશોધન-સંપાદનને બળ પુરા પાડયા છે, દિશાનિર્દેશ આપેલો છે. ભૂજના રાજકવિ શંભુદાનજી રત્નુના હસ્તપ્રત ભંડારમાંથી પણ રતુભાઈને મહત્ત્વના દસ્તાવેજો મળ્યા છે. નજીકના ભૂતકાળમાં પ્રો.જશવંત શેખડીવાળા, ડો.પ્રભાશંકર તેરૈયા, પ્રો.બળવંત જાની તથા ડો.અંબાદાન રોહડિયાએ ચારણી સાહિત્ય સંદર્ભમાં મહત્ત્વનું યોગદાન આપેલું છે.

રતુભાઈના સંશોધન અભ્યાસના આધારે કહી શકાય કે ચારણી સાહિત્ય એ એક વિશિષ્ટ સ્વરુપનું સાહિત્ય છે. તે લોકસાહિત્યથી ભિન્ન છે. તેનું અલગ છંદશાસ્ત્ર છે. તેના ખાસ અલંકારો છે. આ સાહિત્યમાં દુહાઓની એક વિશેષ લોકપ્રિયતા રહી છે. આ સાહિત્ય મુખ્યત્વે વીરરસ તથા ભાવપ્રધાન હોવાનું તારણ છે. 'રતન ગયું રોળ'ના એક માર્મિક દુહો આજે પણ લોકજીભે રમે છેઃ

**કાયા કંકુની લોળ,**
**અમે સાચવતાં સોના જી**
**પડયા રાંકને રોળ,**
**પાદર તારે પોરસા.**

નાદવૈભવ એ આ સાહિત્યની વિશેષતા છે. આવા ઉજળા ચારણી સાહિત્યના અનેક કવિઓ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે. આ કવિઓના કીર્તનો આજે પણ ગવાતા રહે છે. ઉમંગભેર ઝીલાતા રહે છે. સંપ્રદાયની શોભામાં આ ચારણ કવિઓએ અભિવૃદ્ધિ કરી છે.

હાલના દિવસોમાં પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવની ઉજવણીની સુગંધ સમગ્ર વિશ્વમાં પ્રસરી રહી છે. કેટલાક પ્રસંગો એવા હોય છે કે જેનો જે તે યુગ પર પ્રભાવ પથરાય છે. આવા પ્રસંગો યુગને પ્રભાવિત કરનારા અને અસંખ્ય લોકોની દીર્ઘ સ્મૃતિમાં રહે તેવા સબળ હોય છે. આ બાબતનું એક ઉચિત ઉદાહરણ લઈએ તો આ (અમદાવાદ) શહેરમાં જ લગભગ સાડા નવ દસકા પહેલા એક પોતડી પહેરીને નીકળેલા મહાત્માએ દાંડીકૂચ આદરી હતી. દાયકાઓ બાદ આજે પણ દાંડીકૂચની સ્મૃતિ ઝાંખી થતી નથી કારણ સ્પષ્ટ છે. દાંડીકૂચની ઘટના એ યુગને પ્રભાવિત કરનારી હતી. એવો જ એક બીજો લાંબા સમય સુધી અસંખ્ય લોકોના મનમાં રહે તેવો પ્રસંગ આ વર્ષના ડિસેમ્બર તથા જાન્યુઆરી

માસમાં (૨૦૨૨-૨૩)ઉજવવામાં આવી રહેલો છે. શતાબ્દી મહોત્સવ અનેક લોકો માટે આદર અને શ્રદ્ધા વ્યકત કરવાનો અજોડ પ્રસંગ છે.

વિશ્વ વંદનીય સંત વિભૂતિ શ્રી પ્રમુખસ્વામી મહારાજના આ મહોત્સવના સંદર્ભમાં એક સ્નેહ મિલનનું આયોજન થયું. આ પ્રસંગને અનુલક્ષીને BAPS સંસ્થા દ્વારા ચારણ ગઢવી સમાજનું સ્નેહ સંમેલન અમદાવાદના શાહીબાગ સ્વામિનારાયણ મંદિરના વિશાળ પરિસરમાં બોલાવવાનું એક ઉચિત કાર્ય થયું. ભાઈ દિલીપભાઈ શિલગા, ડો.કિરીટભાઈ મોડ, સમર્થનદાનજી ઝૂલા તથા બળવંતભાઈ બાટીનું નિમંત્રણ અનેક લોકોને મળ્યું. ભાઈ કૌસ્તુભ મોડ તથા તેમની ટીમ તરફથી સમગ્ર પ્રસંગનું સુંદર સંકલન થયું. આદરણીય સંતગણ ઉપરાંત આપણી શોભા વધારે તેવા પદ્મશ્રી ભીખુદાનભાઈના પ્રભાવી અને અર્થસભર વાણી પ્રભાવથી પ્રસંગની ગરિમા વધી. યોગાનુયોગ ચારણ ગઢવી સમાજ સાથે સાથે રઘુવંશી સમાજ તેમજ સોની સમાજના અગ્રણીઓ પણ આ સ્નેહ મિલનમાં ઉપસ્થિત હતા. પૂ.આઈશ્રી સોનલમાને કારણે સોની સમાજ સાથેનો આપણો એક વિશિષ્ટ નાતો રહેલો છે. પરમ આદરતીય અક્ષરવત્સલ સ્વામીએ સુંદર રીતે સમગ્ર આયોજન તથા પૂજ્ય પ્રમુખસ્વામીના જીવન પર વિશેષ પ્રકાશ પાડયો. શતાબ્દી સમારોહના આયોજન બાબતમાં સંપૂર્ણ જાણકારી આપવામાં આવી.

અમદાવાદનો આ મહોત્સવ તેની વ્યવસ્થા અને વિશાળતા માટે એક અલગ છાપ ઉભી કરી શકે તેવો સુઆયોજિત છે. આ બાબત મહત્ત્વની છે. પરંતુ થોડું વિશેષ પામવાનો પ્રયાસ કરીએ તો સમગ્ર આયોજનના બહુવિધ તથા બહુમૂલ્ય સ્વરૂપો છે. જે સંતની સ્મૃતિમાં આ મહોત્સવ યોજવાનો છે તેમના દર્શનના અને વ્યકિતગત મુલાકાતના અનેક પ્રસંગો મારા સેવાકાળ દરમિયાન થયા છે. આથી એમ લાગે છે કે પ્રમુખસ્વામી મહારાજના જીવનના સંસ્કાર, સાદગી, સૌજન્ય તથા શીલનો સંદેશ સમગ્ર જગતને આ મહોત્સવના માધ્યમથી મળી શકયો તેમ કહી શકાય. અનેક વિટંબણાઓથી ઘેરાયેલા વિશ્વને કદાચ શાંતિ અને સ્નેહનો આ સંદેશ એક માનસિક શાંતિ અને સ્વસ્થતા આપનારો બની રહેશે. સર્વજનોના હિત માટે સહજાનંદ સ્વામીએ જીવનના પ્રારંભકાળે જ એક દિવ્ય તથા દઢ સંકલ્પ કર્યો હતો. આજના સંદર્ભમાં તે વિશેષ પ્રસ્તુત છે.

સ્વામિનારાયણ સંપ્રદાય સાથે ચારણ સમાજને તથા સમાજના કવિઓને એક વિશિષ્ટ નાતો લાંબા સમયથી રહેલો છે. આજે પણ તે સંબંધ તથા સંપર્કની કડી મજબૂત છે. મૂળભૂત રીતે ચારણ સમાજ એક શ્રદ્ધાવાન લોકોનો સમૂહ છે. અહીં અંધશ્રદ્ધા નહીંવત છે. પરંતુ તર્કબદ્ધતા તથા સમજદારીથી વિકસેલી શ્રદ્ધા છે. આ સમાજની શ્રદ્ધામાં શંકા કે ભય નથી. તેમાં પુરા વિશ્વાસનો ભાવ રહેલો છે. મહદ્અંશે ચારણ સમાજની શ્રદ્ધા જગદંબામાં કેન્દ્રિત થઈ છે. સમગ્ર જીવન તથા અંતકાળે પણ ભગવતીની જ મહેરબાનીમાં સમાજનું ચિત્ત પરોવાયેલું છે. જગદંબાએ પણ વખતો-વખત આ શ્રદ્ધાને બળ મળે તેવી કૃપા કરી છે જેના કારણે જગદંબા તરફની આ શ્રદ્ધાનો ભાવ વિશેષ મજબૂત થયો છે. વ્યકિતગત અને સામૂહિક રીતે ચારણ સમાજની પ્રાર્થના છે.

**જે કર માડી ઝીલીયા,**
**જે કર પોષ્યા જોય**
**તેડી લેજે તોય,**
**એ કરથી છેવટ કાગડા.**

જેણે જગતમાં ઝીલ્યા છે તે જ અંતવેળાને સાચવી લેશે તેવી શ્રદ્ધા માતૃભકિતની અખંડ ઉપાસનામાંથી પ્રગટી છે. ઈશ્વર તરફથી આ શ્રદ્ધાના ભાવનું જ રટણ મહાત્મા ઈસરદાસજીની દિવ્યવાણીમાં પણ પ્રગટ થયું છે.

**નારાયણ હું તુંજ નમું,**
**ઈણ કારણ હરિ આજ**
**જીણ દિન આ જગ છંડણી,**
**તીણ દિન તો સું કાજ.**

ચારણની આ શ્રદ્ધામાં વિશેષ બળકટતા છે કારણ કે આ શ્રદ્ધા તેના વ્યકિતત્વના તથા જીવતરના સામર્થ્યમાંથી પ્રગટ થયેલી છે. સામર્થ્યની વાત જયારે આવે ત્યારે સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી જેવા સમર્થ સંતની સ્મૃતિ અચૂક થાય છે. સદ્ગુરુ સંતનું સામર્થ્ય એ આપણાં સામર્થ્યના ગુરુ શિખર સમાન છે. શ્રદ્ધા તેમજ સમર્પણના ભાવ ખૂબ જ ઉચિત રીતે બ્રહ્માનંદ સ્વામીના સુંદર શબ્દોમાં ઉતાર્યા છેઃ

**રે..શિરે સાટે નટવરને વરીએ**
**પાછા તે પગલાં નવ ભરીએ.**
**રે..રંગસહિત હરિને રટીએ**
**હાક વાગ્યે પાછા નવ હટીએ.**
**બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ**
**રે શિર સાટે...**

હરિ સાથેના જોડાણમાં નબળો કે શંકાયુકત ભાવ ન હોઈ શકે. ત્યાં તો 'ડગલું ભર્યું કે ના હટવું' જેવો સમર્પણનો જ ભાવ હોય તેમ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે. ચારણ સમાજ તથા સ્વામિનારાયણ સંપ્રદાય વચ્ચેનો આ સ્નેહ-શ્રદ્ધાનો સંબંધ વર્તમાનમાં રહ્યો છે તેમજ વિકાસ પામ્યો છે વિસ્તૃત થયો છે. બ્રહ્માનંદ સ્વામીથી સ્થાપિત થયેલી ધર્મપરાયણતાનો આ તાંતણો કવિ માવદાનજી રત્નુ સુધી વિસ્તરેલો છે. સંબંધ-સંપર્ક તથા શ્રદ્ધાનો આ તંતુ આજે તો વિશેષ મજબૂત થયો છે. ચારણ સમાજના અનેક યુવાનો સંપ્રદાયના કામ સાથે ઉમંગભેર જોડાયા છે.

ચારણ કવિઓમાંથી અનેક સમર્થ કવિઓએ રાજવીઓની પ્રશંસા કરી તેમ ઈતિહાસ બતાવે છે. આ પ્રશંસા પણ ગુણ આધારિત હતી. રાજવીઓમાં પણ જયાં નબળાઈઓનું દર્શન થયું ત્યાં ચારણ કવિઓએ મોઢામોઢ આ સત્ય વચનો પોતાની કાવ્યવાણીમાં ભયરહિત વહેતા કર્યા છે. કેશરીસિંહજી બારહટ્ટ જેવા સમર્થ ક્રાંતિવીરોએ પ્રચંડ સત્તાબળ ધરાવતા બ્રિટિશ શાસન સામે બગાવતના ભાવમાં કાવ્યો રચ્યા છે અને ગાયા છે. તેમ કરતા જે આફતો આવી તે હસતા મુખે સ્વીકારી છે. આ રીતે જ પરમ કૃપાળુ પરમાત્મા તથા જગદંબા તરફ પણ શ્રદ્ધા- સમર્પણના ભાવથી ચારણ કવિઓએ કાવ્ય રચનાઓ કરી છે. ચારણ ગઢવી સમાજમાં અનેક નામધારી સંતો-ભકતો-કવિઓ થયા છે. પોતાની કવિત્વશકિતથી તેમણે સાહિત્ય તથા સમાજની શોભા વધારી છે. મહાત્મા ઈસરદાસજી કે સાંયાજી ઝૂલાની જેમ બ્રહ્માનંદ સ્વામી પણ આ પરંપરાનું એક દિગ્ગજ નામ છે.

સહજાનંદ સ્વામીના પ્રતાપી શિષ્ય શ્રીરંગ કવિ બ્રહ્માનંદ સ્વામીના નામથી વ્યાપક કીર્તિને વર્યા. તેમનો જન્મ ગુજરાતની સરહદે રાજસ્થાનમાં આવેલા ખાણ ગામમાં થયો હતો. બ્રહ્માનંદ સ્વામીનું વિસ્તૃત જીવનવૃતાંત મહેનત તથા ઉત્તમ સંશોધકને છાજે તેવી કાળજીથી જામનગરના રાજયકવિ માવદાનજી રત્નુએ લખ્યું. આ દળદાર પુસ્તક 'શ્રી બ્રહ્મસંહિતા'ના નામથી સુપ્રસિદ્ધ છે. વડતાલધામના મહંત તેમજ મુળી તેમજ જૂનાગઢમાં શિખરબંધ મંદિર બાંધનાર

બ્રહ્માનંદ સ્વામીનું સ્વામિનારાયણ સંપ્રદાયમાં અજોડ સ્થાન છે. તેમની કવિત્વ શકિતનો સ્વીકાર તથા આદર સંપ્રદાય બહાર સમગ્ર સાહિત્ય જગતમાં પણ તેટલો જ છે. 'પુત્રના લક્ષણ પારણામાંથી' એ કહેવત મુજબ બાળપણથી જ સ્વામીની કાવ્યો તથા છંદોની છટાદાર અભિવ્યકિતને કારણે રાજસ્થાનના શિરોહીના મહારાજા પ્રસન્ન થયા હતા. રાજવીના દરબારમાં બેઠેલા સૌનું ધ્યાન આ કિશોરે આકર્ષિત કર્યું હતું. મહારાજ રત્ન પારખું હતા. મહારાજને થયું કે આ કુમળા વયના કિશોરને જો યોગ્ય શિક્ષણ આપવામાં આવે તો તે એક સમર્થ કવિ બની શકે તેમ છે. પુરા દેશમાં તે વખતે કવિઓને શિક્ષિત કરવાની સંસ્થા એક માત્ર ભૂજ (ગુજરાત)માં હતી.

શિરોહીના રાજવીએ રાજયના ખર્ચે કિશોર લાડુદાનને ભૂજ ભણવા મોકલવા માટે આગ્રહ કર્યો. એક દીર્ઘદ્રષ્ટિવાળા શાસકની તીક્ષ્ણ નજરને કારણે એક મહાન કવિના નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ. લાડુદાનમાં જન્મજાત કવિત્વ શકિત તો હતી. ભૂજમાં તાલીમ તથા શાસ્ત્રોના અધ્યયનથી આ શકિતમાં અનેકગણી વૃદ્ધિ થવા પામી. પિંગળશાસ્ત્ર તથા ચારણી સાહિત્યમાં લાડુદાનજી સખત અધ્યયન કરીને નિપુણ થયા. કાવ્યશકિત, તર્કશકિત, યાદશકિત તેમજ શીઘ્રશકિતમાં લાડુદાનજી માહિર હતા. ગાંધર્વ સમાન ગાવાની શકિત એ તેમને ઈશ્વરદત્ત મળેલી ભેટ સમાન હતી. કચ્છ રાજવીની ભૂજમાં સ્થાયી થવાનો આગ્રહ હોવા છતાં તેઓએ ત્યાંથી વિચરણ કરવાનું પસંદ કર્યું. કદાચ કુદરતને આ શકિતપૂંજનું કોઈ એક જગ્યાએ બંધિયાર થવું મંજૂર ન હતું. જે જે રાજયોની તેમણે મુલાકાત કરી ત્યાં તેમને અનોખા આદરમાન મળ્યા. જૂનાગઢના નવાબે પણ કવિનો ભાવથી આદર સત્કાર કર્યો. અમૂલ્ય જીવન પ્રાપ્ત થયું છે તો નેકી કરીને જવું તે મતલબનું એક સુંદર કવિત તેમણે જૂનાગઢના નવાબ તથા સમગ્ર દરબારીઓને સંભળાવ્યું. જૂનાગઢના નવાબના વિદ્વાન કાજીને આ કવિત સમગ્ર કુરાનેશરીફના સાર જેવું લાગ્યું.

**દિયા હૈ ખુદાને ખુબ ખુશી કર**
**ગ્વાલ કવિ, ખાના પીના લેના દેના**
**ઓહી રહ જાના હૈ.**
**હિલો મીલોં પ્યારે જાન બંદગીકી**
**રાહ ચલો, જિંદગી જરાસી તામે**
**દિલ બહલાના હૈ.**
**આવ પરવાના બને એક હુંન**
**બના, યાતે નેકી કરજાના**
**ફિર આના હૈ ન જાના હૈ.**

ભાવનગર મહારાજા વજેસિંહજીના દરબારમાં પણ કવિશ્રીનો અનેરો આદર-સત્કાર થયો. અહીં જ ગઢડામાં બિરાજતા કોઈ ભિન્ન પ્રતિભા ધરાવતા સહજાનંદ સ્વામી વિશે વાત થઈ. ઉત્સુકતાથી સ્વામીને મળવા તથા પરખવા ગઢડા ગયેલા કવિ નદી સાગરને મળે તેમ ભગવાનના સ્વરુપ અને કાર્યમાં તન-મન-ધનથી વિલીન થયા. વિધિનું આ નિર્માણ હતું.

**આજની ઘડી રે ધન્ય**
**આજની ઘડી, નેણે નીરખ્યા**
**સહજાનંદ, ધન્ય આજની ઘડી.**
**જ્ઞાનકુચી, ગરુ ગમ સેં ગયા**
**તાળા ઉઘડી, લાડુ સહજાનંદ**
**નીરખતા ઠરી આંખડી રે.**

શ્રીજી મહારાજ સાથેની બ્રહ્માનંદ સ્વામીની એકનિષ્ઠ ભકિત એ સંપ્રદાય કે સંતો - ભકતોના ઈતિહાસમાં અદ્વિતીય ગણી શકાય તેવી છે. અન્યોઅન્ય માટેની સ્નેહ પણ જવલ્લે જ જોવા

મળે તેવી છે. મહારાજને જયારે સ્વધામમાં જવાનું થયું ત્યારે તેમણે યુકિત કરીને બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ મોકલી આપ્યા. બ્રહ્માનંદ સ્વામી હશે તો પોતાને ધામમાં જવું અઘરું થશે તેવી મહારાજની પ્રતીતિ હતી. સ્વામી અને શિષ્યનો આ નિર્મળ સ્નેહ દ્દષ્ટાંતરુપ ગણાય છે. સંવત ૧૮૬૧માં સ્વામી શ્રીજી મહારાજને મળ્યા ત્યારથી આરંભ કરીને સવંત ૧૮૮૮ સુધી બ્રહ્માનંદ સ્વામીએ સાહિત્યસેવાના સબળ માધ્યમથી શ્રીજી મહારાજને રાજી કર્યા હતા.

બ્રહ્માનંદ સ્વામીનું કાવ્યવિશ્વ એ આપણાં સાહિત્યનો અમૂલ્ય ખજાનો છે. આજે પણ સ્વામીના કીર્તનો અનેક મંદિરોમાં નિયમિત રીતે સાંભળવા મળે છે. આ ઉપરાંત સ્વામીએ સાહિત્યની દીક્ષા આપી તેમાં સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, વૈષ્ણવાનંદજી, જામનગર રાજયના વજાભાઈ મહેડુ વગેરે અનેક સુપ્રસિદ્ધ કવિઓનો સમાવેશ થાય છે. સ્વામીના શિષ્ય દેવાનંદસ્વામી પાસે કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ પિંગળ કાવ્યશાસ્ત્ર ભણ્યા હતા. સદ્‌ગુરુ અવિનાશાનંદસ્વામીએ બ્રહ્માનંદ સ્વામીની મહત્તા વર્ણવતો સુંદર દોહો લખ્યો છે

**બ્રહ્મમુનિ ભાનુસમ, મુકત પ્રેમ દો ચંદ,**
**ઔર કવિ ઉડુગન સમા, કહે અવિનાશાનંદ.**

વીરરસ, ભકિતરસ અને તમામ રસસિદ્ધ કાવ્યોની બ્રહ્માનંદસ્વામીની વિપુલ કાવ્યરાશિ છે. સ્વામીના કાવ્યોમાં તળ ભાષાનો ઉપયોગ તેમજ વીરરસની છાંટને કારણે વિશેષ આકર્ષણને પાત્ર થયા છે. ચારણી છંદોની ઝાકઝમાળ પણ તેમના કાવ્યો-છંદોની રચનાઓમાં જોવા મળે છે. **'રંગભર સુંદર શ્યામ રમે'** અને **'નટવર નાચે'** એવા બે સુંદર છંદો છેલ્લા બસ્સો વર્ષથી સતત ગવાતા રહ્યા છે. વિશાળ લોકસમૂહે તેને આકંઠ માણ્યાં છે. બ્રહ્મમુનિના સાહિત્યમાં મૌલિકતા ઉડીને આંખે વળગે તેવી છે. ભાષાના ભિન્ન ભિન્ન શબ્દ પ્રયોગોનો ઉપયોગ ભાષા વિશારદોને પણ મુગ્ધ કરે તેવો છે.

તેમના માર્મિક કાવ્યો તથા કાવ્ય ભાષાની ગૂઢતા આ કૃતિઓને રમણીય બનાવે છે. સવૈયા-રેણકી કે ચર્ચરી છંદોમાં પ્રતિબદ્ધ થયેલી તેમની રચનાઓ કાળજયી છે. આ કાવ્યોનું પઠન કરવામાં આવે કે ગાવામાં આવે તો શ્રોતાઓને ડોલાવી જાય છે. તેમનું કેટલુંક સાહિત્ય **'છંદરત્નાવલી'**ના નામે પુસ્તક સ્વરુપે પ્રસિદ્ધ થયું હતું. સંસ્કૃતનું પણ વિધિવત શિક્ષણ બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજની ઈચ્છાથી લીધું હતું. બ્રહ્માનંદ સ્વામીના કીર્તનોથી શ્રીજી મહારાજ હંમેશા પ્રસન્ન રહેતા હતા. સ્વામી સંતુર, સિતાર આદિ વાજિંત્રોના વાદનમાં પણ કુશળ હતા. બ્રહ્મમુનિએ તેમના અનેક કીર્તનોમાં શ્રીજી મહારાજની મૂર્તિ અખંડ રીતે આંખોમાં રહે તેવી લાગણી સાથે લખી છે અને ગાઈ સંભળાવી છે. બ્રહ્માનંદ સ્વામીના સાહિત્યનું મૂલ્ય તથા તેની શોભા માત્ર સંપ્રદાયના સંદર્ભમાં જ છે તેમ કહી શકાશે નહિ. સમગ્ર ગુજરાતની સાહિત્યમાં સ્વામીનું સાહિત્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

સદ્‌ગુરુ મહાકવિ બ્રહ્માનંદ સ્વામી સાથે જ ચારણ સમાજમાં જન્મેલા સદ્‌ગુરુ દેવાનંદ સ્વામીનું સ્મરણ અચૂક થાય છે. સદ્‌ગુરુ મહાકવિ દેવાનંદ સ્વામીનું નામ સંપ્રદાયમાં તથા સમાજમાં એક પ્રખર વિદ્વાન તેમજ અનોખી કાવ્યશકિત ધરાવતા સંતકવિ તરીકે ખૂબ જ જાણીતું છે. અઢારમી સદીમાં સહજાનંદ સ્વામીના પ્રાદુર્ભાવ પછી જે કેટલાક તેજસ્વી સંતગણનો ઉદય થયો તેમાં સદ્‌ગુરુ દેવાનંદ સ્વામીનું નામ જાણીતું છે. ભાલ પ્રદેશમાં તેમજ હાલના સુરેન્દ્રનગર જિલ્લાના બળોલ ગામે જીજીભાઈને ત્યાં તેમનો

જન્મ થયો હતો. દેવાનંદસ્વામીનું પૂર્વાશ્રમનું નામ દેવીદાન હતું. પુત્રના લક્ષણ પારણામાંથી એ કહેવત મુજબ બાળપણથી જ દેવીદાનનું વ્યકિતત્વ અલગ તરી આવતું હતું.

દેવાનંદસ્વામી તેમના કીર્તનોથી જાણીતા છે. સદ્ભાગ્યે તેમના કીર્તનોની હસ્તપ્રત જીર્ણશીર્ણ હાલતમાં મળી આવી હતી. રેવન્યુ વિભાગના અમારા માર્ગદર્શક અને વિદ્વતજન તેમજ હોદ્દાની રુએ નાયબ કલેકટર સાગરદાનભાઈ ઝીબાએ ભાવિ પેઢીઓ માટે ઉપકારક બની રહે તેવું પાયાનું કાર્ય કર્યું. તેઓ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે નિષ્ઠાથી જોડાયેલા હતા. તેમણે આ કીર્તનોની હસ્તપ્રત પરથી મહેનત કરીને મૂળ લખાણમાંથી કીર્તનો તેમજ અન્ય સામગ્રી તારવી હતી. આ ઉપરાંત દેવાનંદસ્વામીનું જીવનવૃતાંત તૈયાર કરવામાં સુપ્રસિદ્ધ કવિરાજ માવદાનજી રત્નુએ ઘણું સંશોધન કાર્ય કરેલું છે. આથી સ્વામીના જીવન વિશે પ્રમાણભૂત માહિતી મળી શકે છે.

સદ્ગુરુ દેવાનંદ સ્વામી પર શ્રીજી મહારાજને ઘણું હેત હતું. મહારાજ એક પ્રસંગે જેતલસર ગયા હતા. ત્યાંથી સીધા જ બળોલ ગયા. શ્રીજી મહારાજની દૃષ્ટિમાં આ દેવીદાન નામ પાછળ છુપાયેલા અમૂલ્ય રત્નની પરખ હોય તે ખૂબ સ્વાભાવિક છે. મહારાજ સ્નેહથી બળોલ ગામની મહેમાનગતિ માણે છે. તાંસળી ભરીને થુલી તથા દૂધનું ભોજન સ્વીકારે છે. દેવીદાનની દૃષ્ટિ મહારાજ પર સ્થિર થાય છે. નજર ત્યાંથી હટતી નથી. સ્વામીના કીર્તનમાં આ ભાવ શબ્દ દેહે પામે છે

**હાં રે વાલા ઊંચી ઉપડતી છાતી ઉપરે,**
**હાં રે હેતે પેર્યા ગુલાબી રુડા હાર રે..**
**હાં રે વાલા દેવાનંદ કહે છબી શામળા રે,**
**હાં રે તમે મુજને દેખાડી કરી મેર રે..**
**નવલ સ્નેહી મારા નાથજી રે.**

સહજાનંદ સ્વામીના દર્શનથી દેવીદાનનું હૃદય દ્રવિત થયું. આંખમાંથી અશ્રુધારા ચાલી. ભકત અને ભગવાનનું અપૂર્વ અનુસંધાન થયું. મહારાજ દેવીદાનને કહે છેઃ અમે તમને તેડવા આવ્યા છીએ. સ્નેહ તથા કૃપાનો મહાસાગર છલકાતો હોય તેવો ભાવ દેવીદાનને થયો. દેવજાતિમાં જન્મ અને ઘેર બેઠા ગંગાના પ્રવાહમાં પવિત્ર થવાનું આ અવર્ણનીય સદ્ભાગ્ય હતું. દેવીદાન હવે દેવાનંદ બન્યા. મહારાજની ઈચ્છાથી સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું શિષ્યત્વ પ્રાપ્ત થયું. કાવ્ય-અભ્યાસ કર્યો. સરસ્વતીદેવીના વિશેષ આશીર્વાદ મેળવ્યા. જયારે દેવાનંદસ્વામી ગાન શરૂ કરે તયારે રાગ-રાગિણીઓ સ્વયં હાજર થતી હોય તેમ સાંભળનાર સૌને લાગતું હતું. બ્રહ્માનંદ સ્વામી જેના પાસા પાડે તે હીરાનું મૂલ્ય શી રીતે આંકી શકાય?

બ્રહ્માનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી તથા ભૂમાનંદ સ્વામીની હરોળમાં બેસી શકે તેવા સંતનો ઉદય થયો. બ્રહ્માનંદ સ્વામીના અક્ષરવાસ પછી મૂળીમાં મંદિરની મહંતાઈ દેવાનંદસ્વામીએ પૂર્ણ નિષ્ઠાથી જીવનપર્યંત કરી. ભગવાનના વિચરણ દરમિયાન દેવાનંદસ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે ગાન કરતા હતા. સાંભળનારાને કોઈ અદ્ભુત ગીત-સંગીતના પ્રવાહમાં તાણી જતા હતા. દેવાનંદ સ્વામી એક અચ્છા સંગીતજ્ઞ પણ હતા. સ્વામીની સિતાર બજાવવાની રીત પણ અનોખી હતી. પૂર્ણ સમર્પણ શ્રીજી મહારાજના ચરણોમાં હતું. જીવનમાં શ્રીજી ચરણ સિવાય કોઈ સ્પૃહા ન હતી. મુળી મંદિરનું મહંતપદ તેમણે બાવીસ વર્ષ સુધી જાળવ્યું અને સંપ્રદાયની શાનમાં અભિવૃદ્ધિ કરી.

આ જ મણકાના એક બીજા સંત પૂર્ણાનંદસ્વામી હેબતપુર ગામના હતા. ટાપરીયા શાખામાં જન્મેલા પૂર્ણાનંદસ્વામીનું પૂર્વાશ્રમનું નામ ગજો ગઢવી હતું. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ તેમને પિંગળ તેમજ સંગીતશાસ્ત્રનું જ્ઞાન આપ્યું હતું. તેઓની ગાવાની છટા અદ્‌ભુત હતી. સંપ્રદાય સાથેના કેટલાક મતભેદો છતાં પૂર્ણાનંદ સ્વામીની શ્રીજી તરફની નિષ્ઠા અખંડ રહી હતી. ધામમાં ગયા ત્યારે ફરી તેમની સમગ્ર વૃત્તિઓ શ્રીજીના ચરણોમાં વિરામ પામી હતી.

ચારણ કવિઓ-સંતોની આ ઉજળી પરંપરામાં નજીકના ભૂતકાળમાં આપણી વચ્ચે હયાત હતા તેવા કવિ પદ્મશ્રી દુલા ભાયા કાગ (ભગતબાપુ)નો પણ સમાવેશ થાય છે.ગોંડલના એક મહોત્સવમાં કવિ કાગે યોગીબાપાના દર્શન કર્યા અને તેમની આંખો તથા હૈયું યોગીસ્વામીમાં સ્થિર થયું. કવિ કલમના શબ્દો પ્રગટયા

**વામન વિરાટ જેવો લાગતો**
**કાગ દર્શન કીધે ભ્રમ ભાંગતો.**

યોગીસ્વામીને પણ કવિ કાગ પ્રત્યે ઘણું હેત રહ્યું. કવિએ સ્વામીને પોતાના વતનના ગામ મજાદરમાં પધરામણી કરવા અંતરના ભાવથી નિમંત્રણ આપ્યું. યોગીજી મહારાજ કૃપા કરીને મજાદર આવ્યા. કવિશ્રીના સ્નેહનો આદર કર્યો. ભગતબાપુએ લખ્યું:

**એક દી આ ગંગા મજાદર નીકળી,**
**ડૂબકી મારીને મૂંગો થયો કાગ.**

યોગીસ્વામી તરફના સ્નેહ તથા શ્રદ્ધાના કારણે **'યોગીમાળા'**નું સર્જન થયું.

આ રીતે જોઈએ તો કાળના દરેક મુકામે સ્વામિનારાયણ સંપ્રદાયનો ગુણાનુરાગ કરવામાં ચારણ કવિઓનું મહત્ત્વનું પ્રદાન રહેલું છે.

*તા.૮ ડિસેમ્બર ૨૦૨૨*

(૯૦૯૯૯ ૯૧૦૬૩)

•••

---

**શ્રીમતી ઈન્દુબેન ધીરુભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ અને સોનલમા એજયુકેશન ટ્રસ્ટ તથા જામજોધપુરના સંયુકત ઉપક્રમે ૭મો મેગા મેડિકલ ચેકઅપ અને નિદાન કેમ્પ યોજાયો**

ગત તા.૧૨ માર્ચ, ૨૦૨૩ના જામજોધપુર સોનલમા મંદિર ખાતે આંખ અને દાંતનો (વિનામૂલ્યે) મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયેલ જેમાં જામજોધપુર શહેર અને આજુબાજુના ગામડાઓમાંથી ૨૫૦થી વધુ દર્દીઓએ લાભ લીધો.

આ કેમ્પમાં દાંતના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી અને જરૂરિયાતમંદને ટોકન દરે દાંતના ચોકઠાંની સગવડ કરી આપેલ હતી.

તેમજ આંખના ચેકઅપમાં ૧૫૦થી વધુ નંબરવાળા ચશ્મા વિનામૂલ્યે આપવામાં આવેલ અને ૭ દર્દીઓને ટ્રસ્ટના ખર્ચે મોતિયાનું વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવેલ.

આ તકે શ્રીમતી ઈન્દુબેન ધીરુભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ સાબા, મેનેજીંગ ટ્રસ્ટી રામભાઈ જામંગ અને અન્ય ટ્રસ્ટી અને કાર્યકરોએ રાજકોટથી તેમજ સોનલમા એજયુકેશન ટ્રસ્ટ, જામજોધપુરના વિરમભાઈ ધારાણી, શ્રી ગાયત્રી મંદિરના સ્વયંસેવકોએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

***(અંદરના પાને આ અંગેના લેખમાં વધુ વિગત સામેલ છે)***

## મા સોનલની સામાજિક ચેતનાને ઉજાગર કરતો ગ્રંથ 'માતૃદર્શન'

• ઈસુભાઈ ગઢવી

શાસ્ત્રકથન છે કે કોઈપણ માનવ દેહધારી દિવ્ય ચેતનાનું કાળક્રમે દેહાવસાન ભલે થાય પરંતુ એ દિવ્ય ચેતના એમના જીવન, વ્યકિતત્વ, વિચાર, ચિંતન અને સર્જન દ્વારા જગતમાં કાયમ જીવંત રહે છે. પરમ પૂજય આઈ સોનલમાનું દૈહિક આયુષ્ય ભલે માત્ર ૫૧ વર્ષનું રહ્યું હોય પરંતુ તેઓ એમના દિવ્ય વ્યકિતત્વ દ્વારા છેલ્લા ૧૦૦ વર્ષથી સમગ્ર સમાજ માટે શાશ્વત બની રહ્યા છે. કોઈપણ દિવ્ય આત્મા કે અવતારી તત્વ એક દૂરદર્શી વિચાર અને વિશેષ હેતુ લઈને પ્રગટ થાય છે. શ્રીકૃષ્ણનું ગીતા વચન છે કે :

**યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતી ભારત,**
**અભ્યુત્થાનં ધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ**

પૂજય આઈમાનું પ્રાગટ્ય પણ ચારણ સમાજને નિજ ધર્મમાં થતા પતનમાંથી બચાવવા અને ચારણપણાને તેના સાર્થક સ્વરૂપમાં ઉજાગર રાખવા માટે જ થયું હતું. ૫૧ વર્ષના ઓછા આયુષ્યમાં એમણે યુગ પ્રવર્તક કામ કર્યું. પૂજય આઈમાના પ્રાગટ્ય પૂર્વે અને પછી પણ સમગ્ર ચારણ સમાજમાં ચારણ હોવાનું મિથ્યાભિમાન, વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો, વરવિક્રય, કન્યાવિક્રય, જન્મતા વેંત બાળકીને દૂધ પીતી કરવા જેવી કુપ્રથાઓ, નિરક્ષરતા, આત્મશ્લાઘા, પર પ્રશસ્તિ,વાડાબંધી અને કૂપમંડુકતામાં ચારણ સમાજ પીડાતો હતો. એવા વિષય વખતમાં ચારણ સમાજને કોઈ અવતારી અને કાર્ય દૃષ્ટિવાળા વિશેષ વ્યકિતત્વના અવતરણની ઝંખના હતી. મા સોનલનું પ્રાગટ્ય સં.૧૯૮૦ના આ કપરા કાળમાં જ થયું. મધદરિયે મુંઝાતા ચારણ સમાજને સાચી દિશા શોધવાની જાણે દીવાદાંડી મળી ગઈ. ચારણ સમાજના આ અહોભાગ્યને કવિશ્રી દુલા કાગે આ વેણથી વધાવ્યું :

**અંધારની ફોજુ હતી, ભેકાર રજની ભાસતી,**
**પ્હોફાટ હામા સધુ પ્રગટી, જયોત ઝગમગ જાગતી,**
**વ્રણ તિમિર મેટણ સૂર સમવડ, કિરણ ઘટઘટ પરવરી,**
**ઓધારવા તન સગર ચારણ આઈ સોનલ અવતારી.**

સં.૧૯૮૦ થી ૨૦૩૧ના માત્ર ૫૧ વર્ષના ટૂંકા આયુષ્યમાં મા સોનલે એક યુગ પર્યંત ન થઈ શકે એવું અને એટલું વિરાટ અવતાર કાર્ય કર્યું. ચારણપણાના મિથ્યાભિમાનમાં રાચતા ચારણોને ગુજરાતના એક સાક્ષર શ્રી ચંદ્રકાંત બક્ષીએ ટકોર કરી હતી કે ચારણો પાસે ઉજળો ઈતિહાસ છે, પ્રતાપી પૂર્વજો છે, વિરાટ વાઙ્મય છે, વિપુલ કાવ્ય સંપદા છે પરંતુ આ બધાનું અધિકૃત દસ્તાવેજીકરણ નથી. આ ટકોર મહદ અંશે સાચી હતી કારણ કે ચારણોનો વારસો માત્ર કંઠોપકંઠ અને કિવદંતીઓના આધારે જ વધુ સચવાયો છે.

મા સોનલના પડછાયાની જેમ આખું આયખું એમની સાથે જીવનારા અને એમના પ્રત્યેક અવતાર કાર્યના સાક્ષી રહેલા શ્રી પિંગળશીભાઈ પાયકે આ ટકોર ઝીલી હતી. ચારણ સમાજની ચેતનાને સજીવન કરવાના મા સોનલના મહાયજ્ઞની એક એક ઘડી અને એક એક ઘટનાને ગ્રંથસ્થ કરવાનું ભગિરથ કાર્ય શ્રી પિંગળશીભાઈએ કર્યું. તેના પરિણામ સ્વરુપ ચારણ સમાજને મા સોનલના સમગ્ર જીવન વૃતાંત અને તેના દ્વારા ચારણ સમાજમાં આવેલ આમૂલ પરિવર્તનના પુરાવા આપતો મહાગ્રંથ

'માતૃ દર્શન' પ્રાપ્ત થયો.

'માતૃ દર્શન' ગ્રંથ ચારણોની સામાજિક ચેતનાને સજીવન રાખવાનો જાણે કે અમિકુંભ બની રહ્યો. ૬૭૬ પાનાના આ દળદાર ગ્રંથનું એક એક પાનું અને એમાંની પ્રત્યેક ઘટના મા સોનલના અવતારીપણાનું અધિકૃત પ્રમાણ છે. ચારણોની આદિકાળની ઐતિહાસિકતા, ચારણોમાં અનાદિથી અવતરતું આઈ તત્વ, ચારણોનો ઉજળો અતિત અને સાંપ્રત તથા વર્તમાનની દશા તેમજ દિશા માટે મા સોનલના અવતારની અનિવાર્યતાનું સટીક ચિત્રણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથનું માત્ર વિહંગાવલોકન કરતાં ઊડીને આંખે વળગે એવી ઘટનાઓ આપણને મળે છે. જેમ કે મા સોનલના આઈ તત્વની ઓળખાણ, એમનો શૈશવથી જ સંસાર પ્રત્યેનો સાંખ્યભાવ, યુવાન વયે દેહભાવની વિરક્તિ, વારંવાર હરદ્વાર જઈને ગંગાજળિયા જીવનની સાધના, સ્થિતપ્રજ્ઞપણાની પ્રાપ્તિ, દેહ અને દુનિયા પ્રત્યે ઉચ્ચકોટિનો વેરાગ છતાં પણ ચારણ સમાજ પ્રત્યેનું અતૂટ અનુસંધાન અને લગાવ, ચારણોના આબાલવૃદ્ધ માટે અવિરામ ચિંતન, ચર્ચા અને ચેતવણી, સમગ્ર ગુજરાતનું વારંવાર વિચરણ, ગામે ગામ અને ઘરે ઘર પધરામણીઓ કરી પ્રત્યેક ચારણ બાયું ભાયુંનો જીવંત સંપર્ક, ૧૫ વર્ષની ઉંમરે ભારતભરના ચારણોનું મઢડામાં સંમેલન બોલાવવાનો સંકલ્પ. ત્યારથી ચારણોની ચિંતા સાથે સાર્થક ચારણત્વના રખોપા કરવાની વાત આખા મલકને કરવા ૩૦ વર્ષની ઉંમરે સંવત ૨૦૧૦માં મઢડામાં અખિલ ભારત ચારણ સંમેલન બોલાવવું અને આ સંમેલનમાં મા સોનલ દ્વારા ત્રણ ઐતિહાસિક અને અદ્‌ભુત પ્રવચનો આપવા એ ઘટના સમગ્ર ચારણ સમાજ માટે અભૂતપૂર્વ હતી. આખા આયખાના વિચાર વૈભવનો અર્ક આઈમાની સાદી સીધી વાણીમાં ભારતભરમાંથી આવેલા હજારો ચારણોને માણવા મળ્યો હતો. 'માતૃ દર્શન'માંનું આખું વૃત્તાંત કોઈ વાંચે કે ન વાંચે પણ ચારણ સંમેલનના આ ત્રણ પ્રવચનો શબ્દેશબ્દ વાંચી લે પછી મા સોનલના જીવન દર્શન અને ચિંતન વિશે જાણવાનું બાકી રહે નહીં.

'માતૃદર્શન' ગ્રંથમાં ચારણો માટે સામાજિક પરિવર્તન માટેના મા સોનલના કાયમી વિચારોની એક માળા ગૂંથીને ગ્રંથકારે આ ગ્રંથમાં મૂકી છે. ચારણી સંસ્કારના મૂળ મંત્રો જેવા એ મણકાઓને હાથ અને હૈયામાં રાખીને સમગ્ર ચારણ સમાજે નિરંતર જપવા જેવા છે.

એ માળાના થોડાક મણકાઓ ફેરવીએ:

o ચારણ અનાદિથી શારદાનું સંતાન છે. દુર્ગાનું નહીં. તેથી ચારણ ક્રૂર નહીં પણ કાયમ કરુણાકર હોય.

o જગતના વિષય અને વિકારથી સદંતર મુકત રહે એ ચારણની દરેક દીકરી જગદંબા કહેવાય.

o ચારણના બાળકને ગળથૂથીમાંથી જ ચારણત્વના નિજ સંસ્કાર આપવાના હોય.

o ચારણના પ્રત્યેક કિશોર અને કન્યાને સંપૂર્ણ કેળવણી અપાય.

o ચારણ નમાલો અને ઓશિયાળો ન હોય પણ પૂરેપૂરો પુરુષાર્થી હોય.

o ચારણ શુદ્ધ આચાર, શુભ વિચાર અને સાત્વિક ગુણનો પાલક તથા પોષક હોય.

o ચારણ વ્યવહારનો હંમેશા ચોખ્ખો હોય.

o ચારણ વ્યભિચારી અને વિલાસી ન હોય.

o ચારણ વહેમ અને અંધશ્રદ્ધાનો આદિ ન હોય.

o ચારણ કોઈપણ વ્યસનનો એદી ન હોય. ચારણથી અખાજ ખવાય નહીં અને અપેય

પીવાય નહીં
o ચારણ વર અને વિક્રય કન્યા વિક્રય ક્યારેય ન કરે.
o ચારણના બાયું ભાયું કદિય ધૂણવાના ધતિંગ ન કરે. ચારણના પંડમાં કદિ માતાજીનો ઓતાર આવે અને જતો રહે એવું ન હોય. માતાજી તો ચારણના પંડમાં હંમેશ હાજરા હજૂર જ હોય.
o ચારણ ભેળીયા, લોબડી અને ત્રિશૂળના ધરમ મરમ ને સાર્થક રીતે સમજે અને એનો મલાજો રાખે.
o ચારણ કોઈની વ્યર્થ પ્રશસ્તિ ન કરે અને પોતાની આત્મશ્લાઘા ન કરે.
o ચારણ કાયમ અજાચકવૃત્તિનું પાલન કરે.
o ચારણ નિજ ધર્મનો એક પણ ચીલો આપાતકાળમાં પણ ચાતરે નહીં.
o ચારણ કોઈ પરચા અને ચમત્કારોની તર્કહીન વાતો ન કરે.
o સમાજની નિષ્કામ સેવા એ પ્રત્યેક ચારણનો કર્મઠ કર્મયોગ છે.
o ચારણ જગદંબાઓ કોઈના ઉપર કયારે કોપ ન કરે કે શ્રાપ આપે નહીં કારણ કે જગદંબાને દુભાવનારને કુદરતી કોર્ટ સજા કરે જ છે.
o સાડા ત્રણ પહાડાના વાદવિવાદમાં ચારણ ક્યારે ય ન પડે. ચારણમાં સમ ધારણની સમજણ દૃઢ થાય.
o ચારણ બાધા આખડીના બહાને પશુ પક્ષીઓનો બલી આપીને કોઈપણ જીવની હિંસા ન કરે.
o જાહેરમાં વાહ વાહ થાય એટલે મોટી પ્રતિજ્ઞાઓ લે પણ પછી એનું પાલન કરે નહીં એ ચારણ કૃતઘ્ન ગણાય.
o ચારણ દેવ જ્ઞાતિના મિથ્યાભિમાનને બદલે પવિત્ર માણસ અને શેહશુદ્ધ ચારણ હોવાનો મહિમા દ્રઢ કરે.
o ચારણ માતાજીમાં સંપૂર્ણ માને પણ સાથોસાથ માતાજીનું એક એક વચન પણ પૂરેપૂરું માને અને તેનું પાલન કરે.
o દરરોજ માની આ માળાના મણકાઓના જાપ કરીએ અને આટલા મણકા પર ફેરવીએ તો પૂજય પિંગળશીભાઈ દ્વારા 'માતૃદર્શન' ગ્રંથ લખવાનો અણથક દાખડો કર્યો છે તે સાર્થક થશે અને એમને ચારણ સમાજની મોટી અંજલિ આપી ગણાશે.
o એથી ય વિશેષ મા સોનલ એમના માતૃલોકમાંથી સમગ્ર ચારણ સમાજ ઉપર રૂડો રાજીપો કાયમ વરસાવ્યા કરશે.

'માતૃદર્શન' ગ્રંથને હું તટસ્થ ભાવે છેલ્લા ૫૦ વર્ષમાં સર્જાયેલ આઈ તત્ત્વના અધિકૃત પરિચાયક ગ્રંથ તરીકે તથા અતીત, આજ અને કાલના ત્રિભેટે ઉભેલ ચારણ સમાજ માટે કાયમ ઝળહળતા દીપ સ્તંભ તરીકે ગણું છું.

(૯૮૨૫૯ ૬૧૨૭૦)

•••



# યુગયુગોનો ઋણભાર સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયે ઉતાર્યો

• જયમલ્લ પરમાર

પાંચ હજાર વર્ષથી ચારણ ભારતીય સંસ્કૃતિના પ્રવર્તક અને રક્ષક તરીકે ઊભો છે પણ અસ્પર્શ્ય નહિ. સમાજ જીવનના સંઘર્ષોમાં એ સદૈવ હોમાતો રહ્યો છે. આ સંઘર્ષોમાંથી સાહિત્ય નીપજાવતો વેદકાળ, પુરાણકાળ અને મધ્યકાળ સુધી તો એ સંસ્કૃત ભાષામાં વહી રહેલા પ્રબંધ સાહિત્યમાં અને ડીંગળી તથા વ્રજભાષાની સાહિત્ય-સરિતાની છોળો છલકાવે છે.

એ પછી પણ ચારણનું જીવન વર્તમાનકાળ સુધી ગુજરાતી-ડીંગળી અને વ્રજમિશ્રિત ભાષામાં એકધારૂં રમમાણ કરતું રહ્યું છે. રાજદરબારે અને પ્રાકૃતજનો વચ્ચે એ સાહિત્યનાં નાનાં મોટાં ઝરણાંઓ વહાવતો રહ્યો છે.

**જીવન અને કવિતા**

કવિતાનો જન્મ થયો ત્યારથી સંસ્કાર પ્રગટાવનારાં જે કલ્યાણગામી બળો કવિતા દ્વારા જનજીવનને પ્રેરણા આપતાં રહ્યાં છે તે કવિતા એ જ ચારણોનું જીવન હતું અને જીવન એ જ એની કવિતા હતી. પછી ભલે એ સ્વર-ધ્વનિરૂપે કહેણીરૂપે કે કવિતારૂપે રેલાતાં હોય. એવી ત્રિવેણી દ્વારા એ જીવન-કવિતા અભિવ્યકત થતી.

એટલા માટે સમસ્ત ચારણકુળો એ કવિકુળ સરસ્વતીના પુત્રો કહેવાય છે કારણ કે એ સંસ્કૃતિના ધારક, પોષક અને પ્રસારક રહ્યા છે. ચારણ વ્યવહારે કે વ્યવસાયે કદી કવિ ન હતો. એની કવિતા બુદ્ધિ કલ્પના કે ઊર્મિજન્ય સંવેદન માત્ર ન હતું પણ એનો એ સ્વભાવ હતો, લોહીનો સંસ્કાર હતો. એથી તો યુગયુગોથી એ વારસો લોહીમાં ઊતરતો આવ્યો છે.

**ચારણોના જીવન-સંસ્કાર**

ચારણને સમજવાનો સમભાવ કેળવ્યા સિવાય ચારણી સાહિત્યનાં મૂલ્યાંકન નહિ થઈ શકે. ચારણને મૂલવવા માટે નીચેનાં તત્ત્વો સમજવાં રહે:

પ્રબળ અને દેવત્વ ધારણ કરતું નારી તત્ત્વ, સત્યવકતૃત્વ, શૌર્ય પ્રેરક, કાયરો માટે રોમાંચક, તૂટતી ટેકનો ટેકણહાર, શરણાગતોનો આશ્રયદાતા, કરુણાર્દ્ર છતાં જરૂર પડયે જુદ્ધનો ખેલણહાર, રાજકુલોના હામીપણામાં સમસ્ત પરિવારનાં ધરણાં કરી ભોગ આપનાર, ચારિત્ર્યનો રખેવાળ અને સદાય ઈશ્વરપરાયણ.

ઉપરના સંસ્કારોની એ કવિતા જીવતો અને એ સંસ્કારોના સમન્વયમાંથી એના સાહિત્યનું સર્જન થતું. જીવન અને કવિતા એનાં જુદાં ન હતાં.

ચારણ વિશેષે પ્રાકૃતજનો વચ્ચે જીવ્યો છે. પંડિતો અને વિદ્વાનો મોટેભાગે શહેરોમાં સીમિત રહ્યા છે. પ્રજાજીવનના આવા ભિન્ન પ્રવાહોને કારણે બન્ને સાહિત્ય વચ્ચે પણ કેટલીક અલગતા કેળવાતી રહી છે. એથી ચારણો શહેરી સાહિત્યનો ઓછો પરિચય પામી શકયા, એ જ રીતે પંડિતજનો ચારણી સાહિત્યનો પરિચય ન પામી શકયા, અપવાદોને બાદ કરતાં.

**વણપ્રીછયાં મૂલ્યાંકન**

પ્રજાજીવનના એક છતાં એ બે ભિન્ન પ્રવાહો ગાંધીયુગથી લોકજીવનના વ્યકિત્ત્વનો વિકાસ થતાં નજીક આવ્યા. લોકજીવનને પ્રતિષ્ઠા મળતાં એનાં સંસ્કારપ્રેરક બળો પણ આગળ આવ્યાં. લોકોને અશિષ્ટ, અસંસ્કારી, અબુધ અને

ગમાર ગણનારા પણ ધીરે ધીરે એની કદર કરતા થયા. પ્રશ્ન ઉપસ્થિત થયો ૨૦ ટકા પ્રજા વચ્ચેના સાહિત્યનો અને ૮૦ ટકા પ્રજા વચ્ચેના સાહિત્યનો અને લોકપ્રિયતાનો પણ. આ લોકોની કળા અને સાહિત્યની લોકપ્રિયતા તેજાદ્વેષનું કારણ પણ બન્યું. એથી અંતરથી એક વર્ગ એનો અસ્વીકાર કરતો આવ્યો છે. બીજો વર્ગ પ્રામાણિકપણે લોકસાહિત્યને ઉપસાહિત્ય માનતો આવ્યો છે.

એવાં કારણોસર આ ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય તુલનાએ ચડયાં. પ્રામાણિકપણે મૂલ્યાંકન કરનારાઓમાં પણ ફેર ત્યાં પડયો કે ચારણને સમજયા વગર અને ચારણી સાહિત્યનો પૂરો પરિચય કેળવ્યા વગર એનું મૂલ્યાંકન થવા માંડયું. આધુનિક અર્થમાં જેને કવિ કે લેખક કહેવામાં આવે છે તેવો કવિ કે લેખક ચારણ કદી હતો નહિ, છે નહિ.

**વાણીનું સામર્થ્ય**

આમ જે યુગ યુગોનાં પરિબળોએ ચારણોનું ઘડતર કર્યું છે એ પરિબળોને પીછાન્યા સિવાય એનું સાહિત્ય કેમ કરીને સમજાય? હજારો વરસની પરંપરાના જીવનની અનુભૂતિમાંથી નીવડેલી વાણીને નરદમ કાવ્યશાસ્ત્રના કાટલાંથી તોળવા જતાં વિદ્વતા પોતે જ પોતાનાં મૂલ્યો ગુમાવી બેસે.

તે છતાંય કાવ્યશાસ્ત્રની દષ્ટિએ મૂલવતાં પણ ચારણી સાહિત્યમાંથી ઉત્તમોત્તમ કૃતિઓનો વિપુલ વારિધિ મળી આવશે. જો વાણીના અર્થો, મર્મો, રહસ્યો અને એનું બંધારણ સમજાશે તો એ વાણીમાં રહેલ, કરુણા, આર્દ્રતા, ખુમારી, વીરશ્રી અને રસાનંદની છોળો છલકતી મળશે. વર્તમાન સુધી એ વાણીમાં એટલું જીવનબળ ન હોત તો ચારણી વાણી લોકજીવનને આટલું સમૃદ્ધ ન રાખી શકી હોત.

**લાલચની લપસણી ભોં**

જેમ વિદ્વતજનોએ ચારણો અને ચારણી સાહિત્યને સમજયા સિવાય મૂલ્યાંકન કરવાની ભૂલ નહિ કરવી જોઈએ, તેમ ચારણ કવિઓએ પણ એ વિદ્વાનો પંડિતોની પંગતમાં બેસવાની લાલચ નહિ કરવી જોઈએ. વિદ્વતમાન્ય બનવાની એષણા નહિ સેવવી જોઈએ. નહિ તો સંસ્કૃતનાં પંડિતોથી શોભાયમાન એવા રાજદરબારમાં પોતાની પૈશાચિક ભાષાની મહાન કૃતિઓ લઈ જનાર ચારણોના જ મહાન પૂર્વજ ગુણાઢયની જે દશા થઈ એ જ દશાને પામવાના.

મેઘાણીભાઈ એવી ભૂલ કરી બેઠેલા. એમનું 'ઝંખના' નામનું એક જ કાવ્ય વિદ્વત માન્ય ઠરેલું. પછી તો મેઘાણીભાઈના પ્રયત્નોથી નહિ પણ જનસામાન્યે મેઘાણીને માન્ય કર્યા માટે મેઘાણીભાઈને વિદ્વાનોએ સ્વીકારવા પડયા અને મેઘાણીભાઈના સાહિત્ય ઉપર પછી વિદ્વત વિવેચનો થયાં.

**મહાકાળ મૂલવશે**

એક જ મહાસાગરને મળવા છતાં સરિતાઓ જેમ નિરનિરાળાં સૌંદર્યથી શોભેછે તેવું જ આ સાહિત્ય-સરિતાઓનું છે. એમાં કોઈનાં મૂલ્ય ઓછાં-વધતાં નથી હોતાં. સૌ સૌને યથાસ્થાને શોભે છે.

એટલા માટે મા શારદાને વ્યકિતગત પ્રતિષ્ઠાને ત્રાજવે તોળાવવાની કોઈ ભૂલ ખાશોમાં. લોકોથી વિચ્છેદ પામીને કોઈ સાહિત્ય જીવી શકયું નથી, જીવી શકશે નહિ.

જે લોકનૃત્યો ઢંગધડા વગરનાં અને જંગલીમાં ખપીને અવગણાતાં હતાં એ લોકનૃત્યો આજ વીસ વર્ષથી વિશ્વખ્યાતિ મેળવી રહ્યું છે. કારણ કે એમાં મનોરંજક તત્ત્વ પણ રહેલું છે.

ચારણોનો વર્તમાનકાળ પણ એટલો જ

ઓજસવંતો છે. આગળ આવી રહેલી નવી પેઢી માત્ર જૂનાના જોર ઉપર બહુ નહિ ખેંચી શકે. નવા યુગમાં જીવવાની લાયકાત એમણે પોતાનાં નીવડી શકે એવાં સમર્થ સર્જનો વડે પુરવાર કરવી પડશે.

**ઊગતી પેઢીને પડકાર**

અર્વાચીન યુગમાં નવું ચારણી સાહિત્ય અપવાદો બાદ કરતાં પાંખું પડયું છે. એમાં ગતિ છે, પ્રગતિ ઓછી છે. હવે નવી રચનાઓમાં ધર્મનાં, શાસ્ત્રોનાં, સંતો ને ભકતોનાં ચવાઈ ગયેલાં સૂત્રો ઉપર નહિ નભી શકાય. નભવું હશે તો એની મર્મગામી અને ચિંતનાત્મક બાજુ ખીલવવી પડશે. પ્રકૃતિનાં રહસ્યો પામવાં પડશે. નવી દિશાઓ નોંધવી પડશે.

એક યા બીજા સ્વરૂપની પ્રશસ્તિઓ, અત્યુકિતભર્યાં વર્ણનો, સીધેસીધા બોધ અને ઉપદેશ આપવાની પોકળ રસમ, એકની એક વાતનાં પુનરાવર્તન, લોકવાણીને ઈતિહાસ તરીકે ઠેરવવાના આગ્રહો, ચમત્કારો અને દૈવીપણાની અદ્ભુતતાઓ વધુ વખત કાવ્યના વિષય તરીકે નહિ નભી શકે. એમાંથી ખટમીઠા રસોનું થોડું મનોરંજન મળી શકશે. એ યુગ હવે આથમી રહ્યો છે. જૂનું તે જ સોનું તે હવે નહિ ચાલે.

હવે નવયુગી કાળને કેડે કદમ માંડવાં પડશે. ચારણીવાણીનું વિપુલ અને પ્રચંડ સામર્થ્ય તમને સાદ પાડી રહ્યું છે. હવે પાછા જવાનો રસ્તો નથી. મેઘાણી એ કેડા પાડી ગયેલ છે. મેઘાણી લોક અને ચારણી સાહિત્યનું સહિયારું ફરજંદ હતા. હવે તો એ કેડે કદમ ઉઠાવવાનાં રહે છે. મનોરંજન એ તો લોક અને ચારણી સાહિત્યના સંસ્કારમાંથી નીપજતો રસાનંદ છે.

**શાશ્વત મૂલ્યોનો સાદ**

એ માટે સાહિત્યના વિવિધ પ્રવાહોનો પરિચય કેળવવો પડશે. અનંતને આંબવા મથતા વૈજ્ઞાનિક યુગમાં આપણે પ્રવેશી ચૂકયા છીએ. લોક વીજળિક ઝડપે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ ગુભૂક્ષિત બનીને કરવા લાગ્યો છે. આવતીકાલે એ ઉપયોગ જ એનું માનસ પરિવર્તન કરાવશે. લોક બદલશે પછી આપણા ચવાઈ ગયેલાં સૂત્રો કોણ સાંભળવાનું હતું ?

ત્યાં ચારણ તરીકેનું તમારૂં કર્તવ્ય તમને સાદ પાડી રહ્યું છે. વિજ્ઞાનથી આવતી વિકૃતિઓ સામે અંતસ્ ચેતના જગાડવાનું. વિજ્ઞાનની સામે આધ્યાત્મિક મૂલ્યો નહિ જળવાય તો જગત એક નર્કાગારમાં ફેરવાઈ જશે.

ધર્મ અને સંસ્કૃતિ વિજ્ઞાનના નવા સંદર્ભમાં મૂલવાઈ રહ્યાં છે. એથી શાશ્વત મૂલ્યોની તમારી ઉપાસનાનો તમારો વારસો એના સંરક્ષણનો તમને સાદ પાડી રહેલ છે.

**સંકલ્પ**

સાઠેક વર્ષથી કસોટીએ ચડેલ ચારણી સાહિત્યે પોતાની ગુણવત્તા પુરવાર કરેલ છે. વિજ્ઞાન અને યાંત્રિકતાના યુગ વચ્ચે જયાં રાજકારણ અને અર્થકારણના વિષારી ચક્રો ઘુમરાવા લે છે એની વચ્ચે પણ પ્રજામાં પોતાના સાંસ્કૃતિક વારસાનું આત્મભાન પ્રગટતું જાય છે. એ જ કારણે ચારણકુળોના પ્રતિનિધિ સ્વરૂપ પાંચ ચારણ વિદ્વાનોનું બહુમાન કરવાનો એક સંકલ્પ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ કર્યો.

આજે જેમને 'ડી'લિટ્'- ડોકટર ઓફ લિટરેચરની પદવીઓ અપાય છે એમાંના કેટલાક કરતાં વધારે યોગ્યતાવાળા પણ ચારણોમાં છે. અહીં તો પાંચ ચારણ વિદ્વાનોના બહુમાન દ્વારા સમસ્ત ચારણકુળની સંસ્કૃતિસેવાનું બહુમાન થયું છે.

ઉપકુલપતિ ડોલરભાઈએ પ્રમુખપદેથી આપેલા પોતાના વકતવ્યમાં જણાવ્યું તેમ એ

ચારણપંચનું બહુમાન હતું. જેમાં સમસ્તના પ્રતિનિધિત્વનો સમાવેશ થતો હતો. એ પાંચ ચારણ વિદ્વાનોમાં હતાઃ દુલાભાઈ કાગ, શંકરદાનજી દેથા, મેરૂભા ગઢવી, માવદાનજી રત્નુ અને પિંગળશીભાઈ ગઢવી.

**સરસ્વતીપુત્રોનાં સન્માન**

રાજકોટ અને રાજકોટ બહારની જંગી જનમેદની વચ્ચે લગાતાર ચાર કલાક સુધી પ્રસંગને છાજે એવી ભવ્યતાથી સમારંભ ઊજવાયો. પાંચેય વિદ્વાનોના વિવિધ વ્યકિતઓ વડે અપાયેલ પરિચયમાં વિદ્વત અન્વેષણ વડે ચારણી સાહિત્યને અને તેના વિદ્વાનોને સારસ્વતોએ સન્માન્યા ત્યારે બન્ને સાહિત્ય પંવાહોએ ગંગા-યમુનાના સંગમ વડે પ્રયાગતીર્થનું મહાત્મ્ય ધારણ કરેલું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ યોજેલો આ ભવ્ય પ્રસંગ વિશેષ ગૌરવાન્વિત તો એ રીતે બન્યો કે કોઈ રાજપુરુષના હસ્તે આ બહુમાન કરવાનો ખ્યાલ છોડી દેવામાં આવેલો. ઉપકુલપતિ ડોલરભાઈએ એ વાતનો નિર્દેશ કરતાં જણાવેલું કેઃ **ઝાઝેરા ધન્યવાદ**

*'તમે સરસ્વતીપુત્રો છો, અમે સરસ્વતીના ઉપાસકો છીએ, અહીં સામે બેઠેલા નાગરિકોનો લોકસમાગમ છે. પછી વચ્ચે કોઈને શું લાવવા?'* આવી સંસ્કારત્રયી-સંસ્કાર પ્રણાલિ જ રાજકારણના અનધિકૃત પ્રવેશ સામે સંસ્કૃતિનું ઉચ્ચ પ્રતિષ્ઠાપન કરી શકે.

ચારણ વિદ્વાનોએ ચારણી સાહિત્યના મર્મોનો રસાસ્વાદ કરાવ્યો. એના નિર્ભિક અને સત્યવકતા તરીકેનાં પાસાંનું દર્શન કરાવ્યું અને ચારણી બાનીનો તુલનાત્મક ચિતાર આપીને છંદોમાં રહેલી વાણીની પ્રચંડ તાકાતને સાકાર કરી સમારંભને મુગ્ધ બનાવ્યો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ કરેલા આ બહુમાનથી પ્રજાજીવન વધારે સંસ્કારલક્ષી બનશે, ચારણી સાહિત્યની સંશુદ્ધિ ને વૃદ્ધિ થશે અને ચારણી વાણીના સામર્થ્યના કવિ-લેખકોને અનેક રીતે પ્રોત્સાહક અને ઉપકારક નિવડવાનું સીમાચિન્હ બની રહેશે. એ સરસ્વતીપુત્રોને તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને અનેકાનેક ધન્યવાદ *(સમારંભ તા.૧૯/૦૧/૧૯૬૯)*

***('ઊર્મિનવરચના' : ફેબ્રુઆરી-૧૯૬૯)***

•••


**-- ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટની પ્રવૃત્તિઓ --**

- મેડિકલ કેમ્પનું સર્વજ્ઞાતીય વિનામૂલ્યે આયોજન સૌરાષ્ટ્ર-કચ્છમાં અંતરિયાળ ગામડાઓમાં કરવામાં આવે છે તેમજ બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ સહાય.
- સૌરાષ્ટ્રના ઉચ્ચ અભ્યાસ કરતા સ્કોલર વિદ્યાર્થીઓ તથા અતિ જરૂરિયાતમંદ અને હેન્ડીકેપ વિદ્યાર્થીઓને સ્કોલરશિપનું વિતરણ.
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ-આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈના વિતરણમાં સહયોગ.
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ તેમજ આર્થિક સહાય.
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું.

# છત્રાવા—ચારણ સાંસ્કૃતિક સંમેલન

• જયમલ્લ પરમાર

શુભ કાર્યની ફલશ્રુતિ શુભના સર્જનમાં જ આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પાંચ ચારણ વિદ્વાનોનું બહુમાન કરવાનું જે શુભ કાર્ય કર્યું એના પરિણામે ચારણોમાં સ્વાભિમાન સાથે સાંસ્કૃતિક જાગૃતિ આવી રહી છે.

વેરાવળથી દ્વારકા સુધીના કાંઠાળના ગામોના ચારણોમાં પણ કોઈક સાંસ્કૃતિક પ્રવૃત્તિનો પ્રારંભ કરવાની પ્રેરણા થઈ. એમણે 'ચારણ સાંસ્કૃતિક સેવા મંડળ'ની સ્થાપના કરી અને એના પ્રથમ પગલાં તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ જે પાંચ ચારણ વિદ્વાનોનું બહુમાન કરેલું તેમનું સન્માન કરવાનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડોલરભાઈ માંકડના પ્રમુખપદે એક ભવ્ય સમારંભ કુતિયાણા તાલુકાના છત્રાવા ગામે એપ્રિલ – ૧૯૬૯ મહિનાની આખરે યોજયો.

આ સમારંભમાં બે દિવસ સુધી સૌરાષ્ટ્રના વિવિધ પ્રદેશોમાંથી પધારેલા પાંચસોક જેટલા ચારણો, પોરબંદરના, જૂનાગઢના અગ્રગણ્ય એવા વિવિધ ક્ષેત્રોના આગેવાનો અને મેર પંથકના મેર આગેવાનો તથા એ સંસ્કૃતિના સૌરાષ્ટ્રના ઘણા સદ્ભાવી સજજનોએ ભાગ લીધેલો.

દુલાભાઈ કાગ અને શંકરદાનજી દેથા નાદુરસ્ત તબિયતને કારણે હાજર નહિ રહી શકેલા. મઢડાવાળાં માતાજી આઈ સોનબાઈ આઈ અને દુલાભાઈ કાગની તસવીરોને ફૂલહાર સમર્પીને પછી સન્માનપત્રો તથા પાઘડીઓ અર્પણ થઈ. ચારણોના સાંસ્કૃતિક વારસાના વિકાસ માટેનાં સુંદર વ્યાખ્યાનો વિવિધ વકતાઓ તરફથી થયાં અને સન્માનિત માવદાનજી રતનુ, મેરૂભાભાઈ ગઢવી અને પિંગળશીભાઈ ગઢવી તરફથી એના સાભાર વિનમ્ર પ્રત્યુત્તરો પણ અપાયા.

આગલા દિવસથી સમારંભની શરૂઆત થયેલી. આગલી રાતે ચારણ કવિઓએ પોતાની પ્રસાદી રજૂ કરેલી. બીજી સવારે આવેલા ચારણ ડાયરામાંથી કેટલાક વિદ્વાન કવિ ચારણોએ પોતપોતાનાં વકતવ્યો છટાદાર શૈલીમાં રજૂ કરેલાં. એમાં સનાળીના કવિ કાનજીભાઈ ગગુભાઈ લીલાએ સાંસ્કૃતિક સંમેલનના મર્મો અસરકારક રીતે સમજાવેલા.

પાંચ ચારણ વિદ્વાનો માટે યોજાયેલો સન્માન સમારંભ આગલા દિવસથી જ સાંસ્કૃતિક સ્વરૂપ ધારણ કરી રહ્યો હતો. બીજા દિવસની રાતની સભામાં ગઢવી મેરૂભાભાઈએ ચારણોના શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસમાં જ સાચું સન્માન રહેલું છે તે સમજાવીને પોતાના હૃદયોદ્ગાર દિલ હલાવે તેમ રજૂ કર્યા.

એવી શૈક્ષણિક પ્રવૃત્તિના પ્રારંભરૂપે પોરબંદરમાં આઠ ઓરડાના એક ચારણ છાત્રાલયથી કરવાની યોજના મૂકી. પોતાના જ પગ ઉપર, ચારણોથી જ ચલાવવા અને ચારણોના જ પરસેવાથી ચાલે એવી ભાવના સાથે યોજના મૂકી.

એક ઓરડાનું ત્રણેક હજારનું ખર્ચ સ્વ.મેઘાણંદબાપાના નામથી આપવાની પોતે જાહેરાત કરી. ચારણ સાંસ્કૃતિક સેવા મંડળને જેમ મહેમાનોએ ફૂલપાંદડી અર્પણ કરેલી તેમ મેરૂભાભાઈએ પણ પાંચસો રૂપિયા પોતાની

ભાવના અને શુભેચ્છાઓથી સમર્પિત કરેલ. ઓરડા દીઠ રૂા.૧૦૦૦/- મંડળ આપશે.

શ્રી મેરૂભાએ પોતાના પરિવારને અપીલ કરતાં ભત્રીજા ને ભાણેજોએ બીજા ચાર ઓરડાનું ખર્ચ આપવા જાહેરાત કરી. ૩૦-૩૫ ગામમાં વસતા ચારણોએ વિઘે બે રૂપિયા અને નોકરિયાતોએ ૫૦મો ભાગ છાત્રાલયના સંચાલન માટે આપવા જાહેરાત કરી, નિર્ણયો લેવાયા ને કામ આગળ ચાલ્યું.

સાંસ્કૃતિક, શૈક્ષણિક, ઔદ્યોગિક અને વ્યાવસાયિક રીતે ચારણોની પ્રગતિ સાધવા વિચારાયું. આખો સન્માન સમારંભ દેશકાળને લક્ષમાં લેતાં પ્રગતિશીલ પગલાં ભરવામાં સફળ બની રહ્યો.

આ સમારંભની સફળતા માટે સૌને ધન્યવાદ ઘટે છે. કાર્યકર્તાઓ અને ભાગ લેનાર તમામને, પણ શરૂથી આખર સુધી જેને ધન્યવાદ ઘટે છે તે ચારણ સાંસ્કૃતિક સેવામંડળના પ્રમુખ વિજાણંદભાઈને અને મંત્રી પાતાભાઈને.

***('ઊર્મિનવરચના' : જૂન –૧૯૬૯)***

*(પોરબંદરના ચારણ છાત્રાલયનું વિચારબીજ છત્રાવાના આ સંમેલનમાં રોપાયેલું. મેરૂભાબાપુ અને તેમના લઘુબંધુ પિંગળશીભાઈએ પોતાની મહેનત થકી છાત્રાલયનું સર્જન કરેલું તેનો ઈતિહાસ રસિક છે. -સં)*

•••

## 'ચારણ સંસ્કૃતિ' વિશેષ અંકને આશીર્વાદ – પ્રતિભાવો – શુભેચ્છા

| | |
|---|---|
| પૂજ્ય સોનલ મા | દાદુભાઈ જેહળ |
| પૂજ્ય મોરારિબાપુ | બી.એમ. ગઢવી |
| પૂજ્ય રમેશભાઈ ઓઝા | શૈલેષભાઈ લાંબા |
| પૂજ્ય કંકુ મા | આપાભાઈ બી. ગઢવી |
| આદરણીય પી.પી.બોક્ષા સાહેબ | માણસુરભાઈ સોયા |
| લક્ષ્મણભાઈ જામંગ | મહેરબાનભાઈ ગઢવી |
| ડો.ભરતભાઈ ગઢવી | રામભાઈ રાબા |
| ધીરૂભાઈ સરવૈયા | રાજેન્દ્ર વી. ત્રિવેદી |
| આર.એલ. શિંગાળા સાહેબ | ગીરીશ તન્ના |
| શાંતિલાલ રાણિંગા | મુકેશ માવળંકર |
| શાંતિભાઈ ફૂનડા | ગોવિંદભાઈ નાંદણ |
| પ્રભુદાનભાઈ સુરૂ | કાનાભાઈ સોયા |
| વિનોદભાઈ મકવાણા | આણંદભાઈ પાલીયા |
| પીયુષભાઈ બુચ | નરેન્દ્ર ગઢવી |
| એલ.ડી. મકવાણા | જીવાભાઈ ફૂનડા |
| લાભુભાઈ જામંગ | શામળાભા જેહળ |

**'નબળાને સબળા કરે અબળાને પ્રબળા આઈ**
**આવી મઢડાવાળી માવડી સમરથ સોનલ આઈ'**

# આઈમાએ પ્રાર્થના સાંભળી

• મૂળુભાઈ પાલિયા

પાલિયા સાહેબની જામનગરથી ખેડા જિલ્લામાં બદલી થઈ તે વખતે ખેડા જિલ્લામાં ગુનાખોરી વધી ગયેલી, વળી ત્યાંની પ્રાદેશિક ભાષા, રીતિ રિવાજ, સૌરાષ્ટ્રથી અલગ. વધુ સમય સૌરાષ્ટ્રમાં નોકરી કરેલી તેથી ત્યાં પોતાને કે ઘરના સભ્યોને પણ ગમે નહિં. થોડા સમયમાં કંટાળી ગયા. હવે તો આઈ સોનબાઈ જો પ્રાર્થના સાંભળે તો જ બદલી થાય. પોતાને દરરોજ પૂ.આઈમાની પૂજા-ભકિતનો નિયમ. તે પ્રમાણે પૂજા કરી અને ભાવથી મનોમન પ્રાર્થના કરી કે હે મા! અહીંથી સૌરાષ્ટ્રમાં બદલી કરાવી દે, મનોમન મઢડા થડે મોટું છતર ચડાવીશ તેવી માનતા પણ કરી. બરાબર તે સમયે આઈમા કણેરી ગામની વાડીએ હતાં. એ વખતે રેલવેના જમાદાર હીરાભાઈના ભાઈ જોશી કહેવાતા, તે આઈમાને વંદન કરવા આવેલા.

તેમને જયોતિષનો શોખ હતો એટલે પૂ.આઈમાએ તેમને પૂછ્યું એલા જો તો ખરો ! મૂળુભાની બદલીના જોગ છે કે નહિ? જોષીએ કુંડલી કરીને જોયું પછી કહ્યું કોઈ જોગ હાલ નથી, એટલે પૂ.આઈમાએ હસતાં હસતાં કહ્યું કે તારા જોષમાં જોગ હોય કે ન હોય, પણ હું કહું છું કે મૂળુભા આ મહિનાનો પગાર જૂનાગઢમાં લે તો? જોષી કહે એવું બને નહીં.પણ પૂ.આઈમાનું વાકય સાચું થયું એટલું જ નહીં પણ પોલીસ ઈન્સ્પેકટરમાંથી બઢતી મેળવી જૂનાગઢ ડીવાય. એસ.પી. તરીકે નિમાયા અને તેમને એ ઓર્ડર ટપાલથી નહીં પણ વાયરલેસથી મળ્યો.

શ્રી પાલિયા સાહેબે આ વાયરલેસ પૂ.આઈમાએ જ કરાવ્યો હોય તેમ નક્કી માન્યું. અચાનક આટલી ઝડપથી બદલી અને એ પણ બઢતી સાથે? પૂ.આઈ સોનલની શકિતને મનોમન વંદન કર્યા. બદલીનો વાયરલેસથી હુકમ મળ્યો કે તુરત સોનીની દુકાને જઈ ચાંદીનું મોટું છતર બનાવડાવ્યું. છતર ઉપર આઈ સોનબાઈમાનું નામ લખાવી મઢડા આવ્યા. પૂ.આઈમાને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કર્યા. થેલીમાંથી મોટું છતર બહાર કાઢયું. એટલે પૂ.આઈમાએ પૂછયું મૂળુભા? આવડું મોટું છતર શું લાવ્યા?

મૂળુભાએ કહ્યુ મા! આપની કૃપાથી મારી બદલી જૂનાગઢ થઈ, ને એ પણ Dy.S.Pની બઢતી સાથે થઈ. એ આપની જ કૃપા હોઈ શકે એટલે માનતા પુરી કરવા આવ્યો છું. પૂ.આઈમાએ એ છતરને મઢડા થડે મુકયું ને તુરત પાછું આપ્યું અને કહ્યું, છતર તમારે ત્યાં પૂજાના ઓરડે રાખજો હું ત્યાં પણ બેઠી છું. આઈમાએ પોતાના સ્વહસ્તે આપેલું એ છતર આજે પણ શ્રી પાલિયા સાહેબને ત્યાં છે જેની દરરોજ પૂજા થાય છે.

ooo

**ચારણોની કલા કારીગરી અને જીવનશૈલી જોઈ દેશ–વિદેશમાં પ્રખ્યાત થયું જાંબુડા ગામ**

જાંબુડા ચારણ સમાજના ગઢવીનું સૌથી મોટું ગામ. ચારણી કલા કારીગરીથી સમસ્ત વિશ્વમાં પ્રખ્યાત થયેલું ગામ. ચારણોના રૂડા રહેઠાણો(મકાન) ઘરમાં માટીની દીવાલો ઉપર અબરખની ગાર, જાણે દીવાલો ઉપર ચાંદીના દીપેરી પડ, દિવાલો ઉપર ફૂલની વેલો મેના પોપટના રંગીન ચિત્રો જોઈ જોનારા દંગ રહી જાય. આ કારીગરી ફકત ચારણની બહેનો જ કરી શકે. ચારણોના દરેક ઘરને, જયારે લગ્ન પ્રસંગ

હોય ત્યારે આ રીતે શણગારવામાં આવતાં, જે શણગાર વરસો સુધી નવો રહેતો. દેશ પરદેશથી મોંઘેરા મહેમાનો જેવા કે, જામનગરના રાજવી શ્રી જામસાહેબ અને તેમને ત્યાં મહેમાન તરીકે આવેલા અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટના ધર્મપત્ની તથા ગુજરાતના મુખ્યપ્રધાન ડો.જીવરાજ મહેતા, ગવર્નરશ્રી મહેંદી નવાબઝંગ, વગેરે આવી ગયા. ચારણોના મકાનની આ કલા કારીગરીમાં સવામણ મોતીનું ભરતકામ હતું. પિત્તળના પટારા, જે ખાસ બોટાદમાં ગામધણીની રાહબરી નીચે બનાવેલા. ગુજરાતના અખબારોમાં અહેવાલ છપાયા. આ રીતે પ્રખ્યાતિ થતાં, દેશ પરદેશના કંઈક મહાનુભાવો, પ્રધાનો વગેરે કલાકારી જોવા આવવા લાગ્યા. લગ્ન-પ્રસંગોએ અહીંના ચારણોના મકાનોને આ રીતે શણગારવામાં આવતા. દીવાલની અંદરના ઉપરના ભાગે રંગબેરંગી ભરત કરેલા ચાકળા – તોરણોની કલા કારીગરી પણ અદ્‌ભુત શોભા આપતી હતી.

**('સંભારણા'માંથી**
**– સં. રામભાઈ લાંબા,જાંબુડા)**

•••

**'વાડી' આપણી વાડી – સમાજ વાડી – સોનલ વાડી**

આપણે હવે આપણો કોઈપણ પ્રસંગ વાડીએ યોજાય ત્યારે વાડીનું સરનામું યાદ કરાવવાની જરૂર રહેતી નથી અને તેની સગવડતા બાબતે પણ કહેવાનું રહેતું નથી. તેમ છતાં વ્યવસ્થાપકો વધુ સગવડતા અને ચોખ્ખાઈ બાબતે જાગૃત છે. આઈશ્રી સોનલમા ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ વાડીનો લાભ સૌને મળી રહ્યો છે, તેનો રાજકોટને આનંદ છે.

હવે સમાજના સમજુ અને આગેવાન તરીકે આપણી ફરજ વધે છે કે વાડીની વ્યવસ્થામાં, તેના નિયમોના પાલનમાં ટ્રસ્ટી મંડળ અને સ્ટાફને સહયોગ આપીને સેવાના ભાગીદાર બનીએ.

આપણી વાડીમાં પ્રસંગ કરવા માટે ૪૦૦ થી ૫૦૦ મહેમાનોની વ્યવસ્થા જ થઈ શકે તેમ છે. તેથી જેઓને વધારે મહેમાનો થવાના હોય તો આ વાડીને બદલે અન્ય જગ્યાએ પ્રસંગ કરવા વિચારવાનો અમારો અનુરોધ છે. સમય પાલન અને સ્વચ્છતા રાખવી એ વાડી ભાડે રાખનારની નૈતિક ફરજ બને છે. તેનું પાલન કરીને વ્યવસ્થાપકોને સહયોગ આપીને તેઓનો ઉત્સાહ વધારવાનો પ્રયત્ન સહુ કોઈએ કરીને પોતિકાપણાંનો ભાવ ઉભો કરવો જોઈએ.

વાડીમાં સગવડતા વધારવાના હેતુસર રસોડામાં ગેસની લાઈન ત્યારબાદ હમણાં જ આ વર્ષે રાષ્ટ્રના ઉર્જા બચાવવાના અભિયાનમાં સહભાગી બનવા 'સૌર ઉર્જા'(સોલાર પેનલ)ની વ્યવસ્થા કરી અગાઉ ટાઈલ્સ, ઓફિસ કાઉન્ટર, કલરકામ, એરકૂલર, સીસીટીવી વિગેરે વ્યવસ્થા કરેલી જ છે. હજુ પણ થોડી વધારે સગવડતા ૨૦૨૪ના વર્ષમાં કરીશું. વાડીનો વિમો પણ લીધેલ છે.

આ સમાજની મિલકત છે, આપણે સહુની મિલકત છે, સાથે મળીને સાચવીએ.

– ટ્રસ્ટી મંડળ

# મા સોનલ કૃપા – બેંકમાં કાયમી નોકરી મળી

• શંકરદાન સિંહઢાયચ

દુષ્કાળ રાહત કામોમાં વર્ક-ચાર્જ કારકુનની નોકરી હતી. દરમિયાન કાયમી નોકરી મળી જાય તે માટેના મારા પ્રયત્નો ચાલુ હતા. ઈ.સ.૧૯૬૯માં દુષ્કાળ રાહત કામગીરી વખતે, તે વખતની 'ગુજરાત રાજય જમીન વિકાસ બેંક' માં કલાર્કોની જગ્યા ભરવા માટેની જાહેરાત બહાર પડતાં, મેં નોકરી માટે આ બેંકમાં અરજી કરેલ હતી. લગભગ ૩૦૦ કલાર્કની ભરતી બેંકમાં કરવાની હતી. તે દરમિયાન તે વખતના અમારા મુરબ્બી અને સાંતલપુર તાલુકાના પ્રમુખ ખોડીદાનભાઈ ભીમજીભાઈ ઝુલા(ઝુલા સાહેબ)ના વારાહીના તેમના નિવાસસ્થાને હું મળવા ગયેલો. આ જમીન વિકાસ બેંકમાંથી નોકરીની નિમણૂકો બાબતે મને મદદ કરવા કે આ બાબતે મારી ભલામણ કરવા મેં ખોડીદાનભાઈ ઝુલાને વિનંતી સહ વિગતે વાત કરી. આજે જાણે ઝુલા સાહેબ ભારે ખુશીમિજાજમાં લાગ્યા.

મારી વાત સાંભળી તેઓ બોલ્યા કે, 'શંકરદાન! તું તરત જ આઈમા શ્રી સોનલમાનો સંપર્ક કર, કારણ કે જમીન વિકાસ બેંકના ચેરમેન પોરબંદર મહારાજા શ્રી ઉદયભાણસિંહજી તો મા સોનલના પરમ ઉપાસક અને ભકત છે. મા સોનલ શ્રી ઉદયભાણસિંહજી ઉપર તને ભલામણ ચિઠ્ઠી લખી આપશે અને ઉદયભાણસિંહજી મા સોનલના બોલને કદિ ઉથાપશે નહીં માટે જેમ બને એમ જલ્દીથી તું કણેરી મુકામે મા સોનલ પાસે પહોંચી જા. તારી નોકરી માટે સારો, સહેલો અને ટૂંકો રસ્તો આ છે.'

ઝુલા સાહેબના તે વખતના શબ્દો મને આજેય યાદ છે. મારું મનોબળ વધ્યું, વિશ્વાસ વધ્યો. બીજા દિવસે રાહત કામ કારકુન પદેથી અઠવાડિયાની રજા મૂકી. હું ટ્રેન દ્વારા પ્રથમ જૂનાગઢ ગયો. ત્યાં શ્રી કાનજીભાઈ નાગૈયા ચારણ બોર્ડિંગમાં રહી મારો નાનપણનો (ભાવનગર બોર્ડિંગનો) મિત્ર લક્ષ્મણ અમરાભાઈ જામંગ, ગારીયાધાર - અહીં આયુર્વેદિક ડોકટર લાઈનમાં ભણતો હતો, તે મિત્રને ઘણાં વર્ષે મળ્યો. બન્ને જણ બે દિવસ સાથે રહ્યા. શૈશવની ઘણી બધી વાતો વાગોળી, બન્નેએ મજા માણી. બીજે દિવસે જૂનાગઢથી બસ દ્વારા કેશોદ ગયો ને ત્યાંથી લોકલ બસમાં કણેરી ગામે સાંજે પહોંચ્યા. મઢડાને બદલે હાલ મા સોનલ કણેરી ગામે બિરાજે છે. કણેરી પાદરમાં બસમાં ઉતરી ચાલતો-પૂછતો-પૂછતો સોનલમાના રહેણાંકે, મકાને પહોંચ્યો. સામે ફળિયામાં બે ઓરડા ડોઢીબંધ એક ઓસરીયે હતા.

એક ઓરડાની ઓસરી ઉપર નીચે ગાદલું પાથરી તેની પર પિંગળશીભાઈ પરબતજી પાયક બેઠા-બેઠા કાંઈક લખતા હતા. થોડી દાઢી વધારેલ હતી. ૧૯૫૮થી ૧૯૬૪ દરમિયાન ભાવનગર ચારણ બોર્ડિંગનો હું વિદ્યાથી હોઈ, તે વખતે પિંગળશીભાઈ ગૃહપતિની છત્રછાયામાં રહેવાનો મને લાભ મળેલ હતો. છતાં ત્યારબાદ ઘણાં વર્ષ પસાર થયેલ હોઈ મને એમ કે પિંગળશીભાઈ મને નહીં ઓળખે તો પણ મને નજીક આવતો જોઈ પોતાનાં ચશ્મા ઊંચાં કરી હસતા-હસતા બોલ્યા, 'અરે શંકર, આવ! અત્યારે કયાંથી ભૂલો પડયો?' મેં થોડી આપવીતિ, બનાસકાંઠામાંની દુષ્કાળની પરિસ્થિતિ અને મુખ્ય વાત મારી નોકરી ભલામણ બાબતે ભાઈશ્રીને

વાકેફ કર્યાં. ત્યાં તો 'ધમ-ધમ...' જાણે જમીન ધ્રુજતી હોય તેવો અવાજ સંભળાયો. પાછું ફરીને જોઉં તો તિર્થસ્વરૂપ સોનબાઈમા જાણે હાથણીચાલમાં સૌને પ્રકાશિત, પ્રભાવિત કરતાં ચાલ્યાં આવતાં જોયાં. ગદ્ગદિત થઈ મા ના પગમાં નમીનેં મેં પ્રણામ કર્યા. ભાઈ, મા સામું જોઈને કહે, 'ઓળખો છો બાપુ!' ત્યારે મા બોલ્યાં કે, 'લાગેતો છે નારણ સંઢાયચનો દીકરો.' મને જાણે ભીતરમાં અજવાળું થયું. આટલાં વર્ષો બાદ કેવી રીતે મા મને ઓળખી ગયાં! છે પરચાની કોઈ જરૂર!!

પૂજય મા આવી, ગાદલા પર બેઠાં. પૂજય મા સામે જોઈ પિંગળશીભાઈએ વાત કરી કે, 'દુષ્કાળ વર્ષ છે. નોકરી માટે ભલામણ કરાવવા આવ્યો છે. જમીન વિકાસ બેંકના ચેરમેન તમારા કૃપાપાત્ર છે. તેમની ચિઠ્ઠી લખી આપો તો આને નોકરી મળે.' મને બરાબર યાદ છે ત્યારે મારા સામું જોઈ પૂજય મા હસતાં-હસતાં બોલ્યાં હતાં કે, 'જા તને બેંકમાં નોકરી મળી ગઈ.' માના બોલે મારા અંતરમાં અજવાળું પથરાઈ ગયું. હવે મારો વિશ્વાસ વધી ગયો. નક્કી મને પૂજય મા ના આશીર્વાદથી બેંકમાં નોકરી મળી જશે તેવી દ્રઢ શ્રદ્ધા બંધાણી.

પિંગળશીભાઈએ ઉદયભાણસિંહજીને સંબોધી ચિઠ્ઠી લખી, જેમાં મારી નોકરી બાબતે ભલામણ લખી. ચિઠ્ઠીમાં નીચે મા સોનલે 'લિ. મા સોનલના આશિષ' આ શબ્દો જાતે લખ્યા. ચિઠ્ઠી મને આપ્યા બાદ પિંગળશીભાઈ બોલ્યા કે, 'પોરબંદર રાણા ઉદયભાણસિંહજી તો વિદેશ ગયેલ છે અને કયારે પાછા ભારત આવશે તે નક્કી નહીં.' વળી પછી ભાઈ મને કહે, 'તું એક કામ કર, ઉદયભાણસિંહજી તો બેંકના ચેરમેન છે. બેંકનું વહિવટી તમામ માળખું તો મેનેજીંગ ડિરેકટર એવા શ્રી હરિપ્રસાદ ત્રિવેદી સંભાળે છે. આ બેંકમાં નોકરીએ રાખવા બાબતે પણ તેમને બધી માહિતી હોય, તો તું ભાવનગર જા અને શ્રી હરિપ્રસાદજી ઉપર ભગતબાપુ(કવિ કાગ)ની ચિઠ્ઠી લખાવી લઈ જા કારણ કે હરિપ્રસાદ ત્રિવેદી અને કવિ શ્રી કાગબાપુ નાનપણના ભાઈબંધ છે. તેઓ કાગબાપુની ચિઠ્ઠીને માન આપી તને નોકરીમાં રાખવા ઘટતું કરશે માટે તું હવે ભાવનગર જઈ કાગબાપુને મળ.'

ઉદયભાણસિંહજી ઉપર પૂજય આઈએ લખેલ ભલામણ ચિઠ્ઠી સાચવીને ખિસ્સામાં મુકીને માને ત્યાં સાંજનો પ્રસાદ લીધો. રાત રોકાયો, બીજા દિવસે સવારે કેશોદથી ટ્રેન દ્વારા ભાવનગર પહોંચ્યો. હું ભાવનગર બોર્ડિંગનો ભૂતપૂર્વ વિદ્યાર્થી હોઈ શ્રી કૃષ્ણકુમાર ચારણ બોર્ડિંગે ગયો. ત્યાં વર્ષોથી ભોજનની સઘળી વ્યવસ્થા સંભાળતા રસોયા ઈશરજી દેવીદાનજી રોહડિયા(ગામ ચારણકા)ને મળ્યો, તેઓ મને દેખી રાજી થયા. વતનના દુષ્કાળના સમાચાર મારા દ્વારા તેમણે જાણ્યા, પછી મેં કાગબાપુને મળવા બાબતે વાત કરતાં મારા ઈશરજીએ કહ્યું કે, 'હાલમાં સોનગઢ પાસે જિંથરી મુકામે ટી.બી.ની બીમારીની સારવાર ભગતબાપુ લઈ રહ્યા છે.'

બીજા દિવસે ટ્રેનમાં બેસી ભાવનગરથી સોનગઢ - જિંથરીના સેનોટોરિયમે ગયો. ભગતબાપુને મળ્યો. એક મોટા હોલમાં સામે બિછાવેલો પલંગ પડેલો. તેની પાસે આરામ ખુરશીમાં લાંબા પગ કરી, શાલ ઓઢેલી સ્થિતિમાં ભગતબાપુ લાંબી દાઢી પસરાવતા બેઠેલા. દૂર સામે હોકો પડેલો. ત્યાં બાપુના અદના સેવક એવા વસરામભાઈ કાગ પણ બેઠેલા. બીજા બે ત્રણ ભાઈઓ બાપુની ખબર કાઢવા આવેલ. તે બેઠેલા હતા.

મેં જઈ ભગતબાપુને દંડવત્ પ્રણામ કર્યા. બાપુએ કાળા ગોગલ્સ પહેરેલ હતાં. મને તો ન ઓળખે પણ મારા પિતાજી નારણદાન સામતદાનજીથી પરિચિત હતાં. હું નારણદાન સિંહઢાયચનો દીકરો છું. ને આટલે દૂરથી આવ્યો છું, તે જાણી મારા પિતાજીના કુશળ સમાચાર પૂછ્યા, મેં કહ્યું કે, 'કણેરીથી હાલ આવું છું. પૂજય મા સોનલના અને શ્રી પિંગળશીભાઈના કુશળ સમાચાર સાંભળી રાજી થયા. મેં દુષ્કાળની અને પછી મારી નોકરી બાબતે વિગતે વાત કરી. જમીન વિકાસ બેંકના કર્તા-હર્તા મેનેજીંગ ડિરેકટરશ્રી હરિપ્રસાદ ત્રિવેદી ઉપર ભલામણ ચિઠ્ઠી લખી આપો તો મને નોકરી મળે, વિગેરે વાતો મેં પુજય ભગતબાપુને જણાવી. દુષ્કાળની વાતથી થોડા દ્રવિત થયા અને તરત જ વશરામભાઈ પાસે પોતાનું લેટરપેડ અને પેન મગાવ્યા.પૂજય ભગતબાપુએ મારી ભલામણ ચિઠ્ઠીમાં કાંઈક આવું લખેલ, તે થોડું યાદ છે.

**ભાઈ હરિપ્રસાદજી!**

**મજામાં હશો. મારી તબિયત અહીં જિંથરી સેનેટોરિયમમાં આવ્યા બાદ સુધારા પર છે. ભાવનગર આવવાનું થાય તો મળવાનો લાભ આપશો. હવે મૂળ વાત. તમે જાણો છો કે હાલમાં બનાસકાંઠામાં દુષ્કાળનું વાતાવરણ છે. ખેડૂતોને માલધારીઓની કપરી પરિસ્થિતિ ત્યાં છે. જીવન જીવવા આવકનું કોઈ સાધન નથી. આવેલ ભાઈ બનાસકાંઠાના મારા નિકટના સંબંધીના પુત્ર છે. તેણે તમારી બેંકમાં નોકરી માટે અરજી કરેલ છે. કપરા દુષ્કાળના સમયમાં તેમને તમારી બેંકમાં સમાવી લેશો. જો તમારા થકી તેને નોકરી મળશે તો ચારણ સમાજ ઉપર તમારો એક બીજો મોટો ઉપકાર થયો હું માનીશ.**

**–લિ.શુ.દુલા ભાયા કાગ**

આ પત્ર લઈ હું અમદાવાદમાં જમીન વિકાસ બેંકની રાજય લેવલની મુખ્ય ઓફિસ કે જે આશ્રમ રોડ ઉપર નટરાજ સિનેમાઘર પાસે આવેલી હતી, ત્યાં પહોંચ્યો. સવારે દસ વાગે બેંક મથકે જાઉં તો મુલાકાતીઓની લાંબી લાઈન જોઈ, લાઈનમાં જોડાયો. ત્યાં બેંકના પટાવાળાભાઈ મારી પાસે- 'કયાંથી આવો છો. નામ અને મુલાકાતનું કારણ'- કાપલીમાં લખાવવા આવ્યા. પટાવાળાભાઈએ જયાં ઓફિસમાં શ્રી હરિપ્રસાદજીની ચેમ્બરમાં આ કાપલીઓ આપી, ત્યાં તો તરત હરિપ્રસાદજીએ 'જિંથરીથી કવિ કાગ પાસેથી આવનાર ભાઈ અંદર આવે'- તેવું પટાવાળાને સૂચન કરતાં પટાવાળાભાઈ, મારી આગળ આટલી મોટી લાઈન હોવા છતાં, મને બોલાવી અંદર લઈ ગયો.

લાલબુંદ જેવો ભરાવદાર પડછંદ શરીરબાંધો, લશ્કરના કર્નલ જેવી માથે કેપ, એવા લગભગ ૬૦ વર્ષની ઉંમરવાળા શ્રી હરિપ્રસાદજી ત્રિવેદી સામે હું ઊભો રહ્યો. હાથ જોડી પ્રણામ કર્યા. તેમણે મને ખુરશીમાં બેસવા કહ્યું. કાગબાપુના કુશળ સમાચાર પૂછયા અને મુલાકાતનું કારણ પૂછયું. મેં ખિસ્સામાં રાખેલ કાગબાપુએ લખેલ ભલામણ ચિઠ્ઠી તેમના હાથમાં આપી. ચિઠ્ઠી ઉપર નજર ફેરવી પ્રેમથી મને કહ્યું, 'જુઓ આ નોકરી માટે એલ.ડી.સી. પાસ હોવું ફરજીયાત છે. તમે આ કોર્સ કરેલ છે?' મેં કહ્યું કે, 'હા સાહેબ! ૧૯૬૭માં પાટણથી એલ.ડી.સી. (લોવર ડીપ્લોમા ઈન કોઓપરેશન) પરીક્ષા પાસ કરી છે.' પોતે કહે, 'સારૂં! હવે આ નોકરી માટે ૩૫૦૦૦ અરજીઓ આવી છે, ને જગ્યા ૩૦૦ ભરવાની છે. પ્રથમ, આગામી માસમાં આ માટેની લેખિત પરીક્ષા આવશે. તે તમારે પાસ કરવી પડે. બાદમાં મૌખિક ઈન્ટરવ્યુ આવશે. જેમાં હું ચોક્કસ

તમને મદદ કરીશ. લેખિત પરીક્ષા થયા બાદ મૌખિક પરીક્ષાની તારીખ નક્કી થયા બાદ મને અહીં આવી મળી જજો પણ લેખિત પરીક્ષા તો તમારે પાસ કરવી જ પડશે.' અને બોલ્યા, 'આ ચિઠ્ઠી ભલે મારી પાસે રહી.'

ત્યારબાદ મા સોનલના શબ્દો મારા મગજમાં જાણે ગુંજતા રહેતા હતા કે, 'જા તને બેંકમાં નોકરી મળી ગયેલ છે.'... એકાદ માસ બાદ અમારી ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની નોકરી અંગે જાહેરાત બહાર પડતાં, તેમાં પણ મેં અરજી કરી. આ બેંકની લેખિત પરીક્ષા અને મૌખિક ઈન્ટરવ્યુ પાસ કર્યું. જેમાં અમને અમારા બનેવી શ્રી ભીમદાનજીનો સાથ સહકાર, પ્રોત્સાહન અને હૂંફ મળ્યાં. સમાજના હિતેચ્છુ એવા ખોડીદાનભાઈ ઝુલા અને શ્રી ટેકચંદશેઠ ઠક્કરની ભલામણથી બનાસ બેંકમાં નોકરી મળી ગઈ.

આ બાજુ જમીન વિકાસ બેંકના મેનેજીંગ ડિરેકટર શ્રી હરિપ્રસાદ ત્રિવેદી વિશ્વબેંકની લોન માટેની ચર્ચા કરવા વિદેશ ગયા અને ત્યાં વિદેશમાં જ તેમને હાર્ટ એટેક આવતાં નશ્વરદેહ છોડયો. હવે મારે જમીન વિકાસ બેંકની લેખિત પરીક્ષા આપવાની જરૂર ન હતી, કારણ કે ઘરઆંગણે બનાસ બેંકમાં નોકરી મળી ગયેલ હતી પણ આ બેંકમાં જે નોકરી મળી તે પુજય મા સોનલમાના આશીર્વાદ 'શબ્દો'... 'જા, તને બેંકમાં નોકરી મળી જ ગયેલ છે.' – આજ પણ મારા માનસપટ પર ગાજી રહ્યા છે.

***(નોંધ : તે સમયમાં નોકરી માટેની ભલામણ માટે, ભલામણચિટ્ઠીનું બહુ મહત્ત્વ હતું, જો કે આજે પણ છે.)***

(૯૬૮૭૭ ૫૮૦૫૯)

•••

### *નમોસ્તુતે હોસ્પિટલ*

માતાજીની દયા અને આપ સૌના અપાર સ્નેહ અને શુભાશિષને કારણે આજે અમારું એક સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે. નમોસ્તુતે હોસ્પિટલ્સ એટલે શહેરની બરાબર મધ્યમાં આવેલું એક એવું સ્વાસ્થ્ય સંકુલ(health unit) કે જયાં ગાંધીનગર best doctorsની એક ટીમ સતત આપની સારવાર માટે કાર્યરત રહેશે. એક જ જગ્યાએ તમામ પ્રકારની બીમારીઓનું નિદાન તેમ જ સારવાર મળી શકે એ માટેની તમામ અત્યાધુનિક સવલતો અહીં ઉપલબ્ધ રહેશે. દવાઓ, યોગ્ય નિદાન અને સારવાર આ તમામ બાબતો માટે તો આ સંકુલ આશીર્વાદરૂપ છે જ પણ સાથોસાથ અમારા તમામ સ્ટાફ મેમ્બર્સનું માયાળુ વર્તન આપના દર્દને હળવું કરવામાં ચોક્કસ મદદરૂપ બનશે એમ હું સ્પષ્ટપણે માનું છું. સવારના પહોરમાં સૂર્યનારાયણના પોંખણાથી માંડીને સંધ્યાની ઝાલર સુધી અહીં હવાઉજાસ ભરપૂર મળી રહે છે. જે દર્દીની પીડા કુદરતી રીતે જ હળવી કરવાની તાકાત ધરાવે છે. – **નેહલ ગઢવી,** *ડિરેકટર નમોસ્તુતે હોસ્પિટલ્સ, ગાંધીનગર.*

*(નેહલ જયદીપ ગઢવીએ નમોસ્તુતે હોસ્પિટલના શુભારંભની ખુશાલીમાં અને 'ચારણ સંસ્કૃતિ'ના વિશેષાંકની શુભેચ્છાના રૂા.૫૦૦૦/- મોકલ્યા છે, તેણી આપણી લેખિકા પણ છે. તેઓના સાહસને સોનલમા ટ્રસ્ટની શુભેચ્છાઓ)*

# ભૂજની વ્રજભાષા પાઠશાળાની સાંસ્કૃતિક વિરાસત

• જયમલ્લ પરમાર

લખપત વ્રજભાષા પાઠશાળાની કવિકુળ સંસ્થાના અઢી સૈકાના મહાન ઐતિહાસિક કાર્યને વધાવવા નખત્રાણા તાલુકાના નાના ગામ મોરઝરમાં બે દિવસના લોકમેળાનું. ૧૯૭૭ના જુલાઈ માસમાં લોકો વતી આયોજન થયું ને એ વખતે પાઠશાળામાં અભ્યાસ કરીને વ્રજભાષાના અને ચારણીબાનીના સાહિત્યની પરંપરાને જાળવી રાખનાર પાંચ વિદ્વાનોનું બહુમાન કરવા સન્માન સમારંભ યોજાયો તે અનેક રીતે ધન્યવાદને પાત્ર હતો.

વ્રજભાષા પાઠશાળામાં તો સેંકડો કવિઓએ ઉત્તીર્ણ થઈને કવિતાની ગંગોત્રી વહાવી હશે પણ વ્રજભાષા અને એ કાવ્યશિક્ષણની અસર નીચે આખું રાજપૂતાના (મેવાડ, મારવાડ સહિત),માળવા, સૌરાષ્ટ્ર અને ગુજરાતનું ૩૦૦ વરસનું કાવ્યસાહિત્ય આવી ગયેલું. ચારણીવાણી ઉપર તો આજ સુધી એનો પ્રભાવ પથરાતો રહ્યો છે. ડિંગળી અને ચારણીવાણીએ ૪૦૦ વરસથી વ્રજભાષાનું સખ્ય સાધેલું અને આજે ગુજરાતી, સોરઠી ને કચ્છી બોલીઓ તથા ગુજરાતી ભાષા સાથે સખ્ય સાધી વ્રજભાષાથી પુષ્ટ થયેલી ચારણીવાણી-લોકવાણી સામર્થ્ય વધારી રહેલ છે. એ પ્રભાવશીલ વ્રજભાષાને આપણે શૌરસેની અપભ્રંશ તરીકે ઓળખી છીએ. પ્રાચીન ગુજરાતી એની જ સહોદરી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પાંચ ચારણ વિદ્વાનોનું અમે બહુમાન કર્યું એ શારદાપીઠ જેવા વિશ્વવિદ્યાલય માટે ગૌરવ લેવા જેવું હતું પણ આવું સન્માન સામાજિક(પ્રજાકીય) ધોરણે થાય તે એથી પણ વધુ ગૌરવ લેવા જેવું છે. એથી લોકોમાં રહેલા લોકવાણીના ઉપાસકોની લોકો વડે પ્રતિષ્ઠા થાય છે. આવા પ્રસંગોથી લોકધરતીનું ખેડાણ થતું રહે છે.

ચિરંજીવી મૂલ્યોવાળી જે વાણી વિદ્વાનો અને કવિઓએ ઉપાસી હોય તેના ઉપર સમય જતાં પોપડાં બાઝે છે ને લુપ્ત થઈ ગયેલી લાગે છે પણ એ લોકધરતીમાં સરસ્વતી નદીની જેમ ઊંડી ઊતરી જાય છે.

ધરતીમાં જેમ મેઘધારાનાં અમી સીંચાય છે તેમ લોકધરતીમાં બધી જીવનધારાઓનાં અને બધી વિચારધારાઓનાં અમી સીંચાય છે. અહીં એ બધી ધારાઓ જનસામાન્યને જચે પચે એવા સ્વરૂપે એકરૂપે પુનઃ પ્રગટે છે. લોકવાણી એ લોકધરતીનો આવો પાક-પ્રકાર છે. ફરી આ વાણી વિદ્વતવાણી બનતાં આખરમાં અતિ ગહન અને દુર્બોધ બની જાય છે. પરિણામે તેનું ચલન બંધ પડે છે અને લોકોત્તર સાહિત્ય લોકવાણી (પ્રચલિત)નાં પયપાનથી ફરી સજીવન બની વહેવા લાગે છે. જનવાણીનું ગૌરવ કરવાથી જ એ શકય બને. ખોવાઈ ગયેલી વાણી નવયુગના સંદર્ભમાં સજીવન થઈ શકે એવું જૂનું રૂપ નમુનારૂપે રહે. યુગની માગ પ્રમાણે એમાંથી નવાનું સર્જન કરીએ તો જ એનો સ્ત્રોત ફરી પાછો વહેવા લાગે. લોકવાણીના ખેડાણ ઉપાસના વડે તે શકય બને. એ માટે ધરતી તપીને, આકાશનાં અમી જેમ પોતાના હૈયે ઉતારે છે તેમ તપવું પડે, સાધના કરવી પડે, ત્યાગના વૈરાગ્ય વિના વાગ્દેવી રીઝતાં નથી. યુગની માગને આંબવાનું સામર્થ્ય સૌથી વધુ આ લોકવાણીમાં પડયું છે. કચ્છમાં લોકવાણીનું સ્વરૂપ વધારેમાં વધારે જળવાઈ રહ્યું છે, એટલા માટે જ કચ્છીઓ સંસ્કૃતિના સાદને ઝીલતા રહે છે. આ સન્માન સમારંભ એનો દ્યોતક હતો.

કચ્છની ધરા પોતાની સંસ્કૃતિના અવશેષે એકધારા જાળવતી રહી છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ તો તે સમૃદ્ધ છે. શિષ્ટ સમાજમાં આજે જેની ઊણપ વરતાય છે એવી ઘણી અમીરાત કચ્છની ધરતીમાં જળવાઈ રહી છે.

આવા સંસ્કાર-સમારંભો કચ્છમાં યોજાતા

રહે છે. કચ્છના સુખ્યાત કવિ દુલેરાય કારાણીની ૭૫મી જન્મજયંતી કચ્છે દબદબાથી ઊજવેલી. એ પછી કચ્છે ગુજરાત ઈતિહાસ પરિષદને પોતાને આંગણે ઉતારી અને પુરાતત્ત્વ, શિલ્પ અને સ્થાપત્યની દષ્ટિએ કચ્છની છલકતી સમૃદ્ધિનો ગુજરાતના તદ્વિદોને પ્રત્યક્ષ દર્શનનો પરિચય આપ્યો. અજાયબ જેવી વાત છે કે કચ્છને સંગીતના પોતાના રાગો છે. કચ્છી ઢંગની ગાયકીની મસ્તી તો કોઈ ઓર છે. કચ્છી રાગોની એ કલા અને સંસ્કારઘૂંટી સૂરાવલિઓમાં મોજના તૂર્રા છોડતી મસ્તી ભરી છે. આધુનિકતાના ઓપ સિવાયનો 'કચ્છી રાગજી રોશનાઈ'નો એક ઉછરંગભર્યો સમારંભ રામસિંહજી રાઠોડની પ્રેરણા અને પુરુષાર્થથી ભૂજમાં ઊજવાયેલો.

કચ્છના ચારણ વિદ્વાનોની વિદ્વતા કચ્છની ૨૫૦ વર્ષ પુરાણી લખપત વ્રજભાષા પાઠશાળાને આભારી છે. સ્વરાજ પહેલાં થોડા સમયે બંધ પડેલી વ્રજભાષા પાઠશાળાનાં કવિકુળના મહાન વારસાને વધાવવાનું વિચારાયું. આ વ્રજભાષા પાઠશાળાએ સેંકડો વિદ્યાર્થીઓને કવિતા- સર્જનની તાલીમ આપી. આ કવિઓના કાવ્યપ્રસાદનો પ્રભાવ તેઓ જયાં જયાં ગયા ત્યાં ત્યાં પથરાતો રહ્યો. કૈંક રાજદરબારે રહ્યા ને કૈંક લોકો વચ્ચે આવીને વસ્યા. લોકો વચ્ચે આવીને વસેલા કવિઓની રચનામાં સ્થાનિક ભાષા કે બોલીઓનો પ્રભાવ પડતો રહ્યો અને તેમની કવિતા ધીરે ધીરે લોકાભિમુખ બનતી રહી. લોકો વચ્ચે કે લોકાશ્રયે જીવતા કવિઓનો લોકસાહિત્યમાં પણ ફાળો અપાતો રહ્યો. કચ્છમાં ઠકરાતો, જાગીરદારો ને રાવનાં રાજય રહેવા છતાં કચ્છની સંસ્કૃતિ એ લોકની સંસ્કૃતિ રહેતી આવી છે. કચ્છની ભૌગોલિક સ્થિતિનો એમાં ઘણો મોટો હિસ્સો છે.

વ્રજભાષા કાવ્યશાળાના ઇતિહાસને અર્ધ્ય અર્પવા એને લોકોત્સવનું-લોકમેળાનું સ્વરૂપ આપવાથી માણસાઈનું હીર પુનઃ પ્રગટશે એવી કચ્છની પ્રજાની શ્રદ્ધા સર્વથા ઉચિત છે. જે વ્રજભાષા સાથે ડિંગળીનું અને પ્રદેશ પ્રદેશની લોકબોલીનું મિશ્રણ થઈને એક સમર્થ બાની પેદા થયેલી એ વાણીનું સામર્થ્ય નવા યુગના સંદર્ભમાં નવા સ્વરૂપે લોકસંસ્કૃતિના ખમીર અને ખાનદાનીના અંશો સાથે, નવી ભાવના અને નવા વિચારોને ઝીલવાથી, આધુનિક સમાજની અશકિતઓને દૂર કરતી નવી લોકશકિત પેદા થશે અને લોકસંસ્કૃતિના ઉત્તમ અંશોને પણ જાળવી શકાશે. જૂનું એના મૂળ સ્વરૂપે ફરી પાછું ઊભું થવાનું નથી અને નવું એના સમગ્ર સ્વરૂપે સ્વીકાર્ય બને તેવું નથી. જૂના અને નવાના સંધિકાળે આપણે પહોંચ્યા છીએ ત્યારે બંનેના શુભ અંશોના સમન્વયમાંથી સ્વસ્થ,સમતોલ અને સર્વહિતકારી સાહિત્ય અને સમાજની રચના કરી શકશું. લોકો વડે સરસ્વતીના પુત્રોનું સન્માન થાય એથી લોકો સરસ્વતીનો પ્રસાદ પામે છે. લોકધરતી લોકસાહિત્યના સંસ્કારો વડે રસકસવાળી બને છે.

કચ્છનો વિદ્વાન વર્ગ પોતાની ધરતીનું, એની કલા અને સંસ્કૃતિનું ગૌરવ કરે છે. કચ્છમાં અને બૃહદ્ કચ્છમાં વસતા સાધનસંપન્ન કચ્છીઓ એ ગૌરવનો આદર કરતા રહ્યા છે. કચ્છના પનોતા પુત્રો 'કચ્છનું સંસ્કૃતિદર્શન' દેશને અને દુનિયાને કરાવતા રહ્યા છે.

મોરઝર ગામે ચારણ વિદ્વાનોનું બહુમાન કરવાનું વિચારાયું ને કચ્છનું સંસ્કૃતિદર્શન કરાવનાર રામસિંહજી રાઠોડના અધ્યક્ષસ્થાને સંભવિત ગૃહસ્થોની જે સન્માનસમિતિ રચાયેલી તેમાં વિવિધ જાતિઓના સજજનોને લેવામાં આવેલા. એ બતાવે છે કે કચ્છની સંસ્કૃતિ કોઈ એક-બે જાતિની નહિ, પણ કચ્છની તમામ જાતિઓના સંસ્કાર સમન્વયની નીપજ છે.

આ વિદ્વદ સમારંભનું સન્માન પામનારા વ્રજભાષા કાવ્યશાળાના અવશેષ સમા ને કચ્છી સાહિત્યને યથાશકિત-મતિ ખેડનારા વિદ્વાનોનાં નામ નીચે પ્રમાણે છે : રાજકવિ શંભુદાનજી રત્નુ, ભગવતીદાન રોહડિયા, જયમલાનંદ, ખાનજીભાઈ રત્નુ, વીરમજી દેથા અને ભીમજી રાવળ.

*('ઊર્મિ નવરચના' : સપ્ટેમ્બર-૧૯૭૭)*

• • •

# ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ યુનિવર્સિટી સંચાલિત શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર, ભૂજ–કચ્છ

• પુષ્પદાન શંભુદાન ગઢવી

આ કેન્દ્રની રચના ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ યુનિવર્સિટી સાથે રાજકવિ શ્રી શંભુદાન ઈશ્વરદાન ગઢવી મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી અજય પુષ્પદાન ગઢવીએ તા.૧૧/૧/૨૦૨૧ના રોજ એક M.O.U.માં સહી કરી ત્યારથી કરવામાં આવી છે. જેનું વિધિવત ઉદ્ઘાટન ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષશ્રી વિષ્ણુભાઈ પંડયા દ્વારા અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી જયરાજસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને તા.૪/૧૦/૨૦૨૧ના રોજ આયોજીત એક કાર્યક્રમમાં કરવામાં આવેલ હતી.

રાજકવિશ્રી શંભુદાન ઈશ્વરદાન ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ તરફથી આ કેન્દ્રને રૂા.૫૦૦૦૦૦ (પાંચ લાખ)નું અનુદાન તા.૨૮/૭/૨૦૨૧ના આપવામાં આવેલ છે. આપણને સૌને વિદિત છે કે શ્રી હમીરજી રત્નુ એ કચ્છના મહારાઓશ્રી દેશળજી પહેલાના રાજકવિ હતા. મહારાઓશ્રી દેશળજી પહેલા (શાસન કાળ સંવત ૧૭૭૫ – ૧૮૦૮ સને ૧૭૧૯-૧૭૫૨)કે જેઓને કચ્છમાં દેશરા કે પરમેશ્વરાના બિરૂદથી ઓળખવામાં આવે છે અને તેમના વારસ મહારાઓશ્રી લખપતજી કે જેઓએ સમગ્ર ભારતવર્ષમાં એકમાત્ર અને અજોડ એવી મહારાઓ શ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળાની સ્થાપના કરી હતી. (તેઓનો શાસનકાળ સંવત ૧૮૦૮ થી ૧૮૧૭, ઈ.સ.૧૭૫૨ થી ૧૭૬૧નો હતો) હમીરજી રત્નુ મહારાઓશ્રી લખપતજીના વિદ્યાગુરુ હતા.

હમીરજી રત્નુનાં દાદા ભારમલજી રત્નુને કચ્છના રાજવી મહારાઓ તમાચીજીએ રાજસ્થાનનાં બાડમેર જિલ્લામાં આવેલ ઘડોઈ ગામેથી માન-સન્માન સાથે કચ્છ બોલાવી રાજકવિનું પદ સંવત ૧૭૧૧-૧૨નાં અરસામાં આપ્યું હતું. આ ભારમલજીના ત્રણ પુત્રો (૧) ગિરધર (૨) ગોકળ અને (૩) હરિરામ પૈકી ગિરધરનાં પુત્ર હમીરજી થયા. જેઓ ઘણા જ વિદ્વાન હતા અને સંસ્કૃત, પ્રાકૃત, ભાષા - સાહિત્યમાં પિંગળ શાસ્ત્ર, ધર્મ શાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર, અદિમાં કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, રાજસ્થાન આદિનાં કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવતા હતાં.

શ્રી હમીરજી રત્નુ માટે તે વખતના સમયમાં એક કહેવાયેલા દોહા પરથી તેમની વિદ્વતા અને ખ્યાતિ માટેનો ખ્યાલ આવી શકે છે.

**બેઆ કવેસર બપડા, નદીઆ હંદા નીર;**
**(પુનઃ)ગુણ સાગર ગિરધર તણો,હય દરિયાવ હમીર.**

શ્રી હમીરજી રત્નુએ પોતાના જીવન કાળ દરમિયાન અનેક રચનાઓ કરી હતી જેનો ઉલ્લેખ ડો.નિર્મલા આસનાનીએ 'કચ્છ કી વ્રજભાષા પાઠશાળા એવમ્ ઉસીસે સંબંધિત કવિયોંકા કૃતિત્વ' શોધ મહાનિબંધમાં કરેલ છે. તેમાં શ્રી હમીરજી રત્નુની કૃતિઓ અંગે ઉલ્લેખ કરવામાં આવેલ છે જે નીચે જણાવ્યા પ્રમાણે છેઃ

૧) ગુણ પિંગલ પ્રકાશ
૨) લખપતિ ગુણ પિંગલ
૩) લખપતિ પિંગલ
૪) હરિજસ પિંગલ
૫) હરિજસ નામમાલા

૬) શ્રી કૃષ્ણરામ જીગલ સ્વરૂપરો છંદ
૭) શ્રી ખેચીરો છંદ
૮) શ્રી જોગ માયારો છંદ
૯) શ્રી ગીત ચોવીસ જાતરા
૧૦) જયોતિષ જડાવ
૧૧) બ્રહ્માનંદ પુરાણ
૧૨) ભાગવત દર્પણ
૧૩) શ્રી દેશલ વચનિકા
૧૪) શ્રી જદુવંશ વંશાવળી
૧૫) શ્રી જામ લાખાજીની નિશાની

શંભુદાનજી ગઢવી રચિત 'કચ્છ દર્શન' પુસ્તકમાં શ્રી હમીરજી રત્નુની કેટલીક રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મહારાઓશ્રી લખપતજી દ્વારા શરૂ કરવામાં આવેલ વ્રજભાષા પાઠશાળાની સ્થાપનામાં હમીરજી રત્નુનું યોગદાન અમૂલ્ય હતું. પાઠશાળામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ માટે રહેવા તથા જમવાની સગવડ કચ્છ રાજય દ્વારા કરવામાં આવતી હતી. જે પ્રથા મહારાઓશ્રી લખપતજી થી લઈ તેમના પછીના તેમનાં વારસ મહારાઓશ્રી મદનસિંહજી સુધી સારી રીતે નિભાવવામાં આવી હતી. મહારાઓશ્રી મદનસિંહજીએ પોતાના કચ્છ રાજયનું જોડાણ જૂન-૧૯૪૮માં ભારતના ગણતંત્ર રાજય સાથે કચ્છ મર્જર એગ્રીમેન્ટ પર સહી કરીને કરેલ.

ભારતને સ્વતંત્રતા મળી ત્યારે આપણી સંસ્કૃતિનું રક્ષણ કરવામાં વ્રજભાષા, પિંગલ અને ડિંગલ સાહિત્યનું ઘણું મોટું પ્રદાન હતું તેવું શિક્ષણ આપતી ભારતની એકમાત્ર વ્રજભાષા પાઠશાળાને કોઈપણ જાતનો વિચાર કર્યા વગર બંધ કરી દેવામાં આવી. મારા પિતાજી શંકરદાનજીએ આ પાઠશાળામાં સાત વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો અને પાઠશાળાનાં અંતિમ આચાર્ય તરીકે સેવા આપવાનો અવસર પણ પ્રાપ્ત કર્યો હતો. તેઓને આ પાઠશાળા બંધ થવાનો ઘણો રંજ હતો અને આપણી લોકશાહીનાં પ્રજાતંત્રમાં આ જાતનું પ્રશિક્ષણ આપતી પાઠશાળા ફરીથી કચ્છમાં શરૂ થાય તે માટેનાં ઘણાં પ્રયાસો કર્યા હતા. પરંતુ તેમાં સફળતા ન મળવાનો તેઓને તેમના જીવનના અંત સુધી રંજ હતો.

અત્રે હું ઉલ્લેખ કરવાનું ઉચિત સમજીશ કે વ્રજભાષા, પિંગલ તથા ડિંગલ સાહિત્યને સામાન્ય રીતે અને પ્રચલિત માન્યતા પ્રમાણે તેને જનસમાજમાં 'ચારણી સાહિત્ય' તરીકે ઓળખવામાં આવે છે. આ ચારણી સાહિત્ય એ કોઈ જાતિવાચક નામથી ઓળખાતું સાહિત્ય નથી. પરંતુ વિશેષ કરીને આ સાહિત્યના ક્ષેત્રનો અભ્યાસ અને તેની જાણકારી અને જાળવણી ચારણો તરફથી વિશેષરૂપે કરવામાં આવતી અને ચારણોને સરસ્વતી પુત્ર-સરસ્વતીના ઉપાસક તરીકે ઓળખવામાં આવતા તેથી આ સાહિત્યને ચારણી સાહિત્ય તરીકે ઓળખવામાં આવતું હતું.

આવા ચારણી-સાહિત્યના પ્રશિક્ષણ, પ્રચાર અને પ્રસાર માટે આદરણીય રતુભાઈ અદાણી કે જેઓ ગુજરાત રાજયમાં મંત્રી હતા ત્યારે જૂનાગઢ ખાતે લોકકાવ્ય શાળા શરૂ કરવા માટેના તેઓ દ્વારા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા હતા અને તે વખતે આવી લોકકાવ્ય શાળા નવ વર્ષ માટે શરૂ પણ થઈ હતી, જે પાછળની બંધ થઈ(૧૯૫૬ થી ૧૯૬૫).

રાજકોટના ઠાકોર સાહેબ મનોહરસિંહજી જાડેજા જયારે ગુજરાતના શિક્ષણ મંત્રી હતા ત્યારે તેઓએ આ શિક્ષણ સામાન્ય લોકોને પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમાં તેઓને સફળતા મળી ન હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડોલરરાયભાઈ માંકડે પોતાની આગવી કોઠા સૂઝબૂઝને લઈ તથા તેઓની આગવી પ્રતિભાને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આ સાહિત્યના વિષયો પર સંશોધન થાય, આ સાહિત્યને લગતી હસ્તપ્રતો જ્યાં હોય ત્યાંથી મેળવી તેની જાળવણી કરી તે પર સંશોધન થાય તે પ્રકારની કલ્પના કરી, આ કામ માટેના જાણકાર અને નિષ્ણાત શ્રી રતુદાનજી રોહડીયાની સેવા મેળવવાનું કાર્ય હતું.

મારા પિતાશ્રીની જન્મશતાબ્દીનો ઉત્સવ ભૂજ મધ્યે તા.૧૬/૧/૨૦૧૦ના ઉજવવામાં આવ્યો હતો. તે વખતે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ ઉત્સવમાં ખાસ પધાર્યા હતા. તે વખતે તેઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જે પ્રકારે આ સાહિત્યનું શિક્ષણ આપવાનું અને તેના પર શોધ-સંશોધન કરવાની જે સુવિધા આપવામાં આવી છે તે પ્રકારની સુવિધા રાજ્યમાં બધાને પ્રાપ્ત થાય, અને ખાસ કરીને નવી શરૂ થયેલ કચ્છ યુનિવર્સિટીમાં પણ આ પ્રકારનાં શિક્ષણ માટેની સુવિધા મળે તેવી તે વખતે રજૂઆત તેઓશ્રી સમક્ષ કરવામાં આવતા, શ્રી નરેન્દ્રભાઈએ અંગત રસ લઈ ગુજરાત સરકાર આ જાતના શિક્ષણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે જરૂરથી હકારાત્મક રીતે અને સક્રિયપણે વિચારશે તેવું આશ્વાસન આપ્યું હતું. મને જણાવતા આનંદ છે કે મુખ્ય મંત્રીશ્રીએ આપેલ આશ્વાસનનું ટૂંક સમયમાં પાલન કરી, ગુજરાત રાજ્યે આવા લોકસાહિત્યના પ્રચાર-પ્રસાર માટે '**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**'ની રચના કરી હતી.

મહારાઓશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળા વિષે ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત કવિશ્રી નાનાલાલ દલપતરામનો અભિપ્રાયઃ

કાવ્ય કળા શીખવાની કચ્છ ભૂજમાં પાઠશાળા હતી, આજે પણ છે. કવિઓ સર્જવાની એ કાવ્યશાળા કદાચ દુનિયાભરમાં અદ્વિતીય હશે. ઘણા કાવ્ય રસિકો ત્યાં ભણી રાજદરબારમાં કવિરાજ થયા છે. એ કાવ્યશાળામાં કાવ્યશાસ્ત્રો શિખવાય છે ને રસોપાસકોને નવરસની વાડીઓમાં ઘુમાવી ઋતુઓને તડકી છાંયડી, અભિસિંચન, ઉછેર, ફૂલ વીણન, ગૂંથન, બગીચા શાસ્ત્રનો શાસ્ત્રી ઉછરતા બાગબાનને ભણાવે એમ ત્યાં ભણાવાય છે. કચ્છના મહારાવનો ભૂજીયો સિંહાસન છે, પણ ભૂજની પોશાળા તે કચ્છના મહારાવનો કીર્તિ મુગટ છે.

લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના પ્રચાર-પ્રસાર થતો રહે અને જેનો લાભ આ સાહિત્યના જ્ઞાન પિપાસુઓ અને તે માટેના વિદ્યાર્થીઓ વધુ ને વધુ પ્રમાણમાં મેળવી શકે તે ઉદ્દેશથી ઉપર જણાવ્યા મુજબ શ્રી હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્રની રચના કરવામાં આવી છે.

આ કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય અને ચારણી સાહિત્યને લગતા પુસ્તકો માટેની એક લાઈબ્રેરીનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે શ્રી શિવશકિત સ્ટડી સર્કલ ટ્રસ્ટ(ભૂજ-કચ્છ) દ્વારા ચારણી સાહિત્યના અમૂલ્ય અને કેટલાક અપ્રાપ્ય એવા ૨૫૧ પુસ્તકો કેન્દ્રને ભેટ આપવામાં આવ્યા હતા.

સાંપ્રત સમયમાં વાંચવાની વૃત્તિ ધીરે ધીરે ઓછી થતી જાય છે ત્યારે આ પેઢીને ૩૦૦ વર્ષ જૂની વ્રજભાષા પાઠશાળાના ઈતિહાસની એક ઝલક મળી શકે, અને તે અંગે વિશેષ માહિતી મેળવવામાં રસ, રુચિ વધે તેવા હેતુથી આ પાઠશાળા પર એક શોર્ટ ફિલ્મ(ડોકયુમેન્ટરી) બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું અને આવી શોર્ટ ફિલ્મ બનાવવા માટે આ વિષયના નિષ્ણાત એવા શ્રી રાજેન્દ્ર હેમુભાઈ ગઢવીને

વિનંતી કરતાં, તેઓએ ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી આપી છે.

ઓલ ઈન્ડિયા સાહિત્ય એકેડેમી દ્વારા ભારતીય સાહિત્યના નિર્માતાઓની શ્રેણીમાં જોધપુર નિવાસી ડો.સોહનદાસ ચારણ લિખિત 'હમીરજી રત્નુ' પરની એક નાનકડી પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ સને. ૨૦૨૨માં બહાર પાડવામાં આવી છે.

ભવિષ્યમાં આ કેન્દ્ર દ્વારા કચ્છના લોક સાહિત્યમાં કચ્છની લોકવાર્તાઓ પૈકી કેટલીક મહત્ત્વની લોકવાર્તાઓનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરી પ્રસિદ્ધ કરવાનું પણ આયોજન છે તથા અન્ય લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના વૈકલ્પિક વિષય તરીકે અભ્યાસ કરાવવા માટેની વધુમાં વધુ સુવિધાઓ કચ્છ યુનિવર્સિટીમાં પ્રાપ્ત થાય તે માટેના આયોજન વિચારણા હેઠળ છે. કલ્યાણપુર પ્રાથમિક શાળા (કલ્યાણપુર તા.ભાણવડ, જિ.દેવભૂમિ દ્વારકા)ના મદદનીશ શિક્ષકશ્રી પ્રવીણકુમાર પી. સાંજવાએ ડો.અંબાદાન રોહડિયાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી 'કવિ હમીરજી રત્નુ : એક અધ્યયન' વિષય પર પોતાનો શોધ-મહાનિબંધ સને.૨૦૧૯માં તૈયાર કરી, પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

(૯૯૨૫૪ ૩૪૬૭૭)

•••

## *હરતાં ફરતાં હરિ સમરવા કદી ન આળસ કરવાનું*

હરતાં ફરતાં હરિ સમરવા કદી ન આળસ કરવાનું
રામ ભજન વિણ લખ ચોરાસી ફેરા માટે નહીં ફરવાનું
પ્રપંચ સઘળા પડતા મૂકી ધ્યાન નિરંતર ધરવાનું
આ દુનિયામાં નક્કી થયું છે જે જન્મ્યું એ તે મરવાનું
પરમારથમાં પ્રીતિ રાખો દુષ્કર્મોથી ડરવાનું
ગમે એટલો લોભ મળે પણ પાપી પગલું ન ભરવાનું
નવરા બેસી પરનિંદામાં કદી ન રાખો પડવાનું
એના કરતાં મૂંગા મોઢે કામ પોતાનું કરવાનું
દુનિયાની વાતોમાં કદીયે ઊંડું નહીં ઊતરવાનું
કોઈ પૂછે તો એવું કહેજો કોઈનું બુરું ન કરવાનું
કયાં સુધી આ ભવાટવીમાં ફેરા તારે કરવાનું
પિંગળશી કહે પ્રભુ ભજનથી આ ભવસાગર તરવાનું

– *પિંગળશીભાઈ ગઢવી*

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રતિ કેલેન્ડર વર્ષ ગુજરાતી ભાષા સાહિત્યના વિવિધ સાહિત્ય સ્વરૂપના શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક અર્પણ કરવાની યોજના અમલીકૃત છે. આ યોજના અંતર્ગત ડો.અંબાદાનભાઈ રોહડિયા લિખિત 'ચારણી સાહિત્ય : વિવિધ સંદર્ભે' પુસ્તકને લોકસાહિત્ય વિભાગમાં પ્રથમ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું. ડો.અંબાદાનભાઈ આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવારત છે.

## કાગ એવોર્ડ

• ડૉ.બળવંત જાની

ગુજરાતના ગૌરવસમા લોકસંસ્કૃતિના જ્ઞાતા અને જ્ઞાનના વડલા સમાન કવિ કાગની સ્મૃતિમાં એમની નિર્વાણતિથિ ફાગણ સુદ ચોથના દિવસે મોરારિબાપુ દ્વારા લોકસંસ્કૃતિના રખેવાળ સમાન ચાર કલા-ઉપાસકોને એવોર્ડથી વિભૂષિત કરવાનું આયોજન ઈ.સ.૨૦૦૨થી આરંભાયું. લોકસાહિત્યના સંપાદક-આલેખક, વાહક, સંરક્ષક, સંશોધક અને દિવંગત એમ ચાર એવોર્ડ વિચારાયેલા. ઈ.સ.૨૦૦૨ અને ૨૦૦૩ એમ બે વર્ષ સુધી ચાર-ચાર દિવંગત કલા-ઉપાસકોને એવોર્ડ અર્પણ કરાયેલા. ૨૦૦૪માં કલા-ઉપાસકોને અને પછી ૨૦૦૫થી પ્રત્યેક વર્ષે એક દિવંગત કલા-ઉપાસકનો સમાવેશ થતો. ઈ.સ.૨૦૧૧થી રાજસ્થાની લોકસાહિત્યના એક ઉપાસકનું ઉમેરણ થયું. એમ ૨૦૧૧થી કુલ પાંચ ઉપાસકોને 'કાગ એવોર્ડ'થી વિભૂષિત કરાય છે.

ઈ.સ.૨૦૦૬થી એવોર્ડ અર્પણ કાર્યક્રમ પૂર્વે સાંજના ગોરજટાણે 'કાગને ફળિયે કાગની વાતું' નામથી વ્યાખ્યાન-પરિસંવાદનું ઉમેરણ થયું. એમાંનાં અભ્યાસીઓનાં ત્રણ વકતવ્યો પછી મોરારિબાપુ પ્રાસંગિક વકતવ્ય આપે, જેમાં કાગના કવિત્વ સાથે સાંપ્રત સામાજિક મુદ્દાની માવજત હોય. એવોર્ડ અર્પણવિધિ એક પ્રતિષ્ઠિત અને ગુજરાતી લોકસાહિત્ય-ચારણીસાહિત્ય માટે ઉત્સવરૂપ પ્રસંગ તરીકે સ્થાપિત થયેલ છે. એવોર્ડમાં પ્રત્યેક કલાકારને રૂપિયા એકાવન હજારની ધનરાશિ, શાલ અને પુષ્પમાળાથી મોરારિબાપુના હસ્તે સન્માનિત કરવામાં આવે. છેલ્લે મોરારિબાપુનું કલાકારોનાં વ્યકિતત્વ અને કર્તૃત્વને આવરી લેતું ઉદ્‌બોધન-વકતવ્ય હોય.

લોકસરવાણીને વહેતી રાખતા અને વધાવતા તેમના વાણીપ્રવાહમાં અંઘોળ કરવા માટે જ જાણે કે દૂરદૂરથી કલાકારો-ચારણો પધારે. સવારથી આગમન આરંભાય. બપોરનું ભોજન અને રાત્રે પણ સમૂહપ્રસાદના પ્રસંગે મોરારિબાપુ પણ કાગને ફળિયે ભોજન-અંગીકાર કરે. આ એક ખરા અર્થમાં લોકસાંસ્કૃતિક ઘટના બની ગઈ છે. કલાપ્રેમીઓ ઉપસ્થિત હોય. એવોર્ડ અર્પણવિધિ પછી રાત્રે આરંભાય લોકસાહિત્ય-ચારણીસાહિત્યનું પ્રસ્તુતિકરણ. દરેક કલાકારની અપેક્ષા હોય કાગને ફળિયે લોકચારણી-સાહિત્યના પ્રયોજાયેલા યજ્ઞમાં આહુતિ માટે સમિધહોમની. વાગ્દેવીના કૃપાપાત્ર કલાકારો પોતાનો કંઠસ્થ વાણીપ્રવાહ વહાવે.

લોક-ચારણી-સાહિત્યની સાથે વણાઈ ગયેલું નામ છે કવિ કાગ. ઈ.સ.૨૦૦૨ થી આરંભાયેલા આ લોકસાંસ્કૃતિક પોંખણાને આ વર્ષે બાવીસ વર્ષ થયા.

અત્યાર સુધીમાં કુલ ૧૦૧ વ્યકિતઓને કાગ એવોર્ડ અર્પણ થયા છે. છેલ્લો કાર્યક્રમ તા.૨૩/૨/૨૦૨૩ના ગુરુવારે મજાદર(કાગધામ) ખાતે યોજાયો હતો.

**('આહુતિ' પુસ્તકમાંથી–આંશિક ઉમેરણ સાથે)**


(૯૮૨૫૦ ૭૫૦૯૮)

•••



# ધર્મ,જ્ઞાન,સંસ્કારનો સુમેળ 'હરિરસ સ્વાધ્યાય સભા'

• અચળદાન બોક્ષા



છેલ્લા અઠ્ઠાવીસ વર્ષથી ચાલી રહેલ હરિરસ સ્વાધ્યાય સભાના પાઠને જનસમુદાયે અનુષ્ઠાનરૂપે સ્વીકારેલ છે. સુરેન્દ્રનગર હરિરસ સ્વાધ્યાય સભા મહાત્મા ઈશરદાસજીના 'હરિરસ' અને 'દેવિયાણ' પાઠના ગુજરાત ઉપરાંત ગુજરાત બહાર વસતા હરિરસના ઉપાસકોને ત્યાં પાઠ કરી ચૂકયા છે.

લીંબડી રાજયના રાજકવિ સ્વ.શંકરદાનજી બાપુ દેથાને લીંબડી મહારાજા દોલતબાપાએ હરિરસ ગ્રંથ છપાવવા આજ્ઞા કરતા સ્વ.શંકરદાનજી બાપુ દેથાએ સૌરાષ્ટ્ર, રાજસ્થાન, કચ્છ, અન્ય પ્રાન્તોમાંથી ખ્યાતનામ વિદ્વાન કવિ ચારણ કવિઓ પાસેથી હસ્તપ્રતો મેળવી તેની ચોકસાઈ કરી પ્રથમ હરિરસ ગ્રંથ લીંબડીમાં પ્રકાશિત કર્યો.

આ પહેલા ભાવનગર તેમજ કચ્છમાં હરિરસ ગ્રંથ છપાયાનું જાણવા મળે છે. પરંતુ લીંબડીની હરિરસની પ્રથમ આવૃત્તિનો હરિરસ ગ્રંથ જન સમુદાયમાં વંચાતો ને ગવાતો થયો હતો.

હરિરસ ગ્રંથની હસ્તપ્રતોમાંથી દુહા, છંદ અને પદો વિગેરે એકત્રિત કરી તેનો અર્થ કરી ૩૬૦ દુહાનો ઈશરદાસજી રચિત ગ્રંથ જન સમુદાયને ઉપલબ્ધ થયો, ગ્રંથ માટે સમગ્ર જન સમુદાય લીંબડી રાજકવિ શંકરદાનબાપુનો આભારી છે.

શંકરદાનજી દેથાના સ્વર્ગવાસ પછી હરિરસના ચાહકોને ગ્રંથ મળવો મુશ્કેલ થયો. લોકો ગ્રંથ મેળવવા અહીં તહીં ફરતા હતા, પરંતુ હરિરસ ગ્રંથ ઉપલબ્ધ થતો ન હતો, ગ્રંથ અપ્રાપ્ય બનતા ગ્રંથને લોકાભિમુખ કરવા માટે તે સમયે ઈશરદાસજીની કૃપાથી અચળદાન શિવદાન બોક્ષાએ પિતાશ્રી શિવદાનજી બોક્ષાના સાહિત્ય સંગ્રહમાંથી હરિરસની આવૃત્તિ પ્રાપ્ત કરી. આ ગ્રંથ જીર્ણ અને જૂનો થઈ ગયો હતો. આવી સ્થિતિમાં જો 'હરિરસ' રહે તો 'હરિરસ' લુપ્ત થઈ જાય એમ માનીને વિચાર આવતા ગ્રંથને ફરી પ્રકાશિત કરવાનો વિચાર કર્યો અચળદાન બોક્ષાએ નિશ્ચય કર્યો એટલું જ નહીં, પરંતુ હરિરસ ગ્રંથ છપાવીને હરિરસ સ્વાધ્યાય સભા એ નામની સંસ્થાની રચના કરી 'હરિરસ સ્વાધ્યાય સભા' સુરેન્દ્રનગર દ્વારા ગુજરાત અને ગુજરાત બહાર 'હરિરસ' તથા 'દેવિયાણ' પાઠ યોજવાનું આયોજન ગોઠવાયું.

આ સ્વાધ્યાય સભા દ્વારા પાઠમાં કોઈની પાસેથી નાણાંકીય મદદ કે દાન દક્ષિણા નહીં લેવાનું નક્કી કર્યું. જે લોકો પોતાના ઘરે હરિરસ પાઠ કે દેવિયાણ પાઠ માટે હરિરસ સ્વાધ્યાય સભાને બોલાવે ત્યાં હરિરસ પાઠ કરી માત્ર આવવા-જવા માટેનું કિલોમીટર પ્રમાણેનું ભાડું અથવા વાહનની વ્યવસ્થા લેવામાં આવે છે. આ રીતે હરિરસ સ્વાધ્યાય સભા સુરેન્દ્રનગર પાસે કોઈપણ ફંડ કે રકમ એકત્રિત કરાતી નથી. નાણાંકીય લેવડ-દેવડ પણ કરવામાં આવતી નથી. માત્ર નિઃશુલ્ક પાઠ કરવામાં આવે છે.

હરિરસ સ્વાધ્યાય સભા દ્વારા ગુજરાતમાં તેમજ ભારતના યાત્રાસ્થાનો હરદ્વાર, જગન્નાથપુરી, અયોધ્યા, છપૈયા વગેરે સ્થળોએ હરિરસ પાઠ યોજવામાં આવેલ છે. મુંબઈ તેમજ ચેન્નાઈ શહેરના ચારણ સમાજને ત્યાં પણ પાઠ થઈ ગયેલ છે. કોઈપણ નાત, જાત, નાના મોટાના ભેદભાવ વિના આત્મા અને મનની શાંતિ માટે જન સમુદાયમાં આ અનુષ્ઠાન ચાલી રહ્યું છે.

સુરેન્દ્રનગર હરિરસ સ્વાધ્યાય સભાના સભ્યોમાં અચળદાન બોક્ષા,સ્વ.મનુભાઈ ટાપરીયા, નટવરદાન વીઠુ, ભૂપતદાન મહેડુ, મહેશકુમાર બોક્ષા, નટવરદાન ટાપરીયા, પ્રતાપદાન રત્નુ, બનેસીંગ રત્નુ, પ્રભાતદાન શામળ, અમીરદાન પોંડરસીંગા, મહેન્દ્રભાઈ બોક્ષા, રાજુભાઈ બોક્ષા, શીવદાન ક્રેસરીયા, રમુભાઈ રત્નુ, ભક્તિદાન બાદાણી, ડો.વિજયભાઈ ગઢવી, ડો.અશ્વિનભાઈ ગઢવી, રાજુભાઈ ટાપરીયા, ભગવતભા વડગામા તથા સ્વ.જશકરણદાન બોક્ષા, સ્વ.રાઘવદાન વીઠુ, સ્વ.પ્રભુદાન મોડ, સ્વ.વજુભાઈ વીઠુ, સ્વ.હિંમતલાલ પ્રજાપતિ, સ્વ.જગદીશભાઈ ટાપરીયા આ ઉપરાંત શ્રી સુરેશદાન શિવદાન શામળ, અમદાવાદ વગેરે તથા શ્રી મનહરદાન ટાપરીયા, વઢવાણ આ ઉપરાંત અન્ય સમુદાયમાંથી શ્રી અનવરભાઈ મીર, સ્વ.બાબુભાઈ રાણપુરા, શબ્બીરભાઈ મીર, અશોકભાઈ સોની, પ્રફુલભાઈ મહેડુ, ભૂપેન્દ્રભાઈ દવે, સ્વ.શિરીષભાઈ ઓઝા વગેરેએ પ્રવૃત્તિ માટે પોતાનું યોગદાન આપેલ છે.

આ સ્વાધ્યાય સભામાં કોઈ સભ્ય ફી, પ્રમુખ, મંત્રી જેવા હોદ્દા કોઈને આપવામાં આવેલ નથી. આ પ્રવૃતિ માત્ર પોતાના આનંદ અને ભાવથી ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે.

આ તમામ સંચાલન અચળદાન બોક્ષા અને નટવરદાન વિઠુના માર્ગદર્શન હેઠળ ચાલે છે. દરેક સભ્યો અચળદાન બોક્ષાને સાથ અને સહયોગ આપે છે.

**: ગ્રંથ રથ યાત્રા :**

૧) સૌ પ્રથમ ગ્રંથરથ યાત્રા હેમચંદ્રાચાર્યજીના પુસ્તક વ્યાકરણ ગ્રંથની પાટણના મહારાજાએ પાટણ નગરમાં યોજી હતી.

૨) ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે ડો.આંબેડકર સાહેબ(બંધારણના ઘડવૈયા)ના બંધારણની ગ્રંથયાત્રા સુરેન્દ્રનગરમાં યોજી હતી.

૩) હરિરસ સ્વાધ્યાય સભા સુરેન્દ્રનગર દ્વારા હરિરસની ગ્રંથ યાત્રા તા.૧/૩/૨૦૧૦ થી તા.૩/૩/૨૦૧૦ એમ ત્રણ દિવસ માટે સુરેન્દ્રનગર થી દ્વારકા સુધી ૩૫૧ કિ.મી.લાંબી રથયાત્રા યોજી હતી.

મહાત્મા ઈશરદાસજીએ હરિરસ ગ્રંથ ભગવાનને અર્પણ કર્યો હતો એ પ્રસંગની ઉજવણીના ભાગ સ્વરૂપ હરિરસ સ્વાધ્યાય સભા દ્વારા હરિરસ ગ્રંથ ભગવાન દ્વારકાધીશને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એક હજાર ઉપરાંત ચાહકો સાથે કેન્દ્રીય મંત્રી પુરુસોત્તમ રૂપાલા પણ ઉપસ્થિત રહેલ. રથયાત્રાના સહયોગમાં ગુજરાત રાજયના સચિવશ્રી વસંતભાઈ ગઢવી તથા કિરીટસિંહ રાણા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વર્ષાબેન દોશી, ધનરાજભાઈ કેલા વગેરે જોડાયેલ હતા.

રાજકોટ મુકામે ગ્રંથ યાત્રાના સ્વાગતમાં રાજકોટ ચારણ સમાજના આગેવાન અંબાદાન રોહડિયા, રામભાઈ જામંગ, નીતુદાન ઝીબા, રાજુભાઈ હેમુભાઈ ગઢવી વગેરેએ આયોજન કરેલ. જેમાં ભીખુદાન ગઢવી, માજી સાંસદ પુષ્પદાનજી (કચ્છ) તેમજ સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી આવેલ અન્ય મહેમાનો ઉપસ્થિત રહેલ હતા.

હરિરસ સ્વાધ્યાય સભા સુરેન્દ્રનગર દ્વારા અઠ્ઠાવીસ વર્ષ સુધીમાં દરેક જુદા-જુદા ગામ, શહેરો તથા જુદા-જુદા ઘરે અને દરેક જુદી જ્ઞાતિમાં મળી અત્યાર સુધીમાં ૧૫૭૦(એક હજાર પાંચસો સીત્તેર) પાઠ યોજવામાં આવેલ છે.

અમારા બોક્ષા પરિવારના વડીલ શ્રી પ્રવીણદાન પથાભાઈ બોક્ષા, નિવૃત્ત (IAS) તરફથી વખતો વખત સહયોગ અને માર્ગદર્શન મળતું રહેલ છે.

અમારા મૂળીના ગૌરવ સમા પી.પી. બોક્ષા(IAS)અને બિહારીદાન જે. ગઢવી(IAS) સામાજિક, ધાર્મિક અને અન્ય કાર્યમાં હંમેશા અમારી સાથે રહેલ છે.

મઢડાવાળા આઈમા બનુમાએ ખંભાળિયા રામભાઈ નાથાભાઈ ગઢવીના ઘરેથી દ્વારકા સુધી યાત્રામાં જોડાઈને અન્ય માતાજીઓ સાથે ગ્રંથ અર્પણ વખતે ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવેલ હતા.

(૯૦૯૯૮ ૫૧૧૨૫)

•••

# મહેસાણા જિલ્લાના ચારણો : પાંચ દાયકાની અલપ–ઝલપ

• પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી

ગુજરાત અને રાજસ્થાનમાં આણંદ – કરમાણંદ ચારણ–ગઢવીનું નામ લોક હૈયે છે. આ બન્ને કવિઓની સાહિત્યિક પ્રતિભા અનન્ય રહી છે. આ બેજોડ સાહિત્યકારો પિતા–પુત્ર હોવાના આધારો મળી રહે છે. તેમનો સમયગાળો આશરે વિ.સં.૧૧૫૦ થી ૧૨૫૦ વચ્ચેનો માનવામાં આવે છે. પાટણના સિદ્ધરાજે કરમાણંદજીને રાજકવિ બનાવ્યાં હતાં. ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી મારે વાત કરવી છે મહેસાણા જિલ્લાના ચારણ–ગઢવીઓની વિશેષ અને ખૂબીઓની. પાટણનો ઉલ્લેખ કરી આણંદ – કરમાણંદથી પ્રારંભ એટલે કરું છું કે રાજસ્થાનની આ બેલડીએ મધ્યકાલીન સમયમાં સિદ્ધરાજના દરબારમાં રાજસ્થાનથી આવી ઉત્તર ગુજરાતની ધરતી ઉપર, ચારણી સાહિત્યથી, ઉત્તર ગુજરાતના ચારણોને પોતાની પ્રતિભાથી ચારણ સંસ્કારોને ખીલવવામાં પ્રેરણા જગાવી હતી.

હવે મારે વાત કરવી છે મહેસાણા જિલ્લાની. છેલ્લા કેટલાંય દસકામાં અહીંયા ચારણોએ સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે રહીને પરંપરાગત સંસ્કારધનને ઉજાગર કરી નવી કેડી સજી, આજે નવયુગીન વાતાવરણમાં કેડીમાંથી વિશાળ માર્ગ બનાવી પ્રગતિના સોપાન સિદ્ધ કર્યા છે.

આજે યાદ આવે છે ઈ.સ.૧૯૭૪ની સાલ. મહેસાણાથી ૨૫ કિ.મી. દૂર મોઢેરા, ત્યાંના નિવાસી ખેતસિંહજી મીસણ. ૧૯૭૪માં વિદાય લીધી પરંતુ તેઓશ્રીએ આજીવન સાહિત્યની આરાધના કરી. ચારણી સાહિત્યના તેમજ લોક સાહિત્યના પ્રખર વિદ્વાન હતા. તેઓશ્રીએ ગુજરાત, રાજસ્થાનની ચારણી પ્રવાહનો અભ્યાસ કરી તેનું ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક મૂલ્ય લોકોને અર્પ્યું. તેઓ ઈતિહાસના તજજ્ઞ હતાં. એક સમયે પ્રગટ થતું ચારણ મુખપત્ર 'ચારણબંધુ'ના તેઓ સંપાદક અને અવનવા લેખોથી ચારણ સંસ્કાર ધનને નવપલ્લવિત કરતાં રહ્યાં. આ સાહિત્યકારે ગુજરાત રાજયના મહેસૂલી રેકર્ડમાં 'મૂઢેરા' ગામનું નામ હતું તેને 'મોઢેરા' કરાવવામાં દસ વરસની તપશ્ચર્યા કરી હતી. સંશોધક અને વિવેચક ખેતસિંહજી શિક્ષણ સાથે સંકળાઈ ગાંધીબાપુ અને લોકસાહિત્યના મરજીવા એવા ઝવેરચંદ મેઘાણી સાથે અનુસંધાન સાધતા રહ્યાં હતાં. લીંબડીના રાજકવિ શંકરદાનજી સાથેની ચારણી સાહિત્યિક પ્રીતિ અણમોલ હતી.

મહેસાણાથી વઢિયાર પંથકનો માર્ગ પકડીએ તો જયાં 'વેરાણા' ખાતે આઈ ખોડિયાર બિરાજમાન છે. આવી પાવનકારી ધરાના કવિ કાન ગાંગડાની રચનાઓ લોક હૃદયમાં આજેય ગૂંજે છે. મહેસાણા જિલ્લાના આસપાસના અનેક ગામોમાં છૂટાછવાયા અલ્પ સંખ્યામાં તો વળી

કેટલાંક આખે આખા ગામ ચારણોની વસતીથી પોતાની પરંપરાના ધબકારને સાચવીને બેઠેલાં, પરિવર્તનશીલ સમય સાથે ગતિશીલ રહ્યા છે. પ્રાચીન સંસ્કૃતિ, મધ્યકાલીન પ્રવાહ અને નવસંસ્કૃતિના પ્રવાહમાં આ જિલ્લાના ચારણોએ પોતાનું ચારણત્વ ગુમાવ્યું નથી. સાહિત્યિક અને સાંસ્કૃતિક કે ઐતિહાસિક મૂલ્યની જાળવણી સાથે કદમ મિલાવતાં અને નવપ્રસ્થાનના માર્ગે દષ્ટાંતરૂપ બની જૂજ વસતી હોવા છતાંયે લોકમાનસ ઉપર પોતાની પકડ રાખી છે. અન્યત્ર જિલ્લાઓમાંથી આવીને અહીંના નિવાસી બનેલાં ચારણોએ પણ ઓતપ્રોત થઈ આ જિલ્લામાં પોતાનું કાઠું કાઢયું છે.

મહેસાણા જિલ્લામાં - દેવરાસણ, કાલરી, બેચરાજી, સુરપુરા, મોઢેરા, સાંપાવાડા, દેથલી, ખાંભેલ, ચડાસણા,મણિયારી, વિરસોડા, જોટાણા, સાંથલ, મુલસદા, કુકસ, એંદલા, સાંથલ, કડી, ઈરાણા, આંબલિયાસણ તો એક સમયે મહેસાણામાં સામેલ હતાં એવા ગામ - કલોલ, છત્રાલ, માણસા, ચરાડા વગેરે ગામના ચારણ-ગઢવીઓ ગાયકવાડ સત્તા અને અંગ્રેજોના શાસન દરમિયાન પોતાની માન-મર્યાદા, પ્રામાણિકતા અને ચારણ તરીકેની ગરવાઈ જાળવી ઉન્નત મસ્તકે આગળ ધપતાં રહ્યાં છે. જેના પરિણામે આદર્શ શિક્ષકો, તલાટીઓ, અવ્વલ કારકુનો, પોલીસ વિભાગ, કલાસ વન અધિકારીના સ્થાનને શોભાવી પોતાના ગામ અને જિલ્લાને મદદરૂપ બન્યા છે.

અહીં જે ગામમાં ચારણ વસે છે ત્યાંની આધ્યાત્મિક ચેતના માતૃભકિતથી છલકાઈ છે યા તો ચારણ આઈયુંના સ્થાનકો છે. આ સ્થાનકોમાં કયાંય દેખાડો નથી પરંતુ ભકિત ભાવનાની બળુકાઈ જોવા મળે છે. દેવરાસણનું ખોડિયાર મંદિર કે કાલરીના સત્યાગ્રહી ત્રાગું કરનાર આઈ અદિબા, મા બહુચર કે ચરાડાના આઈ પીઠડ... વગેરે ગામોમાં બિરાજતી નવલખ લોબડિયાળી, ચોરાસેં ચારણ આઈયુંના ઘેર ઘેર પાવનકારી બેસણાં છે, આધ્યાત્મિક દીપજયોત પ્રગટતી નિહાળી શકાય છે. કયાંય અંધવિશ્વાસ કે ભૂવાપણાના દેખાડા નથી. કુકસ ગામમાં બિરાજતી ખોડલ કે મોગલ શ્રદ્ધાના કેન્દ્ર સ્થાન છે.

અહીંના શિક્ષિત ચારણો માત્ર ચારણી સાહિત્ય કે લોકસાહિત્યના જ ઉપાસક કે પ્રશંસક છે એવું નથી. પરંતુ છેલ્લા દસકોમાં વિકસિત અર્વાચીન ગુજરાતી સાહિત્યના અનુગામી બની વાર્તા, કવિતા, લેખ કે સંશોધન ક્ષેત્રે પોતાનું સર્જન આપ્યું છે.જેના દષ્ટાંત રૂપ દલિત સાહિત્યકાર અને શિષ્ટ સાહિત્ય સર્જક પ્રવીણ ગઢવી(મોઢેરા), મૂર્ધન્ય કવિ ઈસુદાન ગઢવી(દેવરાસણ), પ્રિ.ચંડીદાન રત્નુ(દેવરાસણ),દિલીપભાઈ ગઢવી, ધનજીભાઈ ઝુલા, સ્વ.શિવદાનજી ઝુલા મોખરે રહી સહુ કોઈના આદર્શ બની રહ્યા છે. તો બીજી બાજુ વકીલાતના વ્યવસાયમાં સ્વ.ઘનશ્યામ ગઢવી (દેવરાસણ),હસમુખદાન ગઢવી કસ્ટમ વિભાગમાં, RSI ના સ્થાને રમેશદાન ગઢવી,

કાલવીના મનહરદાન જેઓ રાજયકક્ષાના મંત્રીશ્રીના P.A.ના સ્થાને, ડો.નીરવ, ભાવિન, જયદીપ વગેરે, કલાક્ષેત્રે હમીરદાન(હેમુ), ભીખુભાઈ ગઢવી, ઘનશ્યામ ગઢવી(કલોલ), ચેતન ગઢવી(કલોલ), ડોકટર અશ્વિન કે.ગઢવી (ચરાડા), સુખદેવ ગઢવી સાયન્સ કોલેજના પ્રો.જગદીશભાઈ, તો ભૂતકાળની ભવ્યતા સાથેના સ્વ.શિવપ્રસાદ ગઢવી, ભરતભાઈ ગઢવી (ચરાડા), પ્રિ.પ્રભુદાન ગઢવી(છત્રાલ), પ્રિ.આર.કે. ગઢવી (ચરાડા), પ્રિ.આર.ડી.ગઢવી, સ્વ.ત્રિકમભાઈ ગઢવી તો દેવાસણના ઉચ્ચપદે રહેલાં ભૂતકાલીન અધિકારીશ્રીઓ અને ભૂતપૂર્વ રેલવે અધિક્ષકશ્રી દોલતસિંહ બાટી(ચરાડા),શ્રી આર.આઈ.ગઢવી વગેરે નિરંતર મહેસાણા જિલ્લાના ચારણોને પ્રોત્સાહિત કરી યુવાનોને પ્રેરણા પૂરી પાડે છે.

પૂ.આઈમા સોનલના સ્વપ્નને સાકાર કરતાં ચારણોના સંગઠને ૨૦૦૬ થી 'સોનલ બીજ' ઉજવવાનું શરૂ કર્યું. જેના પરિણામે જિલ્લાના ચારણો એકત્રિત થાય. ભકિત-આરાધના સાથે - પૂ.આઈમાના ભાવિ સંકલ્પો જે હતાં તેને સાકાર કરી સમાજ ઉપયોગી બની, ઉત્કર્ષ સાધી શકાય. અવિરત ચાલી રહેલી આ પ્રક્રિયા ૧૮ વર્ષ પૂરા કરી પૂ.આઈમાના શતાબ્દી વર્ષને નવી ચેતના સાથે ઉજવવાની નેમ ધરાવે છે. વિદ્યાર્થીઓને પારિતોષિક-ઈનામ, માતા-બહેન-દીકરીયુંને પરંપરાના સંસ્કારોથી ઉજાગર કરવા, ચારણત્વ સાથેની ચરજ-અરજ, તો શ્રેષ્ઠતમ કાર્ય કરનારને આવકારી-નવાજવાની પ્રવૃત્તિઓ ચાલે છે. સંપન્ન થતાં આ કાર્યક્રમમાં નરહરદાન ગઢવી (કાલરી), પ્રિ.ભરતદાન ગઢવી(વિડજ), હસમુખભાઈ વકીલ, રમેશદાન ગઢવી વગેરે અગ્રેસર રહી 'સોનલ બીજ' જાણે ચારણોના 'નૂતન વર્ષ'ને સુપેરે ઉજવવામાં સહયોગી બની રહે છે. મહિલાઓ પણ લજજાને જાળવતા પરિવર્તિત યુગમાં ભળી વસંતબા ડી.ઝુલા સરસ્વતીના ઉપાસક રહી લેખો લખે છે.

ચારણોના પ્રત્યેક ગામમાં શિક્ષણ વિક્રમી રહ્યું છે. દીકરીઓ અભ્યાસરત બની સિદ્ધિઓને આંબે છે. અત્યાધુનિક ટેકનોલોજી સાથે રહી આજનો ચારણ-યુવાન કમ્પ્યુટર માસ્ટર, ડોકટર્સ, એન્જિનિયર્સ બને છે. ઉત્તર ગુજરાતની વિશિષ્ટ બોલીનો 'ચારણ' - મહેસાણા જિલ્લામાં 'જયોત સે જયોત' પ્રકટાવનારો બની રહ્યો છે. મહેસાણા નિવાસી ચારણોને ઘેર ઘેર જૂની પેઢીની ચારણ-સંસ્કૃતિ વ્યવહાર જગતની સાથે જૂના ગ્રંથસ્થ અવશેષો સચવાઈને પડયા છે. આ જિલ્લામાં નેસવાસી ચારણ નથી પરંતુ ખેતી અને પશુ સાથેની પ્રીતિ જોવા મળે છે. નિરક્ષરતાનો યુગ આથમી ગયો છે, પરિણામે ઘેર ઘેર દીકરા - દીકરીઓ શિક્ષણથી લાભાન્વિત બની અંગ્રેજી માધ્યમને સ્વીકારતા પ્રગતિ સૂચક બની રહ્યાં છે. તો અનેક પરિવારોમાંથી છેલ્લા ત્રીસ વર્ષના સમયગાળામાં પરદેશમાં પણ સ્થિર થનારાં યુવક-યુવતીઓ છે.

(૯૪૨૯૧ ૭૩૭૮૯)

•••

# 'માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું'– કલાપી

• ચંડીદાન ગઢવી

**પાંચ દાયકાના સ્મરણીય સામાજિક પ્રસંગો**

સામાજિક, ધાર્મિક પ્રસંગો અને ઉત્સવો સમૂહભાવના, સંગઠન અને ઐક્ય તરફ દોરી જાય છે. આત્મીયતા અને સમાજ સુધારણાની ક્ષિતિજોને વિસ્તારિત કરી. ભાવિ પેઢીના સંસ્કાર, કેળવણી અને પારંપરિક સાંસ્કૃતિક અનુબંધને જાળવવાનું નિમિત્ત બની જાય છે.

દેવરાસણ(જિ.મહેસાણા)માં પૂ.આઈશ્રી સોનલમાનાં પાવન પગલાં પૂજનીય આઈશ્રી ખોડલ મંદિરના પ્રાંગણમાં અંકિત થયાં ત્યારે પિંગળશીભાઈ પાયક અને અન્ય જ્ઞાતિ મહાનુભાવોની ઉપસ્થિતિએ સમગ્ર સમાજને આનંદ – અબ્ધિમાં ગરકાવ કરી દીધાં હતાં. રત્નું અને સિંહઢાયચ માતાઓની કુમારિકાઓએ, પૂ.આઈનાં પુનિત ચરણને શત ઘડુલાઓના શુદ્ધ જળથી પખાળી આરતી ઉતારી હતી. મા ના ગુણલા ગાતાં ગીતોની રમઝટે, ઉપસ્થિત સહુ આબાલવૃદ્ધને આનંદ-વિભોર બનાવી દીધા. માનાં આશીર્વચનો અને સામાજિક કુરિવાજોને તિલાંજલિ આપવાની હાકલ સાથે કન્યા કેળવણી પર ભાર મૂકી એક તંદુરસ્ત સમાજના નિર્માણ પર ભાર મૂકયો ત્યારે સહુએ હર્ષોલ્લાસ અને સાદર વધાવી લીધો હતો. અન્ય મહાનુભાવોનાં પ્રવચનોએ યુવાવર્ગનો જુસ્સો વધાર્યો. માએ પ્રબોધેલ માર્ગ પર ચાલવાનો સંકલ્પ કર્યો. જેને પ્રતાપે આજે ગામમાં રત્નુ - સિંહઢાયચમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું છે. દહેજ, ચાંલ્લા અને અન્ય જડ રિવાજોથી મુકત રહ્યા છે. વહુઆરુને દીકરી તુલ્ય માની તેવો જ વ્યવહાર કરવામાં આવે છે. સરકારી નોકરી અને અન્ય રોજગાર વ્યવસાયોનું પ્રમાણ પણ ઘણું રહ્યું છે.

બીજો સ્મરણીય પ્રસંગ છે માનનીય ખોડીદાનભાઈ ઝૂલાના સન્માન સમારંભનો. માધવસિંહભાઈ સોલંકીના મંત્રીમંડળમાં, ઝૂલા સાહેબ બાંધકામ વિભાગના મંત્રી નિમાયા ત્યારે ગામના ચારણ સમાજે તેમને સન્માનવાનું આયોજન કર્યું હતું. પૂ.આઈશ્રી ખોડલના સાંનિધ્યમાં, માઘ માસની ઠંડી રાત્રિએ, સમાજ સાથે આખું ગામ હરખની હેલીએ ચઢયું હતું. ઢોલ, નગારાં, ત્રાંસા અને શરણાઈઓના મધુરસુરોએ સમગ્ર માહોલને સંગીતમય અને ખુશ્બૂભર્યો બનાવી દીધો. આવો ઉમટેલો માનવ મહેરામણ નિહાળી શ્રી ખોડીદાનભાઈ હર્ષથી ગદગદિત થઈ ગયા હતા. જ્ઞાતિજનો અને ગામના અન્ય વડીલોએ તેમનું ભાવભીનું સ્વાગત કરી, એક નાના સાંસ્કૃતિક કાર્યક્રમને મંત્રીશ્રી આગળ રજૂ કરી, વાતાવરણ જીવંત બનાવી દીધું. ઝૂલા સાહેબે સન્માન પ્રત્યુત્તરમાં કૃતજ્ઞતા વ્યકત કરી, હંમેશાં જ્ઞાતિના ઉત્કર્ષમાં સક્રિય રહેવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

આવો એક પ્રસંગ જ્ઞાતિરત્ન ભૈરવદાન ખેતસિંહ ગઢવી જયારે કેન્દ્રમાં રાજયકક્ષાના નાણાં મંત્રી નિમાયા ત્યારે તેમને સન્માનવા સમગ્ર ચારણ સમાજ આનંદિત બન્યો હતો. ગામથી થોડે

દૂર હાઈવે પરથી પૂરા આદર સાથે, પરંપરિત પોષાકમાં આભૂષિત કરી, શણગારેલા બળદ - ગાડામાં સુશોભિત આસન પર બિરાજિત કરી, નાચતાં-કૂદતાં, ઢોલ-નગારાં-ત્રાંસા-શરણાઈઓ અને બેન્ડવાજાંના રેલાતા સૂરોમાં મંચ ભણી દોરી ગયાં. કુમારિકાઓએ ગાગરડીના જળથી ત્રાંબાના લોટામાં તેમનાં ચરણોમાં જળ અર્પણ કરી, આરતીના પ્રકાશમાં તેમનું અભિવાદન કર્યું હતું. ચારણ સમાજના અગ્રણી વડીલોની સાથે અન્ય જ્ઞાતિજનોની માનાર્હ વ્યકિતઓએ ફૂલહારથી નવાજયા ત્યારે શ્રી બી.કે. સાહેબે દેવરાસણ પિતૃપક્ષના મોસાળમાં, વિતાવેલ સુખદ ક્ષણોનાં સ્મરણો યાદ કરતાં લાગણીશીલ બની ભાવુક બની ગયા હતા. તેમણે વતન સાંબરડાને નકશામાં આગવું સ્થાન આપી દીધું.

આપણી મુઠ્ઠીભર જ્ઞાતિમાં આવા મોંઘા નરરત્નો, ભાવિ પેઢીના માર્ગદર્શક બની જાય છે. એક વકીલથી પોતાની કારકિર્દી શરૂ કરી રાજકારણની દુનિયામાં પોતાની સફળતા સિદ્ધિ લહેરાવી જે સિદ્ધિ હાંસલ કરી તે યુવાઓ માટે આદર્શ બની રહી.

તેમજ સાથે બીજા મહાનુભાવ રામસિંહભાઈનું પણ એવા જ ઉમળકાથી સ્વાગત કર્યું. તે કલેકટરશ્રીના અંગત સચિવ પદે લાંબા સમય સુધી કાર્યરત રહ્યા. તેમની કાર્યનિષ્ઠા, વહીવટી સૂઝ અને પ્રામાણિકતા ઉપરી અધિકારીને તેમના પ્રત્યે સન્માન દાખવતા. તેમનાં સૂચનો, ભલામણો હંમેશ આવકાર્ય રહેતાં. તેમણે આ ગામના અસંખ્ય ચારણ-યુવાનોને પોતાને ઘેર રાખી, સરકારી નોકરીમાં જોડાવા માટે પૂરી તૈયારી કરાવી હાજર થવાની અનુકૂળતા વરસો સુધી ઊભી કરી હતી.

આ સિવાયના ગામના સપૂત ઘનશ્યામભાઈ મોજદાનભાઈ ગઢવીની વકીલની કારકિર્દીથી શરૂ થયેલી સફર અમદાવાદ, ભદ્ર સિટી કોર્ટમાં જજ તરીકે નિમાઈને સ્થિર થઈ. તે બાહોશ, નીડર, સ્પષ્ટવકતા, કડવું પણ સત્ય કહેવામાં કયારેય ડર્યા નથી. કોઈની શેહમાં તણાયા વિના, મોં પર કહી દેવાની નિર્ભિકતા તેમની પ્રકૃતિમાં હતી. કાયદાના પુસ્તકોના અભ્યાસી, પૂર્વતૈયારી સાથે જ કોર્ટમાં જજ બન્યા પછી જતા. તેમણે જજ તરીકે કેટલાક જજમેન્ટો આપ્યાં છે તે યાદ રહેશે. તેમનું હાર્ટએટેકથી નાની વયે નિધન થયું ત્યારે ગ્રામસભાનું આયોજન થયું હતું. તેમના જીવનનાં અને કારકિર્દીનાં સ્મરણોની પુસ્તિકા 'સ્મરણાંજલિ',શ્રી પાબુદાનભાઈ ગઢવી (નિવૃત્ત મામલતદાર) અને શ્રી રામદાનભાઈ ઈશ્વરદાનભાઈ ગઢવી(રત્નુ)(નિવૃત્ત એન્જિ., સુજલામ્ સુફલામ્ યોજના)એ જહેમત ઉઠાવી, આધારભૂત સામગ્રી એકઠી કરી, વિમોચન વિધિ કરી હતી.

પાંચ દાયકામાં આવા ઘણાં સ્મરણીય પ્રસંગોની જાહેર પ્રબંધ વ્યવસ્થા ગોઠવી નવી પેઢીને માર્ગદર્શક બનવાનું નિમિત્ત ગામના વિચારશીલ વર્ગને સાંપડયું છે, તે સોનલમાના આશીર્વાદ જ ગણાય.

(૯૪૦૮૬ ૮૬૬૨૭)


•••

# ગુજરાતનાં પદ્મશ્રી ચારણ મહાનુભાવો

• નરેન્દ્ર ઝીબા (નિતુભાઈ)

ચારણ ચોથો વેદ વણપઢયો વાતુ કરે ભાગે અગમ ભેખ. આવી રચના સર્વકાલીન ગણાવી શકાય કારણ આજે પણ ચારણના બાળકો શીઘ્ર કવિતાઓ કરવા માટે અગ્રેસર રહ્યા છે. સરસ્વતિપુત્ર ચારણે શબ્દ, સૂર, સંસ્કૃતિ અને સાહિત્યની સાધના કરી છે. મા સરસ્વતીની ઉપાસના કરી છે. હા, ક્ષેત્ર વિવિધ જરૂર રહ્યા છે પરંતુ તેમની ગરિમા એટલી ઉજજવળ રહી છે કે તેમને પદ્મશ્રી ના મળે તો પ્રશ્નાર્થ ઉભો થાય. ગૌરવની વાત એ છે કે ભારતના આ શ્રેષ્ઠ પુરસ્કારમાં ચારણ જ્ઞાતિનાં અને તેમાંયે સૌરાષ્ટ્રનાં ચાર મહાનુભાવોની ઉપાસના એ આ સિદ્ધિ અપાવી છે. કવિતા, છંદ, દોહા, લોકસાહિત્ય, ગીત અને ગઝલ ગાયનને ઉજજવળ કરી બતાવ્યા છે, તેવા ચારણોમાંઃ

**પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગ(૧૯૬૨)**



ચારણ જ્ઞાતિમાં અનેક મહાનુભાવોને પદ્મશ્રી એનાયત કરાયા છે પરંતુ વિવિધ ક્ષેત્રમાં પદ્મશ્રી પામેલા સાધકોની વાત કરીએ ત્યારે સૌથી શીરમોર નામ આવે શબ્દઉપાસક પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગ. મહુવા પાસેના મજાદર કે જે હવે કાગધામ નામથી ઓળખાય છે. કવિ કાગબાપુ ગુજરાતના સૌપ્રથમ ચારણ કવિ છે જેમને પદ્મશ્રી એનાયત કરાયો હતો. ૨૪ નવેમ્બર ૧૯૦૨ના રોજ જન્મેલા કાગબાપુ માત્ર કવિ જ નહીં, તેઓ સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની પણ હતા. માત્ર પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યા બાદ પરિવારનાં પશુપાલનના વ્યવસાયમાં મદદરૂપ બનવા લાગ્યા, સાથે સ્વાતંત્ર્ય આંદોલનમાં ભાગ લેવા લાગેલા અને પોતાની જમીન વિનોબા ભાવેને ભૂદાન આંદોલનમાં દાન કરી દીધી હતી. કાગબાપુએ સાવ સરળ શબ્દોમાં સમાજનાં દરેક વર્ગને સમજાય જાય તેવી શબ્દસાધનાથી લોકચાહના મેળવી છે. તેમણે કાગવાણી નામે ૯ ભાગ પ્રસિદ્ધ કર્યા છે જેમાં રામાયણ, મહાભારત, ભકિતગીત અને પ્રકૃતિને મનભરીને માણ્યા બાદ શબ્દરૂપે સ્વાદ જગત આખાને ચખાડયો. તેમણે મા, ગાંધીજી, યોગીજી મહારાજ, ભૂદાન વગેરે માટે અનેક રચનાઓ કરી. તેમની રચનાઓનો વિષય મોટાભાગે ભકિત અને પરમાર્થનો રહ્યો. તેમણે ગુજરાતી અને પિંગળ, ડિંગળ ભાષામાં અનેક રચનાઓ લખી, ઝવેરચંદ મેઘાણી સાથે પણ તેમણે સૌરાષ્ટ્રનાં ગામડે ગામડે ફરી લોક સંસ્કૃતિને માણી અને પોતાની વાણીમાં ઉતારી પણ ખરી. તેમણે દોહા, છંદ, ચરજ, કવિત, ભજન અને લોકગીતોની રચના કરી તેમજ ગાંધીજી અને વિનોબા ભાવે માટે મરશીયાઓ પણ લખ્યા છે. રાજકોટનું આકાશવાણી કેન્દ્ર એ કાગબાપુની દેણ છે. કાગબાપુની દરેક દરેક રચના સર્વકાલીન

રચનાઓ રહી છે. વિશ્વ આખામાં રજૂ થતા કોઈપણ ડાયરાની વાત આવે અને તેમાં કાગબાપુની રચના આજપર્યંત ના ગવાય તેવું બનતું જ નથી. તેઓ સર્વકાલીન કવિ બની ગયા છે. મહત્ત્વની બાબત એ છે કે, માત્ર પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કરનાર કાગબાપુને ભારત સરકાર દ્વારા ૧૯૬૨માં સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રનો પદ્મશ્રી ખિતાબ એનાયત કરાયો. તેમની અનેક રચનાઓ પ્રાથમિકથી લઈ કોલેજ સુધીનાં અભ્યાસક્રમોમાં સમાવાઈ છે. તેમની ચારણ કન્યા, આવકારો મીઠો આપજે અને કેવટ પ્રસંગની રચનાઓ અભ્યાસક્રમમાં ભણાવાય છે. તેમની એક રચના મને ખૂબ ગમે છે..**ઓલ્યા ઝાડવા પોતાના ફળ નથી ખાતા રે ઉપકારી એનો આત્મા હો જી.. ગાવડી પોતાના દૂધ નથી પીતી.. ધરતી પોતાનાં કણ નથી ખાતી.. દરિયો ન પહેરે મોતીડાંની માળા...** બસ આ જ રીતે પરોપકારી જીવન જીવનાર પદ્મશ્રી કાગબાપુના સન્માનમાં ૨૫ નવેમ્બર, ૨૦૦૪ના રોજ તેમની ૧૦૨મી જયંતી નિમિત્તે ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તેમની સ્મૃતિમાં પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી છે. મોરારિબાપુના હસ્તે દર વર્ષે કાગધામ ખાતે પાંચ વ્યકિતને કાગ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. કાગબાપુ વિષે અને તેમની રચનાઓના ઊંડાણ વિષયે લખવા બેસીએ તો તો કદાચ અનેક વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી શકે તેમ છે. તેમણે ચારણ જ્ઞાતિમાં ૧૯૬૧માં સૌપ્રથમ સમૂહલગ્નની શરૂઆત કરાવી. કુરિવાજો અને વ્યસનોમાંથી સમાજને ઉગારવા પૂજ્ય મા સોનલમા સાથે અનેક પ્રવાસો કર્યા. શિક્ષણ અને સાહિત્યની સેવા સાથે દેશસેવામાં પણ તેમનું યોગદાન અવિસ્મરણીય છે. કાગબાપુએ આકાશવાણીના માધ્યમથી ગાતાસરવણ કાર્યક્રમ રજૂ કરી પોતાની સંગીત કલાને પણ લોકો સુધી પહોંચાડી. આજે પણ તેમના ગાયેલા અનેક ગીતો અને કવિતો, છંદો આકાશવાણીમાં રેકોર્ડ થયેલા છે. તેમની સીડી પણ ઉપલબ્ધ કરાઈ છે. ઝવેરચંદ મેઘાણી જયારે જયારે કાગબાપુ સાથે પ્રવાસ કરતા ત્યારે હંમેશાં એક વાત કરતા કે હું તો ચારણનો ટપાલી છું. તેઓ ૭૫ વર્ષની વયે એક ઋષિતુલ્ય જીવન જીવીને ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૭માં સ્વર્ગવાસી થયા.

તેમનો જ દોહોઃ

**હોય ગુના કોઈ ન્યાતના માડી, ચારણો કેરે ભાગ,**
**ઈ સૌને છોડી મેલજે અંબા,હું એકલો ભોગવું કાગ.**

આજે આપણે આપણા અતુલ્ય શબ્દસાધક પદ્મશ્રી દુલા ભાયા કાગની શબ્દોપાસનાને અને તેમના જીવનકવનને વંદન કરીએ.

૦૦૦

## પદ્મશ્રી પંકજ ઉધાસ(૨૦૦૬)



કાગબાપુને પદ્મશ્રી એનાયત થયાના બરાબર ૪૪ વર્ષ બાદ ૨૦૦૬માં ફરીને રાજકોટ જિલ્લાનાં ચરખડી ગામનાં પંકજ ઉધાસને પદ્મશ્રી એનાયત થયો. ૧૭ મે, ૧૯૫૧ના રોજ પિતા કેશુભાઈ અને માતાજી જીતુબાના ત્રણ દીકરાઓ

પૈકી સૌથી નાના દીકરા પંકજભાઈએ સમગ્ર વિશ્વમાં એક અનોખી પ્રતિષ્ઠા મેળવી છે. તેમના મોટાભાઈ મનહર ઉધાસ પણ આજે વિશ્વભરમાં ગુજરાતી ગઝલસમ્રાટ તરીકે તેમજ પ્લેબેક સિંગર તરીકે નામના મેળવી ચૂકયા છે. નાનાભાઈ નિર્મલભાઈ પણ ખૂબ સારા ગઝલ ગાયક છે. પંકજ ઉધાસને પદ્મશ્રીથી સન્માનવામાં આવ્યા ત્યારે તેમણે જણાવેલ કે તેમના મિત્રએ તેને આ ખુશીના સમાચાર આપ્યા હતા. તેમને ખ્યાલ નહોતો.

પંકજ ઉધાસ રાજકોટની સંગીત અકાદમીમાં તબલા શીખવા ગયેલા ત્યારે તેમને કલ્પના નહોતી કે તેઓ આ મુકામ હાંસલ કરી શકશે. દેશ-વિદેશમાં ગઝલ ક્ષેત્રે પંકજ ઉધાસ દ્વારા અનેક ગઝલ આલ્બમ રજૂ કરાયા છે જેની મહત્ત્વની બાબત એ છે કે, દરેક ગઝલનું કમ્પોઝીશન પોતે જાતે જ કરે છે. પછી હિન્દી, ઉર્દુ કે ગુજરાતી ગઝલ બસ એક મખમલી અવાજમાં રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કરી દે છે. મોટાભાઈ મનહર ઉધાસે પણ દરેક ગુજરાતી ગઝલોનાં કમ્પોઝિશન પોતાની સૂઝથી જ કર્યા છે. તેમની એક ખાસિયત એ પણ રહી છે કે, તેઓ જયારે ગુજરાતી ગઝલોનો આલ્બમ બજારમાં મૂકે છે ત્યારે તેના દરેક આલ્બમનું નામ 'અ' અક્ષરથી જ શરૂ થાય છે. પંકજ ઉધાસે તબલાની તાલીમ લીધા બાદ ગુલામ કાદીર ખાન સાહેબ પાસેથી હિન્દુસ્તાની કલાસિકલ સંગીતનો અભ્યાસ કર્યો. બાદમાં તેઓ મુંબઈ ગયા અને ગ્વાલિયર ઘરાનાના ગાયક નવરંગ નાગપુરકર પાસેથી સંગીતની તાલીમ લીધી. મુંબઈમાં સ્થાયી થયા બાદ કામના ફિલ્મમાં સૌપ્રથમ તેમને પ્લેબેક સિંગર તરીકે તક મળી પરંતુ આ ફિલ્મને લોકોમાં સફળતા મળી નહોતી ત્યાર બાદ તેમણે ગઝલ સિંગર તરીકે આગળ વધવા તેઓ કેનેડા અને અમેરિકામાં દશ મહિના રહ્યા અને ત્યાં ગઝલ સિંગર તરીકે અનેક કાર્યક્રમો આપ્યા બાદ તેઓ મુંબઈ પરત ફર્યા અને ૧૯૮૦માં પહેલો ગઝલ આલ્બમ આહટ પ્રસિદ્ધ કર્યો. એ જ અરસામાં હિન્દી ફિલ્મ 'નામ'માં પોતે ગાયેલું ગીત 'ચિઠ્ઠી આઈ હૈ વતન સે ચિઠ્ઠી આઈ હૈ..' ખૂબજ સુપર હીટ રહ્યું.ત્યાર બાદ તો મખમલી અવાજનના ગઝલ ગાયક તરીકે પંકજ ઉધાસે ૨૦૧૧ સુધીમાં પચાસથી વધુ ગઝલ આલ્બમ પ્રસિદ્ધ કર્યા. હિન્દી ફિલ્મ પ્લેબેક સિંગર તરીકે તેમણે અનેક ગીતો, સોલો તેમજ લતા મંગેશકર અને સાધના સરગમ વગેરે સાથે ગીતો ગાયા. ૧૯૮૭માં મ્યુઝિક ઈન્ડિયા કંપની દ્વારા ભારતમાં કોમ્પેકટ ડીસ્કમાં સૌ પ્રથમ વખત 'શગુફ્તા' આલ્બમ રજૂ કર્યો. તેમણે ટેલિવિઝન ક્ષેત્રે સોની ટીવી પર 'ટેલેન્ટ હન્ટ' પ્રોગ્રામ 'આદાબ અર્ઝ હૈ' નામથી પ્રોગ્રામ રજૂ કર્યો.

૧૯૮૫માં સૌ પ્રથમ 'કે.એલ. સાયગલ એવોર્ડ' બેસ્ટ ગઝલ સિંગર ઓફ ધ યરનો મળ્યો ત્યારથી ૨૦૦૬ સુધીમાં ભારત અને વિદેશમાં મળી અનેક એવોર્ડ મેળવ્યા. પરંતુ ૨૦૦૬માં તેમને પદ્મશ્રી મળતા સૌરાષ્ટ્રનાં ફરી બીજા ચારણને આ એવોર્ડ મળ્યો. ૧૯૮૦માં આહટ આલ્બમથી શરૂ કરેલી ગઝલ આલ્બમની યાત્રામાં ૨૦૧૮માં 'મદહોશ' અને 'નાયાબ લમ્હેં વીથ ગુલઝાર' જેવા પચાસથી વધુ આલ્બમ જેમાં મોટા ભાગનાં પોતાના કમ્પોઝીનશનવાળા પ્રસિદ્ધ કર્યા. જહોન અબ્રાહમ પંકજ ઉધાસને પોતાના મેન્ટર-માર્ગદર્શક કહે છે.

ગઝલ ગાયક તરીકે એ સમયમાં વિશ્વ વિખ્યાત ગુલામ અલી, જગજીતસિંઘ, ભૂપેન્દ્રસિંઘ, તલત અઝિઝ વગેરે જેવા અનેક દિગ્ગજ ગઝલ ગાયકોની વચ્ચે પંકજ ઉધાસે

પોતાના મખમલી અવાજ અને ગઝલોના અનોખા કમ્પોઝીશનથી પોતાનું એક અલગ જ નામ કરી બતાવ્યું. 'નિકલો ના બે નકાબ જમાના ખરાબ હૈ', 'ઝીલ મેં ચાંદ નજર આયે તો', 'એક તરફ ઉસકા ઘર એક તરફ', 'ચિઠ્ઠી આઈ હૈ', 'ચાંદી જૈસા રંગ હૈ તેરા', 'દુઃખ સુખ થા એક સબકા' વગેરે ગીત અને ગઝલોએ પંકજ ઉધાસને પદ્મશ્રીની ઉંચાઈ પર લઈ જવાની લોકચાહના મેળવી છે.

ooo

**લોકસાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવી (૨૦૧૬)**



જૂનાગઢ ખાતેના ગરવા ગીરનારની ગોદમાં સાધુ સંતો અને ભકતો વચ્ચે એક ચારણ ૧૯૪૮માં જન્મે અને તે માંડ જૂની એસએસસી સુધી અભ્યાસ કર્યા બાદ જૂનાગઢનાં ગાંધીગ્રામ વિસ્તારની ગરીબીમાં ૧૧ વર્ષની વયે ગરબા ગવડાવે અને ૨૦ વર્ષની ઉંમરે સૌપ્રથમ સાહિત્ય જગતના બારણે ઉભા રહીને સંસ્કારની વાતોના સ્ટેજ ઉપર લોકસાહિત્યને રજૂ કરી શકે એ સાધનાની કદાચ સુવર્ણજયંતિ ઉજવાય અને સાથે સાથે આ લોકસાહિત્યકાર દેશ-વિદેશનાં સીમાડાઓ ઓળંગી અને આજે ભારત દેશ આખો અમૃત મહોત્સવ ઉજવે પંચોતેર વર્ષે ત્યારે ગુજરાતી પ્રજાનાં હૃદય ઉપર જેની વાણીના અમૃતે મહોત્સવ ખીલવ્યો છે તેવા સમર્થ લોકસાહિત્યકાર અમૃતવર્ષમાં પ્રવેશ્યા છે. પરંતુ તે પહેલા તેઓ ૨૦૧૬માં સૌરાષ્ટ્રની ધરતીના ત્રીજા સૌરાષ્ટ્રનાં ચારણ મુરબ્બી ભીખુદાન ગઢવી પદ્મશ્રી ખિતાબના અધિકારી બની ચૂકયા છે એ સમગ્ર ચારણ સમાજ અને લોકસંગીત, લોકસાહિત્ય અને સંસ્કારિતાને ઉજાગર કરનાર ગુજરાતી સમાજ માટે એક ગૌરવશાળી ઘટના છે. આમ તો પદ્મશ્રી ભીખુદાનને સંગીત નાટક અકાદમી એવોર્ડ, ગુજરાત ગૌરવ પુરસ્કાર અને પદ્મશ્રી દુલા ભાયા કાગ એવોર્ડ જેવા અનેક દેશ વિદેશના સન્માનો મેળવી ચૂકયા છે. પરંતુ આજે જે વાત પદ્મશ્રીની છે તે એક અલગ જ ખેડાણ કે જેમાં કાગબાપુના, ઝવેરચંદ મેઘાણી, કવિ દાદ અને અનેક ચારણોના ગીતો, દુહાઓ, છંદો, હળવી વાતો જેવા કે જીવનમાં શીખ આપી શકે તેવા પ્રસંગો જેવી સંસ્કારની વાતોને હળવા હાસ્ય સાથે કે ગંભીર ગરિમાપૂર્ણ ઘટનાઓ સાથે પોતાની વાણીથી રજૂ કરી સાથે સાથે શિષ્ટ સાહિત્યકારોના કવિત, મુકતકોને પણ જોડીને લાખો લોકોને હસાવી પણ દીધા છે તો સાથે રડાવી પણ દીધા છે, દેશદાઝની વાતોથી લોકોને સંસ્કારનું સિંચન કરીને પણ તેમણે દેશભકિતને ઉજાગર કરી છે. આવા ઝીંદાદિલ અને હંમેશાં જેની રચના ગાય તેમના નામનો ઉલ્લેખ કયારેય ચૂકે નહીં તેમજ જેમની પાસે કોઈ વાત મળી હોય કે તેમને જાણવા મળ્યું હોય તો તેમનો સ્ટેજ પરથી કે જાહેરમાં ઉલ્લેખ કરી બીજાને પણ ગૌરવ અપાવે તેવું વ્યકિતત્વ એટલે ભીખુદાન ગઢવી એટલા નિખાલસ અને સરળ વ્યકિત કે જયારે પણ મને મળે ત્યારે અચૂક એક વાત કરે કે મને લોકગીતો ગાતા જબરદાન ઝીબાએ શિખડાવ્યા, તેમના સાથે અનેક કાર્યક્રમો કર્યા, જૂનાગઢમાં અમે રાતોની રાતો સ્ટેજ ગજવતા અને મારા માનસપટ પર એ વાત આવી ચડે કે, આજે આ ૭૫ વર્ષની

ઉંમરે હજુ જેના વિચારમાં, જેની રજૂઆતમાં કે જેની ખમીરતાભરી ખાનદાનીમાં નિખાલસતા સાથે સ્ટેજ ગજવી શકવાની વાત રૂંવાડા ઉભા કરી દે છે તો ખરેખર એ પાકટ યુવાનીમાં કેવા સ્ટેજ ગજવ્યા હશે તે તો તે સમયે તેમને જેણે જેણે માણ્યા હશે, સાંભળ્યા હશે તે જ કહી શકે. આપણે એટલું જરૂર વિચારી શકીએ કે ભીખુદાનભાઈમાં આજે સાહિત્ય, સંગીત અને સંસ્કૃતિનાં સંસ્કારની સૌરભ અકબંધ રહી છે. આજની પેઢી કે જે લોકસંગીત અને લોકસાહિત્ય સ્ટેજ ઉપરથી રજૂ કરી રહી છે તેમણે સમયના પાકા કેમ બનવું તે ભીખુદાનજી પાસેથી શીખવું પડે. કાર્યક્રમ જે સમયે શરૂ કરવાની વાત થઈ હોય તેના એકાદ કલાક પહેલા ભીખુદાનજી પહોંચી જ જાય, સાથે સમયમર્યાદા અપાઈ હોય તે સમયે પોતાની વાતને પૂર્ણ પણ કરી જાણે. આ અખંડ સાધના અને કલાની ઉપાસનાએ જ તેમને પદ્મશ્રીના અધિકારી બનાવ્યા હોય એ વાત નક્કી જ છે. કોઈપણ વાતનું મંડાણ કેમ કરવું, તેની રજૂઆત કયાં લઈ જવી, પ્રેક્ષકોનો મૂડ જોઈ તેમની ગમતી વાત અને સાહિત્યને કઈ રીતે રજૂ કરવું અને નાના બાળકોથી માંડી મોટા વડીલો, બહેનો, દીકરીઓ કે નારીશકિતની વાત હોય તો એટલી બખૂબી રજૂ કરી જાણે કે જાણે એ આપણા જીવનની કે આપણી આસપાસની ઘટનાઓને તાજી કરી રહ્યા છે. આપણામાં પણ તેઓ જે રજૂઆત કરી રહ્યા છે તે સંસ્કાર છે તેવો અહેસાસ કરાવી જાણે. દરેક રચનાઓને ગાઈને કે લોકસંગીતના ઢાળમાં પોતાની આગવી શૈલી સાથે રજૂ કરીને શબ્દ રચનાઓને પણ એક નવો ઓપ આપવામાં ભીખુદાનજીનું યોગદાન અનેરું રહ્યું છે. એક વખત મેં મારા ઘેરે પૂછી લીધેલું કે તમને ગમતી વાત કઈ કે જે તમે કાર્યક્રમ દ્વારા લોકો સુધી પહોંચાડવા માગતા હો ત્યારે કહે છે કે, કાગબાપુની રચનાઓ, મેઘાણીની વાતો અને ચારણ કવિઓના દુહા છંદો જયાં સુધી લોકસાહિત્યના કાર્યક્રમમાં રજૂ ના થાય ત્યાં સુધી કાર્યક્રમ અધૂરો ગણાય. યુવાનોને સંસ્કાર અને સંસ્કૃતિની સમજ સાવ સરળ માધ્યમ દ્વારા આપવી હોય તો લોકડાયરાઓના માધ્યમથી લોકસંગીત અને લોકસાહિત્ય પીરસી આપી શકાય.


ભીખુદાનજીએ ૩૫૦થી વધુ ઓડિયો કેસેટ, હજારો સ્ટેજ કાર્યક્રમો અને ૩૦થી વધુ દેશોમાં લોકસાહિત્ય અને લોકસંગીતના માધ્યમથી ભાડાનું મકાન, ખાનદાનીનું ખમીર જેવી અનેક વાતો અને અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ગુજરાતીઓને ગુજરાતી હોવા પ્રત્યે ગૌરવાન્વિત કરવામાં સફળ થયા છે.

તેઓ હળવાશ સાથે કહે છે કે, લોકવાણી એ અંદરથી આવતો અવાજ છે હળવી ભાષામાં સમજાવો કે ટાઢિયો તાવ, મૂંઢીયુ ગુમડુ અને દાતારી જેવી બાબતો અંદરથી આવે, એના કલાસ કે કાર્યક્રમો ના હોય અને એક તેમની વાત જાણે તેમનો કોલ બની ગયો હોય તેમ કે લોકસાહિત્ય એટલે અભણ બોલે અને ભણેલાઓ સાંભળે એવું સાહિત્ય અને લોકવાણીની આ વાત લોકોના હૃદય સુધી પહોંચી શકી છે. આવી સંસ્કારસિંચન કરતી અનેક વર્ષો સુધી લોકસાહિત્યના કાર્યક્રમના માધ્યમથી રજૂ થઈ અને જીવનમાં શબ્દોપાસના સાથે સંસ્કાર પીરસતી રહી તેવી વ્યકિતને પદ્મશ્રી એનાયત થાય તે ચારણ સમાજનું ગૌરવ તો છે જ પણ એથીયે ગૌરવની વાત એ છે કે જૂનાગઢ જેવા નાના અંતરિયાળ ગામમાં ઉછરેલા બે પદ્મશ્રી ચારણો એક પદ્મશ્રી નવરંગી રચના લખે અને એક પદ્મશ્રી ચારણ એ કવિતાઓ પોતાના મંચ ઉપરથી રજૂ

કરી શકે એ કદાચ ગિરનારી ભકિત ગણાવી શકાય.

ooo

**પદ્મશ્રી કવિ દાદુદાન પ્રતાપદાન મિસણ – કવિદાદ (૨૦૨૧)**





કવિ કાગબાપુની વિદાય બાદ ચારણી સાહિત્યમાં ફરી એક અનોખો ચીલો પાડી સાવ સરળ ગુજરાતી ભાષામાં ૮૨ વર્ષની ઉંમર સુધી જેમની કલમે શબ્દોપાસનાની સરિતાને અવિરત વહેતી રાખી તે પણ સૌરાષ્ટ્રના જ માત્ર ચાર ધોરણ સુધી અભ્યાસ કરનાર ચારણ કવિ દાદુદાન મિસણ કવિ દાદને ૨૦૨૧માં પદ્મશ્રી અર્પણ કરાયો. આમ સૌરાષ્ટ્રનાં આ ચોથા ચારણને પદ્મશ્રીથી પોંખવામાં આવ્યા.

કવિ દાદ ગુજરાતી સાહિત્યની લોકમુખે ગવાતી અને ગુજરાતીઓના હોઠે કાયમ હિલોળા લેતી અનેક કવિતાઓના કવિ, ગાયક જ નહીં ખૂબ સારા વકતા પણ ખરા. ભકિતરસને પ્રકૃતિ સાથે પરોવી પોતાના શબ્દોને લોકભાષામાં રજૂ કરનાર કવિ દાદનું વતન તો મૂળ ઈશ્વરીયા. જૂનાગઢ નવાબના રાજકવિ અને સલાહકાર એવા પિતા પ્રતાપદાન મિસણ અને માતા કરણીબાની કૂખે ૧૯૪૦માં જન્મ. ચારણકૂળમાં જન્મ એટલે શકિતની ભકિત સાથે પ્રકૃતિની તૃપ્તિ પણ હોય જ. પ્રકૃતિનાં ખોળે ઉછરેલા દાદ જે બાળપણથી જ કવિકૂળના સંસ્કારો તો ગળથૂથીમાં મળ્યા હતા જે સમયાંતરે અનેક ક્ષેત્રે ઉજાગર થયા. તેમણે ગુજરાતી ભાષાની અનેક અમર રચનાઓ આપી જેમાં શૌર્ય અને વીરતાની વાતને, પથ્થરને વાચા આપી, સ્વામિ આનંદે દાદબાપુનું ગીત ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું, સાંભળ્યું ત્યારે તેમણે વિચારેલું કે આ કોઈ મધ્યકાલીન સંત કવિની રચના છે. તેમને પાછળથી ખબર પડી કે આ તો વર્તમાન કવિ દાદની રચના છે ત્યારે તેમણે કહેલું કે, આ દાદબાપુ તો સંત કવિ છે.

શેતલને કાંઠે ગુજરાતી ફિલ્મમાં દીકરી વિદાયનું ગીત – કાળજા કેરો કટકો મારો ગાંઠથી છુટી ગયો, ખૂબ જ પ્રખ્યાત બનેલું છે. આજે પણ દીકરી વિદાય પ્રસંગે અચૂક વગાડવામાં આવે છે. પ્રકૃતિને મન ભરીને માણનાર કવિ દાદે ગીરનાર, હિરણ નદી, ઝાડ, પાન, ગાર લીપીને ઘરને શણગારવામાં પણ કવિતા કરે ભીંતુ તમે કેવી ભાગ્યશાળી, ગારુ કરે ગોરા હાથ વાળી પ્રકૃતિ, ભકિત અને દેશભકિત જેવા અનેક વિધ રંગોને

તેમણે ૬૦ વર્ષ સુધી પોતાની કવિતાઓમાં ભર્યા છે.

કવિ દાદને પદ્મશ્રી અગાઉ ગુજરાત ગૌરવ એવોર્ડ, મેઘાણી સાહિત્ય એવોર્ડ, કવિ દુલા ભાયા કાગ એવોર્ડ અને હેમુ ગઢવી એવોર્ડ વગેરેથી સન્માનિત કરાયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રતુદાન રોહડિયા સાથે એક સમયે યુવા અવસ્થાએ ડોલરરાય માંકડના માર્ગદર્શન હેઠળ ગામો ગામથી ચારણી અને લોકસાહિત્યની હસ્તલિપિઓ એકત્રિત કરવા ગામડે ગામડે તેમણે પગપાળા પ્રવાસ કરેલો આજે આ યુનિવર્સિટીમાં તેમના પ્રયત્નોથી પ્રાપ્ત થયેલી અનેક હસ્તપ્રતો જળવાઈ છે.

મને હાઈસ્કૂલનાં અભ્યાસ દરમિયાન અનેક વખત તેમની કવિતાનો આસ્વાદ રુબરુ ચાખવા મળ્યો તેનું ગૌરવ છે. વાત એમ છે કે, તેમની અનેક રચનાઓને સમાવતું પુસ્તક ટેરવા પ્રકાશિત થવા થઈ રહ્યું હતું. તેનું પ્રૂફ રીડિંગ મારા પિતાશ્રી જેઠીદાન રામભાઈ ઝીબા પાસે કરાવવા આવતા. ધુનાના ગામથી આવે સાથે થેલીમાં કવિતાઓનો ખજાનો હોય. પિતાશ્રીને મળેલા સરકારી કવાર્ટરમાં બપોરે સાથે જમીને બેસીએ એટલે કયારેક એવી વાતો રજૂ કરતા કરતા કવિતા કરી દેતા કે કદાચ મા સરસ્વતિ તેમના વિચારો પર અસવાર થઈને તેમની જીભે વાચારૂપે અવતરી રહી હોય અને કાવ્યરૂપ ધારણ કરી જાણે દુહા, છંદના નાદ વૈભવ સાથે સંસ્કૃતિને ઉજાગર કરવા આવી રહેલ હોય. દુહાઓ તો જાણે વાતો કરતા કરતા રજૂ કરી દેતા.

રહેલ કાર્ય ફરી શરૂ કરવાનો સંકલ્પ આવ્યો. બહુજ કઠિન અને ભગીરથ કાર્ય હતું છતાં પણ ખંતથી નિઃસ્વાર્થ ભાવથી સૌ ગુણીજનો ભેળાં મળી ૨૦૧૦માં આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા નીચે પ્રથમ અંક પ્રસિદ્ધ કર્યો. સમગ્રસમાજે એક અવાજે સ્વીકારી પોતાનો રાજીપો વ્યકત કરી પૂર્ણ સહકાર આપવાની ખાત્રી સાથે અભિનંદનની વર્ષા કરી. માણસનું મોટામાં મોટું ધન સૌનો વિશ્વાસ કેળવવાનું છે. તટસ્થ રહી રહી ખૂબ જ જાગૃત રહી સંપાદકીય કાર્ય કરવાનું હોય છે કોઈને અન્યાય ન થાય કવિઓ, સાહિત્યકારો, લેખકો દ્વારા ખૂબ જ સહકાર મળ્યો. વાંચકોનો સારો એવો પ્રતિસાદ સાંપડયો તેની પાછળ રામભાઈની મહેનત અને સમાજનો અતૂટ વિશ્વાસ સંપાદન કર્યો તેનું પરિણામ છે. એક સારા ધ્યેય અને નિષ્ઠાપૂર્વક કરેલ સેવાના કારણે વિશ્વમાં વસતા સૌ ચારણોના ઘર સુધી અંક પહોંચ્યો, નવી પેઢીને ચારણોની પરંપરાગત ધરોહરની જાણ થઈ એકધારા તેર વર્ષની સેવા કરી ૫૦મો અંક પ્રસિદ્ધ થવા જાય છે તે માટે રામભાઈ જામંગ અને ટીમના દરેક સભ્યોને ખૂબ ધન્યવાદ. છેલ્લે કાગબાપુએ ચિંતા પ્રગટ કરેલ કે મારા ખજાનામાં ભર્યા અઢળક નાણાં ચાવિયું મારે કોને સોંપવી, અસ્તુ.

**– દાદુભા વી. જેશળ(પ્રમુખ ચારણ શકિત સમાજ, વડોદરા)**

**– લાભુભા એલ. જામંગ(ઉપપ્રમુખ આઈશ્રી સોનલ ચારણ ગઢવી, પંચમહાલ)**

**– ગોવિંદભા વી. નાંદણ અને કાનાભા જી. સોયા.**

ooo

**એક નિખાલસ પ્રતિભાવ–૧– ચારણ સંસ્કૃતિ –**

**હાલાજી તારા હાથ વખાણું**

**કે પટી તારા પગડા વખાણું ?**

**ના, હાલાજીને જ પુરેપુરા વખાણવાના જ હોય.**

બસ આમ જ 'ચારણ સંસ્કૃતિ' ત્રિમાસિક મેગેઝિનને પૂણપણે જ વખાણવાનું હોય. મેગેઝિન માટે કામ કરતી સમગ્ર ટીમ અને મેગેઝિન બન્નેને વખાણવા જોઈએ. શ્રેષ્ઠતમ ત્રિમાસિક બધાએ શ્રેષ્ઠતમ પરિશ્રમ આપ તમામ કરો છો, કરતા રહેશો જ અને તેમજ દેવી–દેવતાઓ આઈ સોનલમાની કૃપાનો વરસાદ ઝીલતા ઝીલતા આપ સર્વેને, મેગેઝિનના(૫૦) પચાસમા અંકને ખરા હૃદયથી અંતઃકરણપૂર્વકની શુભેચ્છા પાઠવીએ છીએ.

**લવાજમનું અંકગણિત**

*વર્ષના ૪ અંક × ૨૦ રૂા. = ૮૦ રૂપિયાના છુટા પૈસા ૮૦૦૦ થાય.*

*વર્ષના ૩૬૫ મુજબ એક દિવસના અંદાજે છુટા પૈસા ૨૨ થાય.*

પ્રત્યેક ઓળખીતા, સગાસંબંધી પરિવાર કે તેના વડીલ આગેવાન ઘર–કુટુંબ દિઠ માત્ર ૨૨ બાવીસ પૈસા જુદા કાઢે તો સાવ સરળતાથી 'ચારણ સંસ્કૃતિ' જેવા શ્રેષ્ઠતમ વાંચનનો લાભ મળે. જે પરિવાર જાહેરાત આપી શકે તેમ હોય તે આવી જાહેરાત આપે. જે પરિવાર માત્ર લવાજમ ભરવા માગતા હોય તે દૈનિક ૨૨ પૈસા મુજબ ગણતરી કરી લવાજમ ભરે તો 'ચારણ સંસ્કૃતિ' મેગેઝિન શ્રેષ્ઠ વાંચન સામગ્રીનો લાભ તે પરિવારના વાંચન રસ ધરાવતા તમામ સભ્યોને મળતો રહે.

## પ્રતિભાવ–૨

અંક-૪૯ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩ પાના–૩૨ 'દુહામાં પ્રશ્નોત્તરી લખાણ'. શ્રી શંકરદાન સિંહઢાયચ સરસ મજાનું લખાણ છે. આપ મારો આ અંગત પ્રતિભાવ મેગેઝિનમાં સ્વીકારી પ્રસિદ્ધ કરો એવી આપને નમ્ર વિનંતી કરૂં છું. ગૃહસ્થી જીવનમાં પતિ–પત્ની દુહા દ્વારા સંવાદ વાતચીત કરે તે નવીન પ્રયોગ છે.

**– રતુભાઈ શીંગાળા, (પૂર્વ પ્રિન્સિપાલશ્રી, પી.ડી.એમ.કોલેજ, રાજકોટ)**

ooo

શ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ ૫૦મા ચારણ વિશેષાંક માટે પ્રતિભાવ

૨૦૧૦થી પ્રસિદ્ધ થતા ચારણ અંકનો ૫૦મો વિશેષ અંક–૨૦૨૩ના મધ્યમાં પ્રકાશિત થવા જઈ રહ્યો છે એ જાણી બહુ જ આનંદ થયો. સાંપ્રત સમયમાં સમાજ માટે જે સમય આપે તે જ મહાન, દાન આપીને દાનવીર કે દાતા બની શકાય પણ સમય આપીને શ્રમ કરીને સમાજ સેવા કરવા વાળા તેનાથી પણ મહાન છે. ચારણ અંકે કેટલાયના જીવનમાં પ્રકાશ પાથર્યો હશે, કેટલી વિભૂતિઓના આ અંક દ્વારા જીવન દર્શન થયા અને આ અંકથી જ પ્રેરાઈને ખોટા ખર્ચા બંધ કરવાની પ્રેરણા મળી અને હું પણ તા.૧૫/૬/૨૦૧૦થી રાજકોટમાં જરૂરિયાતમંદ પરિવાર, વિધવા સહાયને દર વર્ષે અપાતી સહાયમાં હું જોડાયો અને સેવા કરવાનો પણ નિર્ધાર કર્યો અને આજદિન સુધી આ સેવાનો લાભ મને મળ્યો છે અને ચારણ અંક દ્વારા પ્રસિદ્ધ થતી આપણા સમાજ માટેની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓના વાંચનથી પ્રેરાઈને જ રાજકોટ ખાતેના ચારણ સમાજના સમૂહલગ્ન મહોત્સવમાં ખજાનચી તરીકે સેવા કરવાનું ભાગ્યમાં સોનલની કૃપાથી સાંપડયું છે. કોઈપણ સામયિક તેની ૫૦મી પ્રત સુધી પહોંચે એ સોનલમા ટ્રસ્ટના આપ સર્વોની સેવાની ભાવના સમયનો ભોગ આ બધાનું પરિણામ છે.

**– આણંદભા ધનાભા પાલિયા, રાજકોટ (૯૮૨૪૪ ૨૫૧૬૦)**

ooo

કોઈપણ માસિક કે પત્રિકા ફકત એક જાતિની સંસ્કૃતિ કે જિંદગીની આસપાસ ફરતું શબ્દોનું આલેખન કરે ત્યારે એની ઘણી બધી મર્યાદા બની જાય છે કારણકે જન સમૂહ માટે મેગેઝિન બહાર પડે ત્યારે તેમાં મેઘધનુષ્ય જેવા અનેક રંગોની સુંદર રંગોળી ચિતરી શકાય પણ અહીં જાણે એક જ રંગથી રંગોળી બનવાની હોય છે. ઘૂઘવતા દરિયાનું ગાન તો સૌ ને હલબલાવી નાખે પણ નાના ઝરણાંનું ગીત પણ તમારું હૈયું ભીંજવી નાખે એવું મને ચારણ સંસ્કૃતિ વાંચતા થયું.

ઈશ્વરે બ્રાહ્મણ જાતિ શાસ્ત્રો માટે, ક્ષત્રિય જાતિ શૂરવીરતા માટે અને વૈશ્ય જાતિ વેપાર માટે ઘડી છે એમ જયારે ઈશ્વરને પોતાને ગીત સાંભળવાનું મન થયું ત્યારે મા સરસ્વતીએ જાતે ગીત લખીને ગાયું. એ ગીત એટલે ચારણ જ્ઞાતિ. જાણે હરતા ફરતા દુહા છંદનો મેળો, મનડામાં લોકસંસ્કૃતિના મંદિરો અને ગળામાં મોર ટહુકાના તોરણો, ઉઘાડા પગે ચાલતા ચારણને મેં પૂછયું કેમ ઉઘાડા પગે ? ત્યારે એને જવાબ આપ્યો તળિયાને માટી અડે તો જ જીભમાંથી લોકસાહિત્ય ઝરે.. લોકસંસ્કૃતિ માટે આવું તપ કરનારા ચારણ જ્ઞાતિનું મેગેઝિન એ જાણે સમાજ માટે આશીર્વાદ છે. જાણે મોતીઓનો થાળ છે.

પૂજય સોનલમાના આશીર્વાદથી તંત્રી શ્રી રામભાઈ જામંગ અને અન્ય મિત્રો જે રીતે આ પત્રિકાનું નકશી કામ કરી રહ્યા છે એ કોઈ સારા મેગેઝિનને પણ શરમાવે એવું છે. એ માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. **– મુકેશ માવળંકર, વડોદરા (૯૯૭૯૨ ૩૩૬૬૧)**

ooo

'ચારણ સંસ્કૃતિ' ત્રિમાસિક જયારથી પ્રકાશિત થાય છે લગભગ ત્યારથી હોસ્પિટલ સેવા મંડળના એક સભ્ય તરીકે મને પણ અંક વાંચવાનો લાભ મળે છે. જામંગ સાહેબે આ એક તક આપેલ છે. તેમનો તથા આ અંકના પ્રકાશનમાં સામેલ તમામ માનનીય ટ્રસ્ટીઓ, લેખકો અને કવિઓના રસપ્રદ લેખો માટે આભાર, અભિનંદન.

પોસ્ટમાં આ અંક ઘરે આવે કે તુરંત અગ્રલેખ ખાસ તથા અન્ય રસપ્રદ મોટીવેશનલ લેખો વાંચી નાખું છું. તંત્રીશ્રીના સ્થાનેથી જામંગ સાહેબ સાંપ્રદ પ્રવાહ સાથોસાથ સકારાત્મક લેખ તમામ પાસાઓને મણકાની જેમ પરોવી રસપ્રદ રીતે એક માળા જેમ પ્રસ્તુત કરે છે. જે કાબિલે દાદ હોય છે. મારી દ્રષ્ટિએ 'ચારણ સંસ્કૃતિ'માં આવતા લેખ 'ફૂલછાબ' અને 'જન્મભૂમિ'માં આવતા અગ્ર લેખો જેટલા જ ચોટદાર હોય છે. આપ સૌને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન.

**– હિમાંશુ માંકડ, (ટ્રસ્ટીશ્રી માનવ સેવા સાર્વજનિક ટ્રસ્ટ, હોસ્પિટલ સેવા મંડળ,રાજકોટ) (૯૪૨૬૨ ૨૫૧૦૩)**

**(અનુસંધાન પાના નં.૧૬૩થી)**

**આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ**

**આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી(રૂા.૧૦૦૦/– ઉપર)**

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| o શ્રી જગદંબા ઝવેલર્સ(હઃ દેવકરણભા નાગલાણી) | ૫૦૦૦–૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૦૮૨ |
| o શ્રી લક્ષ્મણભાઈ જામંગ/વિજયભાઈ લાંબા, લંડન | ૫૦૦૦–૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૦૮૩ |
| o શ્રી રમેશભાઈ નારણભાઈ જાળગ, રાજકોટ | ૫૦૦૦–૦૦ | જા.ખ.શ્રદ્ધાંજલી | ૪૦૮૪ |
| o શ્રી લેટેસ્ટ / કન્સેપ્ટ ડિઝાઈન, રાજકોટ | ૫૦૦૦–૦૦ | જા.ખ.શુભેચ્છા | |
| o શ્રી નનકુભાઈ અમરાભા ખાતરા,ઢસા (હ.શૈલેષભાઈ ખાતરા) | ૨૫૦૦–૦૦ | જ.પરિવાર | ૧૭૪૭ |
| o શ્રી વિજયભાઈ જેન્તીભાઈ જામંગ, રાજકોટ | ૨૫૦૦–૦૦ | જ.પરિવાર | ૧૭૫૯ |
| o શ્રી ધીરૂભાઈ રામસુરભાઈ ગઢવી, સમઢીયાળા (ચિ.હિતેશના શુભ લગ્ન પ્રસંગે) | ૨૧૦૦–૦૦ | લગ્ન પ્રસંગ શુભેચ્છા | ૧૮૩૨ |
| o શ્રી તરૂણભા / ભાવેશભા નરસંગભા મારૂ, મોરબી | ૨૧૦૦–૦૦ | લગ્ન પ્રસંગ શુભેચ્છા | ૧૮૩૩ |
| o સ્વ.જોરૂભા રવસુરભા જાળફવા,રાજકોટ(હઃનરેન્દ્ર જાળફવા) | ૧૦૦૦–૦૦ | જા.ખ. | ૪૦૭૩ |
| o શ્રી રમેશભા જાળગ, રાજકોટ | ૧૦૦૦–૦૦ | જા.ખ. | |
| o શ્રી ગોરવિયાળા, રાજકોટ | ૧૦૦૦–૦૦ | જા.ખ. | |
| o શ્રી સુમિત કનુભાઈ, રાજકોટ | ૧૦૦૦–૦૦ | જા.ખ. | |

**હિસાબી સંકલન : નરેન્દ્ર ગઢવી**(૯૯૦૪૪ ૧૨૦૨૦)

**આણંદભાઈ પાલિયા**(૯૮૨૪૪ ૨૫૧૬૦)

(અનુસંધાન પાના નં.૭૨થી)

...વિરલભાઈ લાંબા તથા હું નરેન્દ્ર જાળફવા. જે મોરારિબાપુએ અમને ૬.૦૦ વાગ્યાનો મળવાનો સમય આપેલ. આઈમાની કૃપાથી અમે બરોબર ૫.૪૫ વાગ્યે તલગાજરડા ચિત્રકુટધામ આશ્રમે પહોંચ્યા ત્યાં અમને સ્વયંસેવકોએ નાસ્તો કરાવ્યો. ત્યાર બાદ મંદિરના દર્શન કર્યા, અમે મોરારિબાપુ સહુને મળતા'તા ત્યાં બેસી ગયા, વાત થયા મુજબ જયદેવભાઈ માંકડે અમને બોલાવ્યા અને બાપુ પાસે જવાનો ઈશારો કર્યો. અમે દૂરથી ઉભા રહીને હું ચારણ અંક વિશે બાપુને કહેતો હતો. બાપુએ તરત જ અમને એમની નજીક બોલાવી લીધા (કોરોનાને લીધે બાપુની નજીક જવાની કોઈને પરવાનગી ન હતી) અને મને કહ્યું કયાંથી આવ્યા છો ? શું આવ્યા છો ? મેં બધી વાત કરી. અમે આ રાજકોટમાં પ્રસિદ્ધ થતું ત્રિમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક ૧૦ વર્ષ પૂર્ણ કરી અને ૧૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરવાનો હોય તેના માટે આપના આ 'ચારણ સંસ્કૃતિના સ્વજનો' જે અંક તૈયાર થઈ રહ્યો છે તેના માટે આશીર્વાદ જોઈએ છે અને એ અંકની કાચી કોપી મેં તેમના હાથમાં આપી. મોરારિબાપુએ નજર ફેરવી તરત જ મને પૂછયું આ રામભાઈ જામંગ ચલાવે છે એ જ 'ચારણ સંસ્કૃતિ' અંક છે ? એમની રજા લઈને આવ્યો છો ને, મેં માથું હલાવીને હા પાડી તરત જ એમણે કહ્યું મને રામભાઈ સાથે વાત કરાવો મેં તરત જ મારા ફોનમાંથી રામમામાને ફોન કરી મોરારિબાપુને ફોન આપ્યો. મોરારિબાપુએ બધી વાત કરી અને એવા રૂડા કર્યો માટે ખુબ રાજીપો વ્યકત કર્યો અને પૂછયું કે હું એમાં કોઈપણ જગ્યાએ મદદરૂપ અથવા સહભાગી થઈ શકું તો કહેજો એવું બાપુએ બે થી ત્રણ વખત રામમામાને પૂછયું, ફોન ઉપર વાત પૂરી થયા બાદ એમના સ્વહસ્તે લીલી પેનથી આશીર્વચન અમને એક કાગળ ઉપર લખી આપ્યા અને રામભાઈને મારા જય માતાજી કહેજો. સાથે સાથે મને પૂછયું કેવા છો ચારણ છો ? મેં હા પાડી અને કહ્યું હું રામભાઈ જામંગનો ભાણેજ છું અમને યુવાનોને જોઈ બાપુ ખૂબ રાજી થયા અને જોગાનુજોગ તે દિવસે તા.૮/૩/૨૦૨૧ના રોજ મારો જન્મદિવસ હતો અને અમને ત્રણેય વ્યકિતઓને બાપુએ કપડાની એક એક જોડી ભેટ સ્વરૂપે આપી. એમની પ્રસાદી માની અમે સ્વીકારી લીધી, હું ભાગ્યશાળી સાથે સાથે મારો ફોન પણ ભાગ્યશાળી કે જેનો સ્પર્શ બાપુના હાથે થયો. ઘણા સમયથી બાપુના આશ્રમે જવાની ઈચ્છા હતી પણ પૂરી થતી ન હતી અને કદાચ આશ્રમે જઈ આવત તો પણ આટલા સહજ ભાવથી એમના દર્શન થયા એવા દર્શન કદાચ અમને ન પણ થયા હોત પરંતુ આ ચારણ સંસ્કૃતિ અંકના માધ્યમથી બાપુની સાવ નજીકથી એમના ચરણસ્પર્શ કરી અમે દર્શન કર્યા અને એમના આશીર્વાદ લીધા. ખરેખર એ પ્રસંગ મારા માટે ધન ઘડી ધન ભાગ્ય જેવો હતો. આ બધું ચારણ સંસ્કૃતિ અંકના લીધે શકય બન્યું જે બદલ હું માતાજીનો, ચારણ અંકનો અને રામમામાનો આભાર માનું છું. ત્યાંથી અમે સાત વાગ્યાની આસપાસ રવાના થઈ ગયા અને રાત્રે ૧૧.૦૦ વાગ્યાની આસપાસ રાજકોટ પહોંચ્યા. અમારા ત્રણેય માટે એ દિવસ અમારી જિંદગીનો યાદગાર દિવસ બની ગયો. મારા માટે તો ખાસ મારા દરેક જન્મદિવસે હું એ પ્રસંગને યાદ કરી ધન્યતા અનુભવું છું.

શ્રી રામભાઈ જામંગ આપની આ અજોડ સેવાકીય પ્રવૃત્તિ, નિષ્ઠા તેમજ બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવનાને મારા હૃદયથી પ્રણામ.

**– ગઢવી નરેન્દ્ર જોરુભા જાળફવા, રાજકોટ (૯૯૦૪૪ ૧૨૦૨૦)**

# માતૃદર્શનનો પ્રાગટય દિવસ : એક મહામૂલી સ્મૃતિ

• વી.એસ. ગઢવી

૧૪ જાન્યુઆરી ૧૯૮૪નો એ શુભ દિવસ હતો. અમદાવાદના ગુજરાત યુનિવર્સિટીના કોન્વોકેશન હોલમાં એક યાદગાર પ્રસંગ યોજવામાં આવ્યો હતો. પ્રસંગ **'ઉગમણાં ઓરડાવાળી'** મા સોનલના દળદાર પુસ્તકના વિમોચનનો હતો. સૌરાષ્ટ્ર-કચ્છ તથા ગુજરાતના અનેક વિસ્તારમાંથી ચારણ તથા ચારણેતર સમાજના અનેક લોકો આ પવિત્ર પ્રસંગના સાક્ષી થવા માટે આવ્યા હતા. **'માતૃદર્શન'** નામનો આ ગ્રંથ લખનાર દ્રષ્ટા અને ઋષિસમાન વ્યકિતત્વ તથા વિચાર ધરાવતા પિંગળશી પરબતજી પાયક આ સમગ્ર પ્રસંગના કેન્દ્રસ્થાને હતા. પોતાના ચરિત્ર લેખન માટે આઈમાએ પિંગળશીબાપુ પર પોતાની પસંદગી ઉતારી હતી.

**'માતૃદર્શન'** લખવાનો ઈતિહાસ પણ રસપ્રદ છે. લાગણીઓ તેમજ સંબંધોની રખાવટના ઉજળા પાસાઓ તરફ સહેજે ધ્યાન જાય તેવો આ પ્રયાસ છે. જિંદગીની જૈફ વયે પહોંચેલા પિંગળશી બાપુ(ભાવનગર બોર્ડિંગના વિદ્યાર્થીઓ માટે ભાઈ)ના જીવનમાં પૂજય આઈની વિદાય એક પુરી ન શકાય તેવો ખાલીપો મૂકીને ગઈ. મા ના દરેક કામમાં અને કયારેક થોડી નારાજગી સાથે પણ પૂરક બનીને જીવતર જીવનાર પિંગળશીબાપુને મા ની ગેરહાજરીમાં પોતાનું જીવતર અધૂરું લાગતું હતું. નાની મોટી બીમારી પણ ખરી. આ સ્થિતિમાં માના જીવનનો એક કડીબદ્ધ ઈતિહાસ લખાય તેવો સતત આગ્રહ પૂજય ભાઈને સોમનાથભાઈ દવે સાહેબ તેમજ પિંગળશીબાપુના બંધુ રામજીભાઈ પાયક તથા બંધુ સમાન સ્નેહ ધરાવતા સામતભાઈ વરસડા તરફથી કરવામાં આવતો હતો. પિંગળશીભાઈને પણ થયું કે કદાચ આ કાર્ય કરવામાં જગદંબા તેમને નિમિત્ત બનાવવા માગતી હશે. લખાણની શકિત ભાઈમાં અપાર હતી. એ GIFTED WRITER હતા. ભાષા પરનું પ્રભુત્વ હતું. વિશાળ વાંચન અને જીવતરના આટાપાટામાંથી ઘડાઈને ખૂબ અનુભવ સમૃદ્ધ બન્યા હતા. રામજીબાપુ તથા સામતભાઈના આગ્રહમાં ભાઈના બે શિષ્યોએ વિશેષ બળ પૂર્યું. કનુભાઈ શામળ(પાટડી) અને શંભુદાન દેથા(નરોડા-અમદાવાદ)એ બન્ને ભાઈની લાગણીઓને સમજીને હંમેશાં તેમને અનુકૂળ થવાના પ્રયત્ન કરતા હતા. ભાઈને પ્રિય એવા મોરારદાન પાયક તેમજ ભરતભાઈ પાયક પણ બાપુને પુસ્તકના કાર્ય માટે હસતા હસતા પણ વિવેક સાથે આગ્રહ કરતા હતા. સાણંદવાળા શ્રી જોરુભા ચૌહાણ તથા ગઢવી સોસાયટીમાંથી બાલાભાઈ વરસડાએ પણ ભાઈને આ ચરિત્ર લખવા વખતોવખત વિનંતી કરી. બન્નેએ સહાયભૂત થવા પણ ખાતરી આપી. અંતે તો આઈ સોનલની કૃપાથી ગઢવી સોસાયટીમાં સામતભાઈ વરસડાના નિવાસસ્થાને આ કાર્ય શરૂ થયું. થોડા સમય પછી શ્રી ખોડીદાનભાઈ ઝૂલા પ્રચંડ લોક આધાર સાથે ગુજરાત વિધાનસભામાં બીજીવાર ચૂંટાયા. ઝૂલા સાહેબની કોંગ્રેસ પાર્ટીમાં સિનિયોરીટી અને શ્રી માધવસિંહ સોલંકીનો તેમના પર વિશ્વાસને કારણે રાજયના મંત્રી મંડળમાં લેવાયા. આથી સાહેબના બંગલે રહીને ભાઈએ પોતાના પુસ્તકનું કામ આગળ ચલાવ્યું. આજના પ્રમાણમાં ટેકનોલોજીનો વિકાસ ઓછો એટલે પ્રૂફ રીડિંગ જેવા કામમાં પણ

ખાસ્સો સમય પસાર થાય. આમ છતાં આઈમાની અમીદષ્ટિને કારણે તબિયતની ઓછી-વધતી પ્રતિકૂળતા વચ્ચે પણ પિંગળશીબાપુએ પોતાના ઉત્તમોત્તમ જીવનકાર્ય જેવું આ પવિત્ર લેખન પૂરું કર્યુ. આવા ઉજળા કામનું ઉચિત લોકાર્પણ પણ થાય તેવો ઘણાં સ્નેહીજનોનો આગ્રહ હતો. આવા એક સારસ્વત કામમાં ગુજરાતના પ્રતિષ્ઠિત સારસ્વતોને બોલાવવાનું નક્કી થયું. કનુભાઈ શામળ(પાટડી)આ વાતનું સ્મરણ કરતા કહે છે કે જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ ઉમાશંકર જોશીને વિમોચન પ્રસંગે હાજરી આપવા વિનંતી કરવાનું નક્કી થયું. પિંગળશીબાપુ, સામતભાઈ વરસડા તેમજ કનુભાઈ ઉમાશંકરભાઈને મળવા ગયા. તેમણે ઉત્સાહપૂર્વક સાનુકૂળ પ્રત્યુત્તર આપ્યો. ઉમાશંકર હાજરી આપવા તરત જ સંમત થયા તેનું એક કારણ કનુભાઈ કહે છે, જે સાંભળીને ગૌરવ થાય તેવું છે. ઉમાશંકરભાઈએ કનુભાઈને લોકાર્પણનો પ્રસંગ પૂરો થયા પછી જણાવ્યું કે તેમણે આમંત્રણ લઈને આવનાર ત્રણે લોકોને પોતાના બંગલામાં દરવાજેથી પ્રવેશ કરતા જોયા. પછી કવિ ઉમાશંકર જોશી ઉમેરે છે કે પિંગળશીભાઈને જોતાં ઉમાશંકરભાઈના મનમાં એવો વિચાર આવ્યો કે સફેદ વસ્ત્રધારી અને દાઢીવાળા ઋષિ સમાન વ્યકિત જે માગણી કરે તે સ્વીકારવી. વ્યકિતત્વની તથા વિચારશીલતાની કેવી આભા હશે તે વિચારતાં પ્રસન્નતા થાય છે. કેવા હશે આ લોકો? ભગતબાપુ તેમની ઓળખ આપે છે-

**ધીર ગંભીરા ધારણવંતા**
**પાપમાં જેના ન પાંવ.**
**ઉજળા હૈયા, વાતના વેધુ,**
**દિલ જેના દરિયાવ,**
**છોરૂંને માત સમજાવે**
**આવા કોઈ ચારણો આવે.**

ઝૂલા સાહેબ, રામભાઈ કાગ, ગુજરાતના સુવિખ્યાત કેળવણીકાર યશવંત શુકલ તથા અનેક મહાનુભાવોની હાજરીમાં માતૃદર્શનનું વિમોચન થયું. કવિ ઉમાશંકરે પોતે જે ભૂમિ સાથે જોડાયેલા હતા તે ભૂમિના રત્નસમાન સંત કવિ સાંયાજી ઝૂલાને આદરસહ યાદ કર્યા. પૂ.આઈમાના ચરિત્રથી પ્રભાવિત થયા.

પૂજય પિંગળશીભાઈનો આપણાં સમાજ પરનો આ ઉપકાર અમૂલ્ય છે. આથી માતૃદર્શનના વિમોચનનો ઐતિહાસિક પ્રસંગ વિસરી જવા જેવો નથી. માતૃદર્શન ગ્રંથના માધ્યમથી પૂ.આઈના જીવનની અનેક ઘટનાઓનો જીવંત તથા અધિકૃત ચિતાર મળે છે. અહીં કોઈ કીવદંતિઓ નથી પરંતુ ઠોસ હકીકતો છે તે તેનું ખરું મૂલ્ય છે. પૂ.આઈના શબ્દોનું મહત્ત્વ ચિરકાળ સુધી ટકે તેવું ઉર્જામય છે. કેટકેટલી અગવડો તથા ટાંચા સાધનો છતાં પણ પૂ.આઈનો સમાજ તરફનો કૃપા-સાગર સતત છલકતો રહ્યો તે અહોભાવ ઉપજાવનારી બાબત છે. પૂ.આઈએ હસતા મુખે સમાજના કલ્યાણ માટે વેઠેલી અનેક અગવડોની નાની મોટી કથાઓ છે. સ્વ.હરીદાનભાઈ રત્નુ (રાયધણપર-કચ્છ),વાલજીબાપા(સિંધોડી)તેમજ પૂ.આઈના ભત્રીજા દાદબાપુ મોડ પાસેથી આવી વાતો સાંભળવા મળી છે. આવા અનેક કારણોસર ભગતબાપુએ આ 'જાગતી જયોતિ'ની આજીવન અખંડ ઉપાસના કરી છે. આવા ઉત્તમ પુસ્તકોના અભ્યાસથી જીવનમાં સંસ્કારનું ઉમેરણ થાય છે. આપણી યુવા પેઢી સુધી આ પુસ્તક પહોંચાડવા જેવું છે.

(૯૦૯૯૯ ૯૧૦૬૩)

•••

# મૂળીના સ્વામિનારાયણ મંદિરની પરિક્રમા

• ભૂપેન્દ્ર મો. દવે



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીએ ઈ.સ.૧૮૦૨માં ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધૂરા સંભાળી. ત્યાર બાદ પ્રથમ બે દાયકા સુધી અર્થાત્ ઈ.સ.૧૮૦૨ થી ૧૮૨૨ સુધીમાં સહજાનંદ સ્વામી જેમને લોકો શ્રીહરિ કહેવા લાગ્યા હતા તે ગામે ગામ અને શહેરોમાં ફરી લાખો લોકોને પોતાના ભકિતમાર્ગમાં જોડતા રહ્યા અને ઈ.સ.૧૮૨૨માં (સં.૧૮૭૮ ફાગણ સુદ-૩) અમદાવાદમાં સૌ પ્રથમ સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર બંધાવ્યું.

વિ.સં.૧૯૭૯માં મૂળીમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર બાંધવા માટે નક્કી થયું. ફાગણ સુદ સાતમના દિવસે અમદાવાદ મંદિરના મહોત્સવ પછી શ્રીહરિ સંતો અને હરિભકતોની સભામાં બેઠા હતા ત્યારે મૂળીના પરમાર રાજવી રામભાઈએ મૂળીમાં કૃષ્ણ મંદિરની રચના કરવા વિનંતી કરી અને એ માટે આવશ્યક જમીન આપવાની ઈચ્છા વ્યકત કરી. આથી એમની વિનંતી અનુસાર બ્રહ્માનંદસ્વામીને મૂળી જઈ યોગ્ય કરવા જણાવવામાં આવ્યું. બ્રહ્માનંદસ્વામી શિલ્પકલાના ઉત્તમ જ્ઞાતા પણ હતા. તેમણે શિલ્પશાસ્ત્રના ઉત્તમ જાણકારોને રોકી છ માસ જેટલા ટૂંકા ગાળામાં કલાત્મક શિલ્પોથી સુશોભિત ગગનચુંબી ત્રણ શિખરોવાળું મંદિર તૈયાર કરી આપ્યું.

મંદિર સંપૂર્ણ થયાના સમાચાર ગઢડા શ્રીહરિને મોકલતા તેમણે મયારામ ભટ્ટ પાસે મુહૂર્ત જોવડાવી વિ.સં.૧૮૭૯ના મહાસુદ-૫ (વસંત પંચમી)ના દિવસે પ્રતિષ્ઠા કરવાનું ઠરાવી દરેક સ્થળે કંકોત્રી આદિ મોકલાવી. સંતો, પદાતીઓ, વર્ણીજનો, નગરજનો સાથે પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા શ્રીહરિ મૂળી ધામ આવી પહોંચ્યા.

વિ.સં.૧૮૭૯ના પોષ વદ-૧૧ના દિવસે શ્રીહરિએ ગઢડાથી પ્રયાણ કર્યું અને મહા સુદ-૧ના મૂળી આવી પહોંચ્યા, જયાં અનેક વાજિંત્રો અને જયધ્વનિ વચ્ચે મૂળી રાજવી તેમજ બ્રહ્માનંદસ્વામીએ તેમનું સ્વાગત કર્યું. ભોજન તેમજ ઉતારાની વ્યવસ્થા પણ મૂળી રાજવીએ કરી હતી. સુંદર કલાત્મક મંદિર નિહાળી શ્રીહરિએ તેની પ્રશંસા કરી.

ત્યાર પછી શુભ દિવસે, શુભ મુહૂર્તે હિંમતરામ અને શિવા જાની જેવા તત્કાલીન વિદ્વાન વૈદિક બ્રાહ્મણોના નેતૃત્વ નીચે વેદોચ્ચાર સાથે પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવી. વસંતપંચમીનો અનુપમ દિવસ હતો. તે દિવસે મૂળીના આ પશ્ચિમાભિમુખ મંદિરના ગર્ભગૃહમાં રાધિકા સહિત ભગવાન શ્રીકૃષ્ણની તથા તેમની બાજુમાં જમણી તરફ શ્રી હરિકૃષ્ણ મહારાજની (અર્થાત્ સહજાનંદ સ્વામીની) પોતાની મૂર્તિ અને દક્ષિણ

દિશાના ગર્ભગૃહમાં રણછોડરાય તથા ત્રિકમજીની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ પ્રતિષ્ઠા મહોત્સવ પછી શ્રીહરિ મૂળીમાં અગિયાર દિવસ રહ્યા અને દરરોજ સાંજે પોતાની વાણી લોકોને સંભળાવી. ત્યાંથી(મૂળી) ગઢડા ગયા.

મૂળીમાં તે વખતે હજુ ઉત્તર દિશાનાં ગર્ભગૃહમાં કોઈ મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી નહોતી. તેથી કેટલાક કાળ પછી જયારે શ્રીહરિ ભૂજ(કચ્છ)માં નૂતન મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ કરી ગઢડા પાછા ફરી રહ્યા હતા ત્યારે મૂળીમાં રોકાયા અને વિ.સં.૧૮૭૯ના વૈશાખ સુદ-૧૨ના દિવસે ધર્મ-ભકિતની મૂર્તિઓની વિધિવત્ પ્રતિષ્ઠા કરી.

મૂળીમાં ઉપર્યુકત દિવસે શ્રીહરિએ જે વ્યાખ્યાન આપ્યું તેમાં જણાવેલ કે શ્રીકૃષ્ણ મથુરાથી અહીં સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે પ્રથમ ત્રણ વર્ષ અહીં રહ્યા હતા અને ભોગવતી (ભોત્રાવો) નદીમાં અનેકવાર સ્નાન કર્યુ હતું.

એક માન્યતા એવી છે કે, વિ.સં.૧૮૭૯ના મહાસુદ-૫(વસંત પંચમી)ના રોજ શ્રીહરિએ એક ઓરડામાં શ્રી રાધા-કૃષ્ણ વગેરે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી અને ત્યાર બાદ શ્રીહરિના અક્ષરધામ ગમન પછી બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા અનુસાર આ મંદિરનું બાંધકામ કરેલું.

મહાસુદ-૫(વસંત પંચમી) અને શ્રાવણ વદ-૮(જન્માષ્ટમી)એ બંને દિવસોએ અહીં સમૈયો(ઉત્સવ) ભરવામાં આવે છે અને હજારો લોકો એકઠા થાય છે.

શ્રી સહજાનંદ સ્વામીએ ઈ.સ.૧૮૨૨ થી ૧૮૩૦ના સમયગાળા દરમ્યાન અમદાવાદ, મૂળી, ભૂજ, વડતાલ, ધોળકા, ધોલેરા, જેતલપુર, જૂનાગઢ અને ગઢડા એમ નવ સ્થળે મંદિરોનું નિર્માણ કરાવ્યું. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં રચાયેલાં આ મુખ્ય મંદિરો સ્થાપત્ય કલાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. આ મંદિરોમાં સામાન્યત : ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, અંતરાલ, રંગ મંડપ કે ગૂઢ મંડપ અને પ્રવેશ ચોકી એટલા ભાગ પાડવામાં આવે છે જેને 'તલ દર્શન' કહે છે. બીજો ભાગ 'ઉર્ધ્વ દર્શન'નો પડે છે. તેમાં ગર્ભગૃહના ભાગમાંની જગતિ, મંડોવર અને શુકનાશ તથા મંડપ અને પ્રવેશ ચોકીના ભાગમાં જગતિ, સ્તંભાવલિયુકત મંડપ કે ગૂઢ મંડપ અને સંવરણા કે ઘૂમટ એટલા અંગો હોય છે.

સ્થળની પસંદગીની દૃષ્ટિએ જોઈએ તો ૧૩મી સદી સુધી ગુજરાતમાં મંદિરોની રચના સામાન્યતઃ નદી, સરોવર કે દરિયા કિનારે અથવા વન, ઉપવન કે ટેકરી કે પહાડ વચ્ચે થતી. ત્યાર પછીના મંદિર ગામની વચ્ચે કે પાદરમાં બંધાવા લાગ્યા. મૂળી સ્વામિનારાયણ મંદિર એ ગામને પાદરે બંધાયેલું મંદિર છે. પશ્ચિમાભિમુખે આવેલા આ સ્વામિનારાયણ મંદિરના મધ્યમાં સ્થિત ગર્ભગૃહમાં રાધા-કૃષ્ણની સફેદ અને કાળા આરસમાંથી કંડારેલી યુગલ પ્રતિમા સ્થાપવામાં આવી છે. શ્રીકૃષ્ણની જમણી તરફ હરિકૃષ્ણ મહારાજની ધાતુ(પિત્તળ) પ્રતિમા પધરાવેલી છે. વેદિકાની નીચે ગરુડનું શિલ્પ છે. દક્ષિણ તરફના ગર્ભગૃહમાં કાળા પથ્થરમાંથી બનાવેલી રણછોડરાય અને ત્રિકમરાયની પ્રતિમાઓ છે, જે મૂર્તિવિધાન અનુસાર 'ત્રિવિક્રમ' સ્વરૂપની છે. ઉત્તર તરફના ગર્ભગૃહમાં ધર્મદેવ અને ભકિત માતાની સફેદ આરસની પ્રતિમાઓ પધરાવેલી છે.

મુખ્ય પ્રવેશ ચોકીમાં ગણપતિ અને હનુમાનજીના અર્મમૂર્ત શિલ્પો સ્થાપિત કરેલા છે. તો મંદિરની ઉત્તરે શિવ-પાર્વતીની સ્થાપના કરેલી છે. મંદિરના પ્રાંગણમાં દક્ષિણ બાજુએ આવેલા સભા મંડપમાં 'શ્રી ઘનશ્યામ મહારાજ'ની કાષ્ટ નિર્મિત મૂર્તિ ઊભી કરેલ છે જે જીવંત હોવાનો ભાસ કરાવે છે.

મંદિરનાં સ્તંભોની શિરાવટી, ઉચ્છાલક (વામન સ્તંભ અને ભરણીને શોભા આપવા માટે) નૃત્ય મુદ્રાઓમાં વાદ્યધારિણીઓનાં વિવિધ શિલ્પો ધ્યાનાકર્ષક છે. તેમના ચહેરા, મોટા કાન, લાંબી કાજલ રેખા યુક્ત માછલી ઘાટની(મીનાક્ષી) ખુલ્લી આંખો, તેમના ગોળાકાર સ્તનયુગ્મ, પાતળી કમર, ભારે નિતંબ, લાંબા પગ તેમજ દેહની વિભિન્ન નૃત્ય ભાવભંગિઓ નયનાકર્ષક છે.

અલંકારની દૃષ્ટિએ પણ તેમાં વૈવિધ્ય જોવા મળે છે. વલયાકાર કુંડળ, મોતીજડિત વિભિન્ન આકૃતિ ધરાવતા ઠોળિયાં કે લટકણિયાં, જુદી જુદી મનભાવન ભાતની ગળામાંની હાંસડીઓ, ત્રણ ત્રણ સેટના હારો, હાથમાં કંકણ અને બાજુબંધ, કમર ઉપર સુંદર કટિમેખલામાં અને પગમાં અનેક આકાર ધારણ કરતા નુપૂર કે ઝાંઝર જોવા મળે તેવી છે.

વસ્ત્રોમાં વિવિધ ભાત ધરાવતા ઉપવસ્ત્રો કે ઓઢણી, કલાત્મક વલ્લીઓ પાડતું અધોવસ્ત્ર કે સાડી તે જમાનામાં શિલ્પકારોએ દોરેલી કલાકૃતિમાં અનોખી તરી આવે છે.

સ્તંભની વાદ્યધારિણીઓમાં મસ્તક ઉપર મુકુટ પેઠે શોભે છે. અન્ય શિલ્પોમાં પુત્ર વલ્લભા(બાળકને ધવરાવતી સ્ત્રી), પદ્મનેત્રા (માથા પર બેડું અને કમર ઉપર બાળક તેડેલી પ્રફુલ્લ નેત્રવાળી સ્ત્રી). મેનાવતી કે શુક્ર સારિકા (હાથમાં પોપટ કે મેના લઈ નૃત્ય કરતી સ્ત્રી) ચંદ્રાવલી (અંજલિ મુદ્રામાં શોભતી સ્ત્રી), રંજના(દિલરૂબા ધારણ કરી ગીત-વાદનથી પ્રસનનતા અર્પતી સ્ત્રી) સૂરપાલી (શહનાઈ વાદિની),ગાર્ગીણ(મૃદુંગ વગાડતી) અને રાગિણી (રણશિંગું ફૂંકતી) વિવિધ અંગભંગિમાઓ ધરાવતી નૃત્યાંગનાઓ જોનારના ચિત્તને પ્રસન્ન કરે છે.

આ ઉપરાંત નયનરમ્ય અને આકર્ષક કલાભાત ઉપસાવતી મંદિરની કાષ્ટકલાના ઉત્તમ શણગારરૂપ હવેલીની કાષ્ટકલા પણ દર્શનીય છે.

મૂળીનું સ્વામિનારાયણ મંદિર આમ ૧૯મી સદીના શિલ્પ સ્થાપત્યનો સુંદર નમૂનો પૂરો પાડે છે. ચિત્રકલા, સ્થાપત્ય કલા અને કાષ્ટકલાનો જુદો જ અભ્યાસ માગી લે એવું સમૃદ્ધ મંદિર સત્સંગીઓ અને શિલ્પપ્રેમીઓમાં જાણીતું બનેલું છે.

આ મંદિરની ૨૦૦ વર્ષની વર્ષગાંઠે સાત દિવસના કાર્યક્રમોની, પૂજા-અર્ચન અને દર્શનની હેલી ચડી હતી. મૂળીની શેરીઓ ટૂંકી પડે તેવા સત્સંગીઓનો હજારોનો સમુદાય દેશ-પરદેશથી આવ્યો અને મૂળીના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના દિવસે વસંતોત્સવ અને રંગોત્સવ ઉત્સાહભેર ઉજવાયા.

***(આભાર સંદર્ભ : મૂળીના બ્રહ્મચારી સ્વામી સૂર્યપ્રકાશાનંદજીએ આપેલી માહિતી)***

(૯૪૨૭૬ ૮૬૦૦૬)

•••

# માનસિક રીતે મજબૂત માણસો જ મુશ્કેલ સમયમાં આગળ ધપે છે

• સતીષ ચારણ

કેન્સર એ આધુનિક રોગ છે. જીવનમાં વધુ પડતા તણાવ અને ચિંતાને કારણે આવી છે. એ જીવસૃષ્ટિનો અવિભાજય ભાગ છે પણ અનેક લોકોના મનમાં ડરની લાગણી સાથે ઘર કરી બેઠી છે. હાલના અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઈડેનના પુત્ર બ્યુ કે જે એ સમયના એટર્ની જનરલ અને ડેલાવેરના આગામી ગવર્નર બનનાર હતા તેઓને ૪૬ વર્ષની વયે આંતરડાનું કેન્સર થયું હતું. તેવા સમયે પુત્ર તેના પિતાને આશ્વાસન આપવા માગતો હતો કે 'કેન્સર થયું તો શું થયું, હું સારો થઈ જઈશ...પણ આ પરિસ્થિતિમાં એક પિતા તરીકે તમે ધૈર્ય રાખી દેશ માટે જે જે પડકારો અને અમેરિકામાં સ્થિરતા લાવવાની એક મોટી પહેલ છે તેમાં એકાગ્ર ચિત્તે પ્રજાહિતમાં ઉકેલ લાવવાનું વચન મને આપો'. પિતા અને પુત્ર વચ્ચેના સંવાદ 'પ્રોમિસ મી, ડેડ' પુસ્તકમાં સુંદર રીતે આલેખવામાં આવ્યો છે. જો બાઈડેન માટે ૧૯૭૨માં ડેલાવેરમાંથી પ્રથમ વખત સેનેટર તરીકે ચૂંટાયા પછી તરત જ કાર અકસ્માતમાં તેમની પત્ની અને પુત્રીનું મૃત્યુ થયું હતું અને તેના બે પુત્રો ઘાયલ થયા હતા. આ વર્ષો તેમના માટે રાજકીય અને અંગત જીવન માટે સૌથી વ્યકિતગત પડકારજનક હતાં. એક તરફ બાઈડેન ઉપપ્રમુખપદની વિશાળ જવાબદારીઓ નિભાવે અને બીજી તરફ તેમના પ્રિય પુત્રની બિમારી. કેન્સરના દર્દી દ્વારા પોતાના નજીકના સગાઓને માનસિક શાંતિ આપતી દુઃખ, આશા અને ઉપચારની આજુબાજુ ફરતી 'પ્રોમિસ મી, ડેડ' એ વ્યકિતની અવિશ્વસનીય અંગત સફરનું વર્ણન કરે છે. પોતાનો યુવાન પુત્રની ગંભીર હોય તેવા સમયમાં પણ બાઈડેનની પ્રતિબદ્ધતા એ સાબિત કરે છે કે માનસિક રીતે મજબૂત માણસો મુશ્કેલ સમયમાં પણ આગળ ધપે છે.

જીવન બચાવવા માટે સહકાર અને સામૂહિક પગલાંની શકિતને કયારેય ઓછી આંકી શકાય તેમ નથી. બાઈડેન પોતાના પુત્રની સારવાર અને તે દરમિયાન ફેમિલીના સહકાર વિશે કહે છે કે 'હું મારા પુત્રની કેન્સરની લડાઈમાંથી એટલું શીખ્યો છું કે જયારે કુટુંબના એક સભ્યને આ રોગ થાય છે, ત્યારે બધા સભ્યો અસરગ્રસ્ત થાય છે પણ જયારે આ પરિસ્થિતિમાં ઘરના દરેક સભ્યોનો સહકાર, લાગણીઓ સાથે હોય તો જરૂર તેમાંથી પાર ઉતરી શકાય છે.'

કોઈપણ વ્યકિત કે જે બીમારી સાથે સંઘર્ષ કરી રહી છે અથવા જીવન પ્રત્યે સ્પષ્ટ પરિપ્રેક્ષ્ય શોધી રહી છે તેમના માટે બીજું એક પુસ્તક 'ટ્રાન્સફોર્મીંગ યોર પેઈન ઈન્ટુ પાવર' એ મુશ્કેલ અનુભવને કેવી રીતે વધુ સારો અને અર્થપૂર્ણ બનાવવા માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહ્યું છે. એના લેખક ફિલિપ એમ. બર્ક કે જેઓ કેન્સરનો સામનો કરતા હતા પણ તેનાથી નાસીપાસ થયા વગર તેમાંથી મળેલ અનુભવોએ તેમને જુસ્સો અને જીવનનો માર્ગ શોધ્યો. તેમની બીમારીએ તેમને આરોગ્ય અને ઉપચારના ક્ષેત્રમાં રસ જગાડયો. આ યાત્રા દરમિયાન તેઓ ઘણી ઉપચાર પદ્ધતિઓ શીખ્યા અને સર્ટીફાઈડ રેકી માસ્ટર બન્યા. ઉપરાંત, કોલોરાડો યુનિવર્સિટીમાંથી પ્રોફેશનલ

કાઉન્સેલિંગમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી. હાલમાં પોર્ટલેન્ડ, ઓરેગોનમાં વર્કશોપ કરે છે અને તેની પોતાની અનોખી હીલિંગ સિસ્ટમ વિકસાવી તેનાથી ખાનગી પ્રેકટિસ કરે છે. ઓશો રજનીશ કેન્સર અને તેના ઈલાજ વિશે વાત કરે છે અને સમજાવે છે કે સંમોહન પરના આધુનિક સંશોધનો સાબિત કરે છે કે દરેક રોગ જો મન બદલાય તો તેની સાથે સાજા થઈ શકાય છે, ખરાબ આદતો છોડી શકાય છે અને એનાથી ઊલટું પણ સાચું છે.

કેન્સર સાથે કામ પાર પાડવું એ કેવળ સો જ મીટરની હરીફાઈમાં ભાગ લેવા જેવું નથી. પણ ઘણા લાંબા અંતરની દોડમાં પ્રવીણતા મેળવવા જેવું છે. સાથે સાથે શરીરના રોગ-પ્રતિકારક તંત્રને મજબૂત કરવા માટે યોગ્ય ખોરાક, કસરત તથા ઊંડા શ્વાસોચ્છવાસના પ્રયોગો પણ ઘણું મહત્ત્વ ધરાવે છે.

'સુપર હીરોઝ બ્રેથ કેન્સર અવે' પુસ્તક કેન્સર સામે લડતા બાળકો માટે છે. તેમાં બે બાળકોની મમ્મીને કેન્સર છે. કેન્સર સામે લડવાની શકિત વધારવા શ્વાસોશ્વાસ લેવાની એક વિશિષ્ટ કળા માર્શલ આર્ટ દ્વારા શીખે છે અને તેના દ્વારા તે શકિતશાળી અને મજબૂત બને છે. આ કસરત તેણી તેમના બાળકોને શીખવે છે. અને આ દ્વારા તે બાળકોને તેમની આંતિરક શકિત સાથે કામ કરવા અને રોગ સામે હકારાત્મક વલણ અપનાવવાની ચાવી આપે છે.

હૃદય નિષ્ણાત ડો.કિશ્ચિયન બર્નાડે સલાહ આપી છેઃ ઘણીવાર જિંદગી પ્રેમથી જીવી રહેલા સુખી માણસો ગ્રાફપેપર પર ઈલેકટ્રીકલ લાઈન જરા ઊંચી-નીંચી થઈ જવાથી ગભરાયેલા, દુઃખી દુઃખી, નિરાશાજનક ઢગલામાં પલટાઈ ગયેલા જોવામાં આવ્યા છે. પણ આ એક મનોસ્થિતિ છે. રોગ કે કેન્સર કશું કરી શકતું નથી. આ વાત ડો.દર્શના વાણી દ્વારા અનુવાદિત પુસ્તક 'જીવનનો ઉત્સવ' પુસ્તક વાંચવાથી સમજાય છે. તેઓ લખે છે કે તે ખૂબ મર્યાદિત છે પણ તે તમારો પ્રેમ લૂંટી શકતું નથી કે આશા તોડી શકતું નથી. એ શ્રદ્ધાને ખાળી શકતું નથી.. તે શાંતિને હણી શકતું નથી... તે મિત્રતાને મારી શકતું નથી.... તે યાદોને દબાવી શકતું નથી... તે આત્મા પર આક્રમણ કરી શકતું નથી.... તે શાશ્વત જીવન ચોરી શકતું નથી... તે ભાવનાઓને જીતી શકતું નથી.

(૯૪૨૮૨ ૧૯૦૩૧)

•••

**ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટ**

**આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી**

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ૧) આઈશ્રી સોનલમા એજયુ.એન્ડ ચેરિ.ટ્રસ્ટ,રાજકોટ | ૧૦૦૦૦૦-૦૦ | એજયુકેશન | ૧૬૩ |

**સંકલન : શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)**(૯૯૭૮૪ ૪૨૭૬૫)
**શ્રી ચંદુભાઈ સાબા(પ્રમુખ)**(૮૧૨૮૮ ૮૨૭૭૫)

# છોડો તો છૂટે

• મહેરબાનભાઈ ગઢવી

મનુષ્યનાં તમામ દુ:ખોનું એક જ કારણ છે – જે છોડવાનું છે તે છોડી શકતો નથી. વાસ્તવિકતામાં તો એ છૂટેલું પડયું છે, પરંતુ ફકત આપણી નબળાઈને કારણે આપણે તેને પકડી રાખીએ છીએ. ઘણાં કહે કે દારૂ છોડવો છે, ખરાબ આદતો છોડવી છે, પાંચ વિકારો, માયા, દંભ, ક્રોધ, અહંકાર, લોભ, દેહ અભિમાન, મમતા છોડવા છે પણ છૂટતા નથી. 'છોડી ના છૂટે, માયા આ કાયાની'. મોહ એટલે જે વ્યકિત કે વસ્તુ મારી પાસે છે તેને છોડવી નથી જયારે લોભ એટલે જે મારી પાસે નથી તેને મેળવવી છે. જે આપણું નથી તેને પણ આપણે પકડી રાખીએ છીએ. આ આદત આપણને ઘણાં જન્મોની છે. જેને આપણે જાતે સ્વીકારીએ અને પછી પકડી રાખીએ એને આદત કહેવાય.

જગતમાં કંઈ જ કાયમી નથી, દરેકનો એક સમય હોય છે અને એક અંત હોય છે. આપણે આ બધું જાણીએ છીએ છતાં કેમ કંઈ છૂટતું નથી? એનું એક કારણ છે – ઈમોશનલ એટેચમેન્ટ, લાગણીનું વળગળ આદત આપણને જે વ્યકિત કે વસ્તુ પ્રત્યે લગાવ હોય એ દૂર થાય ત્યારે એનો અભાવ સર્જાય, ગમતી વસ્તુ તૂટે કે છૂટે ત્યારે પીડા થાય છે. પ્રેમ, વસ્તુ, સંબંધો, શહેર, લૌકિક સંબંધો અને બીજું ઘણું બધું. કયારેક આપણે ઈચ્છતા ન હોવા છતાં પણ છોડવું પડે છે કે છૂટી જાય છે. જે આપણું છે નહિ, આપણે તેને છોડવા માગીએ તો છૂટી શકે છે. સતત હું કોણ અને મારું શું તેની સ્મૃતિ રાખવી જરૂરી છે. જો હું નિત્ય, ચૈતન્ય સ્વરૂપ, પવિત્ર આત્મા છું તો આ શરીર પણ મારું નથી, મારે તો ફકત ટ્રસ્ટી બની લૌકિક સંબંધો નિભાવવાના છે એમાં આસકત નથી થવાનું.

એક રાજા હતો, તેણે દરબારમાં મંત્રીને પૂછયું કે આપણા રાજયમાં કોઈ એવી ત્યાગી વ્યકિત હશે કે જેને ગમે તેટલી ઝેર-ઝવેરાત આપીએ તો પણ સ્વીકારે નહિ. મંત્રીએ ઉતાવળમાં હા કહી દીધી. રાજાએ કહ્યું શોધી આપો ને મને તેને મળવા લઈ જાવ. મંત્રી મહોદય તો મુંઝાણા, પછી એક ચોરને નાટક કરવા પ્રલોભન આપી તૈયાર કર્યો. નાટકની બધી વ્યવસ્થા કરી ચોરને કહેવામાં આવ્યું કે જો સફળતા મળશે તો તને આટલી સોનામહોર મહેનતાણા રૂપે આપીશ. રાજાને વ્યકિત મળ્યાની જાણ કરી, રાજા કહે ચાલો તેને મળીએ. રાજા, રાણી, કુટુંબ સાથે તે વ્યકિતનાં ઝુંપડે પહોંચ્યા. રાજાએ સોના મહોર, ઝર-ઝવેરાત, હીરા, મોતી વિગેરેનો થાળ બતાવી કહે ગ્રહણ કરો. ચોરે જોઈ આંખો બંધ કરી કહે મને કોઈ જરૂર નથી. રાણીએ ભાતભાતના ભોજનનો થાળ બતાવ્યો, ચોરે ફરી આંખો બંધ કરી કહ્યું હવે મારે આની કોઈ જરૂર નથી, મને કોઈ મોહ, લાલચ, માયા નથી. રાજા ખુશ થયા ને મહેલ પરત ફર્યા. નક્કી થયા મુજબ મંત્રી ફરી ચોર પાસે જાય છે ને નક્કી કરેલું મહેનતાણું આપે છે, તો ચોર કહે હવે મારે આની કોઈ જરૂર નથી.

મંત્રી કહે અરે ! આ તો નક્કી કરેલું તારૂં મહેનતાણું છે. હવે નાટક નથી. ચોર કહે અગાઉનાં બે થાળમાં અઢળક સંપત્તિ આવી તે મેં ન સ્વીકારી તો આ તો ઘણું ઓછું છે, હવે એ બધું છૂટી ગયું, મોહ છૂટી ગયો. કહેવાનું તાત્પર્ય એ છે કે જો છોડો તો છૂટે. નષ્ટમોહા ભવ. માયા સૂક્ષ્મ રૂપે આવી સતાવે છે, બંધનો બધા મનમાં છે, તો

મનમાં સંકલ્પ દૃઢતાથી કરીએ કે જગત આખું પરિવર્તનશીલ છે. હું પણ એક પ્રવાસી છું તો શા માટે મારું મારું કરી પકડી રાખું છું? દેહાભિમાન છોડી દેહીઅભિમાની બનવું પડે.

હકીકતમાં છોડવું સરળ છે. ફકત પ્રયત્નો અને નિષ્ઠાની જરૂર છે. આત્મા તો સુખરૂપ, શાંતિરૂપ છે. ઈશ્વરે જેને પરમાત્મા કહેવાય છે તેણે આ આત્માને એનાં સંસ્કારો તથા કર્મો અનુસાર એક શરીર આપ્યું જેના વડે એ પોતાનો પાર્ટ પુરો કરી ફરી પરમાત્મા પાસે જાય છે. પરમાત્મા ગેરંટી આપી કહે છે કે તારી તમામ મુશ્કેલીઓ, ચિંતાઓ, દુ:ખ દર્દ, માનસિક બોજને તારા માથા પરથી ઉતારી મને સોંપી દે, હું તારો બોજ વહન કરી તને મુકત રાખીશ. ફકત શરત એટલી કે તું મને અવિરત યાદ કર, મારા શરણે આવ, મારા જ્ઞાન અને ધ્યાનમાં રહી અકર્તાભાવે કર્મ કર. તારી તમામ મુશ્કેલીઓ હું હલ કરીશ પણ આપણને આદત પડી ગઈ છે એટલે આપણે બોજ માથે લઈ ફરીએ છીએ, છોડતા નથી. ભગવાન પરમાત્મા કહે છે ફકત હું એક જ તારો સગો છું, તો તું મને યાદ કરતો રહે.

છેલ્લે, એક પત્ની પોતાના પતિને કહે આ મારો ભાઈ ઘણાં સમયથી મોહ, માયા, મમતા છોડવાનું કહે છે અને જંગલમાં જતો રહે છે, થોડા દિવસ પછી પાછો આવી જાય છે, તો આ બધું કેમ છોડાય? તત્ક્ષણ પતિએ સંકલ્પ કરી ઘરની વિદાય લેતા લેતા કહ્યું કે 'જો આમ છૂટે'.

(૯૪૨૯૦ ૦૩૩૫૯)

•••

**—— આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, રાજકોટની પ્રવૃત્તિઓ ——**

- વાડી, લાઈબ્રેરી, ચારણ મેગેઝિન(ત્રિમાસિક) તથા સોનલમા ટ્રસ્ટની વેબસાઈટનું સંચાલન
- મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ મેડિકલ સહાય, વૃક્ષારોપણ,હોશિયાર/ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ
- નોકરી માટે વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર તથા સરસ્વતી સન્માન
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ-આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈનું વિતરણ
- આઈશ્રી સોનલમા એજ્યુકેશનલ એવોર્ડ
- સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તે માટે યુવાનોનું ઘડતર, સંગઠન, માર્ગદર્શન
- હરિરસના પાઠનું સામૂહિક પઠન
- પુસ્તકોનું પ્રકાશન
- રાષ્ટ્ર/રાજ્ય કક્ષાના એવોર્ડ વિજેતાઓનું સન્માન
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ, આર્થિક સહાય
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું

# બાલકસાહેબની વાણી

• ડો.નિરંજન રાજ્યગુરુ

નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,
તેમાં માંડ રે પહોંચ્યા નર મથી–મથી
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી
નાથ રે નૂરિજન ! તેરા ઘર તો અકળ છે, રે જી.
સરસતી માતા સમરૂં મા શારદા,
પાય લાગું ગરવા ગુણના પતિ,
કુંવરબાઈના વા'લે મામેરાં પૂર્યા,
નરસી મહેતાની ગાંઠે મૂડી ન'તિ..
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી.
લાખાગુહમાં જે'દિ પાંડવોને પૂર્યા,
દગા ઘાતુંનીસ એને ખબર ન હતી,
ભેળા બેસીને ભોળી રે નાંખ્યા,
કયોને કૌરવ તણી શી થઈ ગતિ ?
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી.
ધ્રુવ પ્રહલાદની ભક્તિ સાચી,
ગુણિકા પણ હતી શીલ સતી,
મીરાં, તોરલ, રૂપાંદે રાણી,
તારાદેની ભકિત નેચળ હતી.
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી.
અહંકાર થકી તુંને અવતાર મળ્યો છે,
છે પાંખું પણ ઊડતો નથી,
રાત ને દિવસ ઈ કરે છે ખોંખારા,
મૂરખને જરા મરણની ખબરૂં નથી.
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી.
પાણી ઉપર વા'લે પાજ બાંધી'તી,
સેનામાં છડીદાર હતા હનુમો જતિ,
રીંછ વાનરની ફોજું ચડાવી,
ઘેર વાળી લાવ્યા સીતા સતી.
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી.
ગુરૂ મળ્યા મુંને ગુપત ગિરનારી,
જેની આગું તણી ઓળખાણ હતી,
નથુરામ ચરણે બોલ્યા બાળકસાહેબ,
પ્રભુના ભજન વિના મુકિત નથી.
નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે,રે જી.

નિર્ગુણ-નિરાકાર પરમાત્માની અકળ લીલાનું ગાન કરતી આ ભજનરચનામાં બાલકસાહેબ પૂર્વે થયેલા સંત-ભકતો ઉપર ઈશ્વરે કરેલી કૃપાની યાદી આપતાં ભગવાન રામ અને હનુમાનજી દ્વારા સમુદ્ર ઉપર બંધાયેલ સેતુબંધ, ધ્રુવ અને પ્રહલાદ, હરિશ્ચન્દ્ર-તારામતી, લાક્ષાગૃહમાંથી બચાવેલા પાંડવો, સતી તોરલ, સતી રૂપાંદે, નરસિંહ મહેતા, મીરાંબાઈને યાદ કરે છે અને પરમાત્માની ભકિતનો મહિમા ગાય છે. પોતાના અહંકારને કારણે રાત-દિવસ અભિમાની થઈને આ જીવ ખોંખારા ખાય છે પણ કયારે અચાનક વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એને ઘેરી લેશે એ નથી જાણી શકતો. પરમાત્માએ મન, બુદ્ધિ, ચિત્ત અને સાત્વિક અહં રૂપી પાંખો આપી છે પરંતુ ભકિતરૂપી આકાશમાં ઊડવાને બદલે કામ, ક્રોધ,લોભ, મદ, મત્સર, ઈર્ષ્યા, અદેખાઈના કાદવ ભરેલા ખાબોચિયામાં આળોટયા કરે છે ત્યારે કોઈ સાચા માલમી અને અનુભવી સદ્‌ગુરુ મળે, જે આગુંની ઓળખાણ તાજી કરાવીને આ અકળ ઘરની કેડીએ ચડાવીને મુકિતના મહેલ સુધી પહોંચાડી દે.

દાસી જીવણના ગુરુ ભીમસાહેબ (આમરણ) કચ્છના ચિત્રોડના વતની ત્રિકમસાહેબના શિષ્ય હતા. દાસી જીવણના ગુરુભાઈ એટલે કે ત્રિકમસાહેબના બીજા શિષ્ય અને ભાણેજ નથુરામને ત્રણ શિષ્યો હતા. બાલકસાહેબ, દેશળભગત (દાસી જીવણના પુત્ર) અને નાનકસાહેબ (ગંગ શિષ્ય

નાનકસાહેબથી જુદા). એમાંથી બાલકસાહેબ કે બાળકસાહેબ નામે ઓળખાતા આ સંતકવિનો સંપૂર્ણ પ્રમાણભૂત કહી શકાય એવો ઈતિહાસ પ્રાપ્ત થતો નથી. પરંતુ લોકકંઠે સચવાયેલી અનેક દંતકથાઓના આધારે એમનું ચરિત્ર જુદા જુદા લેખકો દ્વારા આલેખવામાં આવ્યું છે.

મૂળ મારવાડના વતની પણ સૌરાષ્ટ્રમાં બાલકસાહેબે સાત-આઠ સ્થાને પોતાની જગ્યાઓ-આશ્રમો બાંધેલા. એમના પિતાનું નામ મૂળદાસ પઢિયાર નોંધાયું છે. અન્ય માહિતી મુજબ પઢિયાર શાખના વણકર મેઘવાળ જ્ઞાતિના બાલકસાહેબના જન્મસ્થાન વિશે મહેસાણા જિલ્લાના છઠિયારડા ગામનું નામ પણ નોંધાયું છે. વિ.સં.૧૯૫૮ જેઠ સુદ બીજ શનિવારે જન્મ થયેલો અને બાળપણનું નામ બળદેવ હતું એમ લખાયું છે. જેના કોઈ પ્રમાણો નોંધાયાં નથી. પરંપરામાં સચવાયેલી માન્યતા મુજબ વિ.સં. ૧૮૫૭/૫૮ પોષ સુદી એકાદશીના દિવસે બાલકસાહેબનો જન્મ ઈ.સ.૧૮૦૧/ ૧૮૦૨માં થયેલો અને વિ.સં.૧૯૬૨/ ઈ.સ. ૧૯૦૬માં એકસો ચાર કે પાંચ વર્ષનું આયુષ્ય ભોગવી રાજકોટના પોલિટિકલ એજન્ટની ઉપસ્થિતિમાં રાજકોટ થોરાળામાં બાલકસાહેબે જીવંત સમાધિ લીધેલી તથા પૂર્વ જીવનમાં તેઓ ગૃહસ્થી હતા અને પત્ની હીરબાઈ તથા પુત્ર અરજણને છોડીને રવિભાણ પરંપરાના ત્રિકમસાહેબના શિષ્ય નથુરામ પાસે સંતસાધનાની દીક્ષા લીધેલી એવી નોંધ પ્રાપ્ત થાય છે.

આજે રાજકોટ શહેરમાં (૧)કરણપરા શેરી નં.૩(રામવાડી),(૨) ચુનારાવાડ પાસે, રામઘાટ સામે અને (૩)નવા થોરાળા એમ ત્રણ સ્થળે એમની જગ્યાઓ છે એ ઉપરાંત સમી (જિ.મહેસાણા), વારાહી(જિ.બનાસકાંઠા), રાધનપુર (જિ.મહેસાણા) અને જૂનાગઢ ભવનાથમાં જગ્યાઓ છે.

'હમ તો અમર જોગી હે ન્યારા, મૈં નહીં બૂઢા મૈં નહીં બાળા', 'સંતો ભાઈ! ઝીણી માળાનાં ઝીણાં મોતી', 'કદી ના સરે કામ, કદી ના સરે, સદ્‌ગુરુ વિના કામ કદી ન સરે', 'શ્રવણ દઈને સાંભળો તમે,નિર્મળ નામ નિશાની', 'એવો પ્યાલો અમને પાયો રે', 'આદિ પુરુષકા ધ્યાન લગાવો, નિરંજન નજરે આયા' વગેરે છત્રીશેક જેટલા બાલકસાહેબ રચિત પદ-ભજનો નાથાલાલ ગોહિલે એમના 'ગુજરાતી આંતરચેતના ભાગ-૨' પુસ્તકમાં આપ્યાં છે.

**વહાં નહીં પહૂંચેગા વિચારા,**
**સંતો ! અગમ ભેદ હે ન્યારા...**
**ચન્દ્ર,સૂરજ કે પવન નહીં હોતા,**
**નહીં હોતા નવલખ તારા,**
**ધરણી, ગગન કછુ નહીં હોતા,**
**નહીં જલ, વાયુ, અંગારા.**
**સંતો ! અગમ ભેદ હે ન્યારા...**
**પરથમ આદિ અવિગત રામા,**
**હે આપોઆપ નિરધારા,**
**અનહદ સૂર સે શબદાં ઊઠે,**
**અગોચર અપરમપારા.**
**સંતો ! અગમ ભેદ હે ન્યારા...**
**આદિ અનાદિ હુવા ઓહંકારા,**
**પીછે સોહમ્ વિચારા,**
**સો હં શકિત, શિવ ઓહંકારા,**
**વા મેં સકલ સંસારા.**
**સંતો ! અગમ ભેદ હે ન્યારા...**
**ઓહંગ ગુરુકા સિમરન કરલો,**
**સોહંગ બ્રહ્મ તૂંહિકારા,**
**કહે બાળક ગુરુ નથુરામ ચરને,**
**ગુરુસે ભેદ મિલા રણુંકારા.**
**સંતો ! અગમ ભેદ હે ન્યારા...**

સંતસાહિત્યના અનેક ભજનોમાં નિરાકાર, અનિર્વચનીય,અનાદિ,નિર્ગુણ બ્રહ્મની,

સંતસાધનાની, શબ્દસુરત યોગની સાધનાની અનુભૂતિની ગૂઢ પરિભાષા વાપરીને પોતાની વાત સંપૂર્ણ સો ટકા સત્ય છે એની ખાતરી આપવા સંતકવિઓ આવા શબ્દપ્રયોગ કરે છે.

ઓહમ્ સોહમ્ એ મંત્રજાપ દ્વારા શરીરમાં ચાલતી ક્રિયા છે. શ્વાસ લેતી વખતે ઓહમ્ અને શ્વાસ છોડતી વખતે સોહમ્ નાદ થતો હોય છે. અસલમાં એ પ્રણવ ઓમકાર સાથે પણ જોડાયેલ શબદ રૂપ છે. આપણી સંતસાધનામાં એને મૂળ વચનના નામથી પણ ઓળખવામાં આવે છે.

શ્વાસ એટલે શિવ અને ઉચ્છવાસ એટલે શકિત. ઓહમ્ એટલે પિંડ અને સોહમ્ એટલે બ્રહ્માંડ. ઓહમ્ એટલે પ્રાણવાયુ/ઓકિસજન અને સોહમ્ એટલે કાર્બન ડાયોકસાઈડ. બાવન વર્ણો અક્ષરોમાં આપણો વ્યવહાર ચાલે છે. વાંચો, લખો, બોલો, સાંભળો તો એ શબ્દ છે, પણ મૂળ વચનને – પ્રણવ ૐકારને ખેંચો તો એ પ્રાણ છે અને છોડો તો મૃત્યુ.. બાલકસાહેબની બીજી એક વાણી પણ લોકભજનિકોમાં ગવાય છે.

**તન તંબૂરા બજાવો સંતો !**
**અનહદકા ભજનું ગાવો રે, હો જી...હો જી...**
**મન મક્કમતા, બનાવો દાંડવા,**
**વચન થકી એને કોરાવો,**
**મૂળ કમ્મળથી તાર ખેંચો ભાઈ !**
**દમ બે કદમ ઉઠાવો.**
**સંતો ! અનહદકા ભજનું ગાવો રે,હો જી...હો જી...**
**શીલ સંતોષના મેળ કરી લ્યો,**
**તંબૂર સૂરમાં લ્યાવો,**
**મોહ રૂપી આંબળિયા મરડો,**
**સુરતિ તાલ મિલાવો.**
**સંતો ! અનહદકા ભજનું ગાવો રે,હો જી...હો જી...**
**ધીરજ ઢોલકનો તાલ મેળવો,**
**રણુંકાર રાગ જગાવો,**
**ઓહંગ સોહંગની ધૂન લગાવો,**
**પછી મન મંજીરાં બજાવો.**
**સંતો ! અનહદકા ભજનું ગાવો રે,હો જી...હો જી...**
**સદ્‌ગુરુ સમથી હો લેલીના,**
**અલખ પુરુષને રીઝાવો,**
**કહે બાળક ગુરુ નથુરામ ચરણે,**
**અખંડી જયોત દરશાવો.**
**સંતો ! અનહદકા ભજનું ગાવો રે,હો જી...હો જી...**

**દાસી જીવણના દીકરા દેશળભગતના ગુરુ બાળકસાહેબ** – સંત દાસીજીવણે વિ.સં. ૧૮૮૧, ઈ.સ.૧૮૨૫ના દિવાળીના દિવસે લીધેલ સમાધિ પછી એક વરસે ઈ.સ.૧૮૨૬માં દાસીજીવણ પુત્ર દેશળભગતે ભંડારો કરેલો ત્યારે સતાધારથી આપા ગીગા ઘોઘાવદર આવેલા. દાસીજીવણના દીકરા દેશળભગતે બાલકસાહેબ પાસે સંતસાધનાની દીક્ષા લીધેલી. એના ૪૪ વરસ પછી ઈ.સ.૧૮૭૦, વિ.સં.૧૯૨૬ વૈશાખ સુદ ત્રીજ–અખાત્રીજના દિવસે ૯૩ વરસની વયે ગીગાભગતે સતાધારમાં સમાધિ લીધી, એ જ સમયે એટલે દાસીજીવણની વિદાય પછી ૪૫ વરસે બાલકસાહેબ દ્વારા દાસીજીવણના શિષ્ય પ્રેમસાહેબના બુંદશિષ્ય વિશ્રામસાહેબના મોટા પુત્ર હરિભાઈના સહકારથી દાસીજીવણના સમાધિ સ્થળે ઘોઘાવદરમાં સમાધિ મંદિર બંધાતું હતું અને મૂર્તિઓ ઘડાતી હતી એ સમય દરમિયાન દાસીજીવણના દીકરા દેશળભગતનું પણ અવસાન થયેલું. તેથી દાસીજીવણ, એમનાં પત્ની જાલુમા, દિવંગત પુત્ર દેશળભગતની પ્રતિમા સાથે દાસીજીવણના અંતરંગ મિત્ર સતાધારના આપા ગીગાભગતની મૂર્તિ–પ્રતિમા પણ ઘડાવવામાં આવી અને ઘોઘાવદરમાં દાસીજીવણના સમાધિ સ્થળે પધરાવવામાં આવી છે.

(૯૮૨૪૩ ૭૧૯૦૪)

•••

# જન્મદાત્રી 'મા'

• પ્રભુદાનજી સુરૂ

આઈશ્રી સોનલમા શતાબ્દી વર્ષ ઉજવાઈ રહ્યું છે એ અનુસંધાને શ્રી મનુભગવાનના કહેલ 'માતૃદેવો ભવ' શબ્દથી મંગલાચરણ કરતા 'જન્મદાત્રી મા' ઉપર પ્રકાશ પાડીએ!

માતૃપૂજાના દ્યોતક એવા ચંડીપાઠ, દુર્ગા સપ્તશતી, દેવિયાણ, ગંગાલહરી, નર્મદાલહરી, શકિતચાલીસા કે મોગલચાલીસાના લક્ષ્ય સાથે 'જન્મદાત્રી મા'નું આ ઉજળું આરાધન છે. વાલ્મીકિએ 'રામાયણ'માં લખ્યું છે 'જનની જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસી' અર્થાત્ – જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.

'બૃહદધર્મ પુરાણ'માં વ્યાસજી કહે છે કે – બાળકની શિક્ષા, દીક્ષા અને સંસ્કારોનો ગુરુ માતા છે. 'મહાભારત' પણ એવું જ કહે છે કે – ગુરુઓમાં સર્વ શ્રેષ્ઠ ગુરુ 'મા' છે.

'મહાભારત'ના 'શાંતિપર્વ'માં કહ્યું છે – પિતાને પ્રસન્ન કરે તેનાથી પ્રજાપતિ પ્રસન્ન થાય, પરંતુ જેનાથી માતા પ્રસન્ન થાય તેણે તો સમગ્ર પૃથ્વીને પ્રસન્ન કરી છે.

'યાજ્ઞવલકય સ્મૃતિ' કહે છેઃ ગુરુ આચાર્ય અને ઋત્વિજ પૂજાય છે. પરંતુ માતા આ બધાથી અધિક પૂજાય છે.

'ચાણકય સૂત્ર' કહે છે – **'મા' એ મનુષ્ય જીવનનું ગંગાજળ છે.**

જગતગુરુ શંકરાચાર્યે વેદની શ્રુતિને અને જન્મદાત્રીને સમાન ગણાવ્યા છે.

સ્વામી આનંદે કહ્યું છે કે – મારૂં માનો તો બધુ કોરે મૂકી 'મા'ની સેવામાં ડૂબી જાવ.

કવિ બોટાદકરનું કાવ્ય : જનનીની જોડ સખી નહીં જડે રે લોલ. જનની એટલે જન્મ આપનાર. એથી આગળ આપણા ભકત કવિશ્રી કાગબાપુએ 'મા'ના ખોળાની હૂંફ ગુમાવ્યાના અફસોસ સાથે ખોળે ખેલવવા એક દુહો ટાંકયો–

**મોટા કરીને મા, ખોળેથી ખસતા કર્યા;**
**હવે ખોળે ખેલવવા, કર્યને બાળક કાગડા.**

એક બીજા દુહામાં કહ્યું કે–

**મોતે નાળ્યું માંડીયું, જમ જડાફા ખાય;**
**તોય છોરૂની ચિંતા થાય, તને કેમ વીસરીએ કાગડા.**

'મા' મરણશય્યા પર હોય, યમરાજની ફોજુએ વીંટી લીધા હોય એવા સમયે પણ પોતાની ચિંતા છોડી અને પોતાના બાળક(છોરૂ)ની ચિંતા કરે એ 'મા'.

જરપરા કચ્છના કવિશ્રી માણેક તો ત્યાં સુધી કહે છે કે–

**મા કહેતા મુખ ઉઘડે, બાપ કહેતા થાય બંદ;**
**બાપો સૂરજ બપોરનો, 'મા' પૂનમનો ચંદ.**

'મા' વિશેની કેટલી સુંદર યુકિત કવિના દિમાગમાં ઉતરી! 'મા' કહેતા મુખ ઉઘડે, બાપ કહેતા થાય બંદ' આ કેવો સમન્વય? વળી માતા અને પિતાના તફાવતની કેવી રેખા કંડારી ?

એવા જ કચ્છ શેખડીઆનાકવિ 'આલ' લખે છે–

**માથી કોઈ મોટું નહિ, જડધર કે જગદીશ;**
**સૌ કોઈ નમાવે શિશ, અંબા આગળ આલિયા.**

આ જગતમાં માથી કોઈ મોટું છે નહીં, ભલે પછી જડધર(શિવ) અગર જગદીશ (વિષ્ણુ) હોય!

આવી રીતે 'મા' ઉપર લખતા, કહેતા કાગળ અને જીભ ઓછા પડે.

'મા' શબ્દ એકાક્ષરી મંત્ર છે. 'મા' શબ્દ

નિર્મળ, પ્રેમ, ત્યાગ અને સમર્પણની ભાવના મૂર્તિનો દ્યોતક છે. 'મા'નો અર્થ જોડણીકોશમાં જોવાનો નથી, જીવનકોશમાં જોવાનો છે. 'મા'નો અર્થ દુનિયાની દરેક ભાષામાં 'મા' થાય છે. 'મા' સર્વવ્યાપ્ત છે. 'મા'ની ઉપાસના સૂર્ય નમસ્કાર છે. 'મા' અક્ષરમાં મહાકાવ્ય છુપાયેલું છે.

'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' આવા મિથ્યા જગતમાંય લોઢાની થાળીમાં સોનાની મેખ સમાન 'મા' અને તેનો પ્રેમ સત્ય છે.

જગતમાં પિતાથી માતા સોગણી અધિક છે. પિતા ઘનસ્વરૂપ છે. જયારે માતા પ્રવાહીસ્વરૂપ છે. 'મા' એ માનવતાનું મહાતીર્થ છે. 'મા' વ્હાલપની વીણા છે. 'મા' ઘીનો દીવો છે. 'મા' સાગર ભરીને સ્નેહ વરસાવતી વાત્સલ્યમૂર્તિ છે.

'મા'ની નિષ્કામ સેવા આપણા જન્મ પહેલાથી શરૂ થઈ જાય છે અને જીવનપર્યન્ત એ રક્ષણાત્મક રહે છે.

'મા'નો નેહ કદિ નિવૃત્ત થતો નથી.

'મા' સંતાનના જીવનનું અવિભાજય અંગ છે.'મા' ના આશીર્વાદ કયારેય કરમાતા નથી.

પ્રવાહી બની જેણે જગતને કંઈક આપ્યું છે, એ બધાને આપણે 'મા' કહી છે. ધરતીએ આપણને ફળફૂલ અને અન્ન આપ્યા છે, એટલે એને 'મા' કહી. ગંગાએ આપણને પવિત્રતા આપી છે, એટલે ગંગાને આપણે 'મા' કહી. ગીતાએ આપણને સ્વધર્મનું ભાન કરાવ્યું છે, એટલે ગીતાને આપણે 'મા' કહી, ગાયે આપણને દૂધ આપ્યું છે, એટલે ગાયને આપણે 'ગાય માતા' કહી. ગાયત્રી મંત્રે આપણને પ્રકાશ આપ્યો છે, એટલે ગાયત્રી ને 'મા' કહી. ધરતીને સંપૂર્ણ પોષણ આપનાર સૂર્ય પણ ધરતીની 'મા' છે.

'મા' શબ્દમાં મમતા, કરુણા, વાત્સલ્ય, હેત, પ્રિત, દયા, સહનશીલતા આ બધાય તેના પર્યાય બની તેમાં વિરામ પામે છે.

દેવોને રીઝવવાના તમામ મંત્ર 'મા' શબ્દમાં સમાઈ જાય છે. દુનિયાની તમામ ભાષા 'મા' શબ્દમાં સમાઈ જાય છે. 'મા'નો ઉચ્ચાર કરતા મુખ ખૂલ્યા પછી હૈયામાંથી ઘૂંટાતો ઉચ્ચાર બહાર આવે છે. સ્ત્રી જયારે યુવતી હોય છે ત્યારે વ્યકિત બને છે પણ જયારે માતા બને છે ત્યારે અભિવ્યકિત બને છે.

આ જગતમાં દાતાર, ભકત કે શૂરવીર જેવા ગુણો ધરાવતી વ્યકિતના મૂળમાં માતાનો ફાળો રહ્યો છે. વિષ્ણુનો પરમ ભકત બનાવવા માતા કયાધુએ પ્રહલાદને ગર્ભાવસ્થાથી સંસ્કાર –સિંચન કર્યું હતું.

વાલ્મીકિના આશ્રમે ઉછેર પામતા લવ–કુશના ઘડતરમાં માતા સીતાનો પણ એટલો જ ફાળો હતો. પૌરાણિક વાતોનો પાર પામી શકાય તેમ નથી પણ મહારાષ્ટ્રના પૂના સતારાના શાહજીના પત્ની જીજાબાઈએ પુત્ર શિવાનું ઘડતર કર્યું હતું. એવી જન્મદાત્રી 'મા' વિષેના થોડા સુભાષિતો જોઈએ.

૧) ૐ (ઓમ)નો કોઈ પર્યાય હોય તો તે 'મા'

૨) કોઈના ચરણોમાં અડસઠ તીરથ રહેલા હોય તો તે 'મા'

૩) સંતાનનાં અપરાધને અમૃત માની ગટગટાવી જાય તે 'મા'

૪) વ્હાલનો વીરડો, મન મંદિરનો દીવડો એટલે 'મા'

૫) અંગમાં શિતળ લાગણીની લહેર એટલે 'મા'

૬) માનવજાતિના હોઠ પર કોઈ સુંદર શબ્દ હોય તો તે છે 'મા'

૭) માનવજાત માટે મમતાનું મોટું મયુરાસન એટલે 'મા'

૮) સ્નેહની અનન્ય મૂર્તિ એટલે 'મા'

૯) માપવાનું નહીં પણ પામવાનું તત્વ એટલે 'મા'

૧૦) પ્રેમભાવનું ઉજળું સ્વરૂપ એટલે 'મા'

૧૧) આસમાનથી અધિક ઊંચાઈ, ધરતીથી વિશેષ લંબાઈ અને સમુદ્રથી વધારે ગહેરાઈ એ 'મા'

૧૨) દુઃખ સહન કરનારી અલૌકિક મૂર્તિ એટલે 'મા'

૧૩) સુખનો છલકાતો મહાસાગર એટલે 'મા'

૧૪) આશીર્વાદથી ભરેલો અમૃતનો ક્ષીરસાગર એટલે 'મા'

૧૫) સંતાન માટે દુનિયાની સમૃદ્ધિને ઠોકરે મારે એ 'મા'

૧૬) સંતાન ઉપર વારી જાય એ 'મા'

૧૭) સંતાન માટે મોતને મીઠું કરે એ 'મા'

૧૮) ત્રણે કાળમાં જેની કૃપા નાશ નથી પામતી એનું નામ 'મા'

૧૯) કદિ પણ બદલાતી નથી, એવી વ્હાલની બારમાસી ઋતુ એટલે 'મા'

૨૦) કદિ પણ સુકાતી નથી એવી કરુણાની વહેતી નદી એટલે 'મા'

૨૧) મમતા, સમતા અને ક્ષમતાનો સરવાળો એટલે 'મા'.

(૯૮૯૮૮ ૬૯૯૬૦)

•••

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનને દર વર્ષે એકવાર અનુદાન આપનારા મહાનુભાવો**

૧૧૦૦૦ શ્રી હરેશભાઈ તથા સુભાષભાઈ જે. ગઢવી – મુંબઈ (ભાડલા)
૧૧૦૦૦ શ્રી કીર્તિદાન ગઢવી – રાજકોટ/અમદાવાદ
૧૧૦૦૦ આઈશ્રી સોનલમા ચારણ ગઢવી સમાજ – ગોધરા
૫૦૦૦ પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી – જૂનાગઢ
૫૦૦૦ શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ.(નિવૃત્ત) – ગાંધીનગર
૫૦૦૦ શ્રી કે.વી. બાટી, ડેપ્યુટી કલેકટરશ્રી – ગાંધીનગર
૫૦૦૦ શ્રી આર. જી. ગઢવી, આસિ.કમિશનર સેલ્સટેક્ષ(નિવૃત્ત) – અમદાવાદ
૫૦૦૦ શ્રી માણસુરભાઈ ગોકળભાઈ સોયા, સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)– અમદાવાદ
૫૦૦૦ ડૉ. કેશવ ડોસાભાઈ કારીયા – જામખંભાળિયા
૫૦૦૦ શ્રી નરસંગભાઈ ઠાકરીયા, અધિકારીશ્રી(નિવૃત્ત) – સુરત
૫૦૦૦ શ્રી લાભુભાઈ નનુભાઈ બાવડા–ગાંધીનગર
૫૦૦૦ શ્રી કિરીટકુમાર ઉમાભાઈ ટાપરિયા, સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)–ગાંધીનગર

**–– રાજકોટ સમાજની ડીરેકટરીની બીજી આવૃત્તિ ––**

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અગાઉ જે ડીરેકટરી પ્રસિદ્ધ કરેલી તેની બીજી આવૃત્તિ તૈયાર થઈ રહેલ છે, પ્રેસમાં છે અને લગભગ મે, મહિનામાં પ્રકાશિત થઈ જશે.

# દિવ્ય ચેતના

• નરસંગભાઈ ઠાકરિયા

શરીરને ચલાવનાર આત્મા શરીરની અંદર છે. આપણો અહંકાર આપણા બહારના કર્મોમાં કાર્યરત સ્વરૂપે જોવા મળે છે. ઉપરની બન્ને બાબતોને સાધક સમજણની ગહેરાઈમાં ઉતારે ત્યારે તેની ચેતનાનું રૂપાંતરણ થાય છે. આ રૂપાંતરણ મનમાં રહેલ વાસનાના બીજનું દર્શન કરાવે છે કે જે વાસના મનુષ્યના અનેક જન્મનું કારણ છે. આ કારણે સાધક સભાન બને છે. આ સભાનતા એની ચેતનાને 'દિવ્ય ચેતના' બનાવે છે. 'દિવ્ય ચેતના'નો અર્થ છે સંપૂર્ણપણે અહંકાર સાથેનું તાદાત્મ્ય તોડવું અને પોતાના સત્ય સ્વરૂપમાં સ્થિર થવું.

અરીસાના તૂટવાની ઘટના સમયે કાચના અનેક ટુકડા થાય છે ત્યારે દરેક ટુકડામાં એક જ વ્યકિતના અનેક પ્રતિબિંબ જોવા મળે છે તેવી જ રીતે અનેક અંતઃકરણની ઉપાધિના કારણે એક જ આત્મ તત્ત્વ, ચેતન તત્ત્વ અનેક સ્વરૂપે ખંડ-ખંડમાં વિભાજીત થયેલ અજ્ઞાનને કારણે જોવા મળે છે. થિયોસોફીમાં ઈન્ટરનેશનલ બ્રધરહુડનું દર્શન ત્યારે શકય બને છે જયારે આપણામાં સભાનતા આવે છે. આ દર્શન દરેકમાં રહેલ 'દિવ્ય ચેતના'નું દર્શન કરાવે છે. આનું નામ રૂપાંતરણ(ટ્રાન્ફરમેશન) છે.

બેહોશીને કારણે, અજ્ઞાનને કારણે, અહંકારને કારણે શરીરમાં રહેલ 'દિવ્ય ચેતના'નું આપણને દર્શન થતું નથી. આત્મતત્ત્વ, જીવંતતા, સત્યત્વ, 'દિવ્ય ચેતના' દરેકમાં વ્યાપીને રહેલ છે. એવું જયારે સાધનાને અંતે દર્શન થાય છે, ત્યારે પ્રેમ સ્વરૂપ, પ્રકાશ સ્વરૂપ, શાંત સ્વરૂપ, આનંદ સ્વરૂપ 'દિવ્ય ચેતના'ની અપરોક્ષ અનુભૂતિ થાય છે. આ માટે આપણી સાધનાને તીવ્ર બનાવી એક એરો અંદર તથા બીજો એરો બહાર રાખવાની જાગૃતિમાં વધારો કરવો જરૂરી છે એ પછીના વ્યવહાર અદેખાઈથી મુકત થાય છે. આ અવસ્થા પછી આપણે બધા જ કાર્યમાં વ્યસ્ત રહેવા છતાં અંદરની શાંતિનો, પ્રસન્નતાનો, આનંદનો સતત અનુભવ કરી શકીએ છીએ. આ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય ભાવ સહિત કર્મો કરે છે. તેનાથી અહમવાળા મનની દૂષિત વિચારધારાવાળા કર્મો થતા નથી. આપણું ચિત આવી સાચી સાધના થકી 'દિવ્ય ચેતના'નું ચિંતવન કરવાના અભ્યાસવાળું બને છે. નરસિંહ મહેતા કહે છે કે,'જયાં લગી આત્મતત્વ ચિંતવ્યો નહીં ત્યાં લગી સાધના સર્વે જુઠી' આ આત્મતત્વના ચિંતનથી પરમાત્માની કૃપાથી દિવ્ય શકિતનું આપણામાં અવતરણ થાય છે અને આપણું જીવન પ્રકાશવાળું અને નિષ્કામ કર્મવાળું બને છે. સ્વાર્થ છૂટી જાય છે. બીજાના કલ્યાણમાં આપણું કલ્યાણ છે એવી ભાવનાનું નિર્માણ થાય છે અને તે માનવ 'ગીતા'માં દર્શાવેલ 'સ્થિત પ્રજ્ઞ'ના ગુણોવાળો બને છે. તે પ્રજ્ઞા સહિત શુદ્ધ પ્રેમથી બધા જોડે વ્યવહાર કરે છે, અને વાતચીત સમયે જરૂર હોય એટલા શબ્દોનું ઉચ્ચારણ કરે છે.

તેની અવસ્થા મૌનવાળી વધારે જોવા મળે છે. આવી મૌનવાળી અવસ્થા દરમ્યાન પણ જયારે તેઓને બોલવાનું થાય છે ત્યારે તેની વાણીમાં તમને શીતલતાનો અનુભવ થાય છે આવો માનવ ન્યાય પ્રિય હોય છે. તે કોઈને

અન્યાય કરતો નથી અને ધર્મ હંમેશા તેના ધ્યાનમાં હોય છે. પોતે અહંકારરહિત હોવાથી પરમાત્માની શકિત દ્વારા કાર્ય થાય છે. પોતે નિમિત્તમાત્ર છે તેવી સરળતા તેનામાં જોવા મળે છે. તે નિષ્પાપ હોવાથી પરમાત્માને પ્રિય હોય છે, તે પોતાનું પ્રારબ્ધ નિમિત્તમાત્ર બનીને પુરું કરતો હોય છે. દિવ્ય ચેતનાવાળા માનવ પાસે જે કોઈ જાય છે તે આ માનવના સાંનિધ્યમાં વૃક્ષની છાયાની શિતળતાની અનુભૂતિ કરે છે. આવા માનવના વાઈબ્રેશનમાં શાંતિ, આનંદ, પ્રેમ, અહંકારરહિત સ્થિતિનો અનુભવ થાય છે. તે વ્યવહારમાં હોય ત્યારે સાક્ષી સ્વરૂપે વ્યવહાર કરે છે. વ્યવહારથી નિવૃત્ત થાય ત્યારે પોતાના સ્વરૂપમાં ડૂબેલા હોય છે. જેવી રીતે નદી કિનારે, નદીના પ્રવાહ પાસે ઊભેલો માનવી જેમ તટસ્થભાવે નદીના પ્રવાહને જુએ છે તેમ દિવ્ય ચેતના વાળા માનવ પરિવર્તનશીલ પ્રકૃતિને સાક્ષી ભાવે જુએ છે.

સારા વિચારોના શ્રવણથી માનવના જીવનમાં પરિવર્તન આવે છે, તેનાથી માણસનું કલ્યાણ થાય છે. કલ્યાણ થવું એટલે સર્વ પ્રકારના દુઃખોની નિવૃત્તિ. આપણામાં રહેલી ગેરસમજણો, અપમાનો, ક્રોધ, ભૂલો, ભય, તિરસ્કાર, નિષ્ફળતાઓ, દુશ્મનાવટ, ખરાબ વ્યવહારો તેમજ અન્ય નકારાત્મક બાબતો જે દુઃખના કારણના પાયામાં હોય છે તે દૂર થાય છે અને આપણે ભ્રાતૃભાવ, ભ્રાતૃપ્રેમથી મનુષ્ય જોડે વ્યવહાર કરી શકીએ છીએ.

ખરી સાધના સુખભોગની લાલસા છોડવાની છે. સત્યની પ્યાસથી આપણામાં રહેલ અસત્ય છૂટે છે અને આપણે 'દિવ્યતા' પ્રાપ્ત કરીએ છીએ, પરમનો સ્પર્શ અનુભવાય છે અને આપણા જીવનમાં પરમાત્માને શું ગમે તે જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આવા વિચારો થકી આપણે ભૂલોનો માર્ગ છોડીને સત્યના માર્ગ તરફની ગતિ તરફ પ્રગતિ કરીએ છીએ. આપણા ઉપર પરમાત્માની કૃપા વરસે છે. આ કૃપાતત્ત્વને ઓળખીને આપણે રાગદ્વેષથી મુકત થઈ જન્મ મરણના ચક્રાવામાંથી છુટી માનવ સાચી શાંતિને પામે છે. આવી સાધના થકી આપણે પરમતત્ત્વને પામવાની યાત્રાની પૂર્ણાહુતિ કરી શકીએ છીએ. ભીતરથી પ્રગટ થયેલ ખુદની પ્રસન્નતા જીવનને લાંબા સમય સુધી આનંદમાં રાખી શકે છે.

આ માટે આપણે આપણા ધ્યેય ઉપર નજર રાખી 'દિવ્ય ચેતના' ના પ્રાગટયની, યાત્રાની પૂર્ણાહુતિ કરવી એ જ આપણા માટે સાચો પથ છે. આ માટે માનવીએ પોતાને પ્રાપ્ત થયેલ ક્ષણોને વેડફી નાખવાની નથી. સત્યના પક્ષ ઉપર ચાલીને સત્યને ઉચ્ચ સ્થાન ઉપર સ્થાપિત કરવાનું હોય છે. આપણે સૌ સંકલ્પ કરીએ કે બ્રહ્મવિદ્યાના ઊંડાણવાળા રહસ્યને પ્રાપ્ત કરી તેનાથી પ્રાપ્ત થતી 'દિવ્ય ચેતના'ની મૂડીના માલિક બની આ મૂડી વહેંચતા-વહેંચતા બીજાના કલ્યાણઅર્થે જીવન જીવતા-જીવતા પ્રાપ્ત થયેલ મનુષ્ય દેહની યાત્રા પૂર્ણ કરીએ.

સત્યથી ઊંચો બીજો કોઈ ધર્મ નથી. આ સૂત્ર આપણને 'દિવ્ય ચેતના'ના માલિક બનાવી આપણા આત્માને પરમાત્મા સાથે જોડવાની ક્ષમતા પ્રાપ્ત કરાવે છે. આપણે એ પરમધામની પ્રાપ્તિ કરી શકીએ છીએ કે જયાંથી આપણે પનર્જન્મની ઘટમાળમાં પાછું આવવાનું રહેતું નથી.

(૯૪૨૬૩ ૬૨૨૫૩)

•••

# સ્વ.જિતુદાન ગઢવીની પ્રથમ પુણ્યતિથિ

• પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી

ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના મર્મી જિતુદાન ગઢવીનો તા.૫/૨/૨૦૨૨ના રોજ દેહવિલય થયે એક વર્ષ પૂરું થયું. પરંપરાગત સાહિત્યના જાણતલ અને વાહક હતાં. પરંતુ એમની આંતર ચેતનામાં કલ્પનાનો વૈભવ નિરંતર ઉછાળા મારતો હતો. જેના પરિણામે મૌલિક રચનાઓ પણ થોકબંધ આપી છે. ઉપરાંત ચારણી સાહિત્યના વિવિધ સ્વરૂપો તો લોકરચનાઓના વિશિષ્ટ અર્થઘટનો પણ લોકો સમક્ષ મૂકી ચાહક વર્ગને વિચાર કરતાં મૂકી દીધા હતાં. તેમની અનેક વિધ રચનાઓમાં રૂપકો, પ્રતીકો, કલ્પનો મનોહર બની બની વાચક ચિત્તના મનોજગતને, એમના ચાહક બનાવવાનું કામ કર્યું છે. વાંકાનેરના રાજ પરિવાર સાથે ઘનિષ્ઠ સબંધ રહ્યો. પરિવારમાં સ્વ.જસુભાઈ અને ત્રણ બહેનો. ધર્મપત્ની ધીરજબહેન બારહટ્ટ.

તા.૭/૪/૧૯૩૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લો, મૂળીમાં જન્મ થયો હતો. તેમનું વતન મોરબી જિલ્લાનું વાંકાનેર રહ્યું. પિતાશ્રીનું નામ હરિસિંહ ટાપરિયા અને માતુશ્રી દોલતબા. જિતુદાન નાનપણથી તોફાની અને ચંચળ સ્વભાવના, તેમની પ્રકૃતિએ કલા વૈભવને પોષવાનું કામ કર્યુ હતું. ગામમાં નટ મંડળી કે ભવાઈના પ્રયોગો થતાં હોય ત્યારે કે, નવરાત્રિના દિવસોમાં માતાજીની ગરબી હોય તો તેમાં તલ્લીન બની તેને મ્હાણવાનું અને પછી તેની નકલમાં કે મૌલિક રૂપે અભિનય કરતો અને ગાન કરી લોકહૈયાને જીતવાનો ક્રમ રહેતો.

તેઓશ્રીએ કૃષિ ડિપ્લોમા સુધીનો અભ્યાસ કર્યો હતો. યુવા વયે ગ્રામસેવક તરીકેની નોકરી સ્વીકારી હતી. પોતાના સાંસ્કૃતિક પ્રેમે સંપૂર્ણ નોકરીમાં ન રહેતાં ગરબા, નાટકો અને મેળા - મેળાવડાએ એમનામાં લોકસંસ્કૃતિના ભાવો ખીલવી, ચારણી સાહિત્ય પરત્વે અને લોકસાહિત્યના પાકા રસિયા બનાવી, વિવિધ રંગી ડાયરાના આયોજનોમાં રઢિયાળા રંગ પુરાવી 'રઢિયાળી રાત' શીર્ષક હેઠળના સપ્તરંગી ડાયરા કરવા પ્રેરાયા. સાથોસાથ રાજકોટ આકાશવાણી સાથે સંલગ્ન રહી લોકસાહિત્યના રસથાળને નિરંતર અભિવ્યકત કરતાં રહ્યા. માત્ર ચારણી સાહિત્ય કે લોકસાહિત્ય સાથે સીમિત ન રહેતાં અભિનય કલામાં પણ અજવાળાં પાથર્યા, 'વહુએ વગોવ્યા મોટા ખોરડા', 'મોતી વેરાણાં ચોકમાં', 'ગઢ જૂનો ગિરનાર' વગેરે જેવા નાટકોના નાટયલેખન ઉપરાંત અભિનય કલાથી લોકોને મંત્રમુગ્ધ કર્યા.

એ સમયે I.N.T. જેવી માતબર સંસ્થા, જેનું નામ સમગ્ર ગુજરાતમાં ગૂંજતું હતું. તેની સાથે રહીને કામ કર્યું. પ્રવીણ જોશી, કાન્તિ મડિયા, સરિતા જોશી, મનસુખ જોશી, રામજી વાણિયા, શ્રીકાન્ત સોની વગેરે સિદ્ધહસ્ત કલાકારોમાં પ્રશંસનીય રહી નવી દિશાને આંબતા રહ્યાં. જેના પરિણામે 'વીર માંગડાવાળો', 'રાણક દેવી', 'રા' નવઘણ' વગેરે જેવી ફિલ્મોમાં ગુજરાતની લોકસંસ્કૃતિના રસપાન કરાવે એવા પાત્રોમાં રહીને સફળ અભિનય કર્યો હતો. લોકસાહિત્યનું શ્રેય તેઓ જયમલ્લભાઈ પરમારને આપતા.

લોકસાંસ્કૃતિક કાર્યક્રમોની સાથોસાથ અલગારી મિજાજના જિતુદાનને કયાંય કોઈ બંધનો નડયા નહોતા. મુકત મનના અને સ્વરવિહારી એવા જિતુદાને - 'જીગર વાંકાનેરી' ઉપનામથી

મૌલિક રચનાઓ રચી છે જેમાં મૌલિક દોહરા, છંદ, લોકઢાળની રચનાઓ, ગીત, ગઝલ તો મુકતકો આપી, પોતાના વિચાર વૈભવને કૃતિઓમાં આલેખ્યો છે.

કૌટુંબિક જવાબદારી, સમાજમાં રહીને પોતાનું સામાજિકપણું અને સાથોસાથ લેખન વૈભવ સમગ્રને ન્યાય આપતાં જિતુદાન પોતાની બીમારીમાં પણ કલમને ખોળે માથું મૂકી લખતાં રહ્યાં હતાં.

૧૯૮૮માં પ્રથમ પ્રકાશિત પુસ્તક 'દેવિયાણ' સંત મહાત્મા ઈસરા પરમેશ્વરાની કૃતિને પ્રકટ કરી 'મા જગદંબા'ના આશિષ સાથે કલમને આગળ ધપાવતાં તેમના ગ્રંથસ્થ એવા કુલ ૧૨ પુસ્તકો પ્રાપ્ત થાય છે. જયારે ગ્રંથસ્થ થવા તૈયાર અને અપ્રગટ એવા ૨૮ પુસ્તકો છે. જેમાં સ્વ.જિતુદાનની કલમ શકિત, આધ્યાત્મિકતા, લોકસંસ્કૃતિ વૈભવના દર્શન થાય છે.

કાંઈક નવું કરવું, કંઈક જુદું જ સાહિત્ય પીરસવું એવા નિશ્ચયી સ્વ.જિતુદાને પોતાની કૃતિઓમાં અન્યથી ભિન્ન એવા નવા ટાંકણો, સંદર્ભો અને વિવેચના આપી સાહિત્ય પ્રેમીઓને નવ રસના ઘૂંટડા પાયી, અમી તૃપ્તિ કરાવી છે. તેઓશ્રીની સાહિત્યિક રચનાઓની યાદી નવરસનો વૈભવ દર્શાવે છે.

જિતુદાન સફળ કલાકારની જેમ સાહિત્યકાર રહ્યાં છે. જિતુદાને છેલ્લા એક-દોઢ વર્ષને બાદ કરતાં નિરંતર કલમપ્રેમી બની સાહિત્ય સર્જન કરતાં રહ્યાં. સુંદર અક્ષર, કાળી શાહીની પસંદગી, નાવીન્યસભર શીર્ષકો, લખાણ, કલાત્મક ફોટો પસંદગી - એ એમની ખાસિયત હતી. યુવાવયે પેન્ટ-શર્ટ, ઝભ્ભો-પેન્ટ પહેરનાર અંતિમ સમય ગાળા દરમિયાન દાઢી, સફેદ ઝભ્ભો અને સફેદ લૂંગી પહેરતા.

પરિવારની ઘટનાઓએ જરૂર વ્યથિત કર્યા હતાં. એમના બે સંતાનોમાંથી મોટા દીકરા વિજયનું અવસાન તો નાના દીકરા જયેશના પત્ની સોનલનું અવસાન કવિ કલાકાર હ્દયને હચમચાવી ગયું હતું. છતાંયે આ શબ્દ સાધક, મૌન રહી વેદનાઓના ઘૂંટડા પી, પરિવારને આશ્વસ્ત રાખી જીવી રહ્યા હતાં.

ઉંમરના કારણે પડી જતાં, ઓપરેશન કરાવ્યું અને પરિણામે પક્ષઘાત થતાં પરાધીન બનતાં જિતુદાને કાગળ-કલમ છોડયા પણ અંતરની આરાધનાને જાગૃત કરી,પોતાની સ્વેચ્છાએ અન્ન અને છેલ્લે જળનો ત્યાગ કરી તા.૫/૨/૨૦૨૨ વસંતપંચમીના રોજ પ્રભુમિલનના યાત્રી બની શરીરને મુકત કરી અક્ષર નિવાસી બન્યાં.

તા.૫/૨/૨૦૨૩ના રોજ પ્રથમ પુણ્યતિથિ સ્મરણાંજલિ કાર્યક્રમમાં 'કલા કમલમ્'ના સૌજન્ય અને ગુજરાત રાજય સંગીત નૃત્ય, નાટય અકાદમીનો સહકાર, તો વળી ગુજરાતના જાણીતા લોકગાયક યોગેશ ગઢવી, આદિત્ય ગઢવી, ભીખુદાન ગઢવી અને કીર્તિદાન ગઢવી દ્વારા કાર્યક્રમ આપી - કલાકારોના સંમેલનને વધાવી, કલાકારોના સન્માન સાથે સ્વ.જિતુદાન ગઢવીની પ્રથમ પુણ્યતિથિને સ્મરણીય બનાવી દીધી હતી. શ્રી રૂપાલા સાહેબે 'મદદ' સંસ્થા દ્વારા રૂપિયા પાંચ લાખનો ચેક અર્પણ કરી - જિતુદાનની કલા સાધના પ્રત્યેની પોતાની ઉત્કૃષ્ટતા દાખવી હતી. કાજલ ઓઝા-વૈદ્ય, વસંતભાઈ ગઢવી, રામભાઈ ખાચર, શ્રી રૂપાલા સાહેબ અને શાહબુદીન રાઠોડે સંસ્મરણોને તાજા કરી સ્વ.જિતુદાનની વ્યકિતગત લાક્ષણિકતાઓ અભિવ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમની ધુરા યોગેશ ગઢવીએ સંભાળી હતી.

(૯૪૨૯૧ ૭૩૭૮૯)

•••

# માડી તારી છબિયું ઘરમાં ચોડે,કીધેલ તારું નવ કરે રે લોલ

• હિતેષ ગઢવી (નરેલા)

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના દેવસર સ્થિત નવા સૂરજદેવળ મંદિર ખાતે ગત મકરસંક્રાંતિના દિવસે યોજાયેલ અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ સંમેલનનો એક વીડિયો YouTube પર નિહાળ્યો. સૂરજદેવળ મંદિર એ કાઠી સમાજ સહિત અન્ય સૂર્ય ઉપાસકો માટે આસ્થાનું કેન્દ્ર છે. ઉપરોકત સંમેલનમાં અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ શિવરાજભાઈ વીંછિયાએ તેઓના સમાજના હિતમાં સમાજને સાથે રાખી વર્તમાન સમયની જરૂરિયાતને અનુલક્ષીને કેટલાંક સામાજિક રીતિ-રિવાજોમાં વિવિધ સુધારાઓ-ફેરફારો સૂચવ્યા હતા, જે સામાજિક સુધારાઓને તેઓના સમાજે સહર્ષ સ્વીકારી અમલમાં મૂકવા માટેની સંમતિ પણ આપી હતી. આ સુધારાઓનો અમલ ન કરનાર અથવા ભંગ કરનાર માટે દંડની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

ઉપરોકત સંમેલન બાદ પણ જ્યાં જ્યાં કાઠી ક્ષત્રિય સમાજની વસ્તી વસે છે, ત્યાં ત્યાં પણ સમાજની બેઠકોનું આયોજન થયું તથા સામાજિક સુધારાઓ હાલ અમલમાં પણ મૂકવામાં આવી રહ્યા છે. ઉપરોકત સંમેલનમાં પ્રસ્તુત થયેલ સુધારાઓ તમામ સમાજ માટે અનુકરણીય અને પ્રેરક છે આ સંમેલન દ્વારા અમલમાં મુકાયેલ બંધારણનો સારાંશ અહીં રજૂ કરું છું.

○ શ્રીફળ વિધિ(જલ),વેવિશાળ(સગાઈ) જેવા પ્રસંગોએ યુવક પક્ષ તરફથી મર્યાદિત સભ્ય સંખ્યા આવકારદાયક છે. જેથી કન્યાપક્ષે ખર્ચનું ભારણ ઘટાડી શકાય.

○ જુદા-જુદા પ્રદેશોમાં કુમાર અથવા કન્યાપક્ષે રોકડ રકમ અથવા ઘરેણા વગેરેની માગણીઓ કરવામાં આવે છે, તે પ્રકારના રિવાજ પર સદંતર પ્રતિબંધ મૂકવો જોઈએ. જેથી, કન્યાવિક્રય નહીં, પરંતુ કન્યાદાનનો હેતુ જળવાઈ રહે.

○ લગ્ન સહિતના શુભ પ્રસંગોએ આગ્રહ સાથે રૂબરૂ આમંત્રણ આપવાના બદલે ટપાલ, કુરિયર અથવા ટેલિફોનિક આમંત્રણને પણ સ્વીકાર્ય તથા માન્ય ગણવું જોઈએ, જેથી યજમાન પક્ષે રાહત રહે.

○ લગ્ન પ્રસંગે વરપક્ષ તરફથી જાનમાં મર્યાદિત સંખ્યામાં મહેમાનોને લઈ જવાનો આગ્રહ રાખવામાં આવે તે જરૂરી છે. ઉપરાંત લગ્ન પહેલા અથવા લગ્ન બાદ કન્યાનો કરિયાવર જાહેરમાં પાથરવો જોઈએ નહીં તથા કરિયાવરના ફોટા, વીડિયો વગેરે ઈન્ટરનેટના માધ્યમથી વાઈરલ કરવા જોઈએ નહીં. જેથી, સમાજની કોઈપણ કન્યાના પરિવારોને શરમ-સંકોચ અનુભવવો પડે નહીં.

○ લગ્ન પ્રસંગે મોસાળું(મામેરા)ની પ્રથા સદંતર બંધ કરવી જોઈએ અથવા મહેમાનોની ઉપસ્થિતિમાં જાહેરમાં મોસાળું (મામેરા) વધાવવાની પરંપરા બંધ કરી, કોઈ માત્ર ખુશીથી બહેનને ભેટ-સોગાદ, રોકડ રકમ અર્પણ કરવાની ઈચ્છા ધરાવતા હોય તો ખાનગીમાં બંધ કવરમાં બહેનને ભેટ અર્પણ કરવી જોઈએ. જેથી કોઈપણ ભાઈને બહેનના કુટુંબના પ્રસંગે જાહેરમાં શરમ-સંકોચમાં મુકાવું પડે નહીં.

○ શુભ પ્રસંગોએ ફુલેકું, વરઘોડો, છાબ વગેરે રીતિ-રિવાજોમાં ઢોલી, બેન્ડવાજા વગેરે પર રૂપિયાની ઘોળ કરવી જોઈએ નહીં.

○ શ્રીફળ વિધિ, વેવિશાળ, સિમંત,

શ્રાદ્ધવિધિ વગેરે જેવાં નાના પ્રસંગોમાં માત્ર પરિવારજનો પૂરતું જ ભોજન સમારંભનું આયોજન કરવું, અહીં સમાજ/જ્ઞાતિ ભોજન યોજવું નહીં. જેથી નાના પ્રસંગોમાં યજમાન પર ખર્ચનું ભારણ હળવું થઈ શકે.

○ મંગળ/અમંગળ પ્રસંગોએ ભોજન સમારોહમાં ભોજનનો બગાડ ન થાય તેની તકેદારી રાખવી, ઉપરાંત માતા-પિતાએ નાના બાળકોને પોતાની થાળીમાં સાથે જ ભોજન માટે બેસાડવાનો આગ્રહ રાખવો જોઈએ. જેથી બિનજરૂરી ખર્ચ ઘટાડી શકાય.

○ શ્રીફળ વિધિ, સગાઈ, લગ્ન વગેરે બાદ છૂટાછેડાના પ્રસંગો ઉપસ્થિત ન થાય તેની તકેદારી રાખીએ. છતાં પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે અદાલત, પોલીસ વગેરેના બદલે સામાજિક ઉકેલ આવે તેવો આગ્રહ રાખીએ. જેથી બંને પક્ષે સમય, શકિત, નાણાંનો વ્યય અટકાવી શકાય, ઉપરાંત ઝડપી ઉકેલ લાવી શકાય.

○ અવસાન પ્રસંગે પુરુષ તથા મહિલા બંને પક્ષે રડવાનો રિવાજ બંધ કરી, મૃતાત્માની શાંતિ મળે તે માટે ઈષ્ટદેવ વગેરેની ધૂન બોલવી જોઈએ.

○ મૃત્યુ પ્રસંગે સગા-સંબંધીઓએ સૌ પ્રથમ વખત શોક વ્યકત કરવા ત્યાર બાદ ઉત્તરક્રિયા (કારજ) નિમિત્તે જુદી-જુદી બે વખત દૂર દૂરથી હાજરી આપવા માટે આવવું પડતું હોય છે. જેમાં સુધારો કરી મહેમાન કોઈ એક જ વખત ઉપસ્થિત રહે તે સૌએ સ્વીકાર્ય રાખવું જોઈએ. જેથી બંને પક્ષે ભારણ હળવું કરી શકાય.

○ જે પ્રદેશો/વિસ્તારોમાં અવસાન પ્રસંગે રોકડ વ્યવહારનો રિવાજ હોય ત્યાં મૃત્યુદિવસથી જ રોકડ વ્યવહાર સ્વીકારવાનું શરૂ કરવું જોઈએ, જેથી કોઈ વ્યકિતને રોકડ વ્યવહાર માટે ફરીથી બીજી વખત દૂરથી ધક્કો થાય નહીં.

○ અવસાન બાદ યોજવામાં આવતાં કારજ (ઉત્તરક્રિયા)જેવા પ્રસંગોમાં માત્ર અનિવાર્ય હોય તેવા નજીકના સગા-સંબંધીઓની હાજરી આવકાર્ય રાખવી જોઈએ. મર્યાદિત સભ્યોની હાજરીમાં કારજ ભોજન યોજવું જોઈએ, જેમાં મીઠાઈ વગેરેને સ્થાન ન આપી માત્ર સાદું ભોજન પીરસવાનો આગ્રહ રાખીએ.

○ અવસાન પ્રસંગે જુદી-જુદી વસ્તુઓની લહાણી કરવામાં આવે છે તે સમયની જરૂરિયાત મુજબ બંધ કરવી જોઈએ.

○ અવસાન બાદ ઉત્તરક્રિયાના દિવસે પરિવારજનોએ મૃત્યુનો શોક અવશ્ય ભાંગી નાખવો જોઈએ, જેથી અન્ય શુભ પ્રસંગોના પ્રસંગોના આયોજનમાં અડચણ/બાધા આવે નહીં.

○ અપરણિત કન્યાઓ તથા પરણિત મહિલાઓએ વોટ્સએપ, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટિવટર વગેરે જેવી એપ્લિકેશન પર વ્યકિતગત માહિતી ફોટા, વીડિયો વગેરે અપલોડ કરવા જોઈએ નહીં તથા જરૂરી ન હોય તો મહિલાઓએ આ પ્રકારની એપ્લિકેશનનો ઉપયોગ પણ ટાળવો જોઈએ.

○ સમાજની વસ્તી ધરાવતાં કોઈ ગામ/નગર ખાતે સમાજના શૂરવીરો, સતીઓ વગેરેના પાળિયા, ખાંભી, દેરી વગેરે હોય તો ત્યાં સફાઈ, ધૂપ-દીપ, સિંદુર વગેરે કાર્ય નિયમિત કરવા જોઈએ. જેથી આગામી પેઢીને પ્રેરણા મળશે.

○ સૌ પ્રથમ કુળદેવી, શુરાપુરા વગેરે ઈષ્ટદેવના સ્થાનકોમાં અને ત્યાર બાદ સમાજ હિતના વિવિધ પ્રકલ્પોમાં રોકડ રકમ, ચીજ વસ્તુઓનું દાન આપવાનો આગ્રહ રાખવો જોઈએ. જેથી સમાજનું નાણું સામાજિક હિતમાં યોગ્ય જગ્યાએ ઉપયોગમાં આવી શકે.

○ સમયાંતરે જુદા-જુદા સ્થળોએ સામાજિક પ્રસંગોની ઉજવણી થાય ત્યારે મોટી સંખ્યામાં સમાજના લોકોએ ઉપસ્થિત રહેવું જોઈએ. જેથી

સામાજિક મેળાવડાઓ મારફત સામાજિક, વ્યાવસાયિક, ધંધાકીય વગેરે પ્રકારે સમાજના લોકો એકબીજાના પરિચયમાં રહે, મદદરૂપ થવાની ભાવનાનો વિકાસ થાય.

૦ ગ્રામ્ય,તાલુકા,જિલ્લા,રાજ્ય, રાષ્ટ્ર કક્ષા સુધી સમાજ માટે સતત કાર્યશીલ રહી શકે તેવા સંગઠનોની રચના કરવી, નિયમિત ચૂંટણીઓ યોજી યોગ્ય હોદેદારોની નિમણૂક કરવી, પારદર્શક હિસાબી વહીવટના આગ્રહી બનીએ.

૦ ભવિષ્યના આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે પરિવારના સભ્યો, વાહન, મકાન વગેરે મિલ્કતનો વીમો ખરીદવાનો આગ્રહ રાખીએ.જેથી અણધારી આવી પડેલ આફતમાંથી ઉગરી શકીએ.

તાજેતરમાં સમસ્ત લેઉવા પટેલ સમાજના ફેસબુક પેઈજ ઉપર પાણીઢોળ(ઉત્તરક્રિયા), મામેરા(મોસાળું), બેસણા, ફાર્મમાં લગ્ન આ બધા ખર્ચ હવે માપમાં કરો તો સારું. દેખાદેખીમાં સમાજ પૂરો થઈ રહ્યો છે,તે પ્રકારની લેઉવા પટેલ સમાજના સભ્યોને લેખિત ટકોર કરવામાં આવી હતી. કચ્છ પ્રદેશમાં વસવાટ કરતા કચ્છ મચ્છોયા આહીર સમાજમાં લગ્નની પરંપરા પણ સૌ માટે પ્રેરક છે. કચ્છ જિલ્લામાં મચ્છોયા આહીરની વસ્તી ધરાવતા ગામોમાં એક દિવસે જ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. ગત તા.૧૭/૨/૨૦૨૩ના રોજ વિવિધ ગામોમાં સમૂહલગ્નના માધ્યમથી એક જ દિવસે આહીર સમાજના ૭૯૨ લગ્ન યોજાયા. કચ્છ આહીર સમાજમાં આ પરંપરા ઘણાં સમયથી અમલમાં છે. આ પ્રથાને કારણે માનવશ્રમ, સમય અને નાણાંની બચત થાય છે.

પૂર્વ ગુજરાતના જિલ્લાઓમાં ઘણી જ્ઞાતિઓમાં પણ ગામ દીઠ સમૂહલગ્નો યોજવાનો રિવાજ છે.

તાજેતરમાં 'ગુજરાત સમાચાર' અખબારમાં વાંચ્યું કે, ભપકાદાર લગ્નના રવાડે ચડેલો મધ્યમ વર્ગ અંતે નિચોવાઈ જાય છે. આ વિધાન કડવું છે, પણ સત્ય છે.

સમગ્ર ચારણ-ગઢવી સમાજની આરાધ્ય દેવી આઈશ્રી સોનલે આશરે સાડા છ દાયકા પૂર્વે કરેલા પ્રવાસ દરમિયાનના પ્રવચનોમાં આપણા સમાજમાં પ્રસરેલાં વિવિધ વ્યસનો, કુરિવાજો વગેરેને દેશવટો આપી કન્યા કેળવણી, શિક્ષણ તથા વ્યસન મુકત સમાજના નિર્માણની જરૂરિયાત પર ભાર મુકયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના નાના મઢાદ ગામના કવિશ્રી મેઘરાજભા મૂળુભા રતન(ગઢવી)એ સોનલ આદેશના ૫૧ દોહામાં આઈ સોનલની વાણીને વણી લેવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. જે દોહાથી આપણે સૌ પરિચિત છીએ.

આઈશ્રી સોનલના આદેશના જુદા-જુદા દોહામાં દારૂ,જુગાર જેવી બદીઓથી દૂર રહેવું. કન્યા વિક્રય ન કરવો, કુરિવાજોને તિલાંજલિ આપવી, કારજ ભોજન બંધ કરવું, નીતિ અને સંસ્કારયુકત જીવન જીવવું, સદ્‌ગ્રંથોન વાંચન કરવું, વ્યકિત પ્રશંસા ન કરવી, દોરા-ધાગા, ધુણવા વગેરે પર પ્રહાર કરવામાં આવ્યા છે. સોનલ માતાજીના જન્મદિવસ પોષ સુદ-બીજની ધામધૂમથી ભવ્ય ઉજવણી કરતાં આપણે સૌ આઈ અવતરણના ૧૦૦ વર્ષ બાદ પણ તેઓએ કહેલાં આદેશોને સંપૂર્ણ અમલમાં મૂકી શકયા નથી તે હકીકત સ્વીકારવી જ રહી. પદ્મશ્રી ભકતકવિ દુલા ભાયા કાગે તેઓની એક રચનામાં લખ્યુ છે કે :

**માડી તારી છબિયું ઘરમાં ચોડે,**
**કીધેલ તારું નવ કરે રે લોલ.**

હવે જાગ્યા ત્યાંથી સવાર ગણી આઈ સોનલ જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે આપણે સૌ આઈ સોનલ આદેશને અનુસરીએ.

(૯૯૨૪૮ ૧૦૫૯૪)

•••

# મન બાબતે મનકી બાત

• વિનોદ મકવાણા

**જયાં અને ત્યાં આમ ન રખડાવ મન,**
**તારૂં સરનામું ખરૂં સમજાવ મન મારા,**
**કોઈ સુખથી તું ધરાતું કાં નથી ?**
**રોજ દુઃખના ગીત ના ગવડાવ મન મારા...**

આપણને મળેલ માનવદેહ અમૂલ્ય છે. આ કાયા પચીસ તત્વોની બનેલી છે. જેમાં પાંચ મહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રીય, પાંચ કર્મેન્દ્રીય, પાંચ વિષયાં અને પાંચ અંતકરણમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને આત્મા છે. પોતાનું કોઈ ભૌતિક અસ્તિત્વ નહીં હોવા છતાં, આપણા શરીરના આખાય તંત્રને કોઈ ચલાવતું હોય તો તે છે. આપણું મન. જે આપણા પર આધિપત્ય ધરાવે છે જે ઉપરની કાવ્ય પંકિતમાં મનની ચંચળતાનું આબાદ રીતે નિરૂપણ કરેલી છે અને તેના પર કાબૂ મેળવવા તેને પણ એક તપ-સાધના ગણવામાં આવે છે.

જીવના ચોરાસી લાખ ફેરામાં, મનુષ્ય યોની એવી છેકે તેમાં પોતાની બુદ્ધિ તથા આત્માના અવાજને અનુસરીને મનને વશ કરી શકે છે. આપણા ઉપનિષદોમાં મન વિષે કહે છે, 'મનએવ મનુષ્યણાં કારણ બંધ મોક્ષયા' અર્થાત્ આપણું મન જ આપણા બંધન અને મોક્ષનું કારણ છે. શ્રીમદ્ ભગવત ગીતામાં આ વાત સમજાવતા ભગવાન કૃષ્ણ કહે છે, 'આપણું આ મન આપણો શ્રેષ્ઠ મિત્ર પણ છે અને સૌથી મોટામાં મોટો દુશ્મન પણ બની શકે છે ?

મનને આપણે મિત્ર બનાવવાનું છે ? તે અઘરૂં તો છે જ છતાં મનને કેળવવા શરૂઆત તો કરીએ. મનનો આરામ ત્યારે જ શકય બને, જયારે આપણે વર્તમાનમાં રહેવાનું શીખી જઈએ. આપણે કોઈપણ સ્થિતિમાં આપણું મન ભૂતકાળની યાદો કે, ભવિષ્યની કલ્પનાઓના તાણાવાણામાં ખોવાઈ જઈ વિચારીએ છીએ. આથી સામે આવેલ કાર્યમાં શું કરવું ? જે અંગે વિચાર આવતો નથી. વિકલ્પે આપણે આપણી સામે રહેલ વર્તમાન સ્થિતિ, પુનઃ કાર્યમાં શું થઈ શકે? કઈ રીતે સારી રીતે કરી શકીએ ? તે તરફ મનને વાળવાનું છે.

આજનો લ્હાવો લીજીએ..વર્તમાનનું ઊમળકાભેર સ્વાગત કરી, તેની પ્રત્યેક પળને આનંદપૂર્વક માણવા મનને કેળવવાનું છે. જીવનની કોઈપણ પરિસ્થિતિને અભિશાપ માનવાને બદલે, સારૂં થવાનું જ છે. તેવી ઈશ્વરના નિર્માણમાં શ્રદ્ધા રાખી, પ્રસન્નતાપૂર્વક કાર્ય કરવા કેળવી મનને મજબૂત બનાવી, સકારાત્મકતાનું બીજ રોપવાનું છે.

વિશ્વ વિખ્યાત રશિયન લેખક 'લીયો ટોલ્સ્ટોય' પોતાની વાર્તા 'ધ થ્રી કવેશ્ચન્સ'-માં રાજાના ત્રણ, રોજબરોજના વ્યવહારને સ્પર્શતા, ત્રણ પ્રશ્નોના જવાબ, સંન્યાસી આપે છે. પ્રથમ સવાલ સૌથી અગત્યનો સમય કયો? એક માત્ર વર્તમાન કારણ આ સમય એવો છે કે, આપણે આપણી જાત પર કાબૂ હોય ધારી તે કરી શકીએ. (૨) સૌથી અગત્યનો માણસ કોણ? સૌથી અગત્યનો માણસ જેની સાથે તમે અત્યારે છો. તમારી સામે છે ? તેની મદદ લઈ શકો કે કરી શકો. (૩) સૌથી અગત્યનું કામ કયું ? જે અત્યારે તમારી સામે પાસે છે તે આ ત્રણ બાબતો સત્ય નારાયણની કથાના શીરા જેવી અમલમાં મુકી શકીએ તો અવશ્ય કહ્યાગરું મન થઈ શકે.

ચિંતન અને મનન કરવું એ વ્યકિતની

વિશેષતા છે. જેનો સીધો સંબંધ મન સાથે છે. 'મન'ની આગળ ન લગાડવા થી 'નમન' બને છે. પાછળ 'ન' લગાડવાથી 'મનન' બને છે. જીવનની કોઈપણ સમસ્યાનું મનન અને નમન કરવાથી તેનું સમન થઈ જાય છે. અશાંત મન એટલે પ્રશ્નોનું જંગલ. મન મર્કટ બની હુપાહુપ કરવા લાગે ત્યારે સઘળું છોડી, મૌનના શરણે જવું. આમ મૌન એટલે જ મનનું અજવાળું. છેવટે મનનું પ્રતિબિંબ એ જ જીવન.

મનને સાંત્વના આપવા અંતઃકરણથી ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરીએ. મેં જે માંગ્યું તે મળ્યું નથી પણ મારી લાયકાત જેની મને જરૂરિયાત હતી તે તમામ ઈશ્વરે મને આપેલ છે. ઈશ્વર મારી સાથે જ છે તેવી મારી શ્રદ્ધા સાર્થક થઈ!

(૯૪૨૭૨ ૦૦૦૯૬)

•••

**'ચારણ સંસ્કૃતિ' વિશેષાંકને શુભેચ્છા**

| રકમ | શુભેચ્છકનું નામ |
|---|---|
| ૧૫૦૦૦ | પ્રગતિ કો.ઓપરેટીવ |
| ૧૧૦૦૦ | રાધીકા જવેલર્સ |
| ૧૧૦૦૦ | ડો.આર.એલ.શિંગાળા |
| ૧૧૦૦૦ | હેમુભાઈ બાવડા |
| ૫૦૦૦ | ધર્મેશભાઈ માલા |
| ૫૦૦૦ | મેહુલભાઈ જામંગ |
| ૫૦૦૦ | રમેશભાઈ જાળગ |
| ૫૦૦૦ | લક્ષ્મણભાઈ જામંગ |
| ૫૦૦૦ | જગદંબા ઝવેલર્સ |
| ૫૦૦૦ | ડો.સંજય પી.ગઢવી |
| ૫૦૦૦ | નેહલ જગદીપ ગઢવી |
| ૫૦૦૦ | વૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ |
| ૫૦૦૦ | રૂદ્રાક્ષ પેટ્રોલિયમ |
| ૫૦૦૦ | જય સોમનાથ મંડપ સર્વિસએન્ડ લાઈટ ડેકોરેશન |
| ૫૦૦૦ | પાર્થ મંડપ સર્વિસ |
| ૫૦૦૦ | જે. પટેલ એન્ડ એશોસીએશન |
| ૫૦૦૦ | ખોડિયાર આર્કીટેક |
| ૫૦૦૦ | ક્રિષ્ના શીર્પીગ એન્ડ એલાઈડ સર્વિસીસ |
| ૫૦૦૦ | વિનાયક ડિઝાઈન એન્ડ કન્સલટન્ટ |
| ૫૦૦૦ | શિવ શકિત ટ્રેડર્સ |
| ૫૦૦૦ | ચાવલા કાફે |
| ૫૦૦૦ | લેટેસ્ટ ગ્રાફિકસ |

# બ્રહ્માનંદ સ્વામી

• અર્ચનાબેન જયકરણભાઈ ગઢવી

મહા સુદ પંચમી એટલે વસંત પંચમીના પાવન દિવસે સમગ્ર સનાતન હિન્દુ સમાજ મા સરસ્વતીને અર્પણ કરે છે. આ દિવસે સરસ્વતી પૂજન કરવામાં આવે છે. આપણે ચારણો તો આદિઅનાદિ કાળથી મા સરસ્વતીના ઉપાસક રહીને આ ધરા પર સરસ્વતી પુત્ર તરીકે ઓળખાતા આવ્યા છીએ. સૃષ્ટિ પરનો દરેક ચારણ મનના એક ખૂણામાં સરસ્વતી પુત્ર હોવાનું ગૌરવ લઈને જ જીવતો હોય છે તો આજે વિદ્યાની દેવી મા સરસ્વતીના લાડકા પુત્ર જે આ સૃષ્ટિ પર પ્રગટ જ વસંત પંચમીના પાવન દિવસે થયા હતા. આજે એમની વાત કરીએ. એક ચારણ હોવાના નાતે તમને એમનું નામ ખબર છે ?

ચારણ સતી માતા લાલુબા અને રાજકવિ પિતા શંભુદાન આશિયાના દિવ્યપુત્ર લાડુદાનનો જન્મ ૮ ફેબ્રુઆરી ૧૭૭૨ના રોજ વસંત પંચમીના પાવન દિવસે થયો હતો. રાજસ્થાનના શિરોહી જિલ્લાના ખાણ ગામમાં જન્મ અને બાલ્ય-અવસ્થાના સમય દરમિયાન ઘણા અદ્‌ભુત પ્રસંગોમાં લાડુદાન મહાન વિભૂતિ છે એની પ્રતીતિ થાય છે.

કિશોર અવસ્થામાં ભુજની વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસ દરમિયાન અધ્યાપકો સમક્ષ પોતાની બુદ્ધિશકિતથી ખૂબ જ નામના મેળવી. કચ્છના તત્કાલીન મહારાવશ્રી સમક્ષ પ્રથમ વખત જ રાજદરબારમાં હાજર થઈને અતિ મહત્ત્વની એવી **'દોવળી તાજીમ સરદાર'***ની પદવી મેળવી. અધ્યાપક ગુરુશ્રી અભયદાનજી તથા ભૂજ મહારાવશ્રીની મહોરછાપ સાથેની તત્કાલીન સમય પ્રમાણેની 'રાજય કવિ રત્ન', 'પિંગળ વિદ્યાચાર્ય', 'સહસ્ત્ર શતાવધાની','મહામહોપાધ્યાય', 'મહાશીઘ્ર કવિશ્વર' વગેરે પદવીઓ સુવર્ણપદક સાથે મેળવી.

આ બધી તો લાડુદાનજીની માત્ર પ્રારંભિક ઉપલબ્ધિઓ હતી. ત્યાર બાદ તેમણે ૬૪ કળાઓમાંથી ૨૪ કળાઓ સિદ્ધ કેરલી. કળાઓની જાણકારી કે આવડત અને સિદ્ધ કરેલી કળાઓમાં ઘણો તફાવત છે.ગીત,વાદ્ય,નૃત્ય,નાટયકળા, ઉદકવાદ્ય, તરણકળા,હસ્તલાઘવ,પાકશાસ્ત્ર કળા, પ્રહેલીકા, પ્રતિમાળા, વાચનકળા, નાટકાખ્યાયિકા, કાવ્ય-સમસ્યાપૂર્તિ, તર્કવાદ, રથકાળ-કળા, શિલ્પકળા, રૂપ્યરત્ન કળા, અક્ષર મુષ્ટિકા કથન, શુકન કળા, સંવાચ્ય-માનસી કાવ્ય, અભિધાન કોષ, છંદોજ્ઞાન, ક્રિયા-વિકલ્પ, આકર્ષક્રિડા આ બધી ૨૪ કળાઓ લાડુદાનજીએ સિદ્ધ કરેલી હતી. ભગવાનશ્રી કૃષ્ણ પણ સાંદીપનિ ઋષિ પાસેથી ૬૪ કળાઓ ૬૪ દિવસમાં શીખ્યા હતા એવું વિદિત છે. તદ્ઉપરાંત જયોતિષ-શાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર અને શાલિહોત્ર કે અશ્વશાસ્ત્રના પણ જ્ઞાની હતા.

અતિશીઘ્ર કવિત્વ, પીંગળ ભાષા અને છંદોના ઉંડા જ્ઞાને ઉદાર હૃદયના આ નિઃસ્પૃહિ ચારણને વિવિધ રાજ-રજવાડાઓમાં ખૂબ માન-મરતબો અપાવ્યો. શતાવધાનના પ્રયોગોને કરવામાં પણ ખૂબ માહિર, અખૂટ જ્ઞાન અને અગાધ બુદ્ધિ ધરાવતા લાડુદાનજીને સહજાનંદ સ્વામી પ્રગટ ભગવાન કે પૂર્ણ પુરુષોત્તમ હોવાનું સાંભળવા મળ્યું. પરંતુ જન્મજાત ગુણ છે ચારણનો કે જલદી એનું મન કોઈને સ્વીકારે નહીં. લાડુદાનજી ગઢડાની મુલાકાતે જાય છે. ગઢડાની સીમમાં જ સહજાનંદ સ્વામીને ભગવાન માનવા માટે અમુક નિશાની-સંકલ્પ ધારી લે છે. અંતે સહજાનંદ સ્વામીમાં એ નિશાની રૂપ સંકલ્પો સિદ્ધ

થતા ભગવાનના ચરણોમાં પોતાનું મન સમર્પિત કરી દે છે.સહજાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનો અદકેરો સખાભાવ રહ્યો છે અને ઘણા પ્રસંગોમાં આ અનન્ય સખાભાવ પ્રગટ થતો રહ્યો છે.

બ્રહ્માનંદ સ્વામી પોતે પીંગળ ચારણી, સંસ્કૃત જેવી ઉચ્ચ ભાષાઓના વિદ્વાન હતા. છંદ, સૂર, લય, તાલ, ગાનનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હતા. ૧) ઉપદેશ ચિંતામણી ચંદ્રાયણ ૨) ઉપદેશ રત્ન દીપક ઝુલણા ૩) ધર્મવંશ પ્રકાશ ૪) બ્રહ્મ વિલાસ ૫) સંપ્રદાય પ્રદિપ ૬) શ્રી સુમતિ પ્રકાશ ૭) ધર્મ સિદ્ધાંત ૮) વર્તમાન વિવેક ૯) નારાયણ ગીતા ૧૦) વિવેક ચિંતામણી ૧૧) શ્રી સતી ગીતા ૧૨) બ્રહ્માનંદ કાવ્ય ૧૩) છંદ રત્નાવલી ૧૪) નીતિ પ્રકાશ – આ બધી તેમની રચનાઓ છે. બ્રહ્માનંદ સ્વામીએ આ ઉપરાંત ૮૦૦૦ જી હા આઠ હજાર કિર્તનો, પદોની રચના કરેલ હોવાનો ઉલ્લેખ છે. ઘણા પ્રાપ્ય છે અને ઘણા અપ્રાપ્ય છે. પોતાના જીવનકાળ દરમિયાન આ મહા માનવે સામાન્ય માનવના જીવન સુધી કૃષ્ણ ભકિત (પ્રેમ લક્ષણા)ને પહોંચાડવા દિલ–દિમાગ બેયમાં સરળતાથી ઉતરી પણ જાય અને સમજાઈ પણ જાય એવા કિર્તનોની ગુજરાતી ભાષામાં રચના કરી. તત્કાલીન સમયમાં શિક્ષણના ઓછા વ્યાપના (ખાસ મહિલાઓ) લીધે લયબદ્ધ ફકત ગાઈને કે રટવાથી યાદ રહી જાય એવા કિર્તનો જન–સામાન્ય અને સંપ્રદાય માટે કેટલા ઉપયોગી થઈ રહ્યા હશે જરા વિચારી તો જોજો. કયારેક સમય મળે ત્યારે બ્રહ્માનંદ સ્વામીના કિર્તનો સાંભળજો કે વાંચજો ધ્યાનથી તો તમને આપોઆપ સમજાઈ જશે કે વાહ ! ભગવાન કૃષ્ણને કેવા લાડ લડાવ્યા છે બ્રહ્માનંદ સ્વામીએ.

અમદાવાદ,મુળી,વડતાલનાં મંદિર નિર્માણમાં બ્રહ્માનંદ સ્વામીનો સિંહફાળો રહેલો છે. જૂનાગઢમાં નવાબના શાસનકાળ દરમિયાન મંદિર નિર્માણ થયું એમાં પણ બ્રહ્માનંદ સ્વામીની ખૂબ જ મહેનત છે. સ્વામીનારાયણ સંપ્રદાયના મૂળભૂત 'શિક્ષાપત્રી' સર્વપ્રથમ વખત હિન્દી અને ગુજરાતીમાં અનુવાદ કરનાર તથા અતિ મહત્ત્વના 'વચનામૃત'નો સંગ્રહ કરનારમાં પણ બ્રહ્માનંદ સ્વામી સામેલ છે. બ્રહ્માનંદ સ્વામીની અલૌકિક પ્રતિભા અને વિચલણ બુદ્ધિના કારણે તેમના શિષ્યોનો વ્યાપ ઘણો જ હતો.પોતાનું સંપૂર્ણ જીવન સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચાર – પ્રસારમાં સમર્પિત કર્યું. સંવત ૧૮૮૮ જેઠ સુદ દશમના દિવસે બ્રહ્માનંદ સ્વામીએ સ્વેચ્છાએ સ્વધામ ગમન કર્યું. એમ કહીએ તો પણ અતિશયોકિત નહીં કહેવાય. એવા હતા આપણા લાડુદાનજી ઉર્ફે બ્રહ્માનંદ સ્વામી.

***તાજીમ પદવી બક્ષેલ સરદાર જયારે રાજસભામાં પધારે ત્યારે રાજા ઉભા થાય અને જયારે સરદાર જાય ત્યારે પણ રાજા ઉભા થઈને વિદાયમાન આપે એને દોવળી તાજીમ સરદાર કહેવાય.. પગમાં સોનું પહેરવાનો હક પણ તત્કાલીન સમય પ્રમાણે આવા પુરુષને જ હતો. આવા સરદાર અન્ય રાજયમાં જાય ત્યારે અન્ય રાજા તેને દોવળીતાજીમ અનુરૂપ માન મરતબો સાચવે એવી રાજરીતિ હતી.**

લાડુદાનજીની વીરતા અને વિદ્યાસભર વાણી સાંભળીને મહારાવશ્રીએ સોનાના હિરા જડિત ગંઠાઓ, ટુપીઆઓ, મોહનમાળાઓ, હેમના કડા,વેઢ, વીંટીઓ અને પગમાં પહેરવાનો સોનાનો તોડો, જડાવ મુઠની તલવાર, કટારી, જમૈયો, રત્નજડિત આશા લાકડી આદી તથા જરીયાની વસ્ત્રો, ઉમદા ઓલાદના બે કચ્છી ઘોડાઓ, એક ઊંટ, કચ્છી કોરીઓ બક્ષી સભામાં આસને બેસાડી '**દોવળી તાજીમ સરદાર**' બનાવી મહારાવશ્રીએ પોતાના હાથે જમણા પગમાં સોનાનો તોડો પહેરાવ્યો.

**માહિતી સાભાર : સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન.**

•••

# સ્વાસ્થ્ય અને ફિટનેસ માટે આહાર અને કસરતનું મહત્વ

• ડો.હરીશ બી. રાબા

ફિટનેસ માટે આજે કાલ બહુ ચર્ચા ચાલે છે. તંદુરસ્તીના પર્યાય તરીકે ફિટનેસ શબ્દ હોવા છતાં ફિટનેસ શાને કહેવાય અને સારી આજીવન ફિટનેસ મેળવવા શું કરવું જોઈએ આ બાબતથી સમાજના મોટાભાગના લોકો અજાણ છે. એરોબિક શબ્દના પ્રણેતા અને અમેરીકાના ડલાસ શહેરમાં આવેલા પ્રખ્યાત એરોબિક સેન્ટરના વડા ડો.કપુરના શબ્દોમાં ફિટનેસ એટલે કોઈપણ વ્યકિત પોતાના રોજિંદા જીવનક્રમના કાર્યો સરળતાથી કરી લે ત્યાર પછી તેના શરીરમાં શકિતનો અખૂટ સંચય હોઈ જેનાથી અણધાર્યા આવી પડેલા શારીરિક અને માનસિક કાર્યો પણ બિલકુલ થાકયા કે કંટાળ્યા વગર કરી શકે એવા પ્રકારની શારીરિક અને માનસિક અવસ્થાને ટોટલ ફિટનેસ કહેવાય. આ ટોટલ ફિટનેસ તમારા શરીર બંધારણ, હૃદય, ફેફસા, સ્નાયુ અને સાંધાઓની કાર્યશકિત ઉપર આધાર રાખે છે. શરીર અને મન એકબીજાના પૂરક હોવાથી જેટલી તમારી ફિટનેસ સારી એટલી જ તમારા શરીરની કાર્યશકિત અને માનસિક સંતુલન સારૂં.

સારી ફિટનેસ મેળવવા શું કરશો, સારી ફિટનેસ એટલે કે શરીરની સંપૂર્ણ તંદુરસ્તીના ચાર આધાર સ્તંભ છેઃ

(૧) હૃદય,ફેફસા,રકતવાહિનીઓની સંપૂર્ણ ક્ષમતા (કાર્ડિઓરેસ્પીરેટરી–વાસ્કુલર ફિટનેસ)
(૨) સ્નાયુઓની ક્ષમતા અને ધારણા શકિત (સમકયુલર પાવર એન્ડ મસલ એન્ડોરન્સ)
(૩) સાંધાઓની લવચિકતા(ફલેકિસબિલિટી)
(૪) શરીરનું બંધારણ(બોડી–કોમ્પોઝિશન)

**કાર્ડિઓરેસ્પીરેટરી–વાસ્કુલર ફિટનેસ :** એરોબીક કસરતોમાં શ્વાસોચ્છવાસની ક્રિયા ઝડપથી થાય છે. મુખ્યત્વે આ બધી કસરતમાં ચાલવુ, દોડવું, તરવું, સાઈકલીંગ, દોરડા કૂદવા, દાદરા ચઢવા–ઉતરવા આ બધી જ કસરતોમાંથી પણ કરી શકાય છે. અઠવાડિયામાં ચારથી પાંચ દિવસ ઓછામાં ઓછી ૨૫ મિનિટ સુધી કરવી જોઈએ. આ કસરતોથી હૃદય, ફેફસા રકત–વાહિનીઓની કાર્યક્ષમતામાં વધારો થાય છે. નિયમિત કરવાથી શકિતનો અખૂટ ખજાનો શરીરમાં ઉત્પન્ન થાય છે.

મસ્કયુલર અને સાંધાની લવચિકતા માટે રોજ ૧૦ થી ૧૫ મિનિટ અઠવાડિયામાં ચારથી પાંચ દિવસ દંડ બેઠક, સીટ અપ્સ, પુલ અપ્સ વગેરે જેવી છ કસરતો કરવી જોઈએ, આનાથી સ્નાયુઓની કાર્યશકિત વધે છે.

**કસરત વિશેની ભ્રામક માન્યતાઓ :**

૧) કસરત કરવાથી ખૂબ થાક લાગે છે.
૨) કસરત માટે ખૂબ સમય આપવો પડે.
૩) સ્ત્રીઓને કસરત કરવાની જરૂર નથી.
૪) કાયમ કસરત કરવાનો કંટાળો આવે છે.

**કસરતના નિયમો :**

૧) છેલ્લા પાંચ–દસ વર્ષથી બેઠાડુ જિંદગી થઈ ગઈ હોય તો કસરત શરૂ કરતા પહેલા ડોકટરની સલાહ ખાસ લેવી જરૂરી છે.
૨) તમે ચાલીને કે દોડીને ૧૨ મિનિટમાં એક માઈલોનું અંતર હાંફયા વગર સરળતાથી થાકયા વગર પાર કરી શકો તો તમે કસરત શરૂ કરી શકો છો.
૩) કોઈપણ કસરત શરૂ કરતા પહેલા એક

ડાયરીમાં તમારા શરીરનું વજન, છાતી, પેટ નિતંબના ઘેરાવાનું માપ અને નાડીના ધબકારા (એક મિનિટ)માં લખી લેશો.

૪) તમારા કુટુંબમાં કોઈ આનુવાંશિક બીમારી જેવી કે હૃદયરોગનું દબાણ,ડાયાબિટીસ, સાંધાની બીમારી, દમ વગેરે હોય તો ડોકટરની સલાહ વગર કસરત શરૂ ન કરવી.

૫) કોઈપણ કસરત તમે કરો તમારી ફિટનેસ માટે કરવાની છે તેમાં ઉતાવળ ન કરશો, અંતર કે ઝડપ એકદમ વધારશો નહીં.

ફિટનેસ બજારમાં મળતી નથી કે તમે ખરીદી શકો. બીજાને કસરત કરાવી તેની ફિટનેસ તમે લઈ શકશો નહીં. શારીરિક સ્વાસ્થ્ય માટે ફિટનેસ અગત્યની છે. કોરોના જેવી મહામારીમાં આપણે જોયું કે, સ્વાસ્થ્ય જેટલું સારૂં એટલી રોગ પ્રતિકારક શકિત સારી,જેટલી રોગ પ્રતિકારક શકિત સારી એટલી જ બહારથી આવતી બીમારીઓથી આપણે બચી શકીએ છીએ. પ્રથમ સુખ એ આપણું શરીર છે. શરીર મજબૂત હશે તો મન પણ મજબૂત થશે. 'Body and Mind Fit and Fine' શરીર એ આપણી સંપત્તિ છે. જેમ સંપત્તિની જાળવણી કરવા અથવા વધારવા માટે મહેનત કરવી પડે એમ શરીરરૂપ સંપત્તિને જાળવવા મજબૂત રાખવા દરરોજ કસરત કરવી આવશ્યક છે.

આજની આ ભાગદોડ ભરી જીવનશૈલીમાં ફિટનેસ અગત્યની એટલા માટે છે કે થોડા સમય પહેલા આપણે ન્યૂઝ પેપરમાં પણ વાંચ્યુ હશે કે ટીવી પર પણ જોયું હશે કે રાજકોટમાં ક્રિકેટ રમતા ચાર ૨૬ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉંમરના યુવાનો મૃત્યુ પામ્યા એવું હોય ખરૂં કે રમત-ગમત રમતા કોઈ મૃત્યુ પામે ઉલટાનું શારીરિકશ્રમ કરવાથી તો રોગ પ્રતિકારક શકિત સારી બને અને હૃદય મજબૂત બને આ અકસ્માત થવાનું એકમાત્ર કારણ એ છે કે કસરત એ ક્રમબદ્ધ અને કાયમી કરવાની હોય છે. કોઈ પણ વ્યકિત એક કેપેસીટી હોય એ કેપેસીટી કરતા વધારે કાર્ય તમે કરો તો આ અકસ્માતો થવાના જ તમારી કેપેસીટી ૫૦૦ મીટર દોડવાની હોય અને તમે ૨૦૦૦ મીટર દોડો ત્યારે આવું થવાની શકયતા વધી જાય છે.શરીરની જરૂરિયાત મુજબ, ક્ષમતા પ્રમાણે પહેલા શરીરને વોર્મઅપ કરવુ જોઈએ. થોડી કસરત કરવી જોઈએ ત્યારે બોડી (શરીર) એ કાર્ય કરવા માટે તૈયાર થાય છે. નહીં કે ડાયરેકટ કોઈપણ ફિઝીકલ વર્ક કરવું ન જોઈએ.. તમારા શરીરની યોગ્યતાનો ખ્યાલ તમને હોવો જોઈએ અને ન હોય તો કોઈ કોચ શા.શિ.ના શિક્ષકની સલાહ લેવી જોઈએ. આના પાછળ બેઠાડુ જીવન, વારસાગત બાબતો, ખોરાક બધી જ બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો સારું પરિણામ મળી શકે.

૦૦૦

## રમત-ગમત(સ્પોટર્સમાં અવનવું)

૦ ૨૦૨૨-૨૩માં સૌરાષ્ટ્રની ક્રિકેટ ટીમ રણજી ટ્રોફીમાં બંગાળ સામે ચેમ્પિયન, ત્રણ વર્ષમાં ૨ વખત સૌરાષ્ટ્ર ક્રિકેટની રણજી ટ્રોફી ચેમ્પિયન.

૦ રણજી ટ્રોફીની ફાઈનલમાં 'પ્લેયર ઓફ ધ મેચ' સૌરાષ્ટ્રની ટીમના કેપ્ટન જયદેવ ઉનડકટને મળ્યો.

૦ રણજી ટ્રોફીની ૨૦૨૨-૨૩માં સૌરાષ્ટ્રની ટીમના અર્પિત વસાવડા 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર થયા.

૦ પાંચમી ખેલો ઈન્ડિયા ૨૦૨૨-૨૩નું આયોજન મધ્યપ્રદેશમાં થયું હતું.

૦ પાંચમી ખેલો ઈન્ડિયા સ્પર્ધામાં મહારાષ્ટ્ર કુલ ૧૬૧ મેડલ સાથે પ્રથમ નંબર પર રહ્યું હતું.

o સુર્યકુમાર યાદવને મેન્સ T-20 ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર ૨૦૨૨-૨૩નો એવોર્ડ એનાયત થયો.

o ICC વિમેન્સ U-19 ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૩માં ભારત ચેમ્પિયન થયું.

o હોકી વર્લ્ડકપ-૨૦૨૩માં જર્મની ચેમ્પિયન થયું.

o રેણુકાસિંહને 'વિમેન્સ ઈમેજિંગ ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ' એનાયત થયો.

o U-19 વિમેન્સ T-20 વર્લ્ડકપમાં ભારત પ્રથમ એવી ટીમ બની છે જેનું આયોજન પણ પ્રથમવાર થયું છે.

o ૧૩ થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ભારતમાં મેન્સ હોકી વર્લ્ડકપ ૨૦૨૩નું આયોજન થયું હતું. આ વર્લ્ડકપમાં જર્મની ત્રીજી વખત ચેમ્પિયન થયું હતું.

o હોકી વર્લ્ડકપનો પ્રારંભ વર્ષ ૧૯૭૧થી થયો હતો.

o આ વર્લ્ડકપમાં કેપ્ટન તરીકે હરમનપ્રિતની પસંદગી કરવામાં આવી હતી.

o ૧૬ થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે ૧૧૧મા ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન થયું હતું.

o નોવોકજોકોવીચનો રેકોર્ડ ૧૦મી વાર ઓસ્ટ્રેલિયન ઓપનનું મેન્સ ગર્લ્સનું ટાઈટલ જીત્યું છે. (૭૩૮૩૬ ૦૯૭૮૯)

•••

સમસ્ત ચારણ સમાજનું ગૌરવ

**આરતી દશરથભાઈ ગઢવી(બારહટ્ટ)**



આરતીબા બારહટ્ટ દશરથભાઈ રામભાઈ(ગામ-સરી, હાલ-અમદાવાદ)ના પુત્રી છે. ભરતદાન શંભુદાન મિસણના પુત્રવધૂ અને અભયદાન ભરતદાન મિસણના પત્ની છે જેમણે અભ્યાસમાં એમ.એ, એમ.ફિલનો અભ્યાસ કર્યો છે. જેઓએ એમફિલ બાદ સંસ્કૃત વિષયમાં પીએચ.ડીમાં પ્રવેશ મેળવ્યો. તેમના પીએચ.ડીના અભ્યાસ દરમિયાન જીવનમાં ઘણાં બદલાવ આવ્યા. એક પુત્રીથી પુત્રવધૂ બન્યા અને દીકરી આધ્યાના માતા. પરંતુ અભ્યાસ પ્રત્યેની તેમની ધગશના કારણે તેઓએ પોતાના ઘરની જવાબદારીની સાથે સાથે પોતાના ડોકટરેટ થવાના સપના માટે મહેનત ચાલુ રાખી. તાજેતરમાં જ આરતીબાએ સંસ્કૃત વિષયમાં, પુરાણોના ગહન અધ્યયન, પર પીએચ.ડીની પદવી હાંસલ કરેલ છે. તેમની આ સફળતા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન.

# ગૌરવવંતુ ગામડું

• નરેન્દ્ર ગઢવી

જામનગર જિલ્લાનું તાલુકા તરીકે વિકાસ પામેલું જામજોધપુર ગામ તેની કુલ વસ્તી આશરે ૫૦૦૦ની છે તેમાં ચારણ-ગઢવી સમાજના ઘર આશરે ૨૦૦ જેટલા છે. જામજોધપુર એક તાલુકો હોવાથી આજુબાજુના ગામની ખરીદી, હટાણાં તેમજ અન્ય ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે છે.

જામજોધપુરમાં આઈશ્રી સોનલમાનું વિશાળ મંદિર આશરે ૯૦૦ ફૂટની આસપાસનું છે. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા તા.૪/૧/૨૦૦૩માં કરવામાં આવી હતી તથા મંદિરમાં પુજારી રોજ સવાર-સાંજ આરતી ભજન સંધ્યાટાણે તેમજ સવારમાં થાય છે. આ મંદિરમાં સોનલ બીજ પણ દર વર્ષે ધામધૂમથી ઉજવાય છે તેમજ અન્ય પ્રવૃત્તિઓ પણ થાય છે. સોનલબીજના દિવસે સર્વ જ્ઞાતિનો સમૂહ ભોજન તેમજ રાત્રે સંતવાણીનો કાર્યક્રમ ઉજવાય છે. જેમાં નામી અનામી કલાકારો ખૂબ જ ભાવથી માનું કિર્તન આરાધના કરે છે. બીજના દિવસે દર વર્ષે શ્રી સોનલઆઈ એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને લગભગ ૮૦-૯૦ બોટલ જેટલું બ્લડ ડોનેશન કરવામાં યુવાનોનો મહત્ત્વનો ફાળો રહે છે. આ ઉપરાંત દર વર્ષે ચારણ-ગઢવી જ્ઞાતિનું સ્નેહ મિલન પણ રાખવામાં આવે છે.

જામજોધપુરની આબોહવા ખુશનુમાં છે ત્યાંના આજુબાજુના ઊંચાઊંચા ડુંગરોને કારણે તાલુકો રળિયામણો લાગે છે અને કુદરતી દશ્યો પણ ખૂબ જ આહલાદક છે. જામજોધપુરમાં મુખ્યત્વે અહીંનો વ્યવસાય ખેતીવાડી, પશુપાલન તથા વાહન વ્યવહાર તથા અમુક વર્ગ નોકરી સાથે સંકળાયેલો છે. અહીંના રસ્તાઓ પણ પહોળા છે તેમજ તાલુકો હોવાના કારણે અહીં માણસો તથા વાહન વ્યવહારની અવર-જવર પણ ખૂબ જ હોય છે. અહીંની બજાર વિશાળ છે. અહીંના માવાના પેંડા ખૂબ જ સ્વાદિષ્ટ તથા વખાણવા લાયક છે.

જામજોધપુર ગામમાં ચારણ-ગઢવી સમાજ આઈશ્રી સોનલમાની કૃપાથી દરેક ક્ષેત્રમાં આગળ પડતા છે. સામાજિક ક્ષેત્રે પણ અન્ય સમાજ ચારણ સમાજને ખૂબ જ માનપાન આપે છે. અહીં અન્ય સમાજને ચારણ સમાજ ઉપર માતાજીની કૃપાથી ખૂબ જ વિશ્વાસ છે અને ચારણ સમાજે આ વિશ્વાસને કાયમ રાખ્યો છે અને અઢારેય વરણ આપણા માતાજીઓને ખૂબજ આસ્થાથી માને છે. આ આસ્થાના પ્રતીક રૂપે ૩૦૦૦૦ ફૂટની વિશાળ જમીન ત્યાંના લોહાણા સમાજના શ્રી કાકુભાઈ મનજીભાઈ સવજાણી તરફથી આઈમાના નામ ઉપર અર્પણ કરેલ છે. આ વાડીનું ઉદ્દ્ઘાટન ૨૦૧૬માં કરવામાં આવ્યું છે અને એ જગ્યા ઉપર હાલમાં માતાજીની કૃપાથી ખૂબ જ સુંદર ચારણ-ગઢવી સમાજની વાડી બાંધવામાં આવી છે અને ૨૦૦૦ માણસો ઉપરનો પ્રસંગ પણ આ વાડીમાં ખૂબ જ ધામધૂમથી ઉજવી શકાય છે. આગળ એટલી જ ખુલ્લી જગ્યામાં સમીયાણો ઉભો કરીને જમણવારની વ્યવસ્થા પણ થઈ શકે છે. ઉપરાંત આ વાડીની ઉપરના માળે કન્યા છાત્રાલય બનાવવામાં આવેલ છે. તેમાં અત્યારે મોટા મોટા ૧૦ રૂમ બાંધવામાં આવ્યા છે. આ એક રૂમમાં ૪-૫ વ્યકિતઓ આરામથી રહી શકે એવી દરેક

સગવડતા પુરી પાડવામાં આવે છે તેમજ દીકરીયું જે સ્કૂલ કે કોલેજમાં અભ્યાસ કરે તેના માટે આ વાડીના ટ્રસ્ટ દ્વારા એક વાહન(વાન) પણ રાખવામાં આવી છે જે દીકરીયુંને સ્કૂલ-કોલેજમાં મુકી આવે તેમજ છૂટવાના સમયે પાછા છાત્રાલયે તેડી આવે છે જે ખૂબ જ ઉમદા કાર્ય તેમજ દીકરીયું માટેની આવી વ્યવસ્થા ધન્યવાદને પાત્ર છે. આપણા સમાજને અગવડતા ન પડે તે માટે વાડી ખૂબ જ ઉપયોગ સાબીત થઈ છે તેમજ ઈતર સમાજ પણ આ વાડીનો લાભ લ્યે છે અને આ વાડીનું ભાડુ પણ ખૂબ જ ઓછું રાખવામાં આવ્યું છે જેથી દરેક તેનો લાભ લઈ શકે.

જામજોધપુરમાં ચારણ-ગઢવી સમાજની એકતા ખૂબ જ સારી છે. સમાજના દરેક કાર્યો સાથે મળીને કરવા તેમજ સમાજની કોઈપણ વ્યકિતને કોઈપણ જાતની જરૂરિયાત હોય તો સમાજ આખો પડખે ઉભો રહીને મદદરૂપ થાય છે. અહીં શ્રી સોનલઆઈ એજ્યુકેશન નામનું ટ્રસ્ટ ચલાવવામાં આવે છે શ્રી વિરમભાઈ ખીમાણંદભાઈ ધારાણી તેઓ આ ટ્રસ્ટના પ્રમુખનો હોદ્દો ધરાવે છે. તેમની સમાજ પ્રત્યેની નિષ્ઠા, સેવા અજોડ છે તેમજ ઉપપ્રમુખ કાળુભાઈ ભાન તથા ટ્રસ્ટી ઘેલુભાઈ હયળાજાણી, ઘુસાભાઈ ધારાણી, કાળાભાઈ સુમડીયા, કારૂભાઈ ભાન, ઘેલુભાઈ હયળાજાણી, ડાડાભાઈ ધારાણી, કારૂભાઈ સાખરા, સામતભાઈ આસાણી તથા ભારાભાઈ મુન જેઓ ઉપરોકત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છે.

તા.૧૨/૩/૨૦૨૩ના રોજ શ્રી ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટ તથા શ્રી સોનલઆઈ એજયુકેશન ટ્રસ્ટના સહયોગથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં રાજકોટથી સર્વશ્રી ચંદુભાઈ સાબા, રામભાઈ જામંગ, મેહુલ જામંગ, હેમુભાઈ બાવડા, યોગેશભાઈ પારેખ, વિરલભાઈ લાંબા તથા નરેન્દ્રભાઈ જાળફવા રાજકોટથી આવેલ તથા જામજોધપુરમાંથી શ્રી વિરમભાઈ ધારાણી, કાળુભાઈ ભાન, ઘેલુભાઈ, ઘુસાભાઈ ધારાણી, કાળાભાઈ સુમડીયા તથા અન્ય સમાજના ખીમાભાઈ વશરા, નરેન્દ્રભાઈ કડીવાર (જામજોધપુર નગરપાલિકા પ્રમુખ), અરુણભાઈ વૈષ્નાણી(પટેલ સમાજ આગેવાન), ખેરાજભાઈ ખાંટ, સાપરીયા સાહેબ, મણીભાઈ પટેલ તથા સંતશ્રી જેરામબાપા(ધુનડા આશ્રમ) પધારેલ, લખુ સાહેબ પાબારી-મહંત, ચેતનભાઈ કડીયાર, કાળુભાઈ આસાણી, શૈલેષભાઈ ગોસ્વામી, હરીશભાઈ વારીયા, હેમંતભાઈ(તાલુકા સદસ્ય મોટાવડીયા)ના ઉપક્રમે કેમ્પનું ઉદ્‌ઘાટન કરેલ તેમાં દાતના ૧૦૦ દર્દીઓ તથા આંખના ૭૦ થી ૯૦ જેટલા દર્દીઓએ લાભ લીધેલ. તદ્દન મફત સારવાર, આંખનું ઓપરેશન, ચશ્મા, દાંતના ચોગઠા વગેરે. આ કેમ્પમાં મુખ્યત્વે વિરમભાઈ ધારાણીની વ્યવસ્થા વખાણવા લાયકો હતી જ પરંતુ એ શબ્દ ટૂંકો પડે એમની સમગ્ર વ્યવસ્થા વંદન લાયક હતી. દાંતના ડો.જયસુખ મકવાણા તથા તેમની ટીમ મોનીકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ અને સંજય અગ્રાવત તથા આંખના ડોકટર.

(૯૯૦૪૪ ૧૨૦૨૦)

•••

**આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ તરફથી અન્ય સંસ્થાને સહયોગ**

ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટ રૂા.૧,૦૦,૦૦૦/- **તથા**

શ્રી કાનજીભાઈ નાગૈયા, જૂનાગઢ કુમાર છાત્રાયલને રૂા.૨૫,૦૦૦/- શિક્ષણ માટે.

# ટેકીલો ચારણ – વાલાભા લાખાભા પાલીયા

• પ્રવીણભાઈ કાળાભાઈ સોયા

**શ્રદ્ધા પ્રેમ સરવાણીયુ, ઝલક પલક છુટ જાત,**
**તો ખાવિંદ આટો ન ખાત, પંપાસરોવર પાલીયા.**

ચારણ મહાત્મા ઈશરદાસજીએ પ્રજા કલ્યાણ અર્થે હરિરસ ગ્રંથ રચી ભગવાનશ્રી દ્વારીકાધીશની સહી લીધી, ભકત કવિ ચારણ સાયા ઝુલાએ ઈડરમાં બેઠા બેઠા દ્વારકામાં દ્વારીકાધીશના વાઘા ઠારીને દૂર બેઠેલા ચારણને પ્રભુ કેટલો નજીક છે એ પ્રતિપાદીત કર્યું. ભલા ભોળા ભાવથી ભકિત કરનાર કોલવા ભગત નામના ચારણે દ્વારકાધીશ દેવળના દર્શનદ્વાર પ્રભુ પાસે ફેરવરાવીને પ્રભુ ભકિતની ચારણ હઠના દર્શન કરાવ્યા. ચારણની દ્વારકાધીશ પ્રત્યેની પ્રીતિની આ વાત ઐતિહાસિક છે, પણ મારે વાત કરવી છે સામ્પ્રત સમયમાં દ્વારકાધીશ પ્રત્યેની શ્રદ્ધા અને ભકિતમાં તરબોળ એવા એક ચારણે જીવમાત્રના કલ્યાણ અર્થે લીધેલ કઠિન ટેક(વ્રત)ને પૂર્ણ કર્યાની.

ચારણોની સંસ્કૃતિ અને પરંપરાને સાચવી રાખનાર 'ચારણ ચોવીસી' એટલે પંચમહાલ જિલ્લાના ગોધરાની આજુબાજુ આવેલ ચારણોના ચોવીસ ગામ. આ ગામોમાં તમે જાવ એટલે અહેસાસ થાય કે આજે પણ અહીં ચારણ સંસ્કૃતિ જીવંત છે. અહીંના પોપટપુરા ખાતે યોજાતા ચારણ–ગઢવી સમાજના સમૂહલગ્ન એ શિસ્ત અને અનુશાસન માટે ખૂબ જાણીતા છે. મોટાભાગે પશુ–પાલન અને ખેતી પર નિર્ભર ચારણો પોતાના અસલી ચારણી મિજાજ સાથે ખુમારીવાળું જીવન જીવી રહ્યા છે. આ ચારણ ચોવીસીની પવિત્ર ભૂમિમાંથી જ આપણને ચારણોના ગુરૂદ્વારા કાંત્રોડી(કુંતલપુર)ના સિદ્ધ સંત પૂ.કેશવાનાથજી અને એમના અનુયાયી એવા બીજા સંતો મળ્યા છે. આ ભૂમિનું એક ગામ એટલે નસીરપુર.

આજે મારે વાત કરવી છે નસીરપુર ગામના દ્વારીકાધીશની ભકિતમાં અને મા જગદંબાની ભકિતમાં લીન એવા વાલાભા લાખાભા પાલીયાની ટેકની(વ્રતની).

વાલાભાએ દૃઢ નિર્ણય કર્યો કે કોરોના વાયરસમાં મૃત્યુ પામેલા જીવાત્માઓને અને લમ્પી વાયરસમાં મૃત્યુ પામેલ ગાયોના આત્માઓને શાંતિ મળે તે માટે અને આવી કોઈ મહામારી ભવિષ્યમાં આવે નહીં તે માટે સૈનિકના રક્ષણમાટે અને દેશના રક્ષણ માટે હું મારા ગામ નસીરપુરથી પાછા ડગલે(પાછા પગે) ચાલીને દ્વારકા ખાતે દ્વારીકાધીશના દર્શન કરવા જઈશ. મિત્રો થોડા ડગલા તો પાછા પગે ચાલીને જુઓ બહુ કઠિન છે પણ આ તો ચારણની ટેક.

તા.૧૮/૨/૨૦૨૩ને મહાશિવરાત્રીના દિવસે ગોધરાથી પાછા ડગલે ચાલીને દ્વારકા તરફ પ્રયાણ કર્યું. કોઈપણ જાતનો પ્રચાર કર્યા વગર નીકળેલ હોવાથી વાલાભા ગોધરાથી સુરેન્દ્રનગરના લીંબડી સુધી પહોંચી ગયા ત્યાં સુધી તેમનો કોઈ પ્રચાર–પ્રસાર થયેલ ન હતો પણ કરણી સેનાના પ્રમુખશ્રી જે.પી. જાડેજા દ્વારા હાઈવે પર તેમને પાછા ડગલે ચાલતા જોઈ સોશિયલ મીડિયામાં તેમની શુભેચ્છા પ્રસારિત થઈ અને ત્યાર બાદ ગામે ગામના અઢારે વર્ણના લોકોએ વાલાભાની શ્રદ્ધા અને ભકિતને વધાવી લીધા અને વાલાભાએ જાહેર કર્યું કે તેઓ દ્વારકાથી પાછા ડગલે ચાલીને સોમનાથ મહાદેવના પણ આશીર્વાદ લેશે. ગામે

ગામ અને જયાં બપોરનું કે રાત્રીનું રોકાણ થતું ત્યાં વાલાભાના વાજતે ગાજતે ભવ્ય સામૈયા થતા, સ્વાગત થતું. તેમના પગના અંગુઠાના પૂજન કરતા અનેક પરિવારો તેમની આરતી કરતા, લાલ કંકુમાં પગ બોળાવીને પગલા કરાવતા, ગામ લોકો સાથેનો સમૂહ ભોજન પ્રસાદ રાખતા, ગામના મંદિરોમાં વાલાભાના હાથે આરતી કરાવતા આવા ગામો અને સ્થળો નામ આપુ તો બોરાણા, મઢાદ, ભોજપરા, બામણબોર, લાંબા કોટડી, રાજકોટ, પડધરી, દેદકદડ, ધ્રોલ, લૈયારા સોમનાથ હોટલ, શિવકૃપા હોટલ, રામચંદ્ર ફાર્મ હાઉસ જાંબુડા, જામનગર, સોનલકૃપા હોટલ, સીક્કા, પરોઢીયા, ખાવડી, ખંભાળીયા, બેહ, લીંબડી, રાણ, બુટભવાની હોટલ, ભોગાત અને ભીમરાણા થી દ્વારકા થી સોમનાથ જતા મઢી, મિલન હોટલ, કુરંગા, ભોગાત, ગાધરી, વિસાવાડ, પોરબંદર, જોડીયા વાછરાદાદાનું મંદિર, ઉટડાગામ, મોચા, માધુપુર, દિવાસા દાડમદેવની જગ્યા, માંગરોળ, કુકસવાડા, ચોરવાડ, નિરાધાર આશ્રમ વેરાવળ હાઈવે પર અને ત્યાંથી સોમનાથ મહાદેવ મંદિર.

આમ તા.૧૮/૨/૨૦૨૩ના રોજ પ્રસ્થાન કરેલ વાલાભાની પાછા ડગલાવાળી પદયાત્રા તા.૨૦/૩/૨૦૨૩ના રોજ દ્વારકા ખાતે દ્વારીકાધીશ મંદિર પહોંચેલ. દ્વારીકાધીશ મંદિરે પહોંચતા પહેલા ભીમરાણા ખાતે મોગલધામ મંદિરના ટ્રસ્ટીશ્રી સામતભા તથા શ્રી દેવુભા દ્વારા સામૈયા સ્વાગત તથા રાત્રી રોકાણ કરી સાથે દ્વારકા પહોંચ્યા હતા. જયાં વિશાળ ચારણ સમાજ પહેલેથી જ ઉપસ્થિત હતો.

જયાં ધજા ચઢાવવા માટે ત્રણ વર્ષનું વેઈટીંગ લિસ્ટ છે તે દ્વારીકાધીશના મંદિરે વાલાભાએ બાવન ગજની ધજા ચઢાવી ધજાની સાથે પોતે સાથે લાવેલ નેજો પણ ચઢાવ્યો અને પોતાની શ્રદ્ધા અને ભકિતવાળી ટેકને સ્વીકારી અને સર્વોનું કલ્યાણ કરજો એવી ભાવનાવાળી પ્રાર્થના કરી દર્શન કરી અને વાલાભા દ્વારકા થી સોમનાથ જવા તા.૨૨/૩/૨૦૨૩ના રોજ રવાના થયેલ અને સોમનાથ ખાતે તા.૧/૪/૨૦૨૩ના રોજ પહોંચ્યા હતા. સોમનાથ મહાદેવજીના મંદિરે દર્શન કર્યા તેમજ જુના મંદિરે વાલાભાએ અભિષેક કર્યો અને બ્રહ્મભોજન કરાવ્યું અને પ્રસાદ લઈ ભોળાનાથ ડાડાના આશીર્વાદ લઈ વાલાભાએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું અને સમગ્ર ચારણ સમાજને ગૌરવ અપાવી પોતે ૬૬ વર્ષની વયે ૯૦૦ કિ.મી.ની પદયાત્રા પૂર્ણ કરી.

વાલાભાની જનકલ્યાણવાળી આ પદયાત્રામાં સૌથી વધુ સાથ આપનાર હોય તો તે છે સુરેન્દ્રનગરના શ્રી જગદીશભા રાયખાભા લાંબા. તન,મન અને ધનથી ખૂબ જ સહકાર આપ્યો. વાલાભાની સાથે પોતે પણ મોટા ભાગે પગપાળા ચાલ્યા અને પોતાની કારને સાથે સેવામાં રાખી. તેમણે આપેલ માહિતીથી આજે હું આ લેખ લખી શકયો છું. તેવી જ રીતે વાલાભાની સાથે એક ૭૫ વર્ષના બુઝુર્ગ ચારણ વાલાભા આલગા પણ પગપાળા ચાલ્યા છે. બે હાથ જોડીને ચાલતા વાલાભા આલગા જાણે કે કહી રહ્યા છે કે બાપ તારી પદયાત્રાને મારા વંદન છે. તે સિવાય પરબતભાઈ અને ટીનાભા નાંદણ પણ પગપાળા ચાલેલ હતા. સોમનાથ ખાતે પદયાત્રા પૂર્ણ કરી વાલાભા મઢડા સોનલધામ ખાતે દર્શન કરવા ગયેલ જયાં ગીરીશઆપાએ એમને સત્કારેલ અને વાલાભાએ મા જગદંબાના મંદિરમાં આરતી કરેલ. જય હો ચારણત્વની...

(૯૪૨૬૯ ૭૭૮૦૧)

•••

# અમીરસ ઈતિહાસનો(૩૩)

• રામભાઈ જામંગ

આ કોલમમાં અગાઉ અન્ય જગ્યાએથી પસંદગી કરીને વાંચવા, વાગોળવા જેવા વિચારો, વાતો, પ્રસંગો અને પાત્રોને મુકયા હતા.

૧૩ વર્ષની વાંચન-લેખન યાત્રાના વિશેષાંક વખતે થોડી વાતો તેના પ્રકાશનોની અહીંથી કરીએ. ચારણ સંસ્કૃતિના છઠ્ઠા પ્રયત્નનો પ્રથમ અંક આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મે,૨૦૧૦માં ભાવનગર મુકામેથી પ્રથમ સમૂહલગ્ન પ્રસંગમાં ત્યાંના વ્યવસ્થાપકો અને પૂ.કંકુકેશરમાના વરદ હસ્તે વિમોચન અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું. તે દિવસે જ અન્ય બે જગ્યાએ જયાં સમૂહલગ્નના પ્રસંગો હતા ત્યાં આ ટ્રસ્ટના યુવાન કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ગાંધીધામ(કચ્છ) અને માંડવી(કચ્છ) માં વૈભવી, સન્માનનીય અને આદર સાથે વિમોચન વાજતે ગાજતે કરાયું હતું. યુવાનોના સન્માન સાથે ટ્રસ્ટને રોકડ પુરસ્કારથી સહયોગ અપાયો હતો.

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા પ્રકાશિત 'ચારણ સંસ્કૃતિ' સાથે દર પાંચ વર્ષ વાંચકોને કંઈક વિશેષ આપવું તેવું વિચારેલ, તેના અનુસંધાને પ્રથમ પાંચ વરસ માટે અગાઉના અંકોના ચુંટેલા લેખોનું પુસ્તક તૈયાર કરવાનું ટ્રસ્ટે નકકી કર્યું અને એ તૈયાર કરીને તેનું વિમોચન 'મા'ના મઢડાધામ ખાતે પૂ.બનુમાના વરદ હસ્તે અને ચારણોની શકિતપીઠની પાવન ભૂમિમાં ત્યાં ચાલી રહેલી સપ્તાહમાં પૂ.બનુમા, સમાજના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિમોચન કરાયું.

ત્યારબાદ આ પુસ્તકની ત્રણ આવૃત્તિ બહાર પડી. તેમાંથી બેમાં એક કરેણીના મંદિર ઉદ્‌ઘાટન વખતે વિમોચન અને અંકનું રાજકોટમાં પદ્મશ્રી ભીખુદાનભાઈના સન્માન વખતે પૂ.કંકુકેશરમા, પૂ.મોરારિબાપુ અને સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વિમોચન થયું.

ત્યારબાદ ૧૦ વર્ષની યાદમાં 'ચારણ સંસ્કૃતિના સ્વજનો' ગ્રંથ પ્રવીણ પ્રકાશન રાજકોટ દ્વારા પ્રકાશિત અને પૂ.મોરારિબાપુ દ્વારા લોકાર્પણ કરાયો છે, તેની વિગતવાર વાતું તો હવે પછીના અંકોમાં કરીશું. તેની આછેરી ઝલક માટેના થોડા ફોટાઓ આ અંકમાં લીધેલ છે. જે પુરો ચિત્તાર આપી દેશે.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

**શબ્દો નહીં પણ જરૂરિયાતની લાગણી એ જ સાચી પ્રાર્થના છે, પણ તમારી પ્રાર્થના ફળે છે કે નહીં તેની રાહ જોવા માટે તમારામાં ધીરજ હોવી જોઈએ.**

**ચિંતન કરો, ચિંતા કરશો નહીં,**
**નવા વિચારોને જન્મ આપો.**
**–સ્વામી વિવેકાનંદ**

**– ચારણ જ્ઞાતિનું ગૌરવ –**

**ગુજરાત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લેવાયેલ મેનેજર ગ્રેડ–૨ની પરીક્ષામાં શ્રી જીજ્ઞેશ ધનરાજભાઈ બાવડા(રાજકોટ) ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે ઉતીર્ણ થયા છે તેઓની સર્કીટ હાઉસ, દ્વારકામાં મેનેજર તરીકે નિમણૂંક થયેલ છે.**

## વાદો વિવાદો

આ વાદો ને વિવાદો હજુ કયાં સુધી ?
ભેળા થવું પણ ભેળા રહેવું નથી ઘડીભર !
માત્ર સુંવાળા સંવાદો હજુ કયાં સુધી ?
ગણ્યા કરવા છે ગાઉ એક પણ ડગ મૂકયા વિના!
આ પથ્થરિયા પ્રમાદો હજુ કયાં સુધી ?
શોધી રહ્યા છીએ સૂરજ અતીતના અંજવાસમાં!
આ અંધારિયા આનંદો હજુ કયાં સુધી ?
આજ લગ ઘોળ્યાં કર્યાં આપ વડાઈનાં અફીણ!
આ થાય એમ થવા દો હજુ કયાં સુધી ?
ઈતિહાસનો શબ્દાર્થ નહીં મરમાર્થ જાણવો પડે,
આ મૃગજળીયા વરસાદો હજુ કયાં સુધી ?
આપણે જ શ્રેષ્ઠ સર્વ શ્રેષ્ઠ શુદ્ધ અને બુદ્ધ આપણે!
આ નકામા ઉન્માદો હજુ કયાં સુધી ?
કબીરવડ આપણો એક જ તો ય કુળ અને કૂખની ચર્ચા!
આ વરવા વિખવાદો હજુ કયાં સુધી ?
લખમણ રેખાઓ દોરવા હજુ અવતરે આયું કેટલી?
આ જાય એટલું જવા દો હજુ કયાં સુધી?

– **ઈસુભાઈ ગઢવી** (૯૮૨૫૯ ૬૧૨૭૦)

---

## પાંચાળના દુહા

*માંડવ ઠાંગો'ને મદાવો, કનડો 'ને સાલેમાળ*
*મચ્છુ ભાદરનું માવતર,(ઈ) પડ જોવો પાંચાળ*

*ચોટીલે ગઢ ચામુંડા, ગેબીનાથ ગઢ થાન*
*સૂરજદેવળ 'ને સોનગઢ, ગઢપર ગઢ ભગવાન*

*મેપો રતો 'ને જાદરો, ગવોરખો 'ને બાવનવીર*
*દાન વિહામણ ગીગડો, હકડો 'ને જેતો પીર*

*ઘણ ગાયું ગઢ ઘોડીયું, ભેંસુ ધન ભંડાર*
*માન મરજાદી માનવી,(ઈ) પડ જોવો પાંચાળ*

*રૂપ ગુણ રીતે-ભાંત્ય રોટલો, ઉજળે દલ આવકાર*
*હેત પ્રિત પોરસ હિંમત, (ઈ) પડ જોવો પાંચાળ.*

– ***અણદુભા ટપુભા જાળફવા,*** *ભાડલા*
*(૯૬૦૧૨ ૬૧૧૯૭)*

## વિશ્વરૂપા જગદંબા સ્તુતિ

*ઈળા માથે અંબિકા વ્યોમ પતાળે વાસ,*
*પાર ન પામે પામરો, અમર રહે છે આશ.*

*॥ છંદ : ભુજંગી ॥*

*નમામિ મહા માત અંબા અખંડી,*
*વિરૂપા નમો વિશ્વ માતા પ્રચંડી,*
*નમું શીશ નારાયણી હાથ જોડી,*
*મિટે દુઃખ માથા કટે બંધ ત્રોડી..૧*

*તુહી ચંદ્રરૂપા બણી શીતલાવે,*
*તુહી સૂર્યરૂપે કિરન્નો પ્રસાવે,*
*જગે તારલા જયોતરૂપે પ્રકાશી,*
*નમું નેહડે માત અંબા નિવાસી..૨*

*વસે વ્યોમ પાતાલ લોકે પ્રચંડી,*
*ગઢે ગોખલે વાસ તોરા બ્રમંડી,*
*મઢે માત અંબા ભવાની ભુજાળી,*
*સુણી સાદ ધ્રોડે ત્વરીતે ધજાળી..૩*

*બણી વાદળી મેઘધારા વ્રસાડે,*
*પહાડાં પરે ધોધ પાણી પછાડે,*
*નદી સાગરે નીર તુંહી જ માતા,*
*તુહી ઔષધી અન્ન તુંહી જ દાતા..૪*

*વહે વાયુ રૂપે તુહી પ્રાણ દાતા,*
*તુહી ગર્જતી સર્જતી તું વિધાતા,*
*તવાં નામથી આગ તુંહી જ ઠારે,*
*નવે ખંડમાં ભકતનાં કાજ સારે..૫*

*રુઠી ચારણી રૂપ ચામુંડ માતા,*
*મહા ચંડ ચોળી દિનોતે વિધાતા,*
*ભગત્તાં તણી ભીડને ભાંગનારી,*
*મહા વિશ્વમાયા પ્રભો મન્મથારી..૬*

તુહી વ્યોમ આધાર ના સ્થંભ ખોડી,
બણી સિંહણી વન્ન દૈત્યો વછોડી,
ભવાની બણી ભ્રખ્ખ લીધા ભુજાળી,
તવાં પાર પામે નહી કો પ્રજારી..૭

તુહી દ્રોપદી રૂપ લીલા કરંતી,
સહી દુઃખ અંગે વસત્રો હરંતી,
ધીર રૂપ કાના તણું ચીર પૂર્યા,
બણી પાર્થ બાણે દનૂશૈન ચિર્યા..૮

તુહી ગ્રંથ ગીતા પુરાણો પ્રચારી,
તુહી વેદ વિધ્યા શબદો સુખારી,
તુહી વ્યાસ રૂપે કલમ્મો ચલાવે,
કવી જીહવા રૂપ કાવ્યો જગાવે..૯

લખમ્મી મહા સર્સતી કાલિકા તું,
યુવાવેશ વૃદ્ધા બણે બાલિકા તું,
રણે કાલિકા રૂપ લીધાં લજાળી,
ધરે કોટિ બ્રહ્માન્ડ રૂપો ધજાળી..૧૦

તુહી તિર્થ રૂપે રહે ચાર ધામે,
કરે ધૂપ દીપો ઠરે ઠામ ઠામે,
કટે જાળ જંજાળ તું જોગમાયા,
નમું શીશ નારાયણી વિશ્વમાયા..૧૧

તુહી કાળ ત્રેતા કલી દ્વાપરે તું,
પરીવર્તને રૂપ નેકો ધરે તું,
તુહી યુગ્ગ સત્યુગ્ગ છો યોગમાયા,
ધરાઆભ બ્રહ્માન્ડ કેતા નિપાયા..૧૨

તુહી માત ગંગા જટા શંકરે તું,
તુહી પાવની પાપને મા હરે તું,
ધરે હાડરો નીરમાં જો કટક્કો,
ભુતો ના રહે માત તોરો ખટક્કો..૧૩

તુહી ગીત સંગીતરા નાદ ગાજે,
દુહા છંદ ગીત તણાએ અવાજે,
શબદો સરૂપે મહા સર્સતી તું,
કલા શબ્દરૂપે કવી સર્જતી તું..૧૪

નમું નોરતાં રાજલાં રૂપ ધારી,
ભવાની કરે ભ્રખ્ખ દુષ્ટો સંહારી,
રમે રાસ નૌલાખ ભેળી ભુજાળી,
નવેલાખ ઘૂમે લિયે હાથ તાળી..૧૫

તુહી ધર્મને કર્મની રેખ જાણે,
તુહી પુણ્યને પાપના દંડ આણે,
તુહી સત્ય જૂઠા તણા ભેદ ભાંખે,
નવે ખંડમાં બાળની લાજ રાખે..૧૬

સતી પાર્વતી સીત તારામતી તું,
સુમિત્રા જયા ઊમયા મા સતી તું,
મહા હિન્દ મા સાગરે ક્ષીર નાતી,
ભણે 'ભૂપતો' સર્વને સ્હાય થાતી..૧૭

**॥ છપ્પય ॥**

નમું નેહ જગદંબ, પાર કુણ તોરા પમ્મે,
ગઢે ગોખલે વાસ, મઢે નર નારી નમ્મે,
ચઢે ચંડ વિકરાલ, રૂપ ધર દાનવ દંડે,
બણી વાદળી નીર, પહાડાં પર નવખંડે,
સહધાર ચાર તિરથ સબેય,તૂહી જીવ સબ તારણી,
કરજોડ દાસ ભૂપત ભણે, નમો નમો નારાયણી.

**– ભૂપતદાન સતીદાન રોહડિયા**
(૯૩૧૬૩ ૭૮૦૧૫)

**અનુમાન આપણા મનની કલ્પના છે,
અને અનુભવ આપણા જીવનનો પાઠ છે.**

**સમજણ વગરની સુંદરતા રીફીલ વગરની
રૂપાળી બોલપેન જેવી છે.**

## મળવા જેવા માનવી

## ડાયાદાન મોરારદાન હોદા(ટોકરા) *(અસાઈકમ્પા)*

• ડી.કે. ચારણ (કુવાવા)

મળવા જેવા માણસ ડાયાદાન મોરારદાન કોઈ ધીર ગંભીર માણસને મૃદુ અવાજમાં શાંતિથી સલાહ આપતા ત્યારે તમે સાંભળો તો જાણી ન શકો કે ડાહ્યાભાઈ વિશાળ પરિવારના મોભી, છતાંય મગજ ઉપર બરફ મૂકીને કામ કરે. ચાર પાંચ ભાઈઓ અને ત્રણ-ચાર બહેનોનો લાંબો મોટો પરિવાર. પુત્રોના અને ભત્રીજાઓના પુત્રો, છતાં ડાયાદાનના એકીઅવાજે સૌ લોકો કામે લાગી જાય. ૧૯૬૮માં એસ.એસ.સી.પાસ અને ૧૯૭૪માં ફાઈનલ વર્નાકયુલર પરીક્ષા પાસ કરેલ. નિવૃત્ત થયા સુધી ગ્રામસેવક તરીકે ઈડર અને વડાલી આસપાસના ગામમાં ૩૦ થી ૩૩ વર્ષ કામ કર્યું અને લોકોનો પ્રેમ સંપાદિત કર્યો. ગામોમાં તેઓનું વચન કોઈ ઉથાપે નહીં, સૌને સાચી સલાહ. ખોટું થતું હોય તો વગર સંકોચે મોટા ચમરબંધીને પણ સંભળાવી દે.

૧૯૭૨ કે ૭૩માં ટોકરા વસાહત મૂળ ગામેથી ધરોઈ બંધને કારણે ગામ સહિત સ્થળાંતર કરવું પડયું. સૌ ખેડૂત પરિવાર સાથે ઈડરના જેતપુર કંપા પાસે અસાઈકમ્પામાં સ્થાયી થયા. કઠિન અને વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત હાર્યા નહીં. તેમનો વ્યકિતગત વિકાસ તો કર્યો જ પણ પરિવારના, ગામના અને સમાજના વિકાસમાં પણ સહયોગ આપ્યો. ભાઈઓના પુત્રો અને પરિવારને યોગ્ય શિક્ષણ અને સંસ્કાર આપ્યા. સમાજના નાના-મોટા પ્રસંગોમાં આગળ હોય, નાદુરસ્ત તબિયત હોવા છતાં હાજરી આપી યોગ્ય સલાહ પણ આપે. બુદ્ધિજીવી વ્યકિતઓ સાથેનો તેમનો ઘરોબો, કોઠાસૂઝ, નિર્ણયશકિત અને સદ્‌ભાવને કારણે સમાજમાં કયાંક કડવું સત્ય કહેવું પડે છતાં આદર ધરાવે. શિક્ષણ ધર્મ કાર્યોમાં આર્થિક સહાય પણ કરે અને ભાઈઓ પાસે પણ દાન અપાવે. પોતાનું કામ પોતે જાતે જ કરે. જે કોઈ વ્યકિતને મળે ત્યારે એમને ગામ આવવા માટેનું આમંત્રણ આપે.

(૯૯૧૩૦ ૭૯૬૫૩)

•••

પ્રતિભાવ બાબતે જણાવવાનું કે જેઓએ પ્રથમ અંકમાં(૨૦૧૦) તેમજ ત્યાર પછીના તેજ વર્ષમાં પ્રતિભાવો આવેલ હતા તેઓશ્રીઓને અમોએ વ્યકિતગત પત્રોથી જાણ પ્રતિભાવો મોકલવા અંગે કરેલ છે. જેઓના પ્રતિભાવો પછીના અંકોમાં આવેલ તેઓશ્રીના 'ચારણ સંસ્કૃતિ' મેગેઝિન અથવા તો વોટ્સએપમાં પત્ર મોકલાવેલ છે તેમાં ઘણાનાં પ્રતિભાવો આવ્યા છે. અંક તૈયાર થઈ ગયા પછી પણ આવ્યા છે અને હજુ આવી રહ્યા છે. શકય હોય એટલાનો સમાવેશ કરેલ છે. શુભેચ્છા માટે આર્થિક સહયોગ પણ મળી રહ્યો છે. હવે પછીના અંકોમાં સહુ સન્માનનિય શુભેચ્છકોના પ્રતિભાવો, આશીર્વાદ, શુભેચ્છાઓ લઈશુ. સૌનો આભાર. **– તંત્રી**

## સમાચાર વિભાગ

### ૧) ચારણત્વને છાજે તે રીતે શકિત તત્ત્વનું જતન કરવા હાકલ

'કચ્છમિત્ર'માં અહેવાય - કરશન ગઢવી(મોટા ભાડીયા),રમેશ ગઢવી(કાઠડા),જીવરાજ ગઢવી (કોડાય).

દેવકુળ ચારણ જાતિને પોતાના સ્વત્વનું ભાન કરાવવા તથા ઉન્નતિનાં શિખરો તરફ દોરી જવા જેમનું આ સૃષ્ટિમાં અવતરણ થયું એ મહાશકિત પૂ.આઈ સોનલમાની યાદમાં ચારણ સમાજ દ્વારા ઉજવાતા પર્વ સોનલબીજની માંડવી ખાતે બે દિવસીય ઉજવણીનો ચારણોની ઉપસ્થિતિમાં પ્રારંભે શોભાયાત્રા, દાતાઓના સન્માન, ધર્મસભા, આરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા જેમાં ચારણોએ એકતાનાં દર્શન સાથે સોનલ શકિતના ગૌરવગાન કર્યા હતા. આ અવસરે યોજાયેલ ધર્મસભાને સંબોધતાં મોગલધામ કબરાઉના સંત અને ચારણઋષિ સામતબાપુએ ચારણોને પોતાની જાતનો નશો હોવો જોઈએ. અન્ય તમામ નશાઓથી દૂર રહી ચારણત્વને છાજે તે રીતે શકિત તત્ત્વનું સેવન કરી નિજત્વને જગત સમક્ષ મૂકવાની તરફેણ કરવા ઉમેર્યું હતું.

વવારના સંત પાલુ ભગતે ચારણી શકિતઓએ આપેલા સિદ્ધાંતને કેન્દ્રસ્થ રાખવાની હિમાયત કરી હતી. રાજડા ટેકરીના મહંત અર્જુનનાથજી બાપુએ સમાજે કરેલી આયોજન વ્યવસ્થાને બિરદાવતાં ઉમેર્યું હતું કે, એકત્વ સાથે થતું કાર્ય ગતિ પામે છે. આઈ પરંપરાના વાહક પૂ.દેવલમા(ભાડા)એ જણાવ્યું કે, આજના દિવસભરની સફળતા પામેલા કાર્યક્રમોમાં જો કોઈ શકિત કાર્ય કરતી હોય તો તે સોનલમા છે.

અઢી દાયકા સુધી માતાજીના અંતેવાસી રહેલા સમર્પિત સમાજસેવક અને જાણીતા લેખક વિદ્વાન સ્વ.પિંગળશીભાઈ પરબતભાઈ પાયક (લોદ્રાણી) દ્વારા પૂ.સોનલમાના જીવનચરિત્ર, તેમના દ્વારા સમાજ ઉત્થાન માટે કરાયેલા કાર્યો, પ્રવાસો વગેરેના જીવન-કવનને આવરી લેતું પુસ્તક 'માતૃદર્શન'૧૯૮૪માં બહાર પડયું હતું જેની પુનઃ પ્રિન્ટ નવા સ્વરૂપે 'સોનબાઈમા માતૃદર્શન જીવન ઈતિહાસ સંહિતા'નું દેવલમા, ગિરીશ આપા(મઢડા) તથા અગ્રણીઓના હસ્તે વિમોચન કરાયું હતું.

પાયક પરિવારના અગ્રણી અનિલ ભરતભાઈ પાયકે પુસ્તક વિશે માહિતી આપી હતી. મંચસ્થ આગેવાનો માજી સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, ધારાશાસ્ત્રી દેવરાજભાઈ ગઢવી(ભૂજ), મુખ્ય દાતા અરજણભાઈ ગઢવી, અગ્રણી વીરેન્દ્રભાઈ કાનાણી, ધારાસભ્યો અનિરૂદ્ધભાઈ દવે, પ્રદ્યુમનસિંહ જાડેજા, પ્રભુભાઈ ગઢવી (ખાખર), મુંદરા તા.ચા.સમાજ પ્રમુખ ડોસાભાઈ ગઢવી, જિ.પં.કો.ચેરમેન મહેન્દ્રભાઈ ગઢવી, રાણશી ગઢવી(કોડાય), એન.આર.ગઢવી (જનાણ), પાલુભાઈ ગઢવી(ભજનાનંદી), માંડવી બાર પ્રમુખ ખેરાજ ગઢવી, મુંદરા તા.પં. ઉપપ્રમુખ રતનભાઈ ગઢવી, વિપુલ ગઢવી (ગાંધીધામ), બાબુ ગઢવી(સરપંચ-વવાર), સોનલધામ કાઠડા અધ્યક્ષ જાદવજીભાઈ ગઢવી, હિરજીબાપા કારાણી સહિતનાઓને સમિતિના પ્રમુખ ઈશ્વરભાઈ ગઢવી, અગ્રણી દેવરાજ હરિભાઈ, સમિતિના ઉપાધ્યક્ષો ધનરાજ પુનશી, ધનરાજ કરમણ, ધનાભા, આનંદ ગઢવી તથા અન્ય સભ્યો દ્વારા સન્માનિત કરાયા હતા.

ઉજવણીના મુખ્યદાતા અરજણ લધાભાઈ ગઢવી(નાની રાયણ)ને દેવલમા અને

પુષ્પદાનભાઈના હસ્તે વિશિષ્ટ રીતે સન્માનિત કરાયા હતા. માજી ડેપ્યુટી કલેકટર અને દાતા દમયંતીબેન બારોટનું મહિલા અગ્રણી સાવિત્રીબેન વિજયભાઈ ગઢવીના હસ્તે સન્માન કરાયું હતું. પ્રારંભે ગઢવી મિત્રમંડળ દ્વારા ખીમકરણ દેવીદાન આલગા ચારણ કન્યા છાત્રાલય ખાતે ગઢવી મિત્રમંડળ માંડવી દ્વારા નિર્માણ પામેલ અન્નપૂર્ણા ભવનની અર્પણવિધિ કરાઈ હતી. અદાણી કંપનીના એકિઝકયુટિવ ડાયરેકટર રક્ષિત શાહને સમિતિના પ્રમુખ ઈશ્વરભાઈ ગઢવીના હસ્તે સન્માનિત કરાયા હતા. બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગના પટાંગણમાં રીનોવેશન થયેલ સોનલ ભવન બિલ્ડીંગનું બોર્ડિંગના સંચાલક ભીમશી બાપાના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. ૧૮ લાખથી વધારાની લાગતથી વિદ્યાર્થીઓની સુખાકારી માટે નિર્માણ પામેલ આ બિલ્ડીંગના કાર્યને સમાજે વધાવી લીધું હતું. શહેરની અંદર આવેલા કન્યા છાત્રાલયથી રાપરથી સિંધોડી સુધીના ચારણોના તમામ ગામોમાંથી સમાજ અને રાષ્ટ્ર ઉપયોગી તેમજ સામાજિક ચેતનાની ઝાંખી કરાવતી વિવિધ જાતની થીમ સાથે આવેલા રથોની શોભાયાત્રાએ માંડવી શહેરમાં આકર્ષણ સાથે ચારણપણાનો નિખાર વ્યકત કર્યો હતો. લોકગાયક ખીમરાજ ગઢવીના કંઠે આ શોભાયાત્રામાં શકિત તત્ત્વના, શોર્યના,માતાજીને બિરદાવતા વિવિધ ભકિત પદોનું ગાયન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન કૈલાશદાન(પ્રમુખ-અંજાર ગઢવી સમાજ), શિવરાજ ગઢવી(પ્રમુખ-આદિપુર),વિપુલભા ગઢવી (પ્રમુખ-ગાંધીધામ), મનુભા ગઢવી (પ્રમુખ-ભચાઉ), કિશોરભા ગઢવી(પ્રમુખ-રાપર), અખિલ ભારત ચારણ ગઢવી મહાસભાના મહામંત્રી મોમાયાભાઈ ગઢવી, મહાસભાના પ્રમુખ રાઘવભા ગઢવી, મંત્રી મિત્રજીત ગઢવી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આયોજન અને વ્યવસ્થામાં ચારણ સમાજના ગામોની વિવિધ ટીમ ઉપરાંત નાગાજણ ગઢવી, સામરા રણમલ, વાલજી ગઢવી, ભીમશી ગઢવી, ભારૂ ગઢવી, રાજેશ કાનાણી,મોહન ગઢવી (રાયણ), નારાણ ગઢવી (રાયણ), દિનેશ ગઢવી (કાઠડા), દેવાંગ ગઢવી, મેઘરાજ ગઢવી સહિતના સહયોગી બની રહ્યા હતા. સોનલ જન્મ શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઉપરોકત કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ooo

## ૨) સોનલ જન્મ શતાબ્દી વર્ષ પ્રવેશે ચારણી રંગ નિખર્યો

ઈશ્વરને પણ અવતરવાના અભરખા જાગે એવી ચારણી કૂખે અવતરેલા પૂ.આઈ સોનલમા માનવકલ્યાણ માટે પોતાનું આયખું સમર્પિત કરી જીવનપર્યત શિવોપાસના સાથે સનાતન ધર્મની જયોતને વધુ પ્રજવલિત કરવાના આશય સાથે પોતાના ચારણ સમાજને ચારણપણાનો પંથ દર્શાવી ગયેલા. સોનલમાની યાદમાં ઉજવાતી સોનલ બીજની માંડવીમાં અખિલ કચ્છ ચારણ સમાજ દ્વારા ભાવભેર ઉજવણી કરાઈ હતી, જેમાં ચારણી પ્રતિભાઓ, તેજસ્વી તારલા, રાજકીય આગેવાનો, સંતો માતાજીઓના સન્માન સાથે ચારણી રંગ નિતરતો રંગ કસુંબલ ડાયરો અને સંતવાણી જેવા કાર્યક્રમો યોજાયા હતા. સોનલ જન્મ શતાબ્દી વર્ષ પ્રવેશ અંતર્ગત થયેલા આ આયોજનમાં ચારણો અને ચારણેત્તરની હાજરી ધ્યાનાકર્ષક રહી હતી. સમારોહને સંબોધતા માજી સાંસદ પુષ્પદાનભાઈ

ગઢવીએ જીવનમાં શિક્ષણક્ષેત્રે આગળ વધવા પૂ.સોનલમાએ ચીંધેલા માર્ગ પર ચાલવા અનુરોધ કરતાં કહ્યું હતું કે, જીવનમાં પુરુષાર્થ સાચો દેવ છે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ દેવત્વ સાથે ચારણ ઉપરાંત અઢારે આલમમાં જીવન આચરણ, સમરસતા, વિકાસ અને પ્રકાશ પુંજનો પમરાટ પ્રસરાવી ગયેલા સોનલમા અઢારે આલમના આરાધ્ય માતાજી છે.

નજીકના ભવિષ્યમાં ભૂજમાં ચારણ સમાજની દીકરીઓ માટે સાવિત્રીબેન પુષ્પદાનભાઈ ગઢવીના નામકરણ સાથે નિર્માણ પામનારા કન્યા છાત્રાલય માટે રૂા.દસ લાખની ગ્રાન્ટની આધ્યાત્મિક સંસ્કાર વારસાની ચેતનવંતી જયોત જગાવી ગયેલા સોનલમા ભારતવર્ષના માતા છે. આ શતાબ્દી મહોત્સવ પ્રવેશ વર્ષ ઊજવાઈ રહ્યો છે, ત્યારે અનુરોધ કર્યો કે ચારણોના કાંઠાળ વિસ્તારના તમામ ગામોમાંથી ગૌચર દબાણ દૂર થાય, કોઈ દબાણ ન કરે, સમાજ નશામુકત બને, પ્રકૃતિ અને પર્યાવરણના જતન સાથે શતાબ્દી મહોત્સવને ચાર ચાંદ લાગી જાય તેવા કાર્યો જેવા કે દરેક ગામોમાં સોનલ સ્મૃતિવન, સોનલ સરોવરનું નિર્માણ થાય. ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું કે, ચારણ સમાજ પૌરાણિક સમયથી અમારા સમાજ સાથે નિટકતાનો નાતો ધરાવે છે અને સામાજિક સમરસતાથી રાષ્ટ્રની પ્રગતિમાં ભાગીદાર રહે છે. ઘનશ્યામભાઈ મોડ(અમદાવાદ), કૈલાસદાનભાઈ ગઢવી(લાખોંદ)એ પણ સામાજિક વિકાસ સાથે આયોજકોની ભાવનાને બિરદાવી હતી.

ધારાશાસ્ત્રી દેવરાજભાઈ ગઢવીએ સોનલમાની અમીદૃષ્ટિથી કચ્છ ચારણ સમાજના થઈ રહેલા શૈક્ષણિક માળખાનો ગ્રાફ સમાજના સહકારથી વધુ ઊંચો લાવવા અપીલ કરતાં કહ્યું કે, સમાજને હવે આઈએએસ, જીપીએસસીમાં વધારે યુવાનો પાસ થાય તે સમયનો સાદ છે. કેડીસીસીના ચેરમેન દેવરાજભાઈ ગઢવીએ શુભકામનાઓ વ્યકત કરી હતી. મંચસ્થ માંડવીના નગરઅધ્યક્ષ હેતલબેન સોનેજી, જિ.પં.કા. ચેરમેન મહેન્દ્રભાઈ ગઢવી, ગત તા.પં.તથા જિ.પં.માં ચૂંટાયેલા સમાજના પ્રતિનિધિઓ, અખિલ ભારતીય ચારણ-ગઢવી મહાસભાના મહામંત્રી મોમાયાભાઈ ગઢવી, મુખ્ય દાતા અરજણભાઈ ગઢવી, ચા.સમાજ મંત્રી ભીમશી બાપા, નારાણ કરમણ ગેલવા, રાયણ ચા.સમાજ પ્રમુખ હરિભાઈ ગઢવી, લોકસાહિત્યકાર રાજેશભાઈ ગઢવી, બાડા ગામે સોનલમા મંદિર નિર્માણના દાતા જયંતીભાઈ શાહ, વીઆરટીઆઈના કમલેન્દુ ભકત, ગોરધન પટેલ વગેરેને આયોજક સમિતિએ સન્માનિત કર્યા હતા.

પૂ.માતાજીઓ દેવલમા, ધનબાઈમા, લાછબાઈમા, આશામા, સંતો કલ્યાણદાસજી બાપુ, અર્જુનનાથજી બાપુ સહિતનાઓની સંતવંદના કરાઈ હતી. પોલીસ ઈન્સ્પેકટરો શિવરાજ ગઢવી, મયૂર ગઢવી, મહેશભાઈ આહીર, જીપીએસસી પાસ કરેલા ટેકસ ઈન્સ્પેકટર આશિષ ગઢવી, રૂપલબેન ગઢવી, યોગેશભાઈ ગઢવી, ડો.દેવાંશી ગઢવી સહિતના પીઆઈ, પીએસઆઈ તેમજ જીપીએસસીમાં ઉત્તીર્ણ થયેલી સમાજની પ્રતિભાઓને સમાજે વધાવી હતી. નિરંજન બાપુ ચે.ટ્રસ્ટ તેમજ કૈલાસદાન કરણીદાન ગઢવી(સીએ) તેમજ શહીદ વીર માણશી ગઢવીની સ્મૃતિમાં ચારણ સમાજમાં ધો.૧૦માં સમાજમાં ૯૧.૬૭%સાથે પ્રથમ નંબરે આવેલા બે છાત્ર જયશ્રીબેન રતનભાઈ ગઢવી(મોટા ભાડિયા),હાર્દિકદાન કરણીદાન ગઢવી(વરણું), ધો.૧૨માં સમાજમાં

૯૨.૨૦% સાથે પ્રથમ આવેલી ઓમિકા રામભાઈ ગઢવી(ઝરપરા)ને રનિંગ શિલ્ડ અને ટ્રોફી તેમજ ધો.૧૦-૧૨ તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસમાં સારા ગુણ મેળવનાર સમાજના ૩૮૪ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ વિતરિત કરાઈ હોવાનું સંયોજક નાગાજણ ગઢવીએ જણાવ્યું હતું.

લોકડાયરામાં સમાજના પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવીએ શૌર્યગાનને સમાવતી વિવિધ રચનાઓ, ભક્તિપદો રજૂ કરતાં ઉમેર્યું હતું કે, સોનલબાઈમાનું જીવન ભારતીય ગરવાઈ અને અસ્મિતાને સમર્પિત હતું. ભારત દુનિયા માટે સંસ્કારનું ઉદ્‌ગમસ્થાન, સિંચન કરતો દેશ છે. માના ઉત્તરદાયિત્વ પાસે શબ્દોના સીમાડા ટૂંકા પડે. ગુજરાતના ગૌરવાન્વિત કલાકાર કે જેની જીભલડીના ટેરવે મા શારદાના બેસણા હતા તેવા સ્વ.કવિ દાદુદાનભાઈ ગઢવીના પુત્ર જીતુભાઈ દાદ(ગઢવી)એ સોનલમા દૃષ્ટિએ ચારણ વીરરસ, શાંતરસનું ગાન કરતી રચનાઓ પ્રસ્તુત કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. દેવલબેન ગઢવી (નાની રાયણ)ના કંઠે ગવાયેલી સોનલ તું સાદ અમારો, હૈયડે વિશ્વાસ તમારો, પાંખ મને દીધી હોત તો સોનલ, હું નીત મઢડે જાત, જેવી માતાજીની ચરજોએ શક્તિમય ભાવજગતનું નિર્માણ કર્યું હતું.

સામાજિક ઐક્ય અને ભાવનાત્મકતાના સંગમ સાથે સમાજના સહકારથી સફળતાપૂર્વક પાર પડાયેલા આ આયોજન બદલ સોનલ બીજ ઉત્સવ સમિતિના પ્રમુખ ઈશ્વર અરજણભાઈ ગઢવી,પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવીને પૂ. દેવલમાએ કચ્છી પાઘડી પહેરાવી સન્માનિત કર્યા હતા. ઉત્સવમાં સહભાગી વિવિધ સમિતિઓ, કાર્યકરોને સમિતિના ઉપાધ્યક્ષો ધનરાજ પુનશી, ધનરાજ કરમણ તેમજ આગેવાનો વીરેન્દ્રભાઈ, દમયંતીબેન બારોટ, મિત્રજિત વિજય ગઢવી, સમૂહલગ્ન સમિતિના પ્રમુખ ભચુભાઈ ગઢવી, સ્વામી સુખાત્માનંદ, શહેર ભાજપના પ્રમુખ દેવાંગભાઈ દવે, કોડાય ચારણ સમાજ પ્રમુખ વાછિયભાઈ ગઢવી, રાજપૂત સમાજ અગ્રણી રામસંગજી જાડેજા, હરિભાઈ સામરા, ખીમરાજભાઈ ગઢવી વિ.ના હસ્તે સન્માનિત કરાયા હતા. આગામી ૧૧ જેટલી સોનલ બીજની ઉજવણીના મુખ્ય દાતાઓની નામાવલિ જાહેર કરાઈ હતી. આયોજન વ્યવસ્થામાં સામરા રણમલ, હરદાસ પાસ્તા, નારાણ ગઢવી(પાંચોટિયા), મોહન ગઢવી(રાયણ)રાઘવદાન ગઢવી, વાલજી ગઢવી, થારૂભાઈ ગઢવી,બાબુભાઈ ગઢવી, સામત ગઢવી, માણેક ગઢવી, દેવાંગ ગઢવી સહિતનાઓ તેમજ ગઢવી મિત્રમંડળની આગેવાની હેઠળ કાઠડા, કોડાય, ભાડા, રાયણ, રતડિયા, બ્રહ્મપુરી-માંડવી, ભાડિયા સહિતના ગામોના કાર્યકરો સહયોગી રહ્યા હતા. સંચાલન મોમાયાભાઈ ગઢવી, વિશ્રામભાઈ ગઢવીએ અને આભારવિધિ હરિભાઈ ગઢવીએ કરી હતી.

ooo

### ૩) સંતવાણીમાં સોનલ સરોવર માટે ૫.૨૫ લાખ એકત્ર

સોનલ બીજની પૂર્વ સંધ્યાએ લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગના પટાંગણમાં યોજાયેલી સંતવાણીમાં દેવરાજ ગઢવી, હરિભાઈ ગઢવી (ભાડિયા), બિરજુ બારોટ, હરિઓમ ગઢવી (આદિપુર) સહિતના કલાકારોએ માતૃભક્તિના ઓવારણા લેતાં ભજનો રજૂ કરી શક્તિ તત્વને પોંખ્યું હતું જેમાં કલાકાર દેવરાજ ગઢવીએ શતાબ્દી મહોત્સવને યાદગાર બનાવવા 'સોનલ સરોવર'નું સમાજના ગામોમાં નિર્માણ કરવાનું આહ્‌વાન કરતાં ઉત્સવ સમિતિના પ્રમુખ

ઈશ્વરભાઈ ગઢવી અને દાતા પ્રભુભાઈ રામભાઈ ગઢવી તરફથી રૂા.ર.૫૧ લાખ જાહેર કરાતાં રૂા.પાંચ લાખ બે હજાર આપી આ કાર્યક્રમમાં સહભાગિતા નોંધાવી હતી. ઉપરાંત કલાકાર દેવરાજ તેમજ દેવાંગ ગઢવી(નાના ભાડિયા) તરફથી પણ ૨૨૦૦૦/–નું દાન મળતાં દાનની રકમ રૂા.૫.૨૫ લાખે પહોંચી હતી. ભજનાનંદી પાલુભાઈ ગઢવી, રાણશી ગઢવી (કોડાય), દેવરાજ હરિભાઈ ગઢવી, કાઠડા કુટિરના વિરમબાપુ, મૂરજીભાઈ મંધરિયા (ઉનડોઠ) સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન કવિ શ્યામે અને ડાયરાનું સંચાલન હરિભાઈ ગઢવીએ કર્યું હતું. માતૃશકિત મહિમાગાન સ્વરૂપે ખીમરાજભાઈ ગઢવી અને ગ્રુપ દ્વારા આરતી યોજાઈ હતી.

૦૦૦

### ૪) સોનલ માએ કંડારેલા માર્ગે ચાલવા અનુરોધ

સંસારની બહુવિધ વ્યકિતઓને જીવનના મૂળભૂત સત્યો તરફ વાળવાની પ્રેરણા અને સમાજ કલ્યાણના ઉચ્ચ આદર્શોને લોકલક્ષી બનાવી ગયેલા સોનલ મા ની ચાલુ સાલે ચારણ ગઢવી સમાજ દ્વારા જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીનો પ્રારંભ ગાંધીધામ ખાતે સોનલ બીજની ઉજવણી સાથે થયો હતો.

આશીર્વચન આપતા મેઘબાઈ મા (ચાંપલધામ, ખેડોઈ)એ સોનલમાએ કંડારેલા માર્ગ પર ચાલવા સમાજને શીખ આપી હતી. સમારોહના અધ્યક્ષસ્થાનેથી સંબોધતા ગઢવી યુવક મંડળ ટ્રસ્ટ, ગાંધીધામના અધ્યક્ષ વિપુલભાઈ ગઢવીએ સમાજ વિશેષ પ્રગતિ કરે તે માટે શુભકામનાઓ વ્યકત કરી હતી. સોનલબીજની પૂર્વ સંધ્યાએ અંજાર, આદિપુર, ગાંધીધામ ચારણ ગઢવી સમાજ દ્વારા સંયુકત રીતે રેલીનું આયોજન કરાયું હતું. રેલીમાં નરેન્દ્રદાન ગઢવી, વરજાંગભાઈ ગઢવી, સામતભાઈ ડી. ગઢવી, કૈલાશદાન ગઢવી, શિવરાજ ગઢવી, રાઘવભા ગઢવી, જીગરભા ગઢવી, જીગરદાન અયાચી, રાજભા એન. ગઢવી, રઘુવીરદાન ગઢવી સહિતનાઓ જોડાયા હતા.

બીજે દિવસે ઉદિતદાન સુરેશદાન ટાપરીયા પરિવાર દ્વારા સોનલમાની વિશેષ આરતી કર્યા બાદ ધો.૫ થી પોસ્ટ ગ્રેજયુએટ સુધીના ૩૦૦થી વધુ વિદ્યાર્થીનું સરસ્વતી સન્માન કરાયું હતું. ઉપરાંત સરકારી અને અન્ય ક્ષેત્રોમાં વિશિષ્ટ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનારા સમાજના યુવાનો, માતાજી, સાધુ સંતોને આયોજક સંસ્થા દ્વારા સન્માનિત કરાયા હતા. સરસ્વતી સન્માનના દાતા પદે અખિલ ભારતીય ચારણ યુવા મહાસભાના ઉપાધ્યક્ષ દિલીપભાઈ અયાચી, ભરતભા દેવસુર અને મીરાબેન બાટી હતા. ગોવિંદ ગઢવી અને પૂનમબેન ગઢવી દ્વારા રાસોત્સવ ઉજવાયો હતો. સંચાલન મહેશભા વિકલ અને આભારવિધિ જીગરભા ભોજગે કરી હતી.

**(૧) થી (૪) – સંકલનઃ વેજાંધ ગઢવી**
મોટા ભાડિયા, (૯૯૧૩૦ ૫૧૬૪૨)

૦૦૦

• આઈશ્રી સોનલમા જન્મ શતાબ્દી પ્રવેશ મહોત્સવ નિમિત્તે સોનલ આઈના ૯૯મા જન્મોત્સવ અન્વયે પોષ સુદ બીજની ઉજવણી મઢડા, કણેરી ઉપરાંત દેશ–વિદેશ તથા ગુજરાત સહિત અન્ય રાજયોના વિવિધ સ્થળોએ સોનલ બીજ સ્વરૂપે ઉજવવામાં આવી હતી. યજ્ઞ, આરતી, શોભાયાત્રા, સન્માન સમારોહ, દાંડિયારાસ, પ્રસાદ, સંતવાણી, લોકડાયરો

સહિતના ધાર્મિક કાર્યક્રમો વિવિધ સ્થળોએ યોજાયા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી વિક્રમ સંવત-૨૦૮૦ના વર્ષમાં આવનાર પોષ સુદ બીજ આઈશ્રી સોનલમા જન્મ શતાબ્દી ત્રિ-દિવસીય સમાપન સમારોહ તરીકે માત્ર મઢડા મુકામે ઉજવાય તેવી જાહેરાત સોનલધામ-મઢડા દ્વારા કરવામાં આવી હતી.

- આઈશ્રી સોનલમા જન્મશતાબ્દી મહોત્સવ નિમિત્તે સોનલધામ-મઢડા, તા.કેશોદ, જિ.જૂનાગઢ ખાતે કે.જે. હોસ્પિટલ, જૂનાગઢના સહયોગથી તા.૧૮/૧૨/૨૦૨૨ના રોજ નિદાન કેમ્પનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિદાન કેમ્પમાં નામાંકિત ડોકટરોએ દર્દીઓને તપાસ્યા હતાં.

- દેશની આઝાદી માટે પૂર્ણ પરિવારની આહુતિ આપનાર ક્રાંતિકારી તથા ચારણ સમાજ સુધારક કેસરીસિંહ બારહઠ જન્મજયંતી મહોત્સવ અંતર્ગત તા.૧૯/૧૧/૨૨ના રોજ ચારણ છાત્રાલય, બનીપાર્ક, જયપુર (રાજસ્થાન)ખાતે ચારણ સમાજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે સ્નેહમિલન, ચરજ ગાયન સહિત અન્ય કાર્યક્રમો યોજાયા હતાં. ભારત સરકાર દ્વારા ઠાકુર કેસરીસિંહ બારહઠના જન્મસ્થળ દેવખેડા ગામને 'મેરા ગાંવ મેરી ધરોહર' યોજના હેઠળ સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

- શ્રી રાજભા(ગીર) સેવા ફાઉન્ડેશન ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા તા.૧૧/૨/૨૦૨૩ના રોજ રવેચીધામ, રાજપરા(ગીર),તા.વિસાવદર, જિ.જૂનાગઢ ખાતે ગીર નેહડામાં સૌ પ્રથમ વખત ચારણ સમાજ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમારોહમાં ૧૪ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડયા હતાં. ઉપરોકત સમૂહલગ્ન મહોત્સવના દાતાશ્રી ઉપેન્દ્રસિંહ ચાવડા હતાં, જયારે સમૂહલગ્નના પ્રણેતા લોકસાહિત્યકાર રાજભા ગઢવી હતાં.

- ગઢવી સમાજ સમૂહલગ્ન સમિતિ, ગાંધીધામ(કચ્છ) દ્વારા તા.૧૬/૨/૨૦૨૩ના રોજ આદિપુર ખાતે ૩૪મા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમારોહમાં ૨૦ નવદંપતીઓ જોડાયાં હતાં.

- આઈશ્રી સોનલ ચારણ-ગઢવી સમાજ આયોજિત સમૂહલગ્ન મહોત્સવ સમિતિ, ગોધરા, જિ.પંચમહાલ દ્વારા તા.૧૬/૨/૨૦૨૩ના રોજ પોપટપુરા (છબનપુર) મુકામે ૧૬મા સમૂહલગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૨ નવયુગલે નૂતન જીવનનો મંગલ પ્રારંભ કર્યો હતો.

- કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામના વતની તથા હાલ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, મહેસાણા તરીકે ફરજ બજાવતાં નાયબ કલેકટરશ્રી શિવરાજભાઈ ગિલવાની રાજય સરકારશ્રી દ્વારા તેઓને જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના કેબિનેટ મંત્રીશ્રીના અધિક અંગત સચિવ તરીકે નિમણૂક આપવામાં આવેલ છે.

ઝરપરા નિવાસી આશિષભાઈ મોહનભાઈ ગઢવીએ અંગ્રેજી વિષયમાં મદદનીશ અધ્યાપક બનવા માટે પાયાની પાત્રતા ગણાતી N.E.T. પરીક્ષા ઉચ્ચ ગુણ સાથે પાસ કરી છે, હાલ તેઓ Ph.D.નો અભ્યાસ કરી રહ્યા છે.

- અખિલ ભારતીય મેડિકલ વિજ્ઞાન સંસ્થા (A.I.M.S.) દ્વારા આયોજિત અખિલ ભારતીય M.D.S. પ્રવેશ પરીક્ષામાં ૧૩મા ક્રમે ઉત્તીર્ણ થવા

બદલ ડો.કૃપાલીબેન હરિદાનભાઈ અયાચીને અભિનંદન.

• ચારણ-ગઢવી આંતરરાષ્ટ્રીય ફાઉન્ડેશન સંસ્થા(C.G.I.F.)ની મહિલા વિભાગ દ્વારા મહિલાઓને સ્વનિર્ભર થવા માટે પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તાજેતરમાં મોટી સંખ્યામાં ફૂડ પેકેટ તૈયાર કરવાનો ઓર્ડર મળતાં ગણતરીના દિવસોમાં ફૂડ પેકેટ તૈયાર કરી મહિલા સશકિતકરણનું ઉદાહરણ પૂરું પાડવા બદલ મહિલા પાંખને અભિનંદન.

• ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ અને લોકસાહિત્યકાર યોગેશભાઈ બોક્ષાના પુત્ર લોકગાયક આદિત્ય ગઢવીને રાષ્ટ્રીય સંગીત નાટક એકેડેમી દ્વારા ગુજરાતી લોકસંગીત તથા ચારણી સાહિત્ય પ્રસ્તુતિ વિભાગમાં દિલ્હી ખાતે ઉસ્તાદ બીસ્મિલ્લાખાન રાષ્ટ્રીય યુવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આદિત્ય ગઢવીને અભિનંદન.

• ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભાદરા ખાતે તા.૧૨/૧૨/૨૦૨૨ના રોજ મીણબાઈમાના નેસમાં લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતાં.

• મહુવા તાલુકાના કાળેલા મુકામે પાતાબાપુ ગોદડિયા દેરી ખાતે તા.૧૯/૧/૨૦૨૩ના રોજ લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ભુંગર ખાતે તા.૧૩/૧૨/૨૦૨૨થી ત્રિ-દિવસીય આઈશ્રી સોનલ માતાજી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજ્ઞ, પ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના ટોળ નેસ ખાતે તા.૧૯/૧/૨૦૨૩ના રોજ ટોળ, સલડી તથા ચોટીલી ગામ સમસ્ત આઈશ્રી સોનલ માતાજી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યજ્ઞ, શોભાયાત્રા, પ્રસાદ, લોકડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સાલોલી મુકામે તા.૨૧/૧/૨૦૨૩ના રોજ શ્રી મોગલ માતાજીના યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાજીના મંદિરનું ખાતમુહૂર્ત પ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

• રાજકોટ શહેર પોલીસ વિભાગમાં મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી(ટ્રાફિક) તરીકે ફરજ બજાવતાં શ્રી જે.બી. ગઢવી દ્વારા શિયાળાની ઋતુને અનુલક્ષીને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ૩૫૦ જેટલા ગરીબ પરિવારોને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખોડીયાર જયંતિના શુભ દિવસે તેઓએ ઝૂંપડપટ્ટી વિસ્તારના આશરે ૨૦૦ જેટલાં બાળકોને બટુક ભોજન કરાવ્યું હતું.

• રાજય સરકારશ્રી દ્વારા ૭૪મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં વિવિધ જિલ્લાઓ ખાતે કરવામાં આવી હતી. જે અન્વયે જામનગર જિલ્લા કક્ષાના ગણતંત્રપર્વની ઉજવણી પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ભૂચરમોરી મેદાન, ધ્રોલ મુકામે કરવામાં આવી હતી. જે સમારોહમાં શ્રી હરિદેવ દિનેશભાઈ ગઢવી(નરેલા)એ ઉદ્‌ઘોષક તરીકેની ફરજ બજાવી હતી.

• જામનગર સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ ડો.નિલેશભાઈ એસ.ગઢવી(લીલા)ની સામાજિક સેવાની નોંધ લઈ I.M.A. દ્વારા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં તેઓને એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.પ્રસ્તુત કાર્યક્રમમાં ગાંધીધામ (કચ્છ)ના તબીબ ડો.બળવંતદાન પી.ગઢવી (ખડિયા)ને પણ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

• ગઢવી મિત્ર મંડળ-માંડવી જિ.કચ્છ દ્વારા સતત છઠ્ઠા વર્ષે ચારણ તિથિ કેલેન્ડરનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. જે વાર્ષિક કેલેન્ડરના વેચાણથી થનાર આવક સમાજના શૈક્ષણિક ઉત્કર્ષ માટે ખર્ચ કરવામાં આવનાર છે. સંપાદકશ્રી વાલજીભાઈ એલ. ગઢવીને અભિનંદન.

• રામપરા(ગીર)તા.વિસાવદર, જિ.જૂનાગઢ ખાતે રૂપલધામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચૈત્રી નવરાત્રિ દરમિયાન ૨૩મો પાટોત્સવ તથા દ્વિતીય સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાસ-ગરબા, લોકડાયરો સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

• જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના લાખાભાઈ ગઢવી છેલ્લા બે દાયકાથી સોનલબીજ નિમિત્તે સોનલ મંદિર,જામજોધપુર માટે પગપાળા સોનલધામ,મઢડા ખાતે દીપજ્યોતિ લેવા માટે જઈ રહ્યા છે. લાખાભાઈ ગઢવીની શ્રદ્ધાને અભિનંદન.

• પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના છત્રાવા મુકામે તા.૩/૧/૨૦૨૩ના રોજ વછરાજ મંદિર ખાતે વછરાજ ભુવનના ખાતમુહૂર્ત નિમિત્તે ભજન તથા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં ભાવિક ભકતજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

• રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત નિપુણ ભારત મિશન અન્વયે F.L.N.ના અમલીકરણ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે બ્લોક કક્ષા કમિટીની રચના કરવામાં આવી હતી. જે કમિટીમાં S.R.G.ડો.રોહિત દિનેશભાઈ ગઢવી (નરેલા)ની નિમણૂક કરવામાં આવી હતી.

• ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના જામવાળા(ગીર) ખાતે નાણાવાળીના નેસ તરીકે પ્રસિદ્ધ આઈશ્રી પીઠડ માતાજીના મંદિર આઈ લક્ષ્મીમાના સાંનિધ્યમાં તા.૨૨/૧/૨૦૨૩થી શ્રી દેવી ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ પર વકતા પરમાબેન ગઢવી હતાં. કથાની મધ્યમાં વસંતપંચમીના દિવસે આઈશ્રી પીઠડ માતાજીના પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

• બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકાના મમાણા ગામના વતની તથા હાલ સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં યુવાન કરશનદાસ(કૃષ્ણદાન) ગઢવી હવે પ્રતિનિયુકિતથી C.B.I.(A.C.B.)માં ફરજનિષ્ઠ થયા છે. ગઢવી યુવાનને અભિનંદન.

• બોટાદ જિલ્લાના ગઢડા(સ્વામિ) તાલુકાના સમઢીયાળા(ગઢવી) ગામે આઈશ્રી કરણીમાતાજી, આઈશ્રી ખોડિયાર માતાજી તથા આઈશ્રી સોનલ માતાજીના નૂતન મંદિર નિર્માણના ભૂમિપૂજનનો ઉત્સવ આઈશ્રી કંકુકેશર માતાજીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સ્વાગત સામૈયું, પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

• આમ આદમી રાજકીય પક્ષ દ્વારા પક્ષના રાજ્યકક્ષાના પ્રમુખ તરીકે ઈસુદાનભાઈ ગઢવીની નિમણૂક કરવામાં આવી છે.

• પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવની

ઉજવણી અમદાવાદ ખાતે કરવામાં આવી હતી, જેમાં લોકસંગીત ક્ષેત્રે અમૂલ્ય સેવા પ્રદાન કરનાર કવિઓ,લેખકો,કલાકારો તથા લોકસાહિત્યકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના જૂના માત્રાવડ ગામના વતની, હાલ જામનગર નિવાસી નિવૃત્ત શિક્ષક અને ચરજ સામયિકના સંપાદક દિનેશભાઈ એન. માવલનું સન્માન કરવામાં આવ્યું હતું.

• પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પોપટપુરા(છબનપુર)મુકામે આઈશ્રી ખોડિયાર માતાજી મંદિર ખાતે વ્યવસ્થાપક કમિટી દ્વારા મહાસુદ-૮ના રોજ આઈશ્રી ખોડિયાર જયંતી નિમિત્તે ૩૫મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં યજ્ઞ, શોભાયાત્રા, પ્રસાદ, લોકડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

ઉપરાંત ગોધરા તાલુકાના કંડાચપુરા (ટુવા) ખાતે જાન્યુઆરી માસમાં સૌ પ્રથમવાર આઈશ્રી સોનલ શકિત યુવા સંગઠન દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ સોનલ કપ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું.

• ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ હેઠળના શ્રી હમીરજી રત્નું લોકસાહિત્ય કેન્દ્ર તથા રાજકવિ શંભુદાન ગઢવી મેમોરિયલ ટ્રસ્ટના ઉપક્રમે ૩૦૦વર્ષ જૂની કચ્છની વ્રજભાષા પાઠશાળાના ઈતિહાસની સ્મૃતિ કરાવતી ટૂંકી ફિલ્મનું અનાવરણ તા.૧૬/૧/૨૩ના રોજ યુનિવર્સિટી કોર્ટ હોલ, ભૂજ ખાતે કરવામાં આવ્યું હતું. ઉપરોકત ફિલ્મ You Tube ખાતે ઉપલબ્ધ છે.

• સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના નિનામા(ગઢવાળા)મુકામે તા.૩/૨/૨૦૨૩ના રોજ આઈશ્રી જાલુમા પરિવાર ગઢવાળા દ્વારા આઈશ્રી કુંવરમાના ઓરડે ત્રિ-દિવસીય આઈશ્રી જાલુમાની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ તથા ચંડીપાઠ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવચંડી યજ્ઞ, પૂજન, રાસગરબા, પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.

• અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મજાદર ખાતે તા.૨૩/૨/૨૦૨૩ના રોજ પદ્મશ્રી ભકત કવિ દુલાભાઈ ભાયાભાઈ કાગની ૪૬મી પુણ્યતિથિ નિમિત્તે પરિસંવાદ, કાગ એવોર્ડ તથા કાગવાણી પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજાયો હતો.

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના જિલ્લા મથક જામખંભાળિયા ખાતે તા.૨૨/૧/૨૦૨૩ના રોજ આઈશ્રી સોનલ માતાજી મંદિર ચારણ-ગઢવી સમાજના પરિજનો માટે વિનામૂલ્યે આયુષમાન કાર્ડ કાઢવા માટેના જાહેર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

• કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના રતડિયા(મોટા) મુકામે ભગવતી કૃપા ધામ ખાતે સમસ્ત સેવકગણ દ્વારા તા.૨૬/૧/૨૦૨૩ના રોજ આઈશ્રી હાંસબાઈમાનો ૯૫મો જન્મોત્સવ તથા પંચ દિવસીય ગૌ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતવાણી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

માંડવી તાલુકાના કાઠડા મુકામે શ્રીસોનલબીજ શતાબ્દી વર્ષ નિમિત્તે કાઠડા ગ્રામપંચાયત ખાતે વિવિધ સરકારી યોજના અંગેના લાભાર્થી કાર્ડ કાઢવા માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

• નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાર્થી ધ્રુવ મહેડુએ ત્રણ મિનિટ વકતવ્ય

આપી ગઢવી સમાજનું ગૌરવ વધાર્યું હતું.

• જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકા મથક ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વ સમારોહ ઉજવણી અન્વયે જૂનાગઢ જિલ્લા પોલીસની સ્થાનિક ગુન્હા શોધક શાખા(L.C.B.) ખાતે ફરજનિષ્ઠ P.S.I. જે.જે. ગઢવીને સરાહનીય સેવા બદલ કેબિનેટમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે પ્રશંસાપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

• ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત જુનિયર કલાર્ક (વહીવટ/હિસાબ)ની જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉમેદવારી નોંધાવનાર યુવક-યુવતીઓના બેઠક નંબરનું આયોજન અન્ય જિલ્લામાં કરવામાં આવ્યું હતું. જેથી ઉમેદવારોને અન્ય જિલ્લામાં નિવાસ અને ભોજનની અગવડતા ન પડે તે માટે ભગવતી ગર્લ્સ હોસ્ટેલ, ભાવનગરના સંચાલક પ્રતાપભાઈ ગઢવી દ્વારા ભાવનગર શહેર ખાતે ગઢવી સમાજના પરીક્ષાર્થી ઉમેદવારો માટે નિવાસ તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

• ગીર સોમનાથ જિલ્લા ચારણ ગઢવી સમાજના પ્રમુખપદે તાલાલા તાલુકાના રસુલપરા (ગીર)ના યુવા કેળવણીકાર મનોજદાન ગઢવીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

• જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના સોનલધામ-મઢડા મુકામે તા.૩/૨/૨૦૨૩ના રોજ બનુમાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે આઈશ્રી બનુમા મૂર્તિ પ્રતિષ્ઠા અનાવરણ મહોત્સવ તથા હોમાત્મક નવચંડી દેવી મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજ્ઞ, આરતી, પ્રતિમા સ્થાપન, ગુણાવલોકન સભા, પ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું બહોળી સંખ્યામાં ભાવિક ભકતો ઉમટી પયા હતાં.

• રાજય સરકારશ્રી સ્થાપિત, ગુજરાતી સાહિત્ય અકાદમી પ્રેરિત ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તા.૨૬/૨/૨૦૨૩ના રોજ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ-૨૦૨૨ તથા લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ-૨૦૨૨ની અર્પણવિધિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મઘરવાડા ગામના વતની અને હાલ જૂનાગઢ શહેરને કર્મભૂમિ બનાવનાર કવિ, લેખક, લોકસાહિત્યકાર, ચારણી વકતા, કથાકાર જેવી બહુમુખી પ્રતિભા ધરાવતાં શ્રી લાખણશીભાઈ બી. ગઢવી (ખળેળ)ને મોરારિબાપુના હસ્તે લોક ગાયક હેમુ ગઢવી એવોર્ડ-૨૦૨૨ અર્પણ કરવામાં આવ્યો હતો.

• આઈશ્રી સોનલમા શૈક્ષણિક અને સામાજિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સોનલધામ, જામનગર ખાતે દેવલમા પ્રેરિત નિઃશુલ્ક ટયુશન કલાસનો વિદ્યાર્થીઓ લાભ મેળવી રહ્યા છે.

• કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કાઠડા ગામના વતની અને હાલ રાજકોટ શહેર ખાતે ફરજ બજાવતાં P.S.I. જી.એસ.ગઢવીએ તેઓની પુત્રી વૈભવીના પ્રથમ જન્મદિવસ નિમિત્તે વતનમાં સંતવાણી કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જે કાર્યક્રમમાં થયેલ રૂપિયા બે લાખ રોકડ રકમની ઘોળ તેઓએ ચારણ કન્યાઓના શિક્ષણ ફંડ માટે અર્પણ કરી હતી.

• કચ્છ ગઢવી સામાજિક ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ભૂજ ખાતે ૨૮મા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ નવદંપતિએ પ્રભુતામાં પગલાં પાડયા હતાં.

સ્વ.અમિત જે. ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૨૫માં શિષ્યવૃત્તિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૫ વિદ્યાર્થીઓને

શિષ્યવૃત્તિથી સન્માનિત કરાયા હતા. ઉપરોક્ત સમૂહલગ્નમાં દાતાશ્રીઓ દ્વારા રૂા. એક કરોડથી વધારે રૂપિયાનું દાન અર્પણ કરવામાં આવ્યું હતું.

• કચ્છ જિલ્લાના ગાંધીધામના વતની ૨૨ વર્ષીય યુવાન મુકેશભાઈ ગઢવીએ અત્યાર સુધીમાં ૨૨થી વધારે અકસ્માતગ્રસ્ત માનવ જિંદગી બચાવી હોય તથા ૮૦ જેટલાં કોરોનાગ્રસ્ત મૃતદેહોને અગ્નિ સંસ્કાર આપ્યા હોય, તેઓની સરાહનીય સેવાની કદર સ્વરૂપે રાજ્ય સરકારશ્રી દ્વારા તેઓને ગુડ સમરીટન એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

• કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકાના આદિપુર મુકામે તોલાણી વિનયન અને વિજ્ઞાન કોલેજમાં અભ્યાસ કરતી સોનલબેન નારણભાઈ ગઢવીએ દિલ્હી ખાતે યોજાયેલ ગણતંત્ર દિન ઉજવણી અંતર્ગત N.C.C.કેડેટ પરેડમાં ભાગ લીધો હતો.

• ભાવનગર ખાતે સર તખ્તસિંહજી સરકારી હોસ્પિટલ ખાતે સિનિયર તબીબ તરીકે ફરજ બજાવતાં ડો.સંજયભાઈ દેથાની પુત્રી દિવ્યતાએ M.B.B.S.ની પરીક્ષા ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ કરી છે.

• કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના કબરાઉ સ્થિત મણિધર વડવાળી મોગલધામ ખાતે તા.૧૩/૩/૨૦૨૩થી શ્રી શિવપુરાણ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસાદ, સંતવાણી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

• જૂનાગઢ શહેરના ભવનાથ તળેટી વિસ્તાર સ્થિત પૂજય સંતશ્રી નારાયણનંદ સરસ્વતી આશ્રમ(બ્રહ્મલીન નારાયણ સ્વામી આશ્રમ) ખાતે સુપ્રસિદ્ધ લોકગાયક કીર્તિદાનભાઈ ગઢવી દ્વારા શિવરાત્રીના મેળાને અનુલક્ષીને તા.૧૬/૨/૨૦૨૩થી ત્રિ-દિવસીય 'શિવોત્સવ' ભજન તથા ભોજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

• શ્રી સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા તા.૪/૩/૨૦૨૩ના રોજ પ્રમુખસ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે છંદોત્સવ-૨ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફાઉન્ડેશન દ્વારા વર્ષ-૨૦૧૯માં પણ છંદોત્સવ-૧ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંઈરામ દવે, રાજભા ગઢવી તથા અનુભા જામંગ દ્વારા વિવિધ પ્રકારના દોહા, છંદ, છપ્પય, કવિત, સપાખરું ગીત, સાણોર વગેરે રજૂ કરવામાં આવ્યા હતાં.

• ભારતીય જનતા પાર્ટી રાજકીય પક્ષના ગુજરાત પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભા.જ.પા. પ્રમુખ તરીકે મયુરભાઈ રામભાઈ ગઢવી(ભાન)ની નિમણૂક કરવામાં આવી છે.

• જૂનાગઢ એસ.ટી.ડેપો ખાતે કંડકટર તરીકે ફરજ બજાવતાં રાણાભાઈ ટાપરિયા કે જેઓ જૂનાગઢ-પોરબંદર રૂટની બસમાં ફરજ પણ હતાં ત્યારે તેઓને એક બિનવારસી પાકીટ મળી આવેલ હતું જેમાં રોકડ રકમ ઉપરાંત જરૂરી દસ્તાવેજો હતાં. આથી તેઓએ મુસાફરની શોધખોળ કરી રોકડ રકમ તથા જરૂરી દસ્તાવેજો પરત કરી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડયું હતું.

• આઈશ્રી સોનલ જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે રાજકોટ શહેર ખાતે ગઢવી સમાજના શ્રી ખોડિયાર યુવક મંડળ દ્વારા સતત એક વર્ષ સુધી દરેક ગુજરાતી માસની સુદ બીજની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મંડળ દ્વારા દર વર્ષે આસો નવરાત્રિમાં

ચારણ કન્યાઓ માટે ગરબી તથા સોનલ બીજની ઉજવણી કરવામાં આવી રહી છે.

• કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના વિંગડિયા ગામના વતની શ્રી જયવીરભાઈ ભરતદાન ગઢવી, જેઓ U.P.S.C.ત્રીજા ક્રમ સાથે I.P.S.(ભારતીય પોલીસ સેવા)માં પસંદગી પામ્યા હતાં, હાલ તેઓ તાલીમ મેળવી રહ્યા છે, જેઓને ગુજરાત કેડર ખાતે નિમણૂંક આપવામાં આવી છે.

• ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મથકના શ્રી ક્રિષ્ના કોમ્યુનિટી હોલ, મહુવા ખાતે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અન્વયે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તા.૨૪/૨/૨૦૨૩, શુક્રવારના રોજ પદ્મશ્રી દુલા ભાયા કાગની પુણ્યતિથિ અનુસંધાને કાગના વતનમાં કાગની વાતો અંતર્ગત કાગવાણી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુપ્રસિદ્ધ કલાકારોએ પ્રસ્તુતિ કરી હતી. ઉપરોક્ત અકાદમીના આર્થિક સહયોગથી અમદાવાદ ખાતે તા.૨૨/૨/૨૦૨૩ના રોજ કાગવાણી કાર્યક્રમ યોજાયો હતો.

**–સમાચારોનું સંકલન : હિતેષ ગઢવી(નરેલા)**
રાજકોટ (૯૯૨૪૮ ૧૦૫૯૪)

જૂનાગઢ ખાતે ગત ડિસેમ્બર મહિનામાં સાયકલીંગ એસોસીએશન દ્વારા સાઈકલ ઉપર ગિરનાર પરિક્રમા યોજવામાં આવેલી. જૂનાગઢના રેલવે સ્ટેશનથી શરૂ થયેલી આ યાત્રામાં ૫૧ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ સાઈકલ યાત્રા કુલ ૭૦ કિલોમીટરની હતી. જે ચોકી, મેંદપરા, રાણપુરથી છોડવડી, મંડલિકપુર, બિલખા, ખડિયા થઈ જૂનાગઢ પરત આવી હતી. આ યાત્રામાં ૭૦ વર્ષના આપાભાઈ એભલભાઈ કહોર પણ સામેલ થયા હતા. તેઓ નિવૃત્ત પોસ્ટ કર્મચારી છે. આપાભાઈને પ્રમાણપત્ર અને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ooo


**મઢડા સોનલધામમાં ભજનાનંદી પાલુભાઈ ગઢવી દ્વારા સ્તંભ ઉભો કરાયો**

ખુમારી, ખંતને વરેલા ભચાઉ(કચ્છ)ના ભજનાનંદી પાલુભાઈ ગઢવીના સૌજન્યથી જૂનાગઢ જિલ્લાના મઢડા ગામે આવેલ 'સોનલધામ'માં ધ્વજાજી સ્તંભ ૧૧૧ ફૂટ ઊંચો બનાવી અર્પણ કરાયેલ હતો.

ભજનાનંદી પાલુભાઈ ગઢવીએ માત્ર નિમિત્ત બની જૂનાગઢ કુમાર છાત્રાલય તેમજ કન્યા છાત્રાલયના વિકાસ અર્થે રૂપિયા એક લાખનું દાન પણ આપવામાં આવેલ હતું.

ooo

**શ્રી સર્વેશ્વર મહાદેવની ૧૧૧ ફૂટ ઊંચી વડોદરાની ઓળખસમી ભવ્ય પ્રતિમા**



વડોદરા શહેના મધ્યબિંદુ સુરસાગરના મધ્યમાં શ્રી સર્વેશ્વર મહાદેવની ૧૧૧ ફૂટ ઊંચી વડોદરાની ઓળખસમી ભવ્ય પ્રતિમાને ૧૭.૫ કિલોગ્રામ સોનાથી તૈયાર કરવામાં આવી છે.

વિશ્વમાં પ્રથમ વડોદરામાં ખુલ્લા આકાશ નીચે તૈયાર કરવામાં આવેલી આ સુવર્ણજડિત શિવજીની પ્રતિમા ૧૮/૨/૨૦૨૩ના રોજ દેવાધિદેવની આરાધના કરવાના મહાપર્વ મહાશિવરાત્રિના પાવન દિવસે લોકાર્પિત થઈ હતી. દેશમાં જેમ સુવર્ણ મંદિર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આગવી ઓળખ છે, તેમાં વડોદરાના સુરસાગર મધ્યે આકાર લેનારી સુવર્ણજડિત શિવજીની પ્રતિમાને ઉમેરો થયો છે. જે રીતે દેશ-વિદેશના લોકો જે રીતે સુવર્ણ મંદિર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા માટે જાય છે એ રીતે સુવર્ણ જડિત શિવજીની પ્રતિમા જોવા માટે આવશે.



આ પ્રતિમા ઉપર પ્રથમ ઝિંક અને કોપરના પાવડર કોટીંગ બે-બે ઢોળ ચડાવવામાં આવ્યા છે. બાદમાં એના પર કોપરનું પતરું આકાર અને નકશી પ્રમાણે મઢવામાં આવ્યું છે અને ત્યાર બાદ કોપર કામ તૈયાર થયા બાદ તેના ઉપર સોનું મઢવામાં આવ્યું છે. મૂર્તિમાં ૭૦૦ કિલો ઝિંક અને ૧૫૦૦ કિલો કોપરનો ઉપયોગ કરવામાં આવ્યો છે તથા ૧૭.૫ કિલો સોનું વપરાયું છે. જયારે મૂર્તિનું કુલ વજન ૨૫૦૦ મેટ્રિક ટન છે. આ કામગીરી ૨૦૨૧માં શરૂ કરાઈ અને ૨ વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવી છે. આ કામગીરી માટે પતરા, વેલ્ડીંગ, લાપીકામ અને સોના વગેરે ૧૮ કારીગરોએ રાત-દિવસ મહેનત કરી છે. સમયાંતરે દરેક સ્ટેજ પર કેવી રીતે આગળનું કામ ધપાવવું તથા કોઈ ટેકનિકલ ઈસ્યૂ આવે તો તેનું સોલ્યુશન લાવી આગળ કેમ કામ વધારવું તેમ અવાર-નવાર વડોદરા પ્રતિમાનું નિરીક્ષણ કરતો હતો અને જરૂરી જણાય ત્યાં કારીગરોને માર્ગદર્શન આપતો હતો.

અંતરીક્ષ ગઢવી(મુળી જયેશભાઈ ઘનશ્યામભાઈ ઝીબાના પુત્ર, હાલ અમદાવાદ) જેમણે શીરડી, વડતાલ, ગઢડા, જૂનાગઢ અને દેશ વિદેશના ઘણાં મંદિરો સોનાથી મઢેલા છે એવા આપણા ચારણ સમાજના ગૌરવ અંતરીક્ષ ગઢવીએ મૂર્તિ બનાવવામાં લાગેલા સમય, વજન, કોપર, ઝિંકના ઉપયોગ તથા કારીગરો અંગે વાત કરતાં કહ્યું હતું કે સુરસાગર સ્થિત શિવજીની પ્રતિમાને સુવર્ણજડિત કરવાનું કામ હાથ ઉપર લીધું ત્યારે હું બહુ ઉત્સાહી હતો.

આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અંતરીક્ષ ગઢવી અને તેમની સમગ્ર ટીમનું સન્માન કરવામાં આવેલ છે.

અંતરીક્ષ ગઢવી અને તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

ooo

**ઋણાનુબંધ સિવાય કોઈ વ્યકિત કોઈના સંપર્કમાં આવતું જ નથી,**
**એટલે જ સબંધો છે તેને પ્રસાદ સમજી ને સાચવવા...!!**

## આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ
## આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી(રૂા.૧૦૦૦/– ઉપર)

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી નિરજ વિજયભાઈ લાંબા / સપના વિજયભાઈ લાંબા (હઃ વિજયભાઈ લાંબા, લંડન-રાજકોટ) | ૫૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૪ |
| ○ શ્રી રાધિકા જવેલ ટેક લિમિટેડ, રાજકોટ(હઃઅશોકભાઈ) | ૧૮૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૦૪૦ |
| ○ શ્રી શૈલેષભાઈ પુનાભાઈ જામંગ,આફ્રિકા(હઃપુનાભા) | ૧૫૫૫૫-૦૦ | જ.પરિવાર | ૧૭૫૫ |
| ○ શ્રી વી.એસ. ગઢવી, ગાંધીનગર | ૧૫૦૦૦-૦૦ | જ.પ./ચા.સં.મે. | ૧૭૪૯ |
| ○ શ્રી દિનેશ મુળુભા કેશરીયા, અંકલેશ્વર | ૧૧૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૦૪૪ |
| ○ ડો. આર. એલ. શીંગાળા, રાજકોટ | ૧૧૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૧ |
| ○ સ્વ.લાખાભાઈ વિહળભા જામંગ, રાજકોટ | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૧ |
| ○ શ્રીમતિ ઉર્મિલાબેન ચંદુભાઈ સાબા, રાજકોટ | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૨ |
| ○ શ્રી નીતાબેન/ડો.વિજયભાઈ ગઢવી,સુરેન્દ્રનગર | ૧૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૪૫/૪૬ |
| ○ શ્રી લાભુભાઈ નનુભાઈ બાવડા, ગાંધીનગર | ૧૦૦૦૦-૦૦ | શુભેચ્છા/જ.પ. | ૧૭૦૯ |
| ○ શ્રીમતિ વિદ્યાબેન મોરારદાન, માધાપર(રાજકોટ) | ૧૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૦ |
| ○ શ્રી દેશળભાઈ જીવાભાઈ બાટી, ધ્રાગધ્રા | ૭૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૩ |
| ○ શ્રી નિરજ લાંબા / જાનલ લાંબા, લંડન(રાજકોટ) | ૫૫૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૩ |
| ○ શ્રીમતિ સપના / દર્શનભાઈ, લંડન(રાજકોટ) | ૫૫૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૪ |
| ○ સ્વ.ગંગદાસભાઈ પેથાભાઈ બાવડા(હઃરાજેશભાઈ) | ૫૧૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૭ |
| ○ શ્રી જે. બી. ગઢવી, રાજકોટ | ૫૧૦૦-૦૦ | ગરમ શાલ માટે | ૧૭૪૪ |
| ○ શ્રી લાખાભાઈ વશરામભાઈ લાંબા, જાંબુડા (ચિ.દિપકના શુભ લગ્ન પ્રસંગે) | ૫૦૦૦-૦૦ | લગ્ન પ્રસંગ શુભેચ્છા | ૧૮૧૯ |
| ○ શ્રી જીણાભાઈ રામભાઈ રાબા, મઢાદ | ૫૦૦૦-૦૦ | લગ્ન પ્રસંગ શુભેચ્છા | ૧૮૨૦ |
| ○ સ્વ.દિપકભાઈ રવુભાઈ ઘાંઘણીયા, રાજકોટ (બન્ને દીકરીઓના શુભ લગ્ન પ્રસંગે)(હઃરવુભાઈ) | ૫૦૦૦-૦૦ | લગ્ન પ્રસંગ શુભેચ્છા | ૧૮૨૧ |
| ○ શ્રી નરસંગભાઈ એ. ઠાકરિયા, સુરત | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૩૦ |
| ○ શ્રીમતિ સાધનાબેન અરૂણભાઈ લાંબા, | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૧ |
| ○ શ્રીમતિ ગીતાબેન ચંદ્રકાંતભાઈ લાંબા,રાજકોટ(લંડન) | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૨ |
| ○ શ્રીમતિ વિણાબેન મુકેશભાઈ માલા(લાંબા),રાજકોટ | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૫૮ |
| ○ શ્રી મેહુલભાઈ રામભાઈ જામંગ, રાજકોટ(પરમ ફાઈનાન્સ) | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૨ |
| ○ શ્રી ધર્મેશભાઈ કરમશીભાઈ માલા, રાજકોટ | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૫ |
| ○ શ્રી ક્રિષ્ના શીપીંગ એલાઈડ સર્વિસીસ, રાજકોટ | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૬ |
| ○ શ્રી શરદ મહાબાલ શેટ્ટી, રાજકોટ | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૭ |
| ○ શ્રીમતિ દિપ્તીબેન જે. પરમાર, ગાંધીધામ | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૮ |
| ○ શ્રી વૃદ્ધિ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીધામ | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૭૯ |
| ○ શ્રી પ્રવીણભાઈ પી. ગઢવી(એચ.યુ.એફ.)સુરેન્દ્રનગર | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૮૦ |
| ○ શ્રીમતિ નેહલ જયદીપ ગઢવી, ગાંધીનગર | ૫૦૦૦-૦૦ | શુભેચ્છા | ૪૦૮૧ |

**(અનુસંધાન પાના નં.૧૧૧ પર)**

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| નામ | (૧) નિગમ | (૨) સંજય |
|---|---|---|
| પિતાનું નામ | વિજયભાઈ ભોજગ | દિલીપભાઈ બાપુભાઈ ગઢવી |
| માતાનું નામ | પ્રેમિલાબેન | જશુબેન |
| ગોત્ર/મૂળ અટક | ભોજગ | મિશણ |
| જન્મ તારીખ | ૧૪/૦૭/૧૯૯૭ | ૧૫/૦૨/૧૯૮૮ |
| મૂળ વતન | મંગવાણા(કચ્છ) | - |
| સરનામું | આદિપુર(કચ્છ) | આલ્ફા સ્કૂલ-૧,લક્ષ્મીનગર,જુનાગઢ |
| શૈક્ષણિક લાયકાત | ગ્રેજ્યુએટ | B.Com., PGDCA |
| નોકરી/ધંધાની વિગત | કોર્પોરેટ કંપની | ગઢવી હોટલ (ચા અને પાન) |
| વાલીનો સંપર્ક નંબર | ૯૮૨૫૫૫૧૩૧૫/૯૯૭૮૦૦૯૩૧૭ | ૯૮૨૪૨૮૮૭૧૦/૯૯૦૪૪૬૨૭૨૪ |

| નામ | (૩) દિપક | (૪) ખોડીદાન |
|---|---|---|
| પિતાનું નામ | ધીરૂભાઈ કાનજીભાઈ દાતી | શંકરદાન મોવતસિંહ ગઢવી |
| માતાનું નામ | અમરબેન | લીલાંબા |
| ગોત્ર/મૂળ અટક | મારૂ (દાતી) | ધાનડા |
| જન્મ તારીખ | ૦૬/૦૨/૧૯૯૪ | ૦૧/૦૫/૧૯૮૪ |
| મૂળ વતન | સમઢીયાળા | તસિયા, તા.ઈડર,જિ.સાબરકાંઠા |
| સરનામું | સમઢીયાળા, તા.બાબરા, જિ.અમરેલી | સેક્ટર-૨૬, ગાંધીનગર |
| શૈક્ષણિક લાયકાત | ધો.૫ | ધો.૧૨,સ્ટેનો કમ-કોમ્પ્યુટર ઓપરેટર |
| નોકરી/ધંધાની વિગત | રત્ન કલાકાર હીરા | આલોક કન્સ્ટ્રક્શન |
| વાલીનો સંપર્ક નંબર | ૯૯૭૯૬૬૭૮૭૬ | ૯૪૮૪૫૩૮૧૨૬/૯૪૦૧૫૧૨૯૧૧ |

| નામ | (૫) દિનેશ | (૬) મુકેશભાઈ |
|---|---|---|
| પિતાનું નામ | મનુભાઈ ગોવિંદભાઈ ગઢવી | ગંગદાસભાઈ જીવાભાઈ જામંગ |
| માતાનું નામ | માયાબેન | નાનીબેન |
| ગોત્ર/મૂળ અટક | નયા(અવસુરા) | નરા(પાંચ ભાયા જામંગ) |
| જન્મ તારીખ | ૨૮/૧૦/૧૯૮૮ | ૦૮/૦૬/૧૯૯૨ |
| મૂળ વતન | મોરઆંબલી | મોરઆંબલી |
| સરનામું | ૫૫૧/૫૫૨,કિશનવાડી, વડોદરા | હાલોલ, જિ.પંચમહાલ |
| શૈક્ષણિક લાયકાત | B.Com. | એસ.એસ.સી. |
| નોકરી/ધંધાની વિગત | ફાયર એન્ડ સેફટી ઓફિસર | પ્લાસ્ટિક ટ્રેડિંગ એન્ડ ફાયનાન્સ |
| વાલીનો સંપર્ક નંબર | ૯૫૫૮૭૬૭૩૦૮ | ૯૮૨૪૬૨૯૪૫૯ |

**લગ્ન વિષયક માહિતી માત્ર વ્હોટ્સએપ મારફત મોકલી આપવાની રહેશે.**
**ફોન પર વાતચીત, ચર્ચા કે પૂછપરછનો આગ્રહ રાખવો નહીં.**

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| | | |
|---|---|---|
| નામ | (૭) અમીત | (૮) રવિ |
| પિતાનું નામ | ધીરજદાન રોહડિયા | વલકુભાઈ જીવાભાઈ નાગૈયા |
| માતાનું નામ | વસંતબેન | દેવુબેન |
| ગોત્ર/મૂળ અટક | રોહડિયા(મારૂ) | નરા |
| જન્મ તારીખ | ૨૭/૦૨/૧૯૯૩ | ૦૯/૦૪/૧૯૯૪ |
| મૂળ વતન | વિગડિયા(માંડવી-કચ્છ) | ચોટીલા પાસે, ભોજપરા |
| સરનામું | મિરઝાપુર(ભુજ-કચ્છ) | જેસર રોડ, સાવરકુંડલા,જિ.અમરેલી |
| શૈક્ષણિક લાયકાત | ધો.૧૦ | MCA(Master of Com.Appl.) |
| નોકરી/ધંધાની વિગત | કન્સ્ટ્રકશન | Software Engineer |
| વાલીનો સંપર્ક નંબર | ૯૮૨૫૩૮૦૨૬૧ | ૯૪૨૭૪૧૨૭૩૪ |

| | | |
|---|---|---|
| નામ | (૯) નરેશ | (૧૦) જયદીપસિંહ |
| પિતાનું નામ | મેરાણભાઈ માવલભાઈ અરડું | જશુભાઈ શિવદાનભાઈ વરસડા |
| માતાનું નામ | સોનુંબેન | માયાબા |
| ગોત્ર/મૂળ અટક | અરડું | કશ્યપ |
| જન્મ તારીખ | ૦૪/૦૯/૧૯૯૨ | ૦૫/૧૧/૧૯૮૯ |
| મૂળ વતન | કાળેલા,મહુવા(ભાવનગર) | ગોલાણા |
| સરનામું | ગઢવી શેરી વિસ્તાર કાળેલા | ૪૯-આનંદનગર સોસાયટી, ખંભાત |
| શૈક્ષણિક લાયકાત | ધો.૫ | બી.એ. |
| નોકરી/ધંધાની વિગત | હીરા | નગરપાલિકા કલાર્ક |
| વાલીનો સંપર્ક નંબર | ૭૦૪૮૭૦૯૩૭૦ | ૯૩૭૭૯૮૮૮૨૮ |

| | | |
|---|---|---|
| નામ | (૧૧) રવિદાન | (૧૨) ભુપતભાઈ |
| પિતાનું નામ | ભરતદાન ચંડીદાન મોડ | કનુભાઈ શામળાભાઈ પાંચળીયા |
| માતાનું નામ | કેસરબેન | રમાબેન |
| ગોત્ર/મૂળ અટક | મોડ | બાટી(પાંચળીયા) |
| જન્મ તારીખ | ૨૬/૦૭/૧૯૯૩ | ૦૪/૦૩/૧૯૭૮ |
| મૂળ વતન | રાણેસર | માણેકવાડા |
| સરનામું | કુડાસન, ગાંધીનગર | મોતી પેલેસ ટાઉનશીપ,માણેકવાડા |
| શૈક્ષણિક લાયકાત | ધો.૧૨ | ધો.૧૦ |
| નોકરી/ધંધાની વિગત | સિકયોરીટી સુપરવાઈઝર | પ્રાઈવેટ બિઝનેસ |
| વાલીનો સંપર્ક નંબર | ૯૯૧૩૯૬૦૨૦૩ | ૭૯૭૪૫૦૮૮૯૧ |

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| નામ | (૧૩) વિમલ | (૧૪) લાલાભાઈ |
|---|---|---|
| પિતાનું નામ | રમેશભાઈ કાનજીભાઈ ગઢવી | ભગવાનજીભાઈ જહાભાઈ |
| માતાનું નામ | કાંતાબેન | તખતબેન |
| ગોત્ર/મૂળ અટક | લાંબા | ઠાકરીયા(ગઢવી) |
| જન્મ તારીખ | ૧૮/૧૧/૧૯૮૯ | ૦૧/૦૬/૧૯૯૨ |
| મૂળ વતન | મંઝલ | મજાદર(કાગધામ) |
| સરનામું | યાદવનગર ગુરુકુળ-૧, અંજાર | મજાદર(કાગધામ),તા.રાજુલા |
| શૈક્ષણિક લાયકાત | ધો.૧૦ | ધો.૧૦ |
| નોકરી/ધંધાની વિગત | રિલાયન્સ, જીઓ | એગ્રીકલ્ચર |
| વાલીનો સંપર્ક નંબર | ૯૮૯૮૮૧૩૩૫૬ | ૮૪૦૧૬૧૬૩૭૫ |

| નામ | (૧૫) ગોવિંદ | (૧૬) ગોવિંદ |
|---|---|---|
| પિતાનું નામ | જીવરાજભાઈ નાગસીભાઈ ગઢવી | ઈશ્વરદાન શંકરદાન ઝૂલા(ગઢવી) |
| માતાનું નામ | કામઈબેન | મધુબેન |
| ગોત્ર/મૂળ અટક | સાખરા | ઝૂલા |
| જન્મ તારીખ | ૦૨/૦૪/૧૯૯૭ | ૨૦/૦૭/૧૯૮૨ |
| મૂળ વતન | વવાર | કુવાવા |
| સરનામું | વવાર, તા.મુન્દ્રા, જિ.કચ્છ | કુવાવા, તા.ઈડર, સાબરકાંઠા |
| શૈક્ષણિક લાયકાત | ધો.૯ | બી.એ. |
| નોકરી/ધંધાની વિગત | પશુપાલન, ખેતીવાડી | સિવિલ સુપરવાઈઝર |
| વાલીનો સંપર્ક નંબર | ૯૩૧૬૨૮૭૬૫૭ | ૮૧૬૦૩૧૯૪૬૩ |

| નામ | (૧૭) | (૧૮) આરજવ |
|---|---|---|
| પિતાનું નામ | - | ગોવિંદભાઈ ગઢવી |
| માતાનું નામ | - | હંસાબેન |
| ગોત્ર/મૂળ અટક | - | - |
| જન્મ તારીખ | - | ૨૯/૧૨/૨૦૦૩ |
| મૂળ વતન | - | દેવરાસણ,તા.જિ.મહેસાણા |
| સરનામું | - | મોરૈયા, તા.સાણંદ,જિ.અમદાવાદ |
| શૈક્ષણિક લાયકાત | - | ધો.૧૦ |
| નોકરી/ધંધાની વિગત | - | કરાર આધારિત નોકરી |
| વાલીનો સંપર્ક નંબર | - | ૮૫૧૧૦૬૬૭૩૧ |

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| નામ | (૧૯) ખોડીદાન | (૨૦) મનવીરસિંહ |
|---|---|---|
| પિતાનું નામ | શંકરદાન | સત્યેનભાઈ |
| માતાનું નામ | લીલાબેન | નીતાબેન |
| ગોત્ર/મૂળ અટક | ધાનડા(મારૂ) | વરસડા |
| જન્મ તારીખ | ૨૯/૧૨/૨૦૦૩ | ૨૯/૧૧/૧૯૯૯ |
| મૂળ વતન | તસીયા,તા.ઈડર,જિ.સાબરકાંઠા | ઓટાળા,તા.ટંકારા, જિ.મોરબી |
| સરનામું | બડોલી, તા.ઈડર, જિ.સાબરકાંઠા | અમદાવાદ |
| શૈક્ષણિક લાયકાત | ધો.૧૨, આઈ.ટી.આઈ. | B.Sc. , (Nursing) |
| નોકરી/ધંધાની વિગત | ખાનગી નોકરી | અભ્યાસ |
| વાલીનો સંપર્ક નંબર | ૯૪૮૪૫૩૮૧૮૬ | ૯૪૨૯૦૦૩૩૫૯ |

| નામ | (૨૧) ગિરીશદાન | (૨૨) લક્ષ્મણ |
|---|---|---|
| પિતાનું નામ | જોગીદાનભાઈ | વરજાંગભાઈ |
| માતાનું નામ | કોરુબાબેન | દેવલબેન |
| ગોત્ર/મૂળ અટક | આસણીયા | બારહઠ્ઠ |
| જન્મ તારીખ | ૧૨/૧૦/૧૯૭૮ | ૧૦/૧૦/૧૯૯૧ |
| મૂળ વતન | - | - |
| સરનામું | મુ.સાંઢા,તા.માંગરોળ,જિ.જુનાગઢ | માંડવી, જિ.(કચ્છ-ભુજ) |
| શૈક્ષણિક લાયકાત | ધો.૧૨ | ધો.૭ |
| નોકરી/ધંધાની વિગત | તલાટી-કમ-મંત્રી | ચા સ્ટોલ |
| વાલીનો સંપર્ક નંબર | ૯૮૯૮૮૯૮૯૧૮ | ૭૮૭૪૬૨૪૮૯૭ |

| નામ | (૨૩) કેયુર | (૨૪) વિનોદભાઈ |
|---|---|---|
| પિતાનું નામ | શાંતિભાઈ ગઢવી | નવલદાન |
| માતાનું નામ | સજનબેન | બનુબેન |
| ગોત્ર/મૂળ અટક | નાંધુ | મહેડું |
| જન્મ તારીખ | ૨૨/૦૯/ | ૨૧/૦૬/૧૯૮૮ |
| મૂળ વતન | રામોદડી,તા.પેટલાદ,જિ.આણંદ | - |
| સરનામું | નરસંડા તા.નડિયાદ, જિ.ખેડા | ગોલસણ, તા.હળવદ, જિ.મોરબી |
| શૈક્ષણિક લાયકાત | - | ધો.૧૦ |
| નોકરી/ધંધાની વિગત | ખાનગી નોકરી | ખાનગી નોકરી/પશુપાલન/ખેતી |
| વાલીનો સંપર્ક નંબર | ૯૯૭૮૭૩૨૧૬૧ | ૯૭૨૬૨૨૭૮૪૩ |

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| | | |
|---|---|---|
| નામ | (૨૫) રણવીર | (૨૬) નરપતદાન |
| પિતાનું નામ | શાંતિદાન | લાલુદાન |
| માતાનું નામ | લીલાબેન | લક્ષ્મીકુંવરબેન |
| ગોત્ર/મૂળ અટક | બાવડા | વરસડા |
| જન્મ તારીખ | ૨૦/૦૮/૧૯૯૬ | ૧૬/૦૫/૧૯૯૦ |
| મૂળ વતન | ભિલોડા, તા.અરવલ્લી | - |
| સરનામું | - | માઉન્ટ આબુ |
| શૈક્ષણિક લાયકાત | B.Tech. | ધો.૧૨ |
| નોકરી/ધંધાની વિગત | ખાનગી નોકરી | ખાનગી વ્યવસાય |
| વાલીનો સંપર્ક નંબર | ૭૦૪૬૨૪૯૦૮૬ | ૯૬૮૦૬૮૩૬૮૧ |

| | | |
|---|---|---|
| નામ | (૨૭) નિકિતાબેન | (૨૮) સારંગા |
| પિતાનું નામ | ઉત્તમભાઈ અરજણભાઈ ગઢવી | જયેશભાઈ |
| માતાનું નામ | હેમાબેન | જશુબેન |
| ગોત્ર/મૂળ અટક | વરમલ(તુમેલ) | માલા(ચોરાડા) |
| જન્મ તારીખ | ૦૪/૦૭/૨૦૦૧ | ૧૯/૧૨/૧૯૯૩ |
| મૂળ વતન | ભાટિયા,તા.કલ્યાણપુર,જિ.દેવભૂમિ દ્વારકા | મંજલ |
| સરનામું | નાગપુર | ભુજ |
| શૈક્ષણિક લાયકાત | ધો.૧૨ | B.A.(English Literature) |
| નોકરી/ધંધાની વિગત | ઘરકામ | - |
| વાલીનો સંપર્ક નંબર | ૬૩૫૭૦૪૮૮૩૨ | ૯૯૯૨૫૧૬૦૯૩૪ |

| | | |
|---|---|---|
| નામ | (૨૯)દેવલબા | (૩૦) કૃપા |
| પિતાનું નામ | અમૃતદાન રાજદેવભાઈ બાટી | પરેશભાઈ(ચલાલીના નોંધું) ગઢવી |
| માતાનું નામ | વિનુબા | મીનાબેન(ત્રિકમપુરના મિશન) |
| ગોત્ર/મૂળ અટક | ભેવલીયા બાટી | - |
| જન્મ તારીખ | ૨૪/૧૨/૨૦૦૧ | ૧૮/૧૨/૧૯૯૪ |
| મૂળ વતન | બાબરીયાત, તા.તળાજા, જિ.ભાવનગર | મુ.ચલાલી, પો.પાંડવા,તા.બાલાસિનોર |
| સરનામું | વળાવડ, તા.સિંહોર, જિ.ભાવનગર | એ/૩૧, યોગીનગર ટાઉનશીપ, વડોદરા |
| શૈક્ષણિક લાયકાત | B.A. with English | માસ્ટર ઓફ મેનેજમેન્ટ ફોર એન્જિનિયર |
| નોકરી/ધંધાની વિગત | - | - |
| વાલીનો સંપર્ક નંબર | ૬૩૫૩૭૬૩૫૭૭ | ૯૯૯૮૯૭૪૩૦૧ |

**: સંકલન : મનુદાન ગઢવી (૯૬૮૭૫ ૭૩૫૭૭) / હિતેશ ગઢવી (૯૯૨૪૮ ૧૦૫૯૪)**

# આઈશ્રી સોનલમાં એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ, વાર્ષિક હિસાબ

## શ્રી આવક - જાવકનું (નફા નુકશાન) ખાતુ સને.2022-23 (તા.01-04-2022 થી 31-03-2023)

**Credit**

| | |
|---|---|
| 910450.00 | વાડી ભાડા આવકનું ખાતુ |
| 49601.00 | ચારણ અંક જાહેરાત આવકનું ખાતુ |
| 96400.00 | લવાજમ ચારણ અંક ૧ વર્ષ આવકનું ખાતુ |
| 3510.00 | મંદિર ભેટ ખોલતા ભેટ આવક |
| 5000.00 | વિધવા સહાય ગરમ કપડા આવકનું ખાતુ |
| 1028.00 | ચારણ મેગેઝીન misc આવક ખાતું (બેંક કમિશન) |
| 1700.00 | ચારણ અંક વેચાણ આવકનું ખાતુ |
| | **1067689.00** |
| 2651.00 | આઇ.ટી.રીફન્ડ વ્યાજ આવક |
| 230285.00 | બેંક વ્યાજ (એફ.ડી.આર.) આવકનું ખાતુ |
| 33652.00 | બેંક વ્યાજ (બચત ખાતા) આવકનું ખાતુ |
| 252000.00 | ટાવર (jio) તરફથી ભાડા આવકનું ખાતુ |
| 232003.99 | ટાવર (ઇન્ડસ) તરફથી ભાડા આવકનું ખાતુ |
| | **750791.99** |
| | **1818480.99** |

**Debit**

| | |
|---|---|
| 0.00 | બેંક કમીશન ખર્ચનું ખાતુ |
| 9782.00 | સ્ટેશનરી/પ્રીન્ટીંગ ખર્ચનું ખાતુ |
| 107000.00 | વાડી દેખરેખ-ચોકીદાર(પગાર) ખર્ચનું ખાતુ |
| 29745.00 | ઇલે. લાઇટ ખર્ચનું ખાતુ |
| 14514.00 | આરએમસી હાઉસ ટેક્ષ ખર્ચનું ખાતુ |
| 354203.00 | ચારણ અંક પુસ્તક ખર્ચનું ખાતુ |
| 46000.00 | કોમ્પ્યુટર ટાઇપીંગ/એકાઉન્ટ ખર્ચનું ખાતુ |
| 2200.00 | કસર ખર્ચનું ખાતુ |
| 22992.00 | ચેરીટી કમીશ્નર ફાળો |
| 166857.00 | ગેસ વપરાશ ખર્ચનું ખાતુ |
| 9145.00 | લીગલ ફી / ઓડીટ ફી ખર્ચનું ખાતુ |
| 18400.00 | વાડી બિલ્ડિંગ ઇન્સ્યોરન્સ ખર્ચનું ખાતુ |
| 6900.00 | મન્દિર ખર્ચનું ખાતુ |
| 12000.00 | ઓફીસ વર્કસ (સેલરી) ખર્ચ નુ ખાતુ (કાર્યાલય) |
| 76969.00 | ડિરેક્ટરી બુક ખર્ચનું ખાતુ |
| 72952.00 | વાડી સફાઇ/ક્લીનીંગ ખર્ચનું ખાતુ |
| 66976.00 | કુરિયર પોસ્ટ ચાર્જ ખર્ચ |
| 78500.00 | વાડી હાઉસ મેનેજર પગાર ખર્ચનુ ખાતુ |
| 12300.00 | વાડી સિક્યોરિટી ચાર્જ ખર્ચનું ખાતુ |
| | **1107435.00** |
| 711045.99 | ચાલુ વર્ષના નેટ નફાથી ઇન્કમ એન્ડ એક્સ.ખાતે |
| | **1818480.99** |

## ઇન્કમ એન્ડ એક્સપેન્ડીચર (મુડી) ખાતુ સને.2022-23 (તા.01-04-2022 થી 31-03-2023)

**Credit**

| | |
|---|---|
| 368890.90 | શ્રી બાકી દેવા(જુના તા.1-4-22 વર્ષ2021-22 ) |
| 711045.99 | ચાલુ વર્ષના નેટ નફાના આવક-જાવકખાતેથી |
| | **1079936.89** |

**Debit**

| | |
|---|---|
| 368890.90 | જુના વર્ષનો વધારો કરેલ ખાતામાં લઇ જતા |
| 711045.99 | શ્રી બાકી દેવા (તા.31-03-2023) |
| | **1079936.89** |

## શ્રી પાકુ સરવૈયુ (વર્ષ 2022-23 ) (તા.01-04-2022 થી 31-03-2023 )

**Credit**

| | |
|---|---|
| | મુડી અને દેવા |
| | મુડી ખાતા |
| 5213213.15 | ઇન્કમ એન્ડ એક્સપેન્ડીચર (મુડી) ખાતુ સને.2022-23 (તા.01-04-2022 થી 31-03-2023 ) |
| 339676.00 | ટ્રસ્ટ ફંડનુ ખાતુ |
| | **5552889.15** |
| | અન્ય અંકીત ફંડ |
| 198501.00 | કોવિડ સહાય ૨૦૨૧ આવક ખાતું |
| 2983542.00 | વાડી કન્સ્ટ્રક્શન ફંડનુ ખાતુ |
| 1001000.00 | હોલ કન્સ્ટ્રક્શન રીઝર્વ ફંડનું ખાતુ |
| 45000.00 | વાડી કન્સ્ટ્રક્શન રીઝર્વ ફંડનું ખાતુ |
| 37000.00 | વાડી કન્સ્ટ્રક્શન નવા બાથરૂમ ફંડનું ખાતુ |
| 41000.00 | કામ-વાસણ દાન ભેટ આવકનું ખાતુ |
| 45245.00 | લાયબ્રેરી વિકાસ ફંડનુ ખાતુ |
| 389032.00 | વિધવા સહાય/જરૂરીયાત ફંડનુ ખાતુ (609538+564981)- EXP.785487=389032 |
| 141879.00 | વાડી વિકાસ ફંડનુ ખાતુ |
| 117797.00 | શૈક્ષણિક હેતુસર આવક ફંડનુ ખાતુ (322227 +13500)- EXP.217930=117797 |
| 63588.00 | મેડીકલ સહાય હેતુ આવકનુ ખાતુ |
| 134453.00 | ચારણ વાડી દાન ભેટ આવક ફંડનુ ખાતુ |
| 750408.00 | ચારણ અંક શૈક્ષિક ભેટ ફંડનુ ખાતુ |
| 27796.00 | મંદિર વિકાસ આવક ફંડનુ ખાતુ |
| 1500.00 | વિદ્યોતેજક પુરષ્કાર ફંડ આવકનુ ખાતુ |
| 54000.00 | ચારણ મેગેઝીન વાર્ષિક દાતા આવકનુ ખાતુ |
| 8625.00 | સ્નેહમિલન ફાળો |
| 5000.00 | ચારણ મેગેઝીન લાઇફ ટાઇમ લવાજમ ખાતુ |
| | **6045366.00** |
| 163600.00 | લોન એન્ડ એડવાન્સ (લવાજમ ચારણ અંક) |
| 40000.00 | વાડી ભાડા એડવાન્સ (વર્ષ2022-23આવક) |
| | **203600.00** |
| 65298.00 | વાડી પેમેન્ટ બાકી (ઇન્નોક્ષ સોલાર એનર્જી ) |
| | **65298.00** |
| કુલ રકમ | **11867153.15** |

**Debit**

| | |
|---|---|
| | મિલકતી અને લેણા |
| | સ્થાવર મિલકત |
| 171640.00 | જમીન (લેન્ડ) નુ ખાતુ |
| 4432391.53 | વાડી કન્સ્ટ્રક્શનનુ ખાતુ |
| 82483.00 | ઇલેકટ્રીક ફીટીંગનુ ખાતુ |
| 16000.00 | સી. સી. ટીવી કેમેરાનુ ખાતુ |
| 365298.00 | વાડી સોલાર પાવર જનરેટર સિસ્ટમ 8 કેવ઼ી. ખાતું |
| 172266.00 | ઓફિસ (ચારણ વાડી) રીનોવેશન ખાતુ |
| 46100.00 | પાણી કનેક્શન ફીટીંગનુ ખાતુ |
| 54139.00 | ગેસ કનેક્શન ફીટીંગનુ ખાતુ |
| 116875.00 | ફર્નીચર એન્ડ ફીક્ચર્સનુ ખાતુ |
| 391858.00 | કામ-વાસણ-ગાદલા વસ્તુનુ ખાતુ |
| 310369.00 | વાડી કન્સ્ટ્રક્શન(નવા બાથરૂમ)નુ ખાતુ |
| 24900.00 | કસર મશીન (રસોડામાં)નુ ખાતુ |
| | **6184319.53** |
| | ફિક્સ ડીપોઝીટ |
| 2000000.00 | બેંક ઓફ ઇન્ડીયા ફીક્સ (નં.480) ડીપોઝીટ |
| 2000000.00 | બેંક ઓફ ઇન્ડીયા ફીક્સ (નં.482) ડીપોઝીટ |
| 500000.00 | બેંક ઓફ ઇન્ડીયા ફીક્સ (નં.483) ડીપોઝીટ |
| | **4500000.00** |
| | વાડી ભાડા આવક (વૈધરાણી બાકી) |
| 26900.00 | નિમાવત રાહુલભાઈ મહેશભાઇ |
| | **26900.00** |
| | શ્રી પુરાંત તથા બેંક બેલેન્સ |
| 772977.85 | બેંક ઓફ ઇન્ડીયા બચત ખાતા. નં:....૮ નુ ખાતુ |
| 304136.77 | બેંક ઓફ ઇન્ડીયા બચત ખાતા. નં;૪૬૨૩નુ ખાતુ |
| 0.00 | શ્રી રોકડ પુરાંત |
| 23029.00 | ટી.ડી.એસ.મળવા પાત્ર (2022-23) |
| | **1100143.62** |
| | ડીપોઝીટ |
| 33590.00 | ગુજરાત ગેસ ઇમેસડી ડીપોઝીટ |
| 22200.00 | ગુજરાત ગેસ એસડી ડીપોઝીટ |
| | **55790.00** |
| કુલ રકમ | **11867153.15** |

## તા.11-04-2023ની બેંક બેલેન્સ

| | |
|---|---|
| ₹ 806,477.85 | બેંક ઓફ ઇન્ડીયા બચત ખાતા નં. ૩૧૨૭૧૦૨૧૦૦૦૦૦૦૮નું ખાતુ (યુનિવર્સીટી રોડ બ્રાંચ) |
| ₹ 304,136.77 | બેંક ઓફ ઇન્ડીયા બચત ખાતા નં. ૩૧૦૪૧૦૧૧૦૦૦૪૬૨૩નું ખાતુ (સોરઠીયાવાડી ચોક બ્રાંચ) |
| ₹ 1,110,614.62 | કુલ બેંક બચત રકમ |

## સોનલમા ટ્રસ્ટ તરફથી આપેલ શૈક્ષણિક સહયોગ

| | |
|---|---|
| 1,00,000 | ઇન્દુબેન ધીરૂભાઈ ગઢવી ટ્રસ્ટ-રાજકોટને. |
| 25,000 | કાનજીભાઈ નાગૈયા કુમાર છાત્રાલય-જુનાગઢને. |

બાબભાઈ પાલિયા - પ્રમુખ મો.૯૭૨૩૪ ૫૪૦૮૨ — યોગેશભાઇ પારેખ-એકાઉન્ટન્ટ મો.૯૯૭૮૪ ૪૨૭૬૫


આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા
પ્રકાશિત ચારણ સંસ્કૃતિ મેગેઝિના ૫૦મા વિશેષાંકને અમારી
માલા પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા
સ્વ. કરમશીભાઈ ખીમકરણભાઈ માલા(લાંબા)
પરિવાર
મંજલ (કચ્છ)
Advt.

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા
પ્રકાશિત ચારણ સંસ્કૃતિ મેગેઝિના ૫૦મા વિશેષાંકને અમારી
હાર્દિક શુભેચ્છા



Late Shri M. B. Shetty

Chawla Cafe
GANDHIDHAM

Sharad M. Shetty.
Managing Director

zest
MARINE SERVICES PVT. LTD.

7 & 8 Rotary Bhavan, Plot No. 125, Sector No. 9, Opp. Gandhidham
Municipal office, Gandhidham(Kutch). Gujarat India - 370 201.

P : 0091-2836-236599 • F : 0091-2836-23760 • M : 0091-98252 28715
E : info@zestmarineindia.com • W : www.zestmarineindia.com

Advt.

(ધર્મેશભાઈ માલા દ્વારા)

SHIP CHANDLERS & MARINE ENGINEERS

# દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રદ્ધાંજલિ

જન્મદાતા જનની તેં મોટા કરી નોંધારા કર્યા;
તારા ઉદરે આળોટવા ફરી જન્મ લેજે જનેતા.



## સ્વ. પદ્માબેન માનભા આઈલગા(માતુશ્રી)

**સ્વ. તા. : ૪-૫-૨૦૨૧**

અમારા મનુષ્ય જન્મના નિમિત્ત બની અમને પાળીપોષી મોટા કરી, જગતના વ્યાવહારિક પાઠ ભણાવી, સંસ્કારનું સિંચન કરી અમારા માટે માતા તરીકેનું અને કુટુંબ માટે વડીલ તરીકે સૌને સાથે રાખી યોગ્ય માર્ગદર્શન કરી તમે અનંતની વાટે અણધાર્યા પ્રયાણ કરી ગયા છો. તમારો ખાલીપો જરૂર અમને સતાવે છે. પરંતુ તમે બક્ષેલા સંસ્કાર અને પોતીકાપણાનો પઢાવેલ પાઠ હમેંશા અમે જાળવી રાખશું. તમે અનંતમાં રહી અમારી ઉપર હમેંશા વ્હાલની વર્ષા કરતા રહેજો અને અમે હમેંશા કૃતજ્ઞી બનીને તમારું સ્મરણ કરતા રહીશું.

ઇશ્વર તમારા દિવ્ય આત્માને ચીર શાંતિ આપે તથા પ્રભુચરણમાં વાસ આપે તેવી પ્રાર્થના...

લી.

માનભા ખોડાભા આઈલગા(પતિ)

રાજભા માનભા આઈલગા(પુત્ર)
કમલેશ માનભા આઈલગા(પુત્ર)

શિલ્પા માનભા આઈલગા
રાજવિ રાજભા આઈલગા
મન્નત કમલેશ આઈલગા

# શ્રદ્ધાંજલિ



## સ્વ. રેણુકાબેન રમેશભાઈ જાળગ

સ્વ. તા. ૫/૩/૨૦૨૩, ફાગણ સુદ-૧૩, રવિવાર


આ જગતમાં તુ એક જ વડીલ, જેને "તું" કહી બોલાવતાં;
માં, કાકી, મોટી માં, મામી, માસી, ફૂઈ અમાણી તેં થાતી,
પણ તે તો અમુ તો'ળા કોખના છોરૂં કરી રાખ્યા.
તારા સ્નેહને ખોબે ખોબે પીધા અમે, એના મૂલ અટાણે સમજાય અમને.
તો'ળી આગળ તો અમે હજી બાળ હતાં, તું ગઈ ને ભેગું અમારૂં બાળપણ લેતી ગઈ તું.
"પુરા માં આશિષ" ના ડેલે રાહ જોતી અમાણી કાયમ તું, ઈ ડેલો તો,ળા વગર હવે સૂનો અમુ લાગશે.
અમાણા માટે તો,ળી દેહ પીડા નકારી તે, એ અહેસાસથી અશ્રુના સાગરમાં ડૂબે આંખુ અમાણી.
રેણું! તો'ળી વાતું, આવકર, સ્નેહ, સ્મિત અને તું; ક્યારેય નહીં વિસરાય, કદી નહીં ભૂલાય !

રમેશભાઈ નારણભાઈ જાળગ(પતિ)
બહાદુરભાઈ નારણભાઈ જાળગ(દીયર)
મનોજ દેવસુરભાઈ જાળગ(ભત્રીજા)
વિપુલ રઘુભાઈ જાળગ(ભત્રીજા)

નિખીલ રમેશભાઈ જાળગ(પુત્ર)
કિશન રમેશભાઈ જાળગ (પુત્ર)
કુલદીપ રાજેશભાઈ જાળગ(ભત્રીજા)
(ધ બ્રાન્ડ શોપ)

તથા જાળગ પરિવાર - રાજકોટ
મો. ૭૯૯૦૮૩૧૩૦૩(નિખીલ) ૭૯૯૦૨૫૨૦૬૦(કિશન)


આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
દ્વારા પ્રકાશિત ચારણ સંસ્કૃતિ મેગેઝિના
૫૦મા વિશેષાંકને અમારી હાર્દિક શુભેચ્છા
'કલાના ચાહક' એવા ચારણ સમાજના આ મેગેઝીનનું
ડીઝાઈનીંગ પ્રથમ અંકથી જ કરવાનું અમને ગૌરવ છે.
તેમની સમયસુચકતા ને શ્રેષ્ઠ ડીઝાઈનની પસંદ નોંધનીય છે.
SINCE 1995
LATEST
We Create BRAND Image
28 YEARS
DESIGNING, PRINTING and BRANDING
ideas...for expand
Concept
Design
લોગો ડીઝાઈન, બ્રોસર ડીઝાઈન, બોક્સ/પેકેજીંગ ડીઝાઈન,
દરેક પ્રકારનું ગ્રાફિક્સ તથા વેબ ડીઝાઈનીંગ...
ડોમેઈન-હોસ્ટીંગ, પ્રિન્ટીંગ, સોશીયલ-મીડીયા તથા મલ્ટીમીડીયા
તેમજ બહોળા અનુભવ સાથે બ્રાન્ડીંગને લગતી તમામ સર્વિસ...
+91-98250 81400, 98252 66008
Panorama Complex, Opp. Shivalik-7, Gondal Road, RAJKOT.
latestconcept@gmail.com
www.latestgraphic.com


RADHIKA
CRAFTING ETERNAL ELEGANCE
JEWELRY that
tells a STORY
Flagship Showroom : Kalawad Road, Rajkot, Gujarat. +91 96245 31000
Branch : Palace Road, Rajkot, Gujarat. +91 89806 40000

# શ્રી પ્રગતિ કો. ઓ. ક્રેડીટ સો.લી. રાજકોટ

રાજ્યના સહકારી કાયદા અન્વયે નં. સે. ૨૬૬૩૩ થી ૧૬-૪-૧૯૯૩ના રોજ નોંધાયેલ

લક્ષ્મી ચેમ્બર્સ, ત્રીકોણ બાગ, ઢેબર રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૧
ફોન : ૨૨૩૩૯૩૬, ૨૨૩૧૭૮૭,

શીવમ્ આર્કેડ, પહેલો માળ, નિર્મળા રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭
ફોન : ૨૪૫૦૮૨૮

shreepragati.coop@gmail.com

## સંપૂર્ણ બેન્કીંગ પદ્ધતિથી કાર્ય કરતી સહકારી સંસ્થા

**૨૫ વર્ષથી વધુ સતત કાર્યરત** | **સોસાયટીના પ્રારંભથી ઓડીટ વર્ગ 'અ'**

### સભ્યને મળતા લાભ

- કરંટ (ચાલુ) ખાતુ
- સેવિંગ (બચત) ખાતુ પત્ર
- રિકરંગ બચત યોજના (માસિક)
- બાંધી મુદત થાપણ (ફીક્સ ડીપોઝીટ)
- ધિરાણ (લોન)

### બાંધી મુદત થાપણ (Fix Deposit) વ્યાજ દર

| | (જ.સ.) | (સિનિયર સીટી.) |
|---|---|---|
| ૩ માસની બાંધી મુદત | ૫ % | ૫.૫૦ % |
| ૬ માસની બાંધી મુદત | ૬ % | ૬.૫૦ % |
| ૧ વર્ષની બાંધી મુદત | ૮ % | ૮.૫૦ % |
| ૨ વર્ષની બાંધી મુદત | ૯ % | ૯ % |
| ૩ વર્ષની બાંધી મુદત | ૮ % | ૮ % |
| ૪ વર્ષની બાંધી મુદત | ૮ % | ૮ % |

૯૬ માસે રકમ ડબલ
(આ થાપણ ગમે ત્યારે ઉપાડી શકો છો)



બાંધી મુદત થાપણ પરનું વ્યાજ માસિક, ત્રિમાસિક, વાર્ષિક તથા થાપણ પાકતી મુદતે મળી શકશે.

### ધિરાણ (Loan)

! માત્ર સભાસદોને જ લોન મળી શકશે.
! જાત જમીનગીરી, કેશ ક્રેડીટ, ઓવર ડ્રાફ્ટ, બીઝનેશ પરપોઝ, વાહન લોન, મશીનરી લોન, મોર્ટગેજ લોન, બિલ્ડીંગ લોન, હોમલોન

ઉપરોક્ત યોજનાઓના નિયમોમાં સુધારો કે ફેરફાર કરવાનો સોસાયટીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનો અધિકાર અબાધિત રહેશે. જે આ યોજનામાં જોડાનાર દરેકને બંધનકર્તા રહેશે.

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ચારણ સંસ્કૃતિ મેગેઝિના ૫૦મા વિશેષાંકને અમારી **હાર્દિક શુભેચ્છા**

ચેરમેન | મેનેજીંગ ડીરેક્ટર | બોર્ડ ઓફ ડીરેક્ટર

અન્ય વધુ વિગત માટે

## શ્રી પ્રગતિ કો. ઓ. ક્રેડિટ સોસાયટી લી. રાજકોટ

એમ.ડી.શ્રી પૂજાદેવી જી. ગોહિલ
મેનેજરશ્રી પ્રતિપાલસિંહ જાડેજા (જાયવા)
જનરલ મેનેજરશ્રી ગીરીરાજસિંહ ગોહિલ (વાવડી ગજાભાઈની)
મેનેજરશ્રી આકાશભાઈ એ. ધ્રુવ

Advt.



**આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ**

મુળજીભાઈ કાનજીભાઈ લાંબા – ચારણ(ગઢવી) વાડી, સુખરામનગર–૨, કોઠારિયા ચોકડી, રાજકોટ–૨

CHARAN SANSKRUTI (QUARTERLY) Editor, Publisher & Printer : RAMBHAI L. JAMANG Owner : AAI SHREE SONALMA EDUCATION & CHARITABLE TRUST, Place of Publication : CHARAN SANSKRUTI KARYALAY MULAJIBHAI K. LAMBA CHARAN VADI, SUKHRAMNAGAR-2, KOTHARIYA CHOKDI, RAJKOT-360 002. GUJARAT Printed At : GIRISH OFFSET, JAYANT K.G. MAIN ROAD, RAJKOT-360 004, GUJARAT.